# કોરોના





સંજય કે.વોરા

જયઉ સવ્વણુસાસણં

# કોરોના

# સત્યનું સંશોધન



લેખક અને પ્રકાશક

સંજય કે. વોરા

# કોરોના : સત્યનું સંશોધન

**(કોરોનાવિષયક લેખોનો સંગ્રહ)**

**લેખક અને પ્રકાશક : સંજય કે. વોરા**

Corona Satyanu Sanshodhan

(A collection of articles about Corona)

Author and publisher: Sanjay K. Vora

© Sanjay K. Vora

**પ્રાપ્તિસ્થાન :**

૧૩-બી, વશીયર વેલી, અતુલ રોડ,

મુ. વશીયર, તા.જિ. વલસાડ, ગુજરાત, પિન : ૩૯૬૦૨૦

**પ્રકાશન તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૦**

**મૂલ્ય : ૨૦૦ રૂપિયા**

## <u>પ્રસ્તાવના</u>

# કોઈ પણ બુદ્ધિશાળી વ્યક્તિ સમજી શકે તેમ છે કે કોરોના વાયરસ એટલો ખતરનાક નથી અને તેનાથી આટલા બધા ડરવાની પણ જરૂર નથી

આજે દુનિયામાં ચોતરફ કોરોના વાયરસનો ભય ફેલાઈ ગયો છે. તે ભયના પાયામાં એવો પ્રચાર છે કે કોરોના વાયરસ અત્યંત જીવલેણ છે અને તેને કારણે દુનિયામાં કરોડો લોકોનાં મોત થવાની સંભાવના છે. આ પ્રચારને કારણે દુનિયાના અનેક દેશોની સરકારો દ્વારા લોકડાઉનનો કડક અમલ કરાવીને પ્રજાને ઘરમાં જ રહેવાની ફરજ પાડવામાં આવી રહી છે. અખબારોમાં અને ટીવીની ચેનલો પર પણ સતત સમાચારો આવ્યા કરે છે કે કોરોના વાયરસ અત્યંત ખતરનાક છે. સોશિયલ મીડિયામાં પણ કોરોનાનો ડર ફેલાવવામાં આવે છે, જેને કારણે લોકો ઘરમાં પૂરાઈને રહેવા મજબૂર બન્યા છે.

અહીં આપણે એ વિચારવું જોઈએ કે કોરોના વાયરસ ખરેખર જેટલો પ્રચાર કરવામાં આવે છે તેટલો ખતરનાક છે ખરો? કોઈ પણ વાયરસ કેટલો ખતરનાક છે? તેનો તાગ મેળવવા માટે વૈજ્ઞાનિક રીતે બે વાતો જાણવી જરૂરી છે. પહેલી વાત તેના ફેલાવાનો વ્યાપ અને બીજી વાત તેની જીવલેણતા છે. તા. ૧૪ ઓગસ્ટના આંકડાઓ મુજબ કોરોના વાયરસ દુનિયાના આશરે ૨.૧૧ કરોડ લોકોમાં ફેલાયો છે, જેમાં ભારતમાં તો માત્ર ૨૫ લાખ લોકો જ કોરોનાથી સંક્રમિત બન્યા હોવાનું કહેવાય છે. દુનિયાની વસતિ ૭૦૦ કરોડની છે તે જોતાં ૨.૧૧ કરોડ લોકો દુનિયાની વસતિના ૦.૩૪ ટકા જ થાય છે. ભારતની વસતિ ૧૩૮ કરોડની છે. તેના ૨૫ લાખ એટલે ભારતની વસતિના ૦.૧૮ ટકા થયા. જે વાયરસ ભારતની વસતિના ૦.૧૮ ટકા સુધી જ પહોંચ્યો હોય તેનાથી ભયભીત થવાની જરૂર ખરી?

કોઈ પણ વાયરસથી ભય પામવાનું બીજું કારણ તેની જીવલેણતા હોઈ શકે છે. ઈ.સ. ૧૯૧૮માં સ્પેનિશ ફ્લુ આવ્યો હતો તેને કારણે દુનિયાના ૬.૫ કરોડ લોકોનાં મોત થયાં હતાં. તેની સરખામણીમાં કોરોના વાયરસને કારણે દુનિયામાં માત્ર ૭.૫૯ લાખ જેટલાં જ મોત થયાં હોવાનું કહેવાય છે. ક્યાં ૬.૫ કરોડ અને ક્યાં ૭.૫૯ લાખ? વળી ભારતની ૧૩૦ કરોડની વસતિમાં તો કોરોના વાયરસને કારણે માત્ર ૫૦ હજાર જેટલાં જ મોત થયાં હોવાનું કહેવાય છે. આ મોતમાં પણ હૃદયરોગ, બ્રેઇન ટ્યૂમર, કિડનીના રોગો, બ્લડ પ્રેશર, ડાયાબિટિસ વગેરેને કારણે માર્યા ગયેલા કોરોના સંક્રમિતોનો સમાવેશ થાય છે. ખોટી ગાઇડલાઇન મુજબ કોરોના સંક્રમિત કોઈ પણ રોગથી માર્યો જાય તો કોરોના મરણ ગણવામાં આવે છે.

ભારતની ૧૩૦ કરોડની વસતિમાં દરરોજ આશરે ૨૬,૦૦૦ મનુષ્યોનાં મરણ થતાં હોય છે; જેમાં ૬,૨૪૦ મરણ હૃદય રોગથી, ૧,૯૧૭ મરણ કેન્સરથી, ૧,૬૪૩ મરણ ભૂખમરાથી, ૧,૩૬૯ મરણ ટી.બી.થી, ૪૧૪ મરણ માર્ગ અકસ્માતમાં, ૩૭૨ મરણ કિડનીના રોગોથી અને ૩૪૭ મરણ સામાન્ય ફ્લુથી થતાં હોય છે. તેમાં કોરોના વાયરસને કારણે સમગ્ર ભારતમાં રોજના ૫૦૦ જેટલાં મરણ થતાં હોય તો તેનાથી ભયભીત થવાની કેટલી જરૂર છે? હકીકતમાં સામાન્ય ફ્લુથી થતાં મરણ કરતાં પણ કોરોના વાયરસથી ઓછાં મરણ થતાં હોવાનું જોવામાં આવ્યું છે. માટે તેનાથી ડરવાની જરૂર નથી.

કોઈ પણ વાયરસથી ડરવાનું ત્યારે જ હોય જ્યારે તે જીવલેણ હોય અને તેનો કોઈ ઇલાજ ન હોય. કોરોના વાયરસ જીવલેણ નથી. જે હજાર લોકોને કોરોના વાયરસ લાગ્યો હોય તેમાંથી માંડ એકાદ મરણ થાય છે. ઇટાલી, અમેરિકા, સ્પેન તથા બીજા દેશોમાં વધુ મરણ થયા છે તે માટે પણ ત્યાંના ડોક્ટરોના સંશોધન મુજબ મરણનાં કારણોમાં પણ અગાઉ દર્શાવ્યું તેમ હૃદયરોગ, કિડનીના રોગ, બ્રેઇન ટ્યૂમર, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર વગેરે બીજાં કારણો હોય છે. તદુપરાંત તેના માટે દર્દીઓને અપાતી દવાઓની આડઅસર તેમ જ વેન્ટિલેટર જવાબદાર હતા. ગરમ પાણીના કોગળા કરવાથી કે આયુર્વેદિક ઉકાળા પીવાથી હજારો લોકો કોરોનામાંથી સાજા થઈને બહાર આવ્યા છે. ભારતમાં જેટલા લોકોના શરીરમાં કોરોના વાયરસ હતો તેમાંના ૬૪ ટકા સાજા થઈ ગયા છે. જેમના શરીરમાં કોરોના વાયરસની હાજરી હોય તે પૈકી ૮૦ ટકા લોકો તો બિલકુલ સાજાનરવા હોય છે. તેમને સારવારની જરૂર નથી હોતી.

જે ૨૦ ટકા કોરોના સંક્રમિતોમાં શરદી, ઉધરસ, તાવ વગેરે લક્ષણો જણાય છે તે પણ હકીકતમાં કોઈ ગંભીર લક્ષણો હોતા નથી. આયુર્વેદિક કે હોમિયોપથીની દવા લઈને પણ તેઓ સાત દિવસમાં સાજા થઈ જાય છે. આવું જ શરદી અને તાવ બાબતમાં બનતું હોય છે. કોરોના સંક્રમિત ૧૦૦ મનુષ્યો પૈકી માત્ર એકને જ હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડે છે. બાકીના ઘરે સારવાર લઈને સાજા થઈ શકે છે. કોરોના સંક્રમિત દર ૩૦૦

વ્યક્તિદીઠ એકને વેન્ટિલેટર પર રાખવાની જરૂર પડતી હોય છે. આ દર્દી હકીકતમાં ન્યુમોનિયાના લક્ષણો ધરાવતો હોય છે, પણ તે કોરોના પોઝિટિવ હોય છે. જે રોગના ૯૯ ટકા દર્દીઓ સાજા થઈને પોતાના ઘરે જતા હોય તેનાથી ભયભીત થવાની જરૂર ખરી?

હકીકતમાં જોઈએ તો કોરોનાના તમામ લક્ષણો સામાન્ય ફ્લુને મળતા આવે છે. ભારત જેવા દેશમાં શરદ અને વસંત ઋતુઓમાં લાખો લોકો ફ્લુનો ભોગ બનતા હોય છે, જેમાં શરદી, તાવ, ઉધરસ વગેરે લક્ષણો જોવા મળે છે. સામાન્ય ડોક્ટરની કે વૈદ્યની દવા લઈને પણ ફ્લુનો દર્દી સાજો થઈ શકે છે. કોરોનાના તમામ લક્ષણો ફ્લુ જેવા છે. વળી ફ્લુના વાયરસને પણ કોરોના વાયરસનો એક પ્રકાર જ ગણવામાં આવે છે. ભારતમાં દર વર્ષે આશરે ૧૨.૭ કરોડ લોકોને ફ્લુ થાય છે, જેમાં આશરે ૧.૨૭ લાખ લોકોનાં મોત પણ થાય છે, જે કુલ દર્દીના ૦.૧ ટકા જેટલા જ છે.

કોરોના વાયરસનો જનતામાં આટલો બધો ભય ફેલાઈ જવાનું મુખ્ય કારણ એ છે કે મીડિયા દ્વારા સતત કોરોનાના સમાચારો આપીને લોકોને હદ બહાર ગભરાવી દેવામાં આવ્યા છે. તેની પાછળ ઊંડું કાવતરું છે, જેની વાત પછી કરવામાં આવશે. જે રીતે મીડિયામાં કોરોના પોઝિટિવ દર્દીઓના અને કોરોના સંબંધિત મરણના આંકડાઓ આપવામાં આવે છે તે રીતે દરરોજ હૃદયરોગ, કેન્સર, ટી.બી. વગેરે જીવલેણ રોગોથી મરનારાના આંકડાઓ આપવામાં આવે તો લોકોનો ભય ઓછો થઈ જાય તેમ છે.

નોવેલ કોરોના વાયરસ મિસ્ટર ઇન્ડિયાની જેમ અદૃશ્ય છે. તેને કોઈએ જોયો નથી. કોઈ વ્યક્તિના શરીરમાં કોરોના વાયરસની હાજરી છે કે નહીં? તે જાણવા માટે કોરોના ટેસ્ટ કરવામાં આવે છે. આ ટેસ્ટને આર.ટી.પી.સી.આર. (રિવર્સ ટ્રાન્સ્ક્રિપ્શન પોલિમરેઝ ચેઇન રિએક્શન) ટેસ્ટ તરીકે ઓળખવામાં આવે છે. આ ટેસ્ટ કરવાની કિટની વિદેશમાંથી આયાત કરવામાં આવે છે. આ ટેસ્ટના આધારે જ કોઈ પણ દર્દીને કોરોના પોઝિટિવ જાહેર કરવામાં આવે છે અને સારવાર માટે હોસ્પિટલમાં ભરતી કરવામાં આવે છે. પરંતુ આ ટેસ્ટ જ ખામીયુક્ત હોય તો શું થાય? જે વ્યક્તિના શરીરમાં કોરોના વાયરસ ન હોય તેને પણ કોરોના પોઝિટિવ જાહેર કરીને હોસ્પિટલમાં ધકેલી દેવામાં આવે. હકીકતમાં આર.ટી.પી.સી.આર. કિટના યુઝર મેન્યુઅલમાં લખવામાં આવ્યું છે કે તેનો ઉપયોગ નિદાન માટે નહીં પણ સંશોધન માટે જ કરવાનો છે. તેમ છતાં તેનો ઉપયોગ નિદાન માટે કરવામાં આવે છે તેને કારણે અનેક સમસ્યાઓ પેદા થઈ છે. તેમાં એમ પણ લખવામાં આવ્યું છે કે જો તેનો ઉપયોગ નાના સમૂહ પર કરવામાં આવે તો તેમાં ફોલ્સ પોઝિટિવ રિઝલ્ટ આવવાની પણ સંભાવના છે. ફોલ્સ પોઝિટિવનો અર્થ થાય છે જે વ્યક્તિ કોરોના નેગેટિવ હોય તેને ટેસ્ટ દ્વારા કોરોના પોઝિટિવ જાહેર કરવો.

નોવેલ કોરોના વાયરસ એક જાતનો આર.એન.એ. (આનુવાંશિક પદાર્થ) છે. આર.એન.એ. જેવું સ્વરૂપ ધરાવતા કોઈ પણ વાયરસનું ટેસ્ટિંગ કરવા માટેની આર.ટી. પી.સી.આર. ટેસ્ટની શોધ ૧૯૮૪માં કેરી મુલીસ નામના વિજ્ઞાનીએ કરી હતી, જેના માટે તેમને નોબેલ પારિતોષિક મળ્યું હતું. કેરી મુલીસે કહ્યું હતું કે તેમની ટેસ્ટનો ઉપયોગ નિદાન માટે નહીં પણ સંશોધન માટે જ થવો જોઈએ. ચીનની એકેડેમી ઓફ મેડિકલ સાયન્સના પ્રમુખ વાંગ ચેને તો ત્યાં સુધી કહ્યું હતું કે આર.ટી. પી.સી.આર. ટેસ્ટ ૩૦થી ૫૦ ટકા જેટલી જ સચોટતા ધરાવે છે. ભારતમાં અને વિશ્વભરમાં જેટલા લોકોને કોરોના પોઝિટિવ જાહેર કરવામાં આવ્યા છે તે આર.ટી.પી.સી.આર. ટેસ્ટના આધારે જ જાહેર કરવામાં આવ્યા છે.

વિશ્વમાં કોરોના પોઝિટિવ મનુષ્યોની સંખ્યા ૨.૧૧ કરોડ ઉપર અને ભારતમાં ૨૫ લાખ પર પહોંચી ગઈ છે. જો કોરોના ટેસ્ટિંગ કિટને કારણે દસ ટકા પરિણામ પણ ફોલ્સ પોઝિટિવ આવતું હોય તો વિશ્વમાં ૨૧.૧ લાખ અને ભારતમાં ૨.૫ લાખ મનુષ્યો કોરોના નેગેટિવ હોવા છતાં તેમને પોઝિટિવ જાહેર કરી દેવામાં આવ્યા હશે. જે મનુષ્યના શરીરમાં કોરોના વાયરસની હાજરી ન હોય તેને કોરોના પોઝિટિવ જાહેર કરી દેવામાં આવે ત્યારે તેના જીવનમાં કેવા ઝંઝાવાતો આવતા હશે? તેનો કોઈ પણ વાંક ન હોવા છતાં તેને ફરજિયાત હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં દાખલ થઈ જવું પડે છે. તેના સંપર્કમાં જે કોઈ આવ્યા હોય તેમને પણ કોરોના ટેસ્ટ કરાવવી પડે છે અને ક્વોરન્ટાઇનમાં ચાલ્યા જવું પડે છે. જે કિટનો ઉપયોગ સંશોધન માટે કરવાનો હતો તેનો ઉપયોગ નિદાન માટે કરવાની છૂટ આપીને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને મોટી ગરબડ કરી છે. આ ગરબડનો ભોગ હજારો લોકો બની રહ્યા છે.

ઉપરના વિશ્લેષણ પરથી કોઈ પણ બુદ્ધિશાળી વ્યક્તિ સમજી શકે તેમ છે કે કોરોના વાયરસ એટલો ખતરનાક નથી અને તેનાથી આટલા બધા ડરવાની પણ જરૂર નથી. તો પછી સવાલ થશે કે પ્રજા કેમ કોરોનાથી આટલી બધી ભયભીત છે? મારા મતે પ્રજામાં કોરોનાનો ભય ફેલાવી દેવા માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન નામની સંસ્થા મુખ્યત્વે જવાબદાર છે. ચીનનાં વુહાન શહેરમાં કોરોના વાયરસ ફેલાઈ ગયો છે, તેની પહેલવહેલી જાણ આ સંસ્થાએ કરી હતી. તેણે જ ભવિષ્યવાણી ભાખી હતી કે કોરોનાને કારણે જગતમાં કરોડો લોકોનાં મોત થવાની સંભાવના છે. તેણે જ કોરોનાથી બચવા માટે દુનિયાના લગભગ તમામ દેશોની સરકારોને લોકડાઉન કરવાની સલાહ આપી હતી. તેણે જ કોરોના પોઝિટિવ લોકોને આઈસોલેશનમાં રાખવાની સલાહ આપી હતી. તેણે જ લોકોને કોરોનાથી બચવા માસ્ક પહેરીને ફરવાની અને વારંવાર સાબુ કે સેનેટાઈઝરથી હાથ ધોવાની સલાહ આપી હતી. જો કોરોના વાયરસ એટલો જીવલેણ ન હોય તો આટલા બધા ચાંપતા પગલાં લેવાની કોઈ જરૂર નહોતી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ચીનમાં જ્યારથી કોરોના આવ્યો ત્યારથી જે

ગાઈડલાઈન આપી છે તેની સામે અમેરિકા સહિતના દેશોમાં વિરોધ ચાલે છે કે તે નીતિના કારણે જ કોરોના વિશ્વમાં ફેલાયો છે.

અહીં બે લોજિકલ સવાલ થશે. પહેલો સવાલ એ થશે કે જો કોરોના વાયરસ આટલો ખતરનાક ન હોય તો વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા દુનિયાના દેશોને લોકડાઉન કરીને તેમના અર્થતંત્રને પાયમાલ કરવાની સલાહ કેમ આપવામાં આવી? પહેલા સવાલનો જવાબ એ છે કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન એલોપથી દવાઓ અને રસીઓ બનાવતી મલ્ટિનેશનલ કંપનીઓના દાન ઉપર નભે છે. તેમની દવાઓ અને રસીઓ દુનિયામાં વધુ વેચાય તે માટે તે કામ કરે છે. આ રસીઓ અને દવાઓ ત્યારે જ વેચાય જ્યારે લોકોમાં વાયરસનો અને મરણનો ભય પેદા કરવામાં આવે. ભૂતકાળમાં પણ તેણે એચઆઈવી, બર્ડ ફ્લુ, સ્વાઈન ફ્લુ, સાર્સ, ઈબોલા, નિપાહ વગેરે વાયરસોનો ભય પેદા કર્યો હતો. આ બધા ભયો ખોટા પુરવાર થયા હતા; પણ તેને કારણે અબજો રૂપિયાની દવાઓ વેચાઈ ગઈ હતી. આ વખતે પણ કોરોનાનો ભય પેદા કરવાનો એક આશય તેની દવાઓ અને રસીઓ વેચવાનો પણ હતો.

બીજો સવાલ એ થશે કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની સલાહ ભારત સહિતના દેશોની સરકારોએ કેમ માની? જો સરકારો દ્વારા આ સલાહ માનીને લોકડાઉન સહિતનાં ઉગ્ર પગલાં લેવામાં ન આવ્યાં હોત તો પ્રજા આટલી ભયભીત ન થઈ ગઈ હોત. તેનો જવાબ એ છે કે ભારત સહિતના દેશોએ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન સાથે કરેલા કરાર મુજબ આપણી આરોગ્ય નીતિ તેમના નિર્દેશ મુજબ જ ઘડવામાં આવે છે. આપણા દેશનું સમગ્ર આરોગ્ય તંત્ર તેના આદેશ પ્રમાણે જ કામ કરે છે. ભારતમાં પલ્સ પોલિયો વગેરે કાર્યક્રમો વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ગાઈડલાઈન મુજબ જ હાથ ધરવામાં આવે છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન યુનાઈટેડ નેશન્સની શાખા છે, જેની સ્થાપના ૧૯૪૮માં કરવામાં આવી હતી અને તેની હેડ ઓફિસ જીનિવાના સ્વિત્ઝર્લેન્ડમાં છે. દુનિયાના લગભગ તમામ દેશો વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના સભ્યો છે, જેમાં ભારતનો પણ સમાવેશ થાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનો મુખ્ય એજન્ડા દુનિયાભરમાં એલોપથી પદ્ધતિનો અને એલોપથી દવાઓનો પ્રચાર કરવાનો છે. આ સંસ્થા તેના સભ્ય દેશોના દાન ઉપરાંત અબજો ડોલરનો કારોબાર ધરાવતી મલ્ટિનેશનલ ફાર્માસ્યુટિકલ કંપનીઓના દાન ઉપર પણ નભે છે. તદુપરાંત આ કંપનીઓ દ્વારા સ્થાપિત કરવામાં આવેલી કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ પણ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને કરોડો ડોલરનું દાન આપે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દુનિયાના આરોગ્યની નહીં પણ મલ્ટિનેશનલ ફાર્માસ્યુટિકલ કંપનીઓનાં હિતોની રક્ષા કરે છે. દુનિયાના દેશોમાં એલોપથી દવાઓ વેચવામાં તે દલાલની ભૂમિકા ભજવે છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના મુખ્ય દાતાઓમાં માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સનો પણ સમાવેશ થાય છે. બિલ ગેટ્સે પોતાની મૂડીમાંથી ૩૬ અબજ ડોલરનું દાન કરીને બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશનની રચના કરી છે. આ ફાઉન્ડેશન દ્વારા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને દર વર્ષે આશરે ૨૨.૮ કરોડ ડોલરનું દાન કરવામાં આવે છે. અમેરિકા પછી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને સૌથી વધુ દાન બિલ ગેટ્સના ફાઉન્ડેશન તરફથી મળે છે. તાજેતરમાં બિલ ગેટ્સે કોરોનાની રસી બનાવવા માટે ૨૫ કરોડ ડોલરનું દાન આપવાની જાહેરાત કરી હતી. બિલ ગેટ્સ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના મુખ્ય દાતા હોવાથી આ સંસ્થા બિલ ગેટ્સના નિર્દેશ મુજબ જ કામ કરે છે. વળી ભારત સરકારનું આરોગ્ય તંત્ર વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના નિર્દેશ મુજબ કામ કરતું હોવાથી ભારતની આરોગ્ય નીતિ પર પણ બિલ ગેટ્સનો પ્રભાવ છે. જગતની કોરોના નીતિ પણ બિલ ગેટ્સના પ્રભાવ હેઠળ ઘડવામાં આવી છે.

બિલ ગેટ્સની કંપની માઈક્રોસોફ્ટ દ્વારા એલોપથી દવાઓ બનાવતી મલ્ટિનેશનલ કંપનીઓમાં અબજો ડોલરનું રોકાણ કરવામાં આવ્યું છે. આ કંપનીઓની દવાઓ તેમ જ રસીઓનું વેચાણ વધે તેનો જોરદાર ફાયદો બિલ ગેટ્સને થાય છે. આ કારણે બિલ ગેટ્સના ફાઉન્ડેશન દ્વારા દવાઓ અને રસીઓ બનાવતી કંપનીઓને કરોડો રૂપિયાનું દાન આપવામાં આવે છે. બીજી બાજુ બિલ ગેટ્સ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનો ઉપયોગ કરીને દુનિયાના દેશોની સરકારોને પલ્સ પોલિયો વગેરે રસીઓના આયોજનો હાથ ધરવાની સલાહ આપે છે, જેને કારણે મલ્ટિનેશનલ કંપનીઓનો માલ વેચાય છે. વર્તમાનમાં કોરોના વાયરસની રસી બનાવતી સાત કંપનીઓને બિલ ગેટ્સ દ્વારા માતબર દાન આપવામાં આવ્યું છે. જગતમાં કોરોના વાયરસનો ભય જેટલો વધુ ફેલાશે તેટલો બિલ ગેટ્સનો નફો પણ વધશે. આ ભય ફેલાવવામાં બિલ ગેટ્સ મીડિયાની પણ મદદ લઈ રહ્યા છે.

ઈ.સ. ૨૦૧૦માં ન્યુ યોર્કના એક ઓડિટેરિયમમાં જગતભરના બૌદ્ધિકો સમક્ષ બિલ ગેટ્સે વક્તવ્ય આપ્યું હતું, જે TED (Technology, Entertainment, Design)Talks તરીકે જાણીતું થયું હતું. આ વક્તવ્યમાં બિલ ગેટ્સે સ્પષ્ટ કહ્યું હતું કે 'The world today has 6.8 billion people, that's headed up to about 9 billion. Now if we do a really great job on new vaccines, health care, reproductive health services, we lower that [the population] by perhaps 10 or 15 percent' તેનો અર્થ થતો હતો કે ''આજે દુનિયામાં ૬.૮ અબજની વસતિ છે, જે ૯ અબજ તરફ આગળ વધી રહી છે. જો આપણે નવી વેક્સિન, આરોગ્ય, પ્રજનનવિષયક આરોગ્ય સેવાઓ વગેરે બાબતમાં જોરદાર કાર્ય કરીએ તો આપણે દુનિયાની વસતિ ૧૦થી ૧૫ ટકા જેટલી ઘટાડી શકીએ તેમ છીએ.'' આ વક્તવ્ય પરથી ખ્યાલ આવે છે કે બિલ ગેટ્સ દુનિયાની વસતિ ઘટાડવાનાં સાધન તરીકે રસીનો ઉપયોગ કરવા માગે છે. તેઓ કોરોના વાયરસની રસી પણ દુનિયાની વસતિ ઘટાડવા માટે જ વિકસાવી રહ્યા હોય તેવી સંભાવના છે.

બિલ ગેટ્સ જાણે કોઈ ભવિષ્યવેત્તા હોય તેમ તેમણે ૨૦૧૫ના TED Talks માં કોવિદ-૧૯ પ્રકારની બીમારીની આગાહી કરતાં કહ્યું હતું કે "The greatest threat that

mankind might face in the future is not nuclear war but an outbreak of an epidemic. *If anything kills 10 million people in the next few decades, is most likely to be a highly infectious virus rather than a war, not missiles but microbes.* '(ભવિષ્યમાં માનવજાત સામે મોટામાં મોટું જોખમ અણુયુદ્ધને કારણે નહીં પણ મહામારી ફાટી નીકળવાને કારણે ઊભું થવાનું છે. આવતા કેટલાક દાયકાઓમાં જો કોઈ એકાદ કરોડ લોકોનો સંહાર કરી નાખશે તો તે મિસાઇલ્સ નહીં હોય પણ વાયરસ હશે.) આ ભાષણના આધારે કહી શકાય કે બિલ ગેટ્સને કોરોનાની જાણકારી હતી, જેનો ઉલ્લેખ તેમણે છેક ૨૦૧૫ની સાલનાં ભાષણમાં કર્યો હતો.

દુનિયાભરમાં કોવિદ-૧૯ પ્રકારની બીમારી ફેલાઈ જવાની છે તેની જાણ ઘણા માંધાતાઓને હતી અને તેમણે તેની તૈયારી પણ કરી રાખી હતી. વાયરસ બાબતમાં સંશોધન કરતા જોન હોપકિન્સ સેન્ટરે વર્લ્ડ ઇકોનોમિક ફોરમ અને બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશનની ભાગીદારીમાં ૨૦૧૯ની ૧૮મી ઓક્ટોબરે ન્યુ યોર્કની ફાઈવ સ્ટાર હોટેલમાં 'ઇવેન્ટ ૨૦૧' નામનો કાર્યક્રમ યોજ્યો હતો, જેમાં કોરોના વાયરસનો ઉલ્લેખ કરીને જો મહામારી ફાટી નીકળે તો તેનો મુકાબલો કેવી રીતે કરવો? તેનું કોમ્પ્યુટર સિમ્યુલેશન દ્વારા દિગ્દર્શન કરવામાં આવ્યું હતું. આ મીટિંગમાં અમેરિકાની સરકારના સેન્ટર ફોર ડિઝીસ કન્ટ્રોલના ડાયરેક્ટર ઉપરાંત ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ, પ્રાઇવેટ બેન્કો, વિમાની કંપનીઓ, મીડિયા, હોટેલ ઉદ્યોગ વગેરેના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમાં મહામારીને કારણે પેદા થનારી પરિસ્થિતિનું જાણે ડ્રેસ રિહર્સલ પણ કરવામાં આવ્યું હતું. આ પરિષદમાં જાણે કે વિશ્વભરમાં કોરોના વાયરસ ફેલાવી દઈને જગતના અર્થતંત્રને પાયમાલ કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું.

લોકડાઉનના સમર્થનમાં એવી દલીલ કરવામાં આવે છે કે ભારતમાં કડક લોકડાઉન કરવામાં આવ્યું તેના પ્રતાપે કોરોનાના કેસો મર્યાદિત પ્રમાણમાં થયા હતા અને બીજા દેશોની સરખામણીમાં મરણ પણ ઓછાં થયાં હતાં. તેમનું કહેવું છે કે જો લોકડાઉન કરવામાં આવ્યું ન હોત તો ભારતમાં દસ લાખ લોકોનાં મરણ થયાં હોત. પહેલી વાત એ કે કોરોના વાયરસ એટલો જીવલેણ જ નથી કે તેને કારણે તેઓ કહે છે એટલા મનુષ્યોનાં મરણ થાય. બીજી વાત એ કે ભારતમાં લોકડાઉન સખત હતું તે ભ્રમ છે.

ભારતમાં લોકડાઉન હતું તો પણ શાકભાજી, કરિયાણું, દૂધ, દવાઓ વગેરેની દુકાનો ચાલતી હતી. કરોડો લોકો આ બધી ખરીદી કરવા પોતાનાં ઘરોની બહાર નીકળતા હતા અને એકબીજાના સંપર્કમાં આવતા હતા. વળી બેન્કો, સ્ટોક એક્સચેન્જ, પોસ્ટ ઓફિસ, દવાખાનાં, હોસ્પિટલો, કોર્ટો, સરકારી કચેરીઓ, પોલિસ સ્ટેશનો, અનાજની જથ્થાબંધ બજારો, ડેરીઓ વગેરે ચાલુ જ હતા. તેના લાખો કર્મચારીઓ અવરજવર કરતા જ હતા. લોકડાઉનને કારણે રોજ કમાઇને રોજ ખાનારા કરોડો મજૂરો બેકાર થઈ ગયા હતા. તેઓ શહેરો છોડીને લાખોની સંખ્યામાં ગામડાં તરફ નીકળી પડ્યા હતા. જો કોરોનાનો વાયરસ ખતરનાક હોય તો તે ક્યારનો શહેરોમાંથી ગામડાંઓમાં પહોંચી ગયો હોત.

જો લોકડાઉનને કારણે ભારત કોરોનાથી બચી ગયું તે વાત માની લઈએ તો સવાલ એ થવો જોઈએ કે લોકડાઉન પૂરું થશે તે પછી ભારતની પ્રજાનું શું થશે? વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ચેતવણી મુજબ કોરોના વાયરસ ૨૦૨૪ સુધી વિશ્વમાં રહેવાનો છે. તેનાં અનેક મોજાં આવવાનાં છે. તેને કારણે તો લોકડાઉન પૂરું થાય કે તરત આખા ભારતમાં વાયરસ ફેલાઈ જવો જોઈએ. જો તે વાત માની લઈએ તો ભારતની પ્રજાને ૨૦૨૪ સુધી લોકડાઉનમાં જ રાખવી પડે. જેઓ કહે છે કે લોકડાઉનને કારણે ભારત બચી ગયું તેઓ શું ૨૦૨૪ સુધી લોકડાઉનમાં રહેવા તૈયાર છે? હકીકત એ છે કે કોરોના વાયરસનો ખોટો ડર ઊભો કરીને જગતની જનતા પર લોકડાઉન ઠોકી બેસાડવામાં આવ્યું હતું. લોકડાઉન પછી જો લાખો માનવોનાં મોત ન થાય તો સાબિત થઈ જશે કે લોકડાઉન જરાય જરૂરી નહોતું.

દુનિયામાં એવા અનેક દેશો છે, જેમાં લોકડાઉન કરવામાં નહોતું આવ્યું તો પણ કોરોના વાયરસ કાંઈ નુકસાન કરી શક્યો નહોતો. દાખલા તરીકે સ્વીડનમાં લોકડાઉન કરવામાં આવ્યું નહોતું. ત્યાં સ્કૂલો, કોલેજો, ટ્રેનો, બસો વગેરે બધું જ ચાલુ હતું. સ્વીડનમાં કોરોનાથી ૨,૪૬૨ મરણ થયાં હતાં; જેટલાં મરણ વસંત ઋતુમાં સામાન્ય ફ્લુથી થતા હોય છે. તાઇવાન ચીનની પડોશમાં આવ્યું હોવા છતાં ત્યાં કોઈ લોકડાઉન કરવામાં આવ્યું નહોતું. તાઇવાનમાં કોરોનાથી માત્ર ૬ જ મરણ થયાં હતાં. તાઇવાનમાં લોકડાઉન કરવામાં નહોતું આવ્યું કારણ કે તે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનું સભ્ય નથી. રશિયામાં પણ લોકડાઉન કરવામાં નથી આવ્યું તો પણ કોરોના સંબંધિત હજાર જેટલાં જ મરણ થયાં છે.

કોરોના વાયરસનું બહાનું લઈને જગતભરમાં જે લોકડાઉનનો અમલ કરાવાઈ રહ્યો છે તેનો ખરો ઉદ્દેશ જગતના લોકોને કોરોના વાયરસથી બચાવવાનો નથી પણ તેમને કોરોનાનો ભય બતાડી રસી લેવા માટે માનસિક રીતે તૈયાર કરવાનો છે. અગાઉ આપણે જોયું કે કોરોના વાયરસ એટલો ઘાતક નથી; પણ મીડિયા દ્વારા તેનો ભય પેદા કરીને પ્રજાના મનમાં ઠસાવી દેવામાં આવ્યું છે કે કોરોના વાયરસથી બચવાનો એકમાત્ર ઉપાય તેની રસી લેવાનો છે. વર્તમાનમાં દુનિયાની આશરે ૧૦૦ કંપનીઓ કોરોના વાયરસની રસી બનાવવાની હોડમાં છે, જેમાં બિલ ગેટ્સ અનુદાનિત સાત કંપનીઓ પણ છે. આ રસીનાં વેચાણ દ્વારા મલ્ટિનેશનલ કંપનીઓ અબજો ડોલરની કમાણી કરવા માગે છે.

કોઈ પણ રસીનો ઉપયોગ જો કરોડોની સંખ્યામાં માનવો પર કરવો હોય તો તે રસી સલામત છે કે નહીં? તેની પૂરેપૂરી ચકાસણી કરવી જોઈએ. તે માટે પહેલા તેના પ્રાણીઓ પર ૬ મહિના માટે પ્રયોગો કરવામાં આવે છે. તેમાં તે સલામત જણાય તો મનુષ્યો પર પ્રયોગો કરવામાં આવે છે. મનુષ્યો પર ઓછામાં ઓછા ૧૨ મહિના સુધી પ્રયોગો કરવામાં આવે અને તે સલામત જણાય તો જ પ્રજાને મોટા પ્રમાણમાં તે રસી આપી શકાય. જો ૧૨

મહિના નિરીક્ષણ કર્યા વગર ઉતાવળે કોઈ રસી બજારમાં મૂકી દેવામાં આવે તો રસી લેનારા કરોડો લોકોના જીવનું જોખમ થઈ શકે છે. જો તેવું બને તો દુનિયાની વસતિ ૧૦થી ૧૫ ટકા ઘટાડવાનો બિલ ગેટ્સનો ઉદ્દેશ સિદ્ધ થઈ જાય તેમ છે.

યુરોપ, અમેરિકા અને એશિયાના દેશોની સરકારો દ્વારા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના નિર્દેશ મુજબ લોકડાઉનનો અમલ કરાવવામાં આવ્યો હતો ત્યારે તેમને બરાબર ખબર હતી કે લોકડાઉનને કારણે ઉદ્યોગો ખોરવાઈ જશે, કરોડો લોકો બેકાર થઈ જશે, લાખો લોકો ભૂખમરાથી મરી જશે અને સમગ્ર વિશ્વના અર્થતંત્રને ભરપાઈ ન કરી શકાય તેવું નુકસાન થશે. તો પણ તેમણે લોકડાઉનનો અમલ કરીને પોતાના દેશોના અર્થતંત્રને ભયંકર નુકસાન કરવાનું કેમ પસંદ કર્યું? તેમની કઈ મજબૂરી હતી?

વિશ્વના ધનકુબેરોની અને બેન્કરોની યોજના પેપર કરન્સીને ખતમ કરીને દુનિયાભરમાં ડિજિટલ કરન્સીની સ્થાપના કરવાની છે, જેના માધ્યમથી તેઓ જગતના તમામ મનુષ્યોની આજીવિકા પર પોતાનું નિયંત્રણ સ્થાપીને તેમનું કાયમ માટે શોષણ કરી શકે. જો લોકોને એવો ડર બતાડવામાં આવે કે કરન્સી નોટોથી કોરોના ફેલાય છે તો તેઓ ડિજિટલ કરન્સી સ્વીકારવા તૈયાર થઈ જાય. જગતની જનતા ડિજિટલ કરન્સી સ્વીકારવા તૈયાર થઈ જાય તે પછી તેમને બિટકોઈન કે તેવી કોઈ પણ ક્રિપ્ટોકરન્સી સ્વીકારવા તૈયાર કરી શકાય. આ ક્રિપ્ટોકરન્સી બ્લોકચેઈન ટેકનોલોજી આધારીત છે, જેનું નિયંત્રણ મુઠ્ઠીભર લોકોના જ હાથમાં છે. જો જનતા ક્રિપ્ટોકરન્સી સ્વીકારી લે તો તેઓ આ મુઠ્ઠીભર લોકોના ગુલામ બની જાય. કોરોનાનો મૂળ ઉદ્દેશ જગતની પ્રજાને પોતાના ગુલામ બનાવવાનો છે.

જગતનું અર્થતંત્ર વર્તમાનમાં ૧૩ પરિવારોના કબજામાં છે. તેમનો કન્ટ્રોલ અમેરિકાના ફેડરલ રિઝર્વ પર છે, જે ડોલરની નોટો છાપવાની મોનોપોલી ધરાવે છે. આ ૧૩ પરિવારો યુનો, વર્લ્ડ બેન્ક, ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, યુનેસ્કો, યુનિસેફ, વર્લ્ડ ઇકોનોમિક ફોરમ, ફૂડ એન્ડ એગ્રિકલ્ચરલ ઓર્ગેનાઈઝેશન, વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન, સ્વિસ બેન્કો વગેરે પર પણ નિયંત્રણ ધરાવે છે. વિશ્વની તમામ સોનાની અને હીરાની ખાણો તેમ જ ખનિજ તેલના કૂવાઓ પણ તેમના કબજામાં છે. દુનિયાના દેશોમાં અબજો ડોલરનું વેચાણ ધરાવતી મલ્ટિનેશનલ કંપનીઓ પર પણ તેમની માલિકી છે. દુનિયાના દેશોની સરકારોને અબજો રૂપિયાની લોન આપીને તેમણે ગુલામ બનાવી રાખી છે, જેને કારણે તે સરકારોએ પ્રજાના હિતને ગૌણ કરીને તેમના આદેશો માનવા પડે છે. કોરોના સંકટ પણ આ મુઠ્ઠીભર લોકો દ્વારા પેદા કરવામાં આવ્યું છે, જેમાં તેમની તાકાતનો પરચો મળી ગયો છે. આટલી તાકાત ધરાવતા લોકો જ આખી દુનિયામાં લોકડાઉનનો સખત અમલ કરાવી શકે. તેમનો અંતિમ ઉદ્દેશ દુનિયાની સરકારોને વશમાં લઈને સમગ્ર વિશ્વમાં એક સરકારની સ્થાપના કરવાનો છે.

કોરોના બાબતમાં દુનિયાની પ્રજાને ભયભીત બનાવ્યા પછી હવે તેઓ ટૂંક સમયમાં કોવિદ-૧૯ની રસી બજારમાં મૂકશે. સરકારો દ્વારા કાયદા કરવામાં આવશે કે જેમણે કોરોનાની રસી મૂકાવી હોય તેઓ જ ફ્લાઇટમાં, ટ્રેનમાં, મેટ્રોમાં કે બસમાં પ્રવાસ કરી શકશે. હોટેલમાં, સિનેમા થિયેટરમાં કે રેસ્ટોરાંમાં પ્રવેશ કરવા માટે પણ કોરોના વેક્સિન ફરજિયાત બનાવી દેવામાં આવશે. લોકો દુકાન ચલાવવા માગતા હશે કે નોકરી કરવા માગતા હશે તો પણ તેમણે કોરોનાની રસી મૂકાવવી પડશે. લોકોને બધે કોરોના વેક્સિનનું સર્ટિફિકેટ સાથે રાખવું ન પડે તે માટે તેમના શરીરમાં ચીપ બેસાડી દેવામાં આવશે. વર્તમાનમાં જે લોકડાઉન કરવામાં આવ્યું છે તેમાંથી રસી મૂકાવનારા લોકો જ બહાર આવી શકશે.

કેટલાક વિજ્ઞાનીઓ દ્વારા RFID (Radio frequency Identity) નામની ચીપ બનાવવામાં આવી છે. આ ચીપને નાનકડા ઓપરેશન દ્વારા મનુષ્યની હથેળીમાં બેસાડી શકાય છે. જે રીતે આધાર કાર્ડને બેન્કનાં ખાતાં, રેશન કાર્ડ, પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાઇસન્સ વગેરે સાથે લિન્ક કરવામાં આવે છે તેવી રીતે આ ચીપને બેન્ક અકાઉન્ટ વગેરે સાથે જોડવામાં આવશે. જો કોઈ વ્યક્તિ કોરોનાની વેક્સિન નહીં લે તો સરકાર તેની ચીપને નિષ્ક્રિય બનાવી દે તો તે બેન્કનું ખાતું ઓપરેટ નહીં કરી શકે. તે કોઈ પેમેન્ટ નહીં કરી શકે, કોઈ ચીજ ખરીદી નહીં શકે; કારણ કે તેના પાસે રોકડા રૂપિયા જ નહીં હોય. મુઠ્ઠીભર લોકો જગતના મનુષ્યોને ગુલામ બનાવવા આ ચીપનો ઉપયોગ કરવા માગે છે. જો લોકો તેમના ગુલામ બની જાય તો તેઓ તેમનો કોઈ પણ આદેશ માનવા મજબૂર થઈ જાય. કોરોના વાયરસ અને લોકડાઉન પાછળ એક ઊંડું કાવતરું છે, જેને સમજીને તેનો પ્રતિકાર કરવાની આજે તાતી જરૂર છે.

સંજય કે. વોરા

વલસાડ, તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૦

# અનુક્રમણિકા


1. મુંબઈના ૮૦ લાખ નાગરિકો રસી વગર કોરોના સામેનો જંગ કેવી રીતે જીતી ગયા? 10
2. શું ખરેખર કોરોના વાયરસના અંતનો આરંભ થઈ ગયો છે? 12
3. કોઈ પણ રસીના ઉત્પાદક પાસે આઠ સવાલોના જવાબો માગવા જોઈએ 14
4. આરટી-પીસીઆર અને રેપિડ એન્ટિજેન ટેસ્ટ વચ્ચે શું તફાવત છે? 16
5. કોવિદ-૧૯ની એલોપથી દવાઓના અખતરાથી દર્દીનું મોત પણ થઈ શકે છે 18
6. તબીબી ક્ષેત્રે કરવામાં આવતી હિંસા માનવજાતને કદી સુખી બનાવી નહીં શકે 20
7. જો ૧૫ ઓગસ્ટે કોરોનાની રસી બજારમાંઆવશે તો રસી લેનારની સલામતી જોખમાઈ જશે 22
8. પતંજલિની દવાનો વિરોધ કરનારાઓહાનિકારક એલોપથી દવાઓનું સમર્થન કરે છે? 24
9. કોવિદ-૧૯ની સારવાર માટેની આયુર્વેદિક અને એલોપેથિક દવાઓ કેટલી અસરકારક છે? 26
10. કોરોના વાયરસને કારણે થતાં મરણના પ્રમાણમાં કેમ ઉછાળો જોવા મળી રહ્યો છે? 28
11. કોરોના વાયરસની રસી પણ મૃગજળ જેવી ભ્રામક પુરવાર થશે? 30
12. જો કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થયું હોય તો લોકડાઉનનો કોઈ જ મતલબ રહેતો નથી 32
13. વિમાનમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જરૂરી ન હોય તો સ્કૂલોમાં તેનો આગ્રહ કેમ રખાય છે? 34
14. ભારત સરકારે બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન સાથેનો છેડો કેમ ફાડી કાઢ્યો હતો? 36
15. વિદ્યાર્થીઓના માથે ઓનલાઈન શિક્ષણ ઠોકી બેસાડવાથી કોઈને લાભ થવાનો નથી 38
16. વાલીઓનાં મનમાં પેસી ગયેલો કોરોનાનો ખોટો ડર કેવી રીતે દૂર કરી શકાય? 40
17. દુનિયામાં ચેપી રોગના ફેલાવાની તૈયારી છેક ૨૦૦૫થી ચાલતી હતી 42
18. યુનોનો એજન્ડા-૨૧ દસ્તાવેજ માનવજાતને ગુલામ બનાવવાની ગુપ્ત યોજના છે 44
19. વગર વિચાર્યું લોકડાઉન કરીને સરકારે અર્થતંત્રને મરણતોલ ફટકો માર્યો છે 46
20. પ્રજા કોરોનાથી નહીં પણ જડ વહીવટીતંત્રથી પરેશાન થઈ ગઈ છે 48
21. લોકડાઉન કરવાનો નિર્ણય જૂઠા વૈજ્ઞાનિક મોડેલના આધારે કરવામાં આવ્યો હતો 50
22. કોરોના ચાલ્યો જશે પણ આપણને કન્ટ્રોલ કરનારા કાયદાઓ કાયમ રહી જશે 52
23. રસી લેનારાને કોવિદ-૧૯ સામે સંરક્ષણ મળશે તેની કોઈ ગેરન્ટી નથી 54
24. લોકડાઉનને કારણે ભારતની બેન્કો ભારે મુસીબતમાં મૂકાઈ ગઈ છે 56
25. અમેરિકાની કોરોના વેક્સિન હજુ સુધી સલામત કે અસરકારક સાબિત થઈ નથી 58
26. આરોગ્ય સેતુને ફરજિયાત બનાવવાની બાબતમાં સરકારને પીછેહઠ કરવાની ફરજ પડી 60
27. નાણાં પ્રધાનનાં રિલિફ પેકેજમાં ગરીબોના હાથમાં કેટલા રૂપિયા આવશે? 62
28. કોવિદ-૧૯ના દર્દીઓ ઉપર જાતજાતની દવાઓના અખતરાઓ ચાલી રહ્યા છે 64
29. લોકોને દેવું કરીને ગુજરાન ચલાવતા શીખવવું તેને સ્ટિમ્યુલસ પેકેજ કહેવાય? 66
30. મજૂર કાયદાઓમાં ફેરફાર કરીને રાજ્ય સરકારો ભારતને બીજું ચીન બનાવવા માગે છે? 68
31. આરોગ્ય સેતુને ફરજિયાત બનાવતા પહેલાં સરકારે કેટલાક સવાલોના જવાબો આપવા જોઈએ 70
32. લોકડાઉનને કારણે કેન્દ્ર સરકારે ૧૨ લાખ કરોડ રૂપિયા ઉધાર લેવા પડશે 72
33. RFID CHIP નો સારો તેમ જ નરસો ઉપયોગ પણ થઈ શકે તેમ છે 74

34. કોરોના વાયરસની રસી ૬૦થી ૭૦ ટકા લોકોને જ સંરક્ષણ આપી શકશે 76
35. ધ વોશિંગ્ટન ટાઈમ્સ કહે છે, કોવિદ-૧૯ મીડિયા દ્વારા પેદા કરવામાં આવેલું જૂઠાણું હતું 78
36. આરોગ્ય સેતુ એપનો ઉપયોગ જનતાની જાસૂસી કરવા માટે થઈ શકે છે 80
37. ઈવેન્ટ ૨૦૧ઃ કોરોના મહામારીનું આગોતરું ડ્રેસ રિહર્સલ કરવામાં આવ્યું હતું 82
38. કોરોના વાયરસનું ટેસ્ટિંગ કરવાની RT- PCR કિટ જરાય ભરોસાપાત્ર નથી 84
39. સોશિયલ મીડિયા પર બહુચર્ચિત બિલ ગેટ્સનો ID 2020 PROJECT શું છે? 86
40. એક મનુષ્યની જિંદગી બચાવવા માટે સરકારે વધુમાં વધુ કેટલો ખર્ચ કરવો જોઈએ? 88
41. કોરોના વાયરસનો ભય પદ્ધતિસર રીતે સાત તબક્કામાં ફેલાવવામાં આવી રહ્યો છે 90
42. કોરોના વાયરસની રસી ઉતાવળે બનાવવાથી કરોડો લોકોનાં મોત થઈ શકે છે 92
43. કોરોના વાયરસ કરતાં વધુ જોખમી અને હિંસક તેની સૂચિત રસી હશે 94
44. અમેરિકાના હજારો લોકો કેમ લોકડાઉનના વિરોધમાં રસ્તાઓ પર ઊતરી આવ્યા છે? 96
45. ડો. બિશ્વરૂપ રોય ચૌધરી કોરોના બાબતમાં ચોંકાવનારી વાતો કરે છે 98
46. લોકડાઉનમાંથી બહાર આવવાનો શ્રેષ્ઠ રસ્તો પ્રજાની હર્ડ ઇમ્યુનિટી વધારવાનો છે 100
47. કેશલેસ ઇકોનોમીમાં નેગેટિવ વ્યાજના દરોની સંભાવના વધી જશે 102
48. મહારાષ્ટ્ર સરકાર ધારાવીના ગરીબોનો ઉપયોગ પ્રયોગશાળાના પ્રાણીઓ તરીકે કરવા માગે છે? 104
49. સરકારે લોકડાઉનમાંથી સલામતીપૂર્વક બહાર આવવાનો રસ્તો શોધવો જ પડશે 106
50. ૨૧ કંપનીઓ કોરોના વાયરસની રસી બનાવવાની હોડમાં છે 108
51. ઇટાલીમાં કોરોનાસંક્રમિત ૯૯ ટકા નાગરિકોનાં મોત બીજી બીમારીઓથી થયાં હતાં 110
52. કોરોનાને કારણે સરકારોના હાથમાં આપખુદ સત્તાઓ આવી ગઈ છે 112
53. ભારતમાં કોરોના વાયરસ અત્યંત ઘાતક બને તેવી સંભાવના બહુ પાંખી છે 114
54. કોરોનાને બહાને સરકાર મીડિયા પર સેન્સરશિપ દાખલ કરવા માગે છે? 116
55. કોરોના સંક્રમિત નાગરિકોની સંખ્યા એક કરોડથી વધી જાય તો પણ ગભરાવું નહીં 118
56. કોરોના સામેની લડાઈમાં ૧૨૩ વર્ષ જૂનો કાયદો અજમાવાઈ રહ્યો છે 120
57. કોરોનાને કારણે નહીં પણ લોકડાઉનને કારણે આર્થિક મહાસંકટ આવશે 122
58. કોરોનાના ૮૦ ટકા દર્દીઓ કોઈ પણ સારવાર વગર સાજા થઈ શકે છે 124
59. કોરોના ટેસ્ટિંગ કિટમાંથી કમાણી કરવા માટે ખાનગી કંપનીઓ વચ્ચે હરિફાઈ 126
60. દુનિયાને ભયભીત કરનારો કોરોના વાયરસ ચીનના જૈવિક હથિયારોનો ભાગ છે? 128
61. ''કોરોના વાઈરસથી ડરો નહીં'' તેવા પ્રચારને કારણે લોકોમાં ડર ફેલાય છે 130
62. 5G ટેકનોલોજી સલામત જ હશે તેની કોઈ ચોકસાઈ કરવામાં આવી નથી 132
63. બાળકોને ઘરે રાખીને ઓફ્ફલાઈન ભણાવવાના અઢળક લાભો છે 134
64. સોશિયલ ડિસ્ટન્સિંગ કે સોશિયલ ડિસ્ટ્રક્શન? 136

# મુંબઈના ૮૦ લાખ નાગરિકો રસી વગર કોરોના સામેનો જંગ કેવી રીતે જીતી ગયા?

નીતિ આયોગ અને તાતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ (ટીઆઈએફઆર) દ્વારા જૂન મહિનાના પહેલા સપ્તાહમાં મુંબઈના ત્રણ વોર્ડમાં કરવામાં આવેલા સિરો સર્વેનાં પરિણામો ખૂબ ચોંકાવનારાં છે અને કોરોના વાયરસ બાબતમાં સરકારના દાવાઓની પોલ ખોલનારાં છે. મુંબઈના સર્વેમાં જાણવા મળ્યું હતું કે ઝૂંપડપટ્ટીમાં રહેતાં ૫૭ ટકા અને એપાર્ટમેન્ટમાં રહેતાં ૧૬ ટકા નાગરિકોના શરીરમાં કોરોના વાયરસ પ્રવેશી ચૂક્યો છે અને કોઈ રસી કે દવા વગર તેઓ આપોઆપ સાજા પણ થઈ ગયા છે. એકંદરે મુંબઈના ૪૦ ટકા નાગરિકો કોરોના વાયરસના ચેપનો ભોગ બનીને તેમની જાણ બહાર સાજા થઈ ગયા છે. મુંબઈની વસતિ બે કરોડની છે; તે જોતાં મુંબઈના આશરે ૮૦ લાખ નાગરિકો કોઈ પણ જાતની દવા કે રસી વગર કોરોના વાયરસ સામેનો જંગ જીતી ગયા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના સિરો સર્વે મુજબ દિલ્હીના ૪૬ લાખ નાગરિકો તેમની જાણ બહાર કોરોના વાયરસનો ભોગ બની ગયા છે અને દવા કે રસી વગર સાજા થઈ ગયા છે.

મુંબઈ અને દિલ્હીના સિરો સર્વેના હેવાલો બહુ ચોંકાવનારાં છે. તેનાથી સૌથી પહેલી વાત એ સાબિત થાય છે કે છેલ્લા ચાર મહિનામાં સરકાર દ્વારા કોરોના વાયરસનો પ્રસાર રોકવા માટે અજમાવાયેલા લોકડાઉન, ફરજિયાત માસ્ક,




સોશિયલ ડિસ્ટન્સિંગ, વારંવાર હાથ સાફ કરવા, કોરોનાના દર્દીને આઈસોલેશનમાં ધકેલી દેવા, તેમના સંપર્કમાં આવેલાને ક્વોરન્ટાઈન કરવા, બિલ્ડિંગો સિલ કરવા, લોકોની અવરજવર પર નિયંત્રણો મૂકવાં, ધાર્મિક સ્થાનો બંધ કરાવવા, નાઈટ કર્ફ્યુ લાદવો, રેલવે સેવાઓ નિયંત્રિત કરવી વગેરે તમામ ઉપાયો સરિયામ નિષ્ફળ પુરવાર થયા છે. આ તમામ નિયંત્રણો દ્વારા સરકાર કોરોના વાયરસના ચેપને મર્યાદિત રાખવા માગતી હતી. તેમાં સફળતા મળી નથી; પણ પ્રજામાં બેકારી, હતાશા, ભૂખમરો, માનસિક રોગો, તિરસ્કાર વગેરે વધી ગયા છે. મુંબઈ અને દિલ્હીના સિરો સર્વે પછી સરકારે આ તમામ નિયમો પાછા ખેંચી લેવા જોઈએ.

મુંબઈ અને દિલ્હીના સિરો સર્વેના હેવાલથી બીજી મહત્ત્વની વાત એ પુરવાર થાય છે કે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા કોરોના વાયરસનું જેટલું બિહામણું ચિત્ર મીડિયા મારફતે ઊભું કરવામાં આવ્યું હતું તેટલો બિહામણો અને ઘાતક કોરોના વાયરસ નથી. મુંબઈના આંકડાઓ કહે છે કે આ મહાનગરના આશરે ૪૦ ટકા કે ૮૦ લાખ નાગરિકોના શરીરમાં કોરોના વાયરસ આવીને ચાલ્યો ગયો છે. તેમાંના મોટા ભાગના નાગરિકોને ખબર પણ નથી પડી કે તેમને ક્યારે કોરોના વાયરસનો ચેપ લાગ્યો અને તેઓ ક્યારે સાજા થઈ ગયા. મુંબઈ શહેરમાં જે ૮૦ લાખ નાગરિકોના શરીરમાં કોરોના વાયરસ દાખલ થયો હતો તેમાંના આશરે માત્ર પાંચ હજારના જ મોત થયાં છે. તેનો સાદો મતલબ થાય છે કે મુંબઈ શહેરમાં કોરોનાનો ફેટાલિટી રેટ (મરણનો દર) માત્ર ૦.૦૬૨ ટકા છે. બીજા શબ્દોમાં જે ૧૦,૦૦૦ નાગરિકોના શરીરમાં કોરોના વાયરસ દાખલ થાય છે તેમાંના ૯,૯૯૪ નાગરિકો સાજા થઈ જાય છે અને માત્ર ૬ નાગરિકોનાં જ મરણ થાય છે. તેમાં પણ જે મરણ થાય છે તે માત્ર હોસ્પિટલમાં જ થાય છે. ઘરે સારવાર કરાવનારા કોઈ દર્દીનું મરણ થતું નથી. હોસ્પિટલોમાં દર્દીઓ પર દવાઓના અખતરા ચાલતા હોય છે તેને

કારણે પણ આ મરણ થતાં હોવાનું મનાય છે. કેટલાક દર્દીઓ વેન્ટિલેટરને કારણે મરી જાય છે તો કેટલાક ગભરાટથી મરી જાય છે.

મુંબઈના સિરો સર્વેમાં ૮૦ લાખ નાગરિકો કોરોના વાયરસનો ચેપ લાગેલા હોવાનું બહાર આવ્યું છે, પણ ટેસ્ટિંગના આધારે તો હાલમાં આશરે એક લાખ નાગરિકોના શરીરમાં જ કોરોના વાયરસની હાજરી પુરવાર થઈ છે. ખરેખરા ટેસ્ટિંગના આંકડાઓ અને સિરો સર્વેના આંકડાઓ વચ્ચે ખાસ્સો તફાવત છે. જો ખરેખરા ટેસ્ટિંગના આંકડાઓ સાચા માનીએ તો મુંબઈમાં જે એક લાખ નાગરિકો કોરોના પોઝિટિવ હોવાનું બહાર આવ્યું તેમાંના આશરે પાંચ હજારનાં મરણ થયાં છે. આ હિસાબે મુંબઈનો ફેટાલિટી રેટ પાંચ ટકા થાય છે, પણ સિરો સર્વે મુજબ તે માત્ર ૦.૦૬૨ ટકા થાય છે. સરકાર અત્યારે ફેટાલિટી રેટ પાંચ ટકા બતાડીને ખોટો ગભરાટ પેદા કરી રહી છે.

નવી દિલ્હીની વાત કરીએ તો તેની વસતિ આશરે બે કરોડની છે. જો સિરો સર્વે મુજબ તેમાંના ૨૩ ટકાના શરીરમાં કોરોના વાયરસનો પ્રવેશ થયો હોય તો દિલ્હીના ૪૬ લાખ નાગરિકો કોરોનાનો ભોગ બનીને સાજા પણ થઈ ગયા છે. દિલ્હીમાં ચાર હજાર નાગરિકો કોવિડ-૧૯થી મર્યા હોવાનું કહેવાય છે. આ હિસાબે દિલ્હીનો ફેટાલિટી રેટ માત્ર ૦. ૦૯ ટકા જેટલો જ છે. સત્તાવાર આંકડાઓ પ્રમાણે દિલ્હીના માત્ર ૧.૩૪ લાખ નાગરિકો જ કોરોના વાયરસનો ભોગ બન્યા છે.

જો મુંબઈના ૮૦ લાખ અને દિલ્હીના ૪૬ લાખ નાગરિકો કોરોના વાયરસનો ભોગ બનીને આપમેળે સાજા થઈ ગયા હોય તો સૌથી મોટો સવાલ ઉપસ્થિત થાય છે કે કોરોના વાયરસની રસીની કે દવાની આપણને કોઈ જરૂર છે ખરી? વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના જણાવ્યા મુજબ આજની તારીખમાં કોવિડ-૧૯ની કોઈ રસી બજારમાં આવી નથી. વળી તેની કોઈ દવા પણ નથી. જે કેટલીક દવાઓ કોવિડ-૧૯ની સારવાર માટે વાપરવામાં આવે છે તે ટ્રાયલના રૂપમાં છે. તે દવાથી કોવિડ-૧૯નો ઈલાજ થઈ શકે તેવું સાબિત થયું નથી. જો મુંબઈના ૮૦ લાખ અને દિલ્હીના ૪૬ લાખ નાગરિકો કોઈ રસી કે દવા વગર સાજા થઈ ગયા હોય તો કોરોનાથી ડરવાની કોઈ જરૂર ખરી?

**જો મુંબઈના ૮૦ લાખ અને દિલ્હીના ૪૬ લાખ નાગરિકો કોરોના વાયરસનો ભોગ બનીને આપમેળે સાજા થઈ ગયા હોય તો કોરોના વાયરસની રસીની કે દવાની આપણને કોઈ જરૂર છે ખરી?**

કોરોના વાયરસનો ડર બતાડનારાઓ કહે છે કે જ્યારે બજારમાં તેની રસી આવશે ત્યારે આપણને તેની સામે સંરક્ષણ મળશે. કોઈ પણ રસીમાં મનુષ્યના શરીરમાં જીવંત વાયરસ દાખલ કરવામાં આવતા હોય છે. શરીરમાં વાયરસ દાખલ થતાં શરીર તેની સામે લડવા માટેની એન્ટીબોડી પેદા કરે છે, જે વાયરસને મારી હટાવે છે. આ પ્રક્રિયાને ઈમ્યુનિટી કહેવામાં આવે છે. મુંબઈ અને દિલ્હીનાં પરિણામો દર્શાવે છે કે રસી દ્વારા નાગરિકોના શરીરમાં વાયરસ દાખલ કરવામાં આવે તે પહેલાં કોરોના વાયરસ કુદરતી રીતે મનુષ્યોના શરીરમાં તેમની જાણ બહાર દાખલ થઈ ગયો છે અને તેમના શરીરમાં કોરોના વાયરસ સામે લડવાની રોગપ્રતિકારક શક્તિ પણ પેદા થઈ ગઈ છે. ટૂંકમાં કહીએ તો જે કામ રસીએ કરવાનું હતું તે કુદરતે કર્યું છે અને સફળ પરિણામ પણ આવી ગયું છે. હવે માનવ જાતને કોવિડ-૧૯ સામે લડવાની કોઈ દવાની કે રસીની જરૂર જ રહેતી નથી.

દિલ્હી અને મુંબઈ જેવાં શહેરોમાં જે સિરો સર્વે કરવામાં આવ્યો તે દેશનાં અન્ય શહેરોમાં કે ગામડાંઓમાં પણ કરવામાં આવશે તો પરિણામો પણ તેવાં જ આવશે. દેશના આશરે ૨૫ ટકા નાગરિકોના શરીરમાં તેમની જાણ બહાર કોરોના વાયરસ પ્રવેશીને વિદાય પણ લઈ ચૂક્યો છે. આ નાગરિકોને તેની જાણ સુદ્ધાં થઈ નથી. તેના પરથી કહી શકાય કે કોરોના વાયરસ તદ્દન નિરૂપદ્રવી છે; તેનાથી ડરવાની જરાય જરૂર નથી. આવતા ત્રણ મહિનામાં કદાચ બાકીના નાગરિકોના શરીરમાં પણ કોરોના વાયરસ આવીને જતો રહેશે. નિષ્ણાતો કહે છે કે જો ૬૦ ટકા લોકો વાયરસનો ભોગ બનીને સાજા થઈ જાય તો હર્ડ ઈમ્યુનિટી આવી ગઈ ગણાય. ભારતનાં અનેક શહેરોના લોકોમાં હર્ડ ઈમ્યુનિટી આવી ગઈ હોવાના તમામ સંકેતો મળી રહ્યા છે. સરકારે આ વાસ્તવિકતાનો સ્વીકાર કરીને તાત્કાલિક લોકડાઉન ઉઠાવી લેવું જોઈએ અને રસી પાછળ દોડવાનું બંધ કરવું જોઈએ.

# શું ખરેખર કોરોના વાયરસના અંતનો આરંભ થઈ ગયો છે?



જગતમાં જો કોઈ સૌથી વધુ પૂછાતો સવાલ હોય તો તે એ છે કે ''કોરોના વાયરસનો અંત ક્યારે આવશે?'' આ સવાલનો જવાબ દરેક નિષ્ણાતો પોતપોતાની રીતે આપી રહ્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને બિલ ગેટ્સ કહે છે કે ''જ્યારે કોવિદ-૧૯ની રસીની શોધ થશે ત્યારે કોરોના વાયરસનો અંત આવશે.'' કેટલાક નિષ્ણાતો કહે છેકે ''દુનિયાના બધા દેશોની પ્રજામાં જ્યારે હર્ડ ઈમ્યુનિટીનો વિકાસ થશે ત્યારે કોરોના વાયરસનો અંત આવશે.'' જોકે તેમના કહેવા મુજબ હર્ડ ઈમ્યુનિટીના વિકાસ માટે પણ રસી તો જરૂરી માનવામાં આવી છે. તેમના કહેવા મુજબ દુનિયાના બધા લોકોને જ્યારે કોરોના વાયરસની રસી આપી દેવામાં આવશે ત્યારે તેમના શરીરમાં રોગપ્રતિકારક શક્તિનો વિકાસ થશે, જેથી કોરોના વાયરસ તેમનું કાંઈ બગાડી શકશે નહીં. જોકે તેની સામે નિષ્ણાતો સવાલ કરી રહ્યા છે કે કોરોનાની રસી જ નહીં શોધાય તો શું થશે?

વર્તમાનમાં જગતની ૧૩૦ કંપનીઓ કોરોના વાયરસની રસી બનાવવાનો પુરૂષાર્થ કરી રહી છે, પણ તેને અંતે રસી બની જ જશે, તેવી કોઈ ગેરન્ટી નથી. એચઆઈવી નામનો વાયરસ દુનિયામાં ૪૦ વર્ષથી છે; તો પણ હજુ સુધી વિજ્ઞાનીઓ તેની રસી બનાવી શક્યા નથી. કોરોના વાયરસ આરએનએ વાયરસ હોવાથી તેની રસી બનાવવાનું કામ અત્યંત દુષ્કર છે. સંભવ છે કે ૧૩૦ પૈકી કોઈ કંપનીને રસી બનાવવામાં સફળતા ન મળે. બીજી સંભાવના એવી છે કે કોરોના વાયરસની રસી બની જાય, પણ તે ૧૦૦ ટકા અસરકારક ન હોય. દાખલા તરીકે ટી.બી. માટે મૂકાતી બીસીજીની રસી. ભારતનાં લગભગ તમામ બાળકોને આ રસી મૂકાતી હોવા છતાં દર વર્ષે ભારતમાં લાખો નાગરિકો ટી.બી.થી મરણ પામે છે. કોરોના વાયરસની રસી બજારમાં આવે પણ તે ૭૫ ટકા અસરકારક જ હોય તો દુનિયાના ૨૫ ટકા નાગરિકો તેનો ભોગ બની શકે છે. વળી ઋતુજન્ય ફ્લુની રસીની જેમ કોવિદ-૧૯ની રસી પણ દર વર્ષે લેવી પડે, તેવું પણ બની શકે છે.

કોરોના વાયરસના અંતની બીજી સંભાવના હર્ડ ઈમ્યુનિટીના વિકાસમાં છે. અંગ્રેજી ભાષામાં હર્ડનો અર્થ 'પશુઓનું ધણ' એવો થાય છે. 'ઈમ્યુનિટી'નો અર્થ રોગપ્રતિકારક શક્તિ એવો થાય છે. જો મનુષ્યોનાં ટોળાંઓમાં કોરોના વાયરસ મોટા પ્રમાણમાં વ્યાપ્ત થઈ જાય તો તેનાથી કેટલાક લોકોનાં મોત થઈ જાય, પણ જેઓ બચી જાય તેમનામાં કોરોના સામે લડવાની રોગપ્રતિકારક શક્તિ આવી જાય, જેથી કોરોના તેમનું કાંઇ બગાડી શકે નહીં અને વ્યવહારુ અર્થમાં તે ખતમ થઈ જાય. જો કુલ વસતિના ૬૦ ટકામાં કોરોના વાયરસ ફેલાઈ જાય તો બાકીના ૪૦ ટકામાં તેને ફેલાતા વાર લાગે નહીં અને સમગ્ર પ્રજામાં હર્ડ ઈમ્યુનિટી આવી જાય. નિષ્ણાતો કહે છે કે જો ૬૦ ટકાને રસી આપીને તેમના શરીરમાં કોરોના વાયરસ દાખલ કરી દેવામાં આવે તો હર્ડ ઈમ્યુનિટી આવી જાય, પણ તેના માટે પણ રસીની રાહ જોવી પડે તેમ છે. જોકે કેટલાક નિષ્ણાતો કહે છે કે રસી વગર પણ હર્ડ ઈમ્યુનિટી આવી શકે છે. કોરોના વાયરસ રસી વાટે નહીં પણ કુદરતી રીતે ૬૦ ટકા

વસતિના શરીરમાં દાખલ થઈ જાય તો સમગ્ર વસતિમાં તેની સામે લડવાની શક્તિ આવી શકે છે.

છેલ્લા કેટલાક દિવસોથી ભારતમાં તેમ જ વિશ્વભરમાં કોરોના વાયરસની હિલચાલનો અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે કોરોના વાયરસનું મોટા પાયે કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું છે, જેના પરિણામે પ્રજામાં રસી વગર જ હર્ડ ઈમ્યુનિટી પણ આવી ગઈ છે. ઇટાલી, સ્પેન, જર્મની, ફ્રાન્સ અને બ્રિટન જેવા યુરોપના દેશોમાં હવે કોરોના વાયરસના કેસો આવતા ઓછા થઈ ગયા છે. તેવું જ અમેરિકાનાં કેટલાંક રાજ્યોમાં અને ખાસ કરીને ન્યુ યોર્ક શહેરમાં બની રહ્યું છે. આ દેશોમાં કોરોના વાયરસના કેસો શિખર પર પહોંચીને હવે નીચે આવી રહ્યા છે. મુંબઈમાં ધારાવી જેવા ગીચ વિસ્તારમાં પણ છેલ્લા સપ્તાહમાં કોરોનાના કેસોમાં ખાસ્સો ઘટાડો જોવા મળી રહ્યો છે.

કોરોના વાયરસના કેસો ઘટવાનાં બે કારણો હોઈ શકે છે. એક કારણ ટેસ્ટિંગમાં ઘટાડો હોઇ શકે છે. જો ટેસ્ટિંગ ઓછા લોકોનું કરવામાં આવે તો પોઝિટિવ કેસો પણ ઓછા બહાર આવે તે સ્વાભાવિક છે. ગુજરાત જેવાં રાજ્યોમાં કેસો ઘટાડવા આ પદ્ધતિ કામે લગાડાઈ રહી છે. બીજું કારણ એ હોઈ શકે કે પ્રજાના મોટા ભાગમાં કોરોનાનું કુદરતી સંક્રમણ થઈ ગયું અને તેઓ તેમની પોતાની જાણબહાર સાજા પણ થઈ ગયા છે માટે હવે તેમને કોરોનાનો કોઈ ડર રહ્યો નથી. જો પ્રજાના મોટા ભાગમાં આ પ્રકારે હર્ડ ઇમ્યુનિટી આવી હોય તો નવા કેસો આવવાના ઓછા થઈ જાય. યુરોપના દેશોમાં આજે જે બની રહ્યું છે તેવો સુખદ ટ્રેન્ડ ટૂંક સમયમાં ભારતમાં પણ જોવા મળી શકે છે.

જો ભારતમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થયું હોય અને હર્ડ ઈમ્યુનિટી આવી ગઈ હોય તો તે બહુ આનંદના સમાચાર છે, કારણ કે ૧૪૦ કરોડની વસતિ પૈકી માત્ર ૫૦ હજાર જેટલા લોકો જ કોરોનાને કારણે મોત પામ્યા હશે ને બાકીના લોકો સુરક્ષિત થઈ ગયા છે. તાજેતરમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા કોલકાતામાં રેન્ડમ ટેસ્ટ કરવામાં આવ્યા તો ખ્યાલ આવ્યો કે કોલકાતાના ૩૦ ટકા લોકો કોરોનાનો ભોગ બનીને સાજા પણ થઈ ગયા છે. જો ભારતના ૧૦ ટકા લોકો પણ કોરોનાનો ભોગ બનીને સાજા થયા હોય તો તે સંખ્યા ૧૪ કરોડ જેટલી થઈ જાય છે. તેની સામે સરકારનો આંકડો ૨૫ લાખ જેટલો જ છે. ક્યાં ૧૪ કરોડ અને ક્યાં ૨૫ લાખ? જો દેશના ૧૪ કરોડ લોકો કોરોના વાયરસથી સંક્રમિત થઈને કુદરતી રીતે સાજા થઈ ગયા હોય તો હવે ક્યાં રાજ્યમાં કોરોનાના કેટલા કેસો આવ્યા? કેટલાં મરણ થયાં? તેની ચિંતા કરવાની જ જરૂર નથી. કદાચ આવતા એકાદ મહિનામાં ભારતના ૧૪૦ કરોડ લોકો કોરોનાનો ભોગ બનીને સાજા થઈ જશે.

> **જો ૧૪ કરોડ લોકો કોરોના વાયરસથી સંક્રમિત થઈને કુદરતી રીતે સાજા થઈ ગયા હોય તો હવે ક્યાં રાજ્યમાં કોરોનાના કેટલા કેસો આવ્યા? કેટલાં મરણ થયાં? તેની ચિંતા કરવાની જ જરૂર નથી.**

જો ભારતમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું હોય અને તેનાં પરિણામે હર્ડ ઇમ્યુનિટી આવી ગઈ હોય તો સરકાર શા માટે તે વાત આપણાથી છૂપાવે છે? સરકારે તો તે વાત ગાઈવગાડીને જાહેર કરવી જોઈએ અને લોકડાઉનનો અંત આણવો જોઈએ. હકીકતમાં કોરોનાનો ભય ટકાવી રાખવામાં રસી બનાવતી કંપનીઓનો સ્વાર્થ છે અને સરકાર તેમના હાથાનું કામ કરી રહી છે. રસી બનાવતી કંપનીઓ દ્વારા કોરોનાની રસી બનાવવામાં અબજો ડોલરનું રોકાણ કરવામાં આવ્યું છે. જો તેઓ સ્વીકારી લે કે રસી વગર કરોડો લોકો સાજા થઈ ગયા છે, તો તેમના અબજો રૂપિયા ડૂબી જાય તેમ છે. માટે તેઓ પ્રજાનો ડર કાયમ રાખીને પોતાની કમાણી સલામત રાખવા માગે છે.

ઓક્સફર્ડ યુનિવર્સિટી જ્યારે રસી બનાવવાનો પુરૂષાર્થ કરી રહી છે ત્યારે તેનાં પ્રોફેસર અને મહામારીનાં નિષ્ણાત સુનેત્રા ગુપ્તા કહે છે કે ''કોરોના વાયરસનો મરણદર સામાન્ય ફ્લુ કરતાં પણ ઓછો છે, માટે આપણે તેનાથી ડરવાની જરૂર નથી. મોટા ભાગના લોકોને તેની રસી લેવાની પણ જરૂર નહીં પડે. જે રીતે ફ્લુ આપણા જીવનનો હિસ્સો બની ગયો છે, તેવી જ રીતે કોરોના વાયરસ પણ આપણા જીવનનો હિસ્સો બની જશે.'' આ દલીલ સાથે સુનેત્રા ગુપ્તા લોકડાઉન ઉઠાવી લેવાની પણ હિમાયત કરે છે. જો ભારત સરકાર ફાર્માસ્યુટિકલ કંપનીઓની દલાલી કરનારા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને બદલે સુનેત્રા ગુપ્તા જેવા નિષ્ણાતોની વાત માને તો તેણે તાત્કાલિક લોકડાઉન ઉઠાવીને જાહેર કરવું જોઈએ કે હવે કોરોના વાયરસથી ડરવાની ખરેખર જરૂર નથી.

# કોઈ પણ રસીના ઉત્પાદક પાસે આઠ સવાલોના જવાબો માગવા જોઈએ




વિશ્વમાં કોરોના વાયરસનો કોપ દિવસે દિવસે નબળો પડી રહ્યો છે, પણ રસી બનાવનારી કંપનીઓની ઉતાવળ વધી રહી છે. તાજેતરમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા દિલ્હીમાં સિરમ સર્વે કરવામાં આવ્યો તો જાણવા મળ્યું કે દિલ્હીના આશરે ૫૦ લાખ નાગરિકોના શરીરમાં કોરોના વાયરસ પ્રવેશી ચૂક્યો છે અને તેઓ કોઈ પણ જાતની દવા કે રસી વગર સાજા પણ થઈ ચૂક્યા છે. તેમનામાં કુદરતી રીતે ઈમ્યુનિટી આવી ગઈ હોવાથી તેમને હવે રસીની કોઈ જરૂર નહીં પડે. હકીકતમાં દિલ્હી શહેર હર્ડ ઈમ્યુનિટી તરફ આગળ વધી રહ્યું છે. ભારતનાં બીજાં શહેરોમાં પણ લગભગ આવી જ હાલત છે. આવતા ડિસેમ્બર મહિનામાં કોવિદ-૧૯ની રસી બજારમાં આવશે ત્યારે કદાચ ભારતના ૧૪૦ કરોડ લોકો કુદરતી રીતે સાજા થઈ ગયા હશે તો કોઈને રસીની જરૂર જ નહીં પડે. આ કારણે રસીના ઉત્પાદકો રસી બજારમાં લાવવા ઉતાવળા થઈ રહ્યા છે. કોઈ પણ રોગની રસી લેતા પહેલાં તેના ઉત્પાદકને નીચે મુજબના આઠ સવાલો અચૂક પૂછવા જોઈએ :

પહેલો સવાલ એ પૂછવો જોઈએ કે ‘‘રસી લેવાથી મને કોવિદ-૧૯ નહીં જ થાય તેની કોઈ ગેરન્ટી છે ખરી?’’ ભારતમાં કોવિદ-૧૯ની રસી બનાવી રહેલી સિરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ અદર પૂનાવાલા કહે છે કે ‘‘દુનિયાની કોઈ પણ રસી ૭૦થી ૮૦ ટકા જેટલી જ અસરકારક હોય છે. જે દસ માણસો રસી લેશે તેમાંના બેથી ત્રણ માણસો કોવિદ-૧૯નો ભોગ બની શકે છે.’’ આ હિસાબે જો ભારતના ૧૪૦ કરોડ નાગરિકો રસી લે તો પણ તેમાંના ૨૮થી ૪૨ કરોડ નાગરિકો કોવિદ-૧૯નો ભોગ બની શકે છે. જો આપણો નંબર પણ તે ૨૮થી ૪૨ કરોડમાં આવવાનો હોય તો શા માટે રસી લેવી જોઈએ? કારણ કે રસી લેવામાં પણ અનેક પ્રકારનાં જોખમો રહેલાં છે. જો રસી લેવાથી કોરોના નહીં થાય તેવી ગેરન્ટી ન મળતી હોય તો રસી લેવાની કોઈ જરૂર નથી.

રસીના ઉત્પાદકને બીજો સવાલ એ પૂછવો જોઈએ કે રસી લેવાથી મારું મરણ નહીં થાય કે મને કોઈ બીજી બીમારી નહીં થાય તેની કોઈ ગેરન્ટી છે ખરી? કોઈ રસી ઉત્પાદક આવી ગેરન્ટી આપવા તૈયાર નહીં થાય. તમને રસી આપનારા ડોક્ટરને કે હેલ્થ વર્કરને પણ સવાલ કરવો જોઈએ કે આ રસી લેવાથી મને કોઈ પણ જાતનું નુકસાન નહીં થાય, તેવી ગેરન્ટી તમે આપો છો ખરા? દુનિયાનો કોઈ ડોક્ટર કે હેલ્થ વર્કર તેવી ગેરન્ટી નહીં આપે, કારણ કે તેને ખબર છે કે રસીથી મોત પણ થઈ શકે છે. અમેરિકાનાં બાળકો એમએમઆરની વેક્સિન લીધા પછી ઓટિઝમનો ભોગ બન્યા હોવાની શંકા સેવાઈ રહી છે. ૧૯૯૨માં અમેરિકામાં દર ૧૫૦ બાળકે એક બાળક ઓટિઝમનો ભોગ બનતું હતું. ૨૦૦૪માં દર ૬૮ બાળકે એક બાળક ઓટિઝમનો ભોગ બનવા લાગ્યું હતું. ભારતમાં તો એમએમઆરની વેક્સિન લેવાને કારણે કેટલાંક બાળકોનાં મરણ પણ થયાં હતાં. ભારતમાં પોલિયોની રસી લેવાને કારણે ૨૦૦૪ અને ૨૦૧૪ વચ્ચે આશરે ૪.૯૦ લાખ બાળકો પક્ષઘાતનો ભોગ બન્યા હતા, જે બદલ બિલ ગેટ્સ સામે ભારતની સુપ્રિમ કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે.

રસીના ઉત્પાદકને ત્રીજો સવાલ એ પૂછવો જોઈએ કે જો રસી લેવાથી દર્દીનું મોત થાય કે તેને કોઈ ઈજા થાય તો તે બદલ વળતર મળશે ખરું? અમેરિકામાં રસી લેવાથી કોઈ પણ જાતની ઈજા થાય તો તેનું વળતર મેળવવા માટે ખાસ કોર્ટની રચના કરવામાં આવી છે. ૧૯૮૬માં અમેરિકામાં ઘડાયેલા કાયદા મુજબ કોઈ પણ વ્યક્તિનું રસી લેવાને કારણે મોત થાય કે નુકસાન થાય તો તે રસી બનાવતી કંપની સામે વળતરનો દાવો કરી શકતો નથી. તે માટે સરકાર પોતે વેક્સિન ઇન્જરી કોમ્પેન્સેશન પ્રોગ્રામ ચલાવે છે. મતલબ કે રસીથી થયેલા નુકસાનમાં વળતર આપવાની જવાબદારી અમેરિકાની સરકારે સ્વીકારી છે. ૨૦૧૯ના ઓક્ટોબર સુધી સરકારે વેક્સિનનો ભોગ બનેલા નાગરિકોને ૪.૨ અબજ ડોલરનું વળતર ચૂકવ્યું હતું. વેક્સિનનો ભોગ બનેલા દરેક ૩,૦૩૨ નાગરિકોને સરેરાશ ૫.૭૪ લાખ ડોલર (૪.૩૦ કરોડરૂપિયા) નું વળતર ચૂકવવામાં આવ્યું હતું. ભારતમાં રસી લેવાથી થતા મોત કે નુકસાન સામે વળતર અપાવતો જોઈ કાયદો ઘડાયો નથી.

રસીના ઉત્પાદકને ચોથો સવાલ એ પૂછવો જોઈએ કે રસીમાં કોઈ પશુના લોહી, માંસ, પ્લાઝમા વગેરેનો ઉપયોગ તો કરવામાં નથી આવ્યો ને? જો રસી ઉત્પાદક ઇમાનદાર હશે તો તેણે આ સવાલનો જવાબ 'હા' માં જ આપવો પડશે. દુનિયાની કોઈ રસી પશુના લોહી વગર બનતી નથી. કોઈ રસી વાંદરાના લોહીમાં બને છે તો કોઈ ઘોડાના લોહીથી બનાવવામાં આવે છે. રસી બનાવવા માટે જે પ્રાણીના લોહીનો ઉપયોગ કરવામાં આવે છે તેને પાંજરામાં રાખવામાં આવે છે અને રીબાવી રીબાવીને મારી નાખવામાં આવે છે. એમએમઆરની રસી બનાવવા માટે તો ગર્ભપાત કરવામાં આવેલા ભ્રૂણનો ઉપયોગ કરવામાં આવે છે. કોરોનાની રસી બનાવવા માટે કરચલાંનું લોહી વાપરવામાં આવશે, તેવા હેવાલો બહાર આવ્યા છે. જે શાકાહારી પ્રજા પોતાના ભોજનમાં ભૂલેચૂકે પણ પ્રાણીનું માંસ ન આવી જાય તેની કાળજી રાખે છે, તેણે આ રસી શા માટે લેવી જોઈએ?

રસીના ઉત્પાદકને પાંચમો સવાલ એ પૂછવો જોઈએ કે રસી બનાવવા માટે કોઈ પ્રાણીઓ પર પ્રયોગો તો નથી કરવામાં આવ્યા ને? તેનો જવાબ એ છે કે કોઈ પણ રસીનું પરીક્ષણ પહેલાં પ્રાણી પર કરવામાં આવે છે. ત્યાર બાદ જ મનુષ્યો પર તેનું પરીક્ષણ થઈ શકે છે. વર્તમાનમાં દુનિયામાં કોવિદ-૧૯ની જેટલી રસી તૈયાર થઈ રહી છે, તેમાં પ્રાણીઓ પર પ્રયોગો ચાલી જ રહ્યા છે. આ પ્રાણીઓમાં વાંદરા, સસલાં, ઉંદર, ગિની પિગ વગેરેનો સમાવેશ થાય છે. પ્રાણીના શરીરમાં વાયરસ દાખલ કર્યા પછી કામ પતી જાય એટલે તેનો ચેપ બીજાને ન લાગે તે માટે તેને મારી નાખવામાં આવે છે.

> **આવતા ડિસેમ્બર મહિનામાં કોવિદ-૧૯ની રસી બજારમાં આવશે ત્યારે કદાચ ભારતના ૧૪૦ કરોડ લોકો કુદરતી રીતે સાજા થઈ ગયા હશે તો કોઈને રસીની જરૂર જ નહીં પડે.**

રસીના ઉત્પાદકને છઠ્ઠો સવાલ એ પૂછવો જોઈએ કે રસીમાં મારા આરોગ્યને હાનિ થાય તેવા કોઈ પદાર્થો તો વાપરવામાં નથી આવ્યા ને? તેના જવાબમાં તેણે જણાવવું પડશે કે રસીમાં પારો, એલ્યુમિનિયમ, ફોર્મલડિહાઇડ, ફોર્મલિન વગેરે હાનિકારક પદાર્થો વાપરવામાં આવ્યા છે. જો કોઈ રસીમાં આરોગ્યને નુકસાન કરનારા પદાર્થો વપરાતા હોય તો તે રસી શા માટે લેવી જોઈએ?

રસીના ઉત્પાદકને સાતમો સવાલ એ પૂછવો જોઈએ કે શું મારા માટે રસી લેવી ફરજિયાત છે? દુનિયાના કોઈ પણ દેશમાં ફરજિયાત રસી લેવાના કાયદા નથી. જો આપણી સંમતિ ન હોય તો દુનિયાની કોઈ સરકાર આપણને પરાણે રસી આપી શકતી નથી. આપણે રસી લેવી કે ન લેવી? તે આપણી વૈયક્તિક સ્વતંત્રતાનો ભાગ છે. માટે રસી લેવાનો ઇનકાર કરતા ગભરાવું નહીં.

રસીના ઉત્પાદકને આઠમો સવાલ એ પૂછવો કે રસી લીધા વિના વાયરસ સામે લડવાનો કોઈ ઉપાય નથી? કદાચ રસીના ઉત્પાદકો તે સવાલનો સાચો જવાબ નહીં આપે, કારણ કે તેમણે રસી વેચીને કમાણી કરવી છે. પરંતુ તેનો સાચો જવાબ એ છે કે જો આયુર્વેદિક ઔષધિઓ દ્વારા શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં આવે તો દુનિયાના કોઈ પણ વાયરસ સામે લડી શકાય છે. જો તદ્દન નિર્દોષ અને ઘરેલુ ઉપચારો દ્વારા શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારી શકાતી હોય તો પ્રાણીઓના લોહીથી બનેલી હાનિકારક રસી લઈને શા માટે આપણી જિંદગીને જોખમમાં નાખવી જોઈએ?

# આરટી-પીસીઆર અને રેપિડ એન્ટિજેન ટેસ્ટ વચ્ચે શું તફાવત છે?




તાજેતરમાં સુરતની એક સોસાયટીમાં કેટલાક લોકોનો રેપિડ એન્ટિજેન ટેસ્ટ કરવામાં આવ્યો ત્યારે તેમાંના ૫૦ ટકાનો ટેસ્ટ પોઝિટિવ આવતા ખળભળાટ મચી ગયો હતો. સુરતના લોકોને થયું હતું કે રેપિડ એન્ટિજેન ટેસ્ટ ખોટાં પરિણામો બતાડે છે. હકીકતમાં રેપિડ એન્ટિજેન ટેસ્ટ કોરોના વાયરસની હાજરી જાણવા કરવામાં નથી આવતો પણ શરીરમાં કોરોના વાયરસ સામે લડનારા એન્ટીબોડી શોધવા માટે કરવામાં આવે છે. જો કોઈના શરીરમાં નજીકના ભૂતકાળમાં કોરોના વાયરસે પ્રવેશ કર્યો હોય અને તે ચાલ્યો ગયો હોય તો પણ રેપિડ એન્ટિજેન ટેસ્ટમાં તેને પોઝિટિવ બતાડવામાં આવે છે. હવે કોરોના વાયરસ એક નહીં પણ ૧૪ પ્રકારના છે. આપણને જે શરદી કે ફ્લુ થાય છે તે પણ કોરોના વાયરસને કારણે થાય છે. માટે આપણને નજીકના ભૂતકાળમાં શરદી કે ફ્લુ થયા હોય અને આપણા શરીરમાં તેના એન્ટિજેન હોય તો પણ રેપિડ ટેસ્ટ પોઝિટિવ બતાડે છે. વર્તમાનમાં ભારતમાં કોરોનાના કેસોમાં જે ઉછાળો આવ્યો છે તેનું કારણ વધુ ને વધુ રેપિડ એન્ટિજેન ટેસ્ટ પણ હોઈ શકે છે. ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે તેને માન્યતા આપેલી છે.

ભારતમાં કોરોના વાયરસનો પ્રવેશ થયો ત્યારે આરટી-પીસીઆર નામની ટેસ્ટ જ વાપરવામાં આવતી હતી, જેમાં દર્દીના મોં અથવા નાકમાંથી સેમ્પલ લઈને તેની લેબમાં ચકાસણી કરવામાં આવે છે. આ ટેસ્ટનું પરિણામ આવતા આશરે ૨૪ કલાક લાગે છે અને પ્રારંભમાં તેનો ૪,૫૦૦ રૂપિયા ખર્ચો થતો હતો. તેની સામે રેપિડ ટેસ્ટ ૩૦ મિનિટમાં રિઝલ્ટ આપે છે અને તેનો ખર્ચો ૪૦૦ રૂપિયા જેટલો જ આવે છે. આ કારણે ભારતનાં ઘણાં શહેરોમાં મોટા પ્રમાણમાં રેપિડ એન્ટિજેન ટેસ્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આરટી-પીસીઆર ટેસ્ટ દર્દીના શરીરમાં નોવેલ કોરોના વાયરસ હાજર હોય તો જ પોઝિટિવ રિઝલ્ટ આપે છે; જ્યારે રેપિડ એન્ટિજેન ટેસ્ટ દર્દીના શરીરમાં વર્તમાનમાં કોરોના વાયરસ ગેરહાજર હોય તો પણ પોઝિટિવ રિઝલ્ટ આપે છે.

તાજેતરમાં અમિતાભ બચ્ચન પરિવારનો રેપિડ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો ત્યારે અમિતાભ અને અભિષેક પોઝિટિવ આવ્યા હતા, જ્યારે જયા બચ્ચન, ઐશ્વર્યા અને આરાધ્યા નેગેટિવ આવ્યા હતા. ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા બહાર પાડવામાં આવેલી ગાઇડલાઈન મુજબ જો કોઈ વ્યક્તિનો રેપિડ એન્ટિજેન ટેસ્ટ પોઝિટિવ આવે તો કન્ફર્મેશન માટે આરટી-પીસીઆર ટેસ્ટ કરવાની જરૂર નથી; પણ જો નેગેટિવ આવે તો આરટી-પીસીઆર ટેસ્ટ કરવી જરૂરી બની જાય છે. આ ગાઇડલાઈન મુજબ જયા બચ્ચન, ઐશ્વર્યા અને આરાધ્યાનો રેપિડ ટેસ્ટ નેગેટિવ આવ્યો હતો તો પણ તેમનો આરટી-પીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જ્યારે ત્રણેયનો આરટી-પીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યો ત્યારે જયા બચ્ચનનો બીજો ટેસ્ટ પણ નેગેટિવ આવ્યો હતો; જ્યારે ઐશ્વર્યા અને આરાધ્યાનો બીજો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. જો અમિતાભનો અને અભિષેકનો પણ આરટી-પીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યો

હોત તો તે પણ કદાચ નેગેટિવ આવ્યો હોત. અમિતાભ અને અભિષેકનો રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવ્યો તેનો એટલો જ અર્થ થતો હતો કે તેમના શરીરમાં કોરોના વાયરસ સામે લડવાના એન્ટીબોડીની હાજરી છે. કદાચ તેમને કોવિદ-૧૯ થયો હોય અને તેઓ સાજા પણ થઈ ગયા હોય તેવું બની શકે છે. જો તેમના પર આરટી-પીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યો હોત તો ખબર પડત કે હાલમાં તેમના શરીરમાં કોરોના વાયરસ છે કે નહીં? તે નક્કી કર્યા વિના જ તેમને કોરોનાના દર્દી ઠરાવીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જે વ્યક્તિ કોરોના સામે સફળ લડત આપીને સાજો થઈ ગયો છે તેને હોસ્પિટલમાં દાખલ કરવાની શું જરૂર છે? માત્ર અમિતાભ જ નહીં પણ લાખો ભારતીયો સાથે આવું બની રહ્યું છે.

વાચકોને યાદ હશે કે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા એપ્રિલ મહિનામાં ચીનથી પાંચ લાખ રેપિડ એન્ટિજેન ટેસ્ટ કિટની આયાત માટેનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. પાંચ લાખ પૈકીની ૨.૭૬ લાખ કિટ ભારતમાં આવી પણ ગઈ હતી. ચીનની કંપનીએ આ કિટ ભારતીય કંપનીને ૨૪૫ રૂપિયામાં વેચી હતી. ભારતની એક કંપનીએ આ કિટ બીજી કંપનીને ૪૦૦ રૂપિયામાં વેચી હતી. બીજી કંપનીએ સરકારને આ કિટ ૬૦૦ રૂપિયામાં વેચી હતી. મામલો દિલ્હી હાઈ કોર્ટમાં જતા સરકારે સોદો કેન્સલ કર્યો હતો. આ કિટથી રાજસ્થાન સરકારે કોરોના પોઝિટિવ ૧૭૦ દર્દીઓનું ટેસ્ટિંગ કર્યું ત્યારે તેમાંના ૯૩ ટકા નેગેટિવ જાહેર થયા હતા. ચીનની કિટમાં સરકારના હાથ દાઝ્યા તે પછી દક્ષિણ કોરિયાની બાયોસેન્સર કંપનીને કિટનો ઓર્ડર આપવામાં આવ્યો છે.

રાજસ્થાન સરકારે ૧૭૦ પોઝિટિવ દર્દીઓની ચકાસણી ચીનની રેપિડ ટેસ્ટ કિટ વડે કરી અને તેમાં ૯૩ ટકા નેગેટિવ આવ્યા ત્યારે દેશમાં ભારે ઉહાપોહ થયો હતો. ચીનની કિટની વિશ્વસનીયતા બાબતમાં પણ શંકા બતાડવામાં આવી હતી. ત્યારે ચીનની કંપની દ્વારા ખુલાસો કરવામાં આવ્યો હતો કે કોઈ પણ વ્યક્તિના શરીરમાં કોરોના વાયરસ પ્રવેશ કરે તેના બે સપ્તાહ કરતાં વધુ સમય પછી તેના શરીરમાં એન્ટીબોડી પેદા થાય છે, માટે બે સપ્તાહ પહેલા કરવામાં આવેલી ટેસ્ટ નેગેટિવ આવી શકે છે. આ ખુલાસા પરથી લાગે છે કે ચીનની કંપનીની વાત સાચી પણ હોઈ શકે છે. રાજસ્થાનના જે ૧૭૦ કોરોના પોઝિટિવ દર્દીઓ પર ચીનની કિટ વડે ટેસ્ટ કરવામાં આવ્યો તેમના શરીરમાં કોરોના વાયરસ થોડા દિવસ પહેલાં જ પ્રવેશ્યો હોય તો તેમની ટેસ્ટ નેગેટિવ આવી શકે છે.

**જો તમને ભૂતકાળમાં ૧૪ પ્રકારના કોરોના વાયરસ પૈકી કોઈ પણ વાયરસ લાગુ પડ્યો હોય તો રેપિડ એન્ટિજેન ટેસ્ટ પોઝિટિવ આવી શકે છે**

રેપિડ એન્ટિજેન ટેસ્ટિંગ કિટ વડે મોટી સંખ્યામાં પોઝિટિવ આવે છે તેનું કારણ એ પણ હોઈ શકે કે ભારતમાં કોરોના વાયરસનું કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું છે, જેનો ભારત સરકાર સ્વીકાર કરવા તૈયાર નથી. કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું હોય તો ભારતના ૫૦ ટકા લોકોના શરીરમાં તેમની જાણ બહાર કોરોના વાયરસ પ્રવેશ કરી ચૂક્યો છે અને તેઓ સાજા પણ થઈ ચૂક્યા છે. જો ભારતની વસતિ ૧૩૮ કરોડની ગણીએ તો દેશના આશરે ૭૦ કરોડ લોકોના શરીરમાં કોરોના વાયરસ પ્રવેશી ચૂક્યો છે અને તેઓ સાજા પણ થઈ ચૂક્યા છે. આ પ્રક્રિયાને હર્ડ ઈમ્યુનિટી કહેવામાં આવે છે. સામાન્ય રીતે રસી દ્વારા હર્ડ ઈમ્યુનિટી પેદા કરવામાં આવે છે, પણ ભારતના લોકોમાં વગર રસીએ કોરોના વાયરસ સામે હર્ડ ઈમ્યુનિટી વિકસિત થઈ ચૂકી છે. સુરતમાં રેપિડ ટેસ્ટમાં ૫૦ ટકા લોકો પોઝિટિવ જણાયા તેનું કારણ પણ હર્ડ ઈમ્યુનિટી હોઈ શકે છે. જો ભારતના ૭૦ કરોડ લોકોને કોરોના થયો હોય અને માત્ર ૫૦,૦૦૦ મરણ થયાં હોય તો ડરવાની કોઈ જરૂર નથી.

ભારતના જે નાગરિકોના શરીરમાં કોરોના વાયરસ પ્રવેશ કરીને વિદાય થઈ ચૂક્યો છે તેમની જો રેપિડ એન્ટિજેન ટેસ્ટ કરવામાં આવે તો તેઓ પોઝિટિવ જણાય છે. આ રીતે કોરોનાના દર્દીઓની સંખ્યા વધારવામાં આવી રહી છે. કોરોનાથી સાજા થઈ ગયેલા નાગરિકોને કોરોના પોઝિટિવ જાહેર કરીને હોસ્પિટલમાં દાખલ કરવા પાછળ સરકારની કઈ વ્યૂહરચના કામ કરી રહી છે? જો કોઈ પણ નાગરિક રેપિડ ટેસ્ટમાં કોરોના પોઝિટિવ જણાય તો તેની આરટી-પીસીઆર ટેસ્ટ કર્યા વિના તેને પોઝિટિવ જાહેર કરીને હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પાડવી જોઈએ નહીં. જો કોઈ નાગરિક રેપિડ ટેસ્ટમાં પોઝિટિવ જણાય તો તેણે આરટી-પીસીઆરનો આગ્રહ રાખવો જોઈએ.

# કોવિદ-૧૯ની એલોપથી દવાઓના અખતરાથી દર્દીનું મોત પણ થઈ શકે છે

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન કહી રહ્યું છે કે કોવિદ-૧૯ની કોઈ સચોટ દવા કે રસી શોધાઈ નથી; પણ ભારત સરકારના આરોગ્ય ખાતાંએ તેની સારવાર માટે કેટલીક એલોપથી દવાઓના અખતરા કરવાની શરતી છૂટ આપી છે. આ દવાઓમાં રેમડેસિવિર અને ટોસિલિઝુમેબ મુખ્ય છે. રેમડેસિવિર દવા અમેરિકાની જીલિડ નામની કંપની બનાવે છે, પણ ભારતમાં તેનું માર્કેટિંગ સિપ્લા કંપની કરે છે. રેમડેસિવિર દવા મૂળભૂત રીતે ઇબોલાની સારવાર માટે બનાવવામાં આવી હતી, પણ તેમાં નિષ્ફળ ગઈ હતી. ભારતમાં તેનો કોવિદ-૧૯ના દર્દીઓ ઉપર પ્રાયોગિક ધોરણે ઉપયોગ કરવાની જ છૂટ આપવામાં આવી છે, પણ તેનો પ્રચાર જીવનસંરક્ષક દવા તરીકે થઈ રહ્યો છે. ટોસિલિઝુમેબ દવા સ્વીસ કંપની રોશ બનાવે છે, પણ ભારતમાં તેનું માર્કેટિંગ પણ સિપ્લા જ કરે છે. ટોસિલિઝુમેબ દવાની શોધ મૂળભૂત રીતે રૂમેટોઇડ આર્થરાઇટીસની સારવાર માટે કરવામાં આવી હતી, પણ હવે કોવિદ-૧૯ની સારવારમાં અખતરાના રૂપમાં તેનો ઉપયોગ થઈ રહ્યો છે.

કેટલીક ખાનગી હોસ્પિટલો અને તેના ડોક્ટરો દ્વારા રેમડેસિવિર અને ટોસિલિઝુમેબ દવાનો પ્રચાર લાઈફસેવિંગ દવા તરીકે કરીને તેના કાળાં બજાર કરવામાં આવી રહ્યા છે. કેટલીક ટીવીની ચેનલો પણ તેનો પ્રચાર ચમત્કારિક દવા તરીકે કરી રહી છે. તેને કારણે કોવિદ-૧૯ના દર્દીઓમાં એવી ખોટી છાપ પેદા થઈ છે કે આ દવા લેવાથી ગમે તેવો ગંભીર દર્દી પણ બચી જશે. હકીકતમાં જે દર્દીઓ વેન્ટિલેટર પર હોય અને ગંભીર તબક્કામાં પહોંચી ગયા હોય તેમને બચાવવાના છેલ્લા ઉપાય તરીકે જ આ બે દવાઓનો અખતરો કરવાનો છે. તેને બદલે કેટલાક તબીબો કોરોનાના મંદ લક્ષણો ધરાવતા દર્દીઓ પર પણ તેનો પ્રયોગ કરીને તેમની જિંદગી જોખમમાં મૂકી રહ્યા છે. ભારતના આરોગ્ય ખાતાંની ગાઇડલાઈન સ્પષ્ટ કહે છે કે ‘‘રેમડેસિવિર અને ટોસિલિઝુમેબ જો ગમે તેમ દર્દીઓ પર અજમાવવામાં આવે તો ફાયદા કરતાં પણ વધુ નુકસાન થઈ શકે છે.’’




રેમડેસિવિરની શોધ ઇબોલા વાયરસની દવા તરીકે કરવામાં આવી હતી. તેના નિર્માતા જીલિડનો દાવો હતો કે આ દવા લેવાથી વાયરસની વૃદ્ધિની ગતિ ઓછી થાય છે. જોકે ઇબોલાની સારવારમાં રેમડેસિવિર ખાસ કાંઇ ફાયદો કરી શકી નહોતી. ૨૦૦૩માં ચીન, હોંગકોંગ, દક્ષિણ કોરિયા વગેરે દેશોમાં સાર્સ નામની વાયરસ બીમારી જોવા મળી હતી. તેની સારવાર માટે પણ રેમડેસિવિરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો; પણ ખાસ કોઈ સફળતા મળી નહોતી. ત્યાર બાદ ૨૦૧૨માં મધ્ય પૂર્વના દેશોમાં માર્સ નામની વાયરસ બીમારી આવી હતી. તેમાં પણ રેમડેસિવિરનો પ્રયોગ કરવામાં આવ્યો હતો, પણ અપેક્ષિત સફળતા મળી નહોતી. ત્યાર બાદ જ્યારે કોરોના વાયરસ આવ્યો ત્યારે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા તેનો પ્રયોગ કોવિદ-૧૯ના દર્દીઓ પર કરવામાં આવ્યો. આ પ્રયોગ કેટલા દર્દીઓ પર કરવામાં આવ્યો? તેમાંથી કેટલા દર્દી સાજા થયા? કેટલા દર્દીનાં મરણ થયાં? આ દવા સલામત છે કે નહીં? તેનાં કોઈ પરિણામો જાહેર કર્યા વિના ભારત સરકારના આરોગ્ય ખાતાં દ્વારા તેનો પ્રાયોગિક ઉપયોગ કરવાની છૂટ આપી દેવામાં આવી.

પ્રાયોગિક શબ્દનો અર્થ જ થાય છે કે આ દવાથી કોવિદ-૧૯ના દર્દીઓ સાજા થાય છે, તેની કોઈ સાબિતી નથી. જે દર્દીઓ અત્યંત કટોકટીના તબક્કામાં હોય તેના પર

જ તેનો પ્રયોગ કરવાનો છે. આ પ્રયોગ પણ સરકાર દ્વારા જેને મંજૂરી આપવામાં આવી છે તેવી હોસ્પિટલોમાં જ કરવાનો છે. જો પ્રયોગ દરમિયાન દર્દીનો જીવ જોખમમાં મૂકાઈ જાય તો તેને બચાવી લેવાનાં સાધનો પણ હોસ્પિટલમાં હોવા જોઈએ. વળી દર્દીને રેમડેસિવિરનું ઇન્જેક્શન આપ્યા પછી દિવસો સુધી તેને નિરીક્ષણ ઉપર રાખવો જરૂરી છે કે તેના પર કોઈ વિપરીત અસર તો નથી થતી ને? જો કોઈ વિપરીત અસર થતી હોય તો તરત તેની જાણ દવા બનાવતી કંપનીને કરવાની હોય છે. વળી જે દર્દી પર આ દવાનો પ્રયોગ કરવામાં આવે તેને તેનાં ભયસ્થાનો બાબતમાં સંપૂર્ણ માહિતી આપ્યા પછી તેની કે તેના સ્વજનની ફોર્મ પર સહી લેવાની હોય છે. જો દર્દીને દવાનાં ભયસ્થાનો બાબતમાં માહિતી આપ્યા વિના કે તેની મંજૂરી વિના દવા આપવામાં આવે તો તે પણ ગંભીર ગુનો બને છે.

ભારતના આરોગ્ય ખાતાંની ગાઈડલાઈનમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે ''રેમડેસિવિર દવાના ઉપયોગથી દર્દીના સાજા થવાના સમયમાં ઘટાડો થઈ શકે છે, પણ તેનાં મરણના પ્રમાણમાં ઘટાડો થાય તેવી કોઈ સાબિતી નથી. આ દવા દર્દીનાં લિવર અને કિડનીને ગંભીર નુકસાન પહોંચાડે તેવી સંભાવના હોવાથી તેનો ઉપયોગ કરવામાં વધુમાં વધુ કાળજી રાખવી જરૂરી છે.''

રૂમેટોઈડ આર્થરાઈટીસ (સંધિવાત) ની સારવાર માટે વપરાતી વાયોક્સ નામની દવાના બહોળા ઉપયોગથી હૃદયરોગના હુમલાનું પ્રમાણ વધી ગયું તેને કારણે જગતભરમાં ઉહાપોહ થયો હતો, જેને પગલે વાયોક્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ત્યાર બાદ ૨૦૧૦માં સંધિવાતની સારવાર માટે સ્વીસ રોશ કંપની દ્વારા ટોસિલિઝુમેબ નામની દવા શોધવામાં આવી હતી, જે બજારમાં અક્ટેમ્રા બ્રાન્ડનેમ હેઠળ વેચાતી હતી. થોડા સમય પછી ખ્યાલ આવ્યો કે ટોસિલિઝુમેબ દવાના ઉપયોગથી પણ સેંકડોની સંખ્યામાં મરણ થયાં હતાં, પણ તેના પર પડદો પાડી રાખવામાં આવ્યો હતો. અમેરિકામાં આ દવા લેનારા ૭૩ વર્ષના વૃદ્ધનું હેમરેજથી મરણ થઈ ગયું હતું. ત્યાર બાદ ૬૨ વર્ષની મહિલાને ટોસિલિઝુમેબનું ઇન્જેક્શન આપવામાં આવ્યું તે પછી તેને હાર્ટ એટેક આવ્યો હતો અને તેનું મોત થયું હતું. આ મહિલાને હૃદયની કોઈ બીમારી નહોતી. આ કિસ્સો જાહેરમાં આવ્યો તે પછી રોશ કંપનીએ સ્વીકાર્યું હતું કે આ દવાથી હાર્ટ એટેક આવી શકે છે.

> **ભારતમાં કોવિદ-૧૯ના જે દર્દીઓ જાદુઈ દવા તરીકે જે બે દવાની માગણી કરી રહ્યા છે તેમને કદાચ ખબર જ નથી કે આ દવાના પ્રાયોગિક ઉપયોગ માટે શરતી છૂટ જ આપવામાં આવી છે.**

અમેરિકામાં ટોસિલિઝુમેબ ઇન્જેક્શન લીધા પછી હાર્ટ એટેકના બે કિસ્સા બન્યા તે પછી રોશ કંપની દ્વારા તેના પેકિંગ પર ચેતવણી આપવામાં આવી કે આ દવાના રિએક્શન તરીકે એનાફાયલેક્સિસ થઈ શકે છે. આ બીમારીમાં દર્દીની ચામડી પર ચાઠાં ઉપસી આવે છે અને તેને શ્વાસ લેવામાં ગૂંગળામણનો અનુભવ પણ થાય છે. આ તકલીફમાં મોત પણ થઈ શકે છે. દવા કંપનીઓ દ્વારા જ્યારે કોઈ પણ દવાની ટ્રાયલ કરવામાં આવે છે ત્યારે તેની હાનિકારક અસરોની પણ તેમને જાણ થતી જ હોય છે, પણ તેમના દ્વારા આ માહિતી છૂપાડી રાખવામાં આવે છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા દવાના ઉપયોગને મંજૂરી આપવામાં આવે તે પછી જ આ વાત બહાર આવતી હોય છે. અમેરિકામાં તો કોઈ દર્દીનું મોત થાય તો કંપની પર કરોડોના દાવા કરવામાં આવે છે.

ભારતમાં કોવિદ-૧૯ના જે દર્દીઓ જાદુઈ દવા તરીકે જે બે દવાની માગણી કરી રહ્યા છે તેમને કદાચ ખબર જ નથી કે આ દવાના પ્રાયોગિક ઉપયોગ માટે શરતી છૂટ આપવામાં આવી છે. આ દવા લેનારા દર્દીનો જીવ બચી જશે તેની કોઈ ગેરન્ટી નથી; પણ હાર્ટ એટેક આવવાની અને મરણ થવાની સંભાવના નકારી કઢાય તેવી નથી. વર્તમાનમાં ભારતમાં હાલત એવી છે કે કોવિદ-૧૯ની સારવાર માટે દાખલ કરવામાં આવેલા કોઈ દર્દીને રેમડેસિવિર કે ટોસિલિઝુમેબનું ઇન્જેક્શન આપવામાં આવે અને તે મરણ પામે તો ડોક્ટરો કહી દેશે કે તેનું મરણ કોરોનાથી થયું છે. આ દર્દીનું પોસ્ટમોર્ટમ પણ કરવામાં આવતું નથી; જેને કારણે મરણનું સાચું કારણ જાણી શકાતું નથી.

# તબીબી ક્ષેત્રે કરવામાં આવતી હિંસા માનવજાતને કદી સુખી બનાવી નહીં શકે

બ્રિટનની કંપની માટે કોરોનાની રસી બનાવવા ભારતના મકાક જાતના વાંદરાઓ પર પ્રયોગો શરૂ કરવામાં આવ્યા તેનો કેટલાક જીવદયાપ્રેમીઓ વિરોધ કરી રહ્યા છે. કેટલાક લોકો દલીલ કરે છે કે મનુષ્યનો જીવ બચાવવા માટે કોઈ પ્રાણીની હિંસા કરવામાં આવે તો તે ક્ષંતવ્ય ગણવી જોઈએ. મનુષ્યના આહાર તરીકે માંસાહારનો વિરોધ કરનારા કેટલાક પ્રબુદ્ધ લોકો પણ તબીબી ક્ષેત્રે હિંસાની અને પ્રાણીઓ ઉપર અત્યાચારની વાત આવે ત્યારે તેનું સમર્થન કરતાં કહે છે કે, માનવજાતની સુખાકારી માટે આ હિંસા અનિવાર્ય છે, માટે તેનો વિરોધ કરી શકાય નહીં. શ્રીમતી મેનકા ગાંધીએ ખાદ્ય પદાર્થોમાં આવતા માંસાહારી પદાર્થોની સૂચના ચીજવસ્તુના પેકિંગ ઉપર હોવી જોઈએ એ બાબતને સુપ્રિમ કોર્ટ સુધી ચલાવી અને એ બાબતમાં તેમને સફળતા પણ મળી ગઈ. આવી જ સફળતા તેમને દવાઓ અને સૌંદર્ય પ્રસાધનોમાં વપરાતા હિંસક પદાર્થોની બાબતમાં મળી નહીં. આજે પણ જે દવાઓ અને સૌંદર્ય પ્રસાધનોમાં માંસાહારી પદાર્થો વાપરવામાં આવે છે, તેની સૂચના આ પદાર્થોના પેકિંગ ઉપર જોવા મળતી નથી. આની પશ્ચાદભૂમિમાં પણ એવી જ માન્યતા રહેલી છે કે દવાઓમાં જો કોઈ પ્રાણિજ પદાર્થ વાપરવામાં આવતો હોય તો તે ચલાવી લેવું જોઈએ. આ માન્યતાના પાયામાં એવી



પશ્ચિમી માન્યતા છે કે આ સૃષ્ટિમાં જે જીવન જીવવાનો અધિકાર છે તે માત્ર માનવજાતનો જ છે. માનવજાતને જીવાડવા માટે ગમે તેટલા પ્રાણીઓનો ભોગ લેવો પડે તો તેમાં તેમને વાંધો જણાતો નથી. જાણીને નવાઈ લાગશે કે વિદેશમાં કેળવણી લેવાને કારણે અહિંસાના પૂજારી ગણાતા ગાંધીજી પણ આવી જ માન્યતા ધરાવતા હતા. આજે પણ મેકોલે પદ્ધતિનું પશ્ચિમી શિક્ષણ લેનારા લોકો આવી જ માન્યતા ધરાવે છે. આર્ય સંસ્કૃતિ તો એમ કહે છે કે જે પ્રવૃત્તિમાં અબોલ પ્રાણીઓના નિ:સાસા ભળેલા હોય તેનાથી માનવજાત કદી સુખી થઈ શકે જ નહીં.

આજનું જે એલોપથી વિજ્ઞાન છે તેમાં ડગલે ને પગલે પ્રાણીઓની હિંસા જોવા મળે છે. તેમાંની ઘણી હિંસા તો નિવારી શકાય તેવી છે. એક જ ઉદાહરણ આપીએ તો તબીબી શિક્ષણ લેવા આતુર બારમા ધોરણના વિદ્યાર્થીઓ માટે અગાઉ જીવતા દેડકાની હત્યા કરી તેનું વિચ્છેદન કરવું અનિવાર્ય માનવામાં આવતું હતું. મહારાષ્ટ્ર સરકારે અને બીજી સરકારોએ કાયદા દ્વારા આ વિચ્છેદન બંધ કરાવ્યું, જેને કારણે લાખો દેડકાંઓના જીવ બચી ગયા. જીવતા દેડકાંનું વિચ્છેદન કરવાને બદલે તેમને પ્લાસ્ટિકના મૉડેલો આપવામાં આવે છે કે કૉમ્પ્યુટરની મદદથી શરીરરચના શાસ્ત્ર ભણાવવામાં આવે છે. તો પણ આજે મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરતા લાખો વિદ્યાર્થીઓ રહ્યા દેડકાઓનું વિચ્છેદન કરી રહ્યા છે. આવી તો અનેક નિવારી શકાય તેવી હિંસા તબીબી ક્ષેત્રે ચાલુ છે.

ભારતમાં બે પ્રકારની કેપ્સ્યુલો બને છે. પાવડરના સ્વરૂપમાં રહેલી કડવી દવા ભરવા માટે કઠણ કેપ્સ્યુલ વાપરવામાં આવે છે તો પ્રવાહી દવા ભરવા માટે નરમ કેપ્સ્યુલ વપરાય છે. આ બંને પ્રકારની કેપ્સ્યુલો બનાવવા માટે જિલેટીન નામનો

પદાર્થ વપરાય છે, જે પ્રાણીઓનાં હાડકાંને ઉકાળીને બનાવવામાં આવ્યો હોય છે. આ રીતે કેપ્સ્યુલ ગળનારા માણસો હકીકતમાં તો પ્રાણીઓનાં હાડકાંનો રસ પોતાના પેટમાં પધરાવતા હોય છે. હવે વિદેશોમાં ચોખાના ઓસામણનો ઉપયોગ કરીને શાકાહારી કેપ્સ્યુલ બનાવવાની પ્રવૃત્તિ શરૂ થઈ છે, જે વેજિકેપ્સ તરીકે ઓળખાય છે. આ કેપ્સ્યુલ બનાવવામાં થોડો વધુ ખર્ચ આવતો હોવાથી ભારતના દવા ઉત્પાદકો આ ટેકનોલૉજીનો ઉપયોગ કરવા આગળ નથી આવતા. જો કેપ્સ્યુલ ઉપર તે માંસાહારી છે તેવું લખવાની ઉત્પાદકોને ફરજ પડાય તો આપણે ત્યાં પણ વેજિકેપ્સનું ઉત્પાદન મોટા પાયે શરૂ થઈ જાય.

ઈન્જેક્શન આપણને ભલે નિર્દોષ લાગતાં હોય પણ તમામ ઈન્ટ્રાવિનસ ઈન્જેક્શનની ચકાસણી પહેલા પ્રાણીઓ ઉપર કરવામાં આવે છે, જે પાઈરોજન ટેસ્ટ તરીકે ઓળખાય છે. આપણે ત્યાં કાયદો છે કે કોઈ પણ નવા ઈન્જેક્શનને બજારમાં મૂકતા અગાઉ તેનું ટેસ્ટિંગ પ્રાણીઓ ઉપર કરવું જોઈએ. આ પ્રકારના કાયદાઓ પ્રાણી ક્રૂરતા વિરોધી કાયદાઓનો અને બધાં જીવોની રક્ષા કરવાની બંધારણીય ભાવનાનો ભંગ કરનારા છે, માટે આવા કાયદાઓ જ પડતા મૂકવા જોઈએ. જે ઈન્જેક્શનો પ્રાણીઓ માટે સલામત હોય તે માનવો માટે અસલામત પણ હોઈ શકે છે. અને પ્રાણીઓ માટે અસલામત ગણાતાં ઈન્જેક્શનો માનવો માટે સલામત હોય તેવું પણ બને છે. આ કારણે પ્રાણીઓ ઉપર ઈન્જેક્શનોનું પરીક્ષણ કરવાથી કંઈ અર્થ સરતો નથી, માત્ર ક્રૂરતા જ વધે છે.

વિશ્વમાં વપરાતી કોઈ પણ રસી પહેલાં વર્ષો સુધી અબોલ પ્રાણીઓ પર ક્રૂર પ્રયોગો કરીને જ વિકસાવી કાઢવામાં આવતી હોય છે. રસીનું તો ઉત્પાદન પણ ઘોડા, કૂતરાં વગેરે પ્રાણીઓના શરીરમાં જ કરવા માટે તેમને ભારે રિબાવવામાં આવે છે. ભારતમાં જે હડકવા વિરોધી રસી બને છે તેનું ઉત્પાદન ઘેટાંના મગજમાં કરવામાં આવે છે. આ માટે હજારો ઘેટાંઓને રીબાવી રીબાવીને મારી નાંખવામાં આવે છે. વિશ્વના અનેક દેશોમાં પ્રાણીઓના શરીરને બદલે કાચની ડીશમાં સેલ કલ્ચર વિકસાવી તેમાં રસી પેદા કરવામાં આવે છે. તેવી જ રીતે પોલિયોની રસીનું ઉત્પાદન કરવા માટે વાંદરાની

**ઈન્જેક્શન આપણને ભલે નિર્દોષ લાગતાં હોય પણ તમામ ઈન્ટ્રાવિનસ ઈન્જેક્શનની ચકાસણી પહેલા પ્રાણીઓ ઉપર કરવામાં આવે છે, જે પાઈરોજન ટેસ્ટ તરીકે ઓળખાય છે.**

કિડનીનો ઉપયોગ કરીને લાખો વાંદરાઓને મારવામાં આવે છે.

ઘણા લોકો પોતાની જાતીય શક્તિ વધારવા માટે સર્પનું લોહી, ગેંડાનું શિંગડું, કોડ માછલીનું તેલ, કાચિંડાનું તેલ, રીંછનું ગોલ બ્લેડર અને વાઘના ગુપ્તાંગમાંથી બનતી હિંસક દવાઓનો ઉપયોગ કરે છે. આવા કોઈ જ પદાર્થોથી પુરૂષાતન વધતું હોવાનું સાબિત થયું નથી તો પણ દર વર્ષે આ દવાઓ માટે પ્રાણીઓની હિંસા થયા જ કરે છે. બજારમાં જેટલી એન્ટી વાઈરલ પ્રકારની દવાઓ મળે છે તેમાંની મોટા ભાગની દરિયાઈ પ્રાણીઓની હત્યા કરીને જ પ્રાપ્ત કરવામાં આવતી હોય છે.

એલોપથી દવાઓ અને કેપ્સ્યુલોને રંગ કરવા માટે વપરાતો કાર્માઈન નામનો પદાર્થ ચોમાસાની ઋતુમાં થતા એક પ્રકારના ફૂદાને મારીને મેળવવામાં આવે છે . ભારતમાં ખાદ્ય પદાર્થો માટે આ પદાર્થના ઉપયોગની છૂટ આપવામાં નથી આવતી પણ દવાઓમાં તેનો બહોળો ઉપયોગ થાય છે. જીવજંતુમાંથી મેળવાતા રંગને બદલે વનસ્પતિજન્ય રંગનો દવામાં ઉપયોગ કરી શકાય છે. રંગ માટે જીવજંતુઓની હત્યા કરવાની શી જરૂર છે? આવા હિંસક રંગો જે ટેબ્લેટ્સ કે કેપ્સ્યુલમાં વપરાયા હોય તેના રેપર ઉપર સૂચના લખવાની ફરજ પાડવામાં આવે તો આ હિંસા બંધ થઈ શકે છે.

ઘણી દવાઓમાં અને કફ સિરપમાં ખાસ ગ્લિસરીન વાપરવામાં આવે છે. સિનેમાની નટીઓ નકલી આંસું પાડવા માટે ગ્લિસરીનનો ઉપયોગ કરે છે. આ ગ્લિસરીન સાબુની એક ઉપપેદાશ છે. ભારતમાં ૯૦ ટકા સાબુ પ્રાણીની ચરબીમાંથી બનાવવામાં આવે છે. આ કારણે ગ્લિસરીનનો ઉપયોગ કરનારાઓ હકીકતમાં તો પ્રાણીઓની ચરબી જ પોતાના પેટમાં પધરાવતા હોય છે. ભારતમાં ગ્લિસરીન કે સાબુ ઉપર ક્યાંય તે માંસાહારી છે એવું લખવામાં આવતું નથી, કારણ કે તેની ગણતરી ખાદ્યપદાર્થમાં થતી નથી. સરકાર જો દરેક સાબુના ઉત્પાદકને તે કઈ ચરબીમાંથી બન્યો છે તે લખવાની ફરજ પાડે તો અહિંસક પ્રજા હિંસક પદાર્થોનો ઉપયોગ કરવાનું બંધ કરી દે.

# જો ૧૫ ઓગસ્ટે કોરોનાની રસી બજારમાં આવશે તો રસી લેનારની સલામતી જોખમાઈ જશે

કોઈ પણ રોગની રસી બજારમાં લાવવી હોય તો તેને અભિમન્યુના સાત કોઠામાંથી પસાર થવું પડે છે. પહેલાં રસીના પ્રાણીઓ પર પ્રયોગો કરવા પડે છે. આ ટ્રાયલમાં આશરે ત્રણ મહિના જાય છે. જો તેમાં રસી સલામત જણાય તો પછી જીવતા મનુષ્યો પર રસીની પહેલા તબક્કાની ટ્રાયલ કરવામાં આવે છે. આ ટ્રાયલનો હેતુ રસીની સલામતીની ચકાસણી કરવાનો હોય છે. જો રસી લેનારા મનુષ્યો પર તેની કોઈ હાનિકારક અસર ન થાય તો તેમની બીજા તબક્કાની ટ્રાયલ કરવામાં આવે છે. તેમાં રસીની અસરકારકતા તપાસવામાં આવે છે. આ બે તબક્કાની ટ્રાયલમાં બીજા ત્રણ મહિના જાય છે. આ બે તબક્કામાં રસી સલામત જણાય તો પણ તેને બજારમાં મૂકવાની ઉતાવળ કરવામાં આવતી નથી. રસીના લાંબા ગાળાનાં પરિણામો મનુષ્યો માટે હાનિકારક નથી ને? તેની ખાતરી કરવા રસી લેનારા મનુષ્યોને ૧૨ મહિના સુધી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવે છે. જે રસી દેશના કરોડો નાગરિકોને આપવાની હોય તેની માત્ર ટૂંકા ગાળાની નહીં પણ લાંબા ગાળાની હાનિકારક અસરો તપાસવી બહુ જરૂરી બની જાય છે. જો ૧૨ મહિના પછી ખબર પડે કે રસી લેનારાં બાળકોને ઓટિઝમ કે તેવી કોઈ ગંભીર બીમારી થાય છે, તો શું કરી શકાય? વિદેશોમાં તેવું બન્યું છે. ત્યાં સુધીમાં તો કરોડો બાળકો રસી લઈ ચૂક્યા હશે. આ કારણે રસીનાં સાચાં પરિણામો




જાણવા ૧૨ મહિના રાહ જોવી પડે છે. જો રાહ ન જોવાય તો કરોડો નાગરિકોની જિંદગી જોખમમાં મૂકાઈ જાય છે. આ બધી સલામતીની જોગવાઈઓને ચાતરીને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે તા. ૧૫ ઓગસ્ટે કોરોનાની રસી બજારમાં મૂકવાની જાહેરાત કરી તેને કારણે નિષ્ણાતો ચોંકી ઉઠ્યા છે. તેમણે ઉતાવળ કરીને કોઈ પણ રસી બજારમાં મૂકવા બાબતમાં ખતરાની ઘંટડી વગાડી છે. તેમણે ચેતવણી આપી છે કે પૂરતી ચકાસણી વગર રસી બજારમાં મૂકવામાં ભારોભાર જોખમ છે. નિષ્ણાતોની ચેતવણીને પગલે ઈન્ડિયન કાઉન્સિલને પોતાની ડેડલાઈન લંબાવવાની ફરજ પડી છે.

થોડા દિવસ પહેલાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોનાની રસી બાબતમાં નિષ્ણાતો સાથે ખાસ બેઠક યોજી હતી, જેમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના કેટલાક વિજ્ઞાનીઓ પણ ઉપસ્થિત હતા. આ બેઠક પછી ઈન્ડિયન કાઉન્સિલ દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો. આ પરિપત્ર હૈદરાબાદની કંપની ભારત બાયોટેક દ્વારા વિકસાવાઈ રહેલી કોવેક્સિન નામની રસી બાબતમાં હતો. આ પરિપત્ર રસીની ટ્રાયલ કરનારી ૧૨ સંસ્થાઓને ઉદ્દેશીને સ્વયંસેવકોની ભરતી કરવા માટે લખવામાં આવ્યો હતો. તેમાં લખવામાં આવ્યું હતું કે તમારે ૭ જુલાઈના રસીની ટ્રાયલ શરૂ કરવાની રહેશે અને ૧૫ ઓગસ્ટ સુધી રસી બજારમાં આવી જવી જોઈએ. આ પરિપત્રમાં ભારત સરકારના આરોગ્ય સચિવ ડો. બલરામ ભાર્ગવની સહી હતી. પરિપત્રના અંતમાં ચેતવણી આપવામાં

આવી હતી કે આ પરિપત્રનો અમલ નહીં કરવાનાં ગંભીર પરિણામો આવશે.

વિશ્વની આશરે ૧૩૦ કંપનીઓ કોરોનાની રસી બનાવી રહી છે, જેમાંની સાત કંપનીઓ ભારતમાં છે. બ્રિટન અને અમેરિકાની કંપનીઓ દ્વારા બે મહિના પહેલા માનવ ટ્રાયલો શરૂ કરી દેવામાં આવી છે. તેમ છતાં આ કંપનીઓ કહે છે કે તેઓ વહેલામાં વહેલા ૨૦૨૧ના પ્રારંભ સુધીમાં રસી બજારમાં લાવી શકશે. તેમના દ્વારા રસીના પ્રયોગો પાછળ અબજો ડોલરનું રોકાણ કરવામાં આવ્યું છે. તેની સામે ભારતની કોઈ કંપની કહે કે તે માત્ર એક મહિનામાં રસીની ટ્રાયલો પૂરી કરીને ૧૫ ઓગસ્ટે રસી બજારમાં મૂકી દેશે તો તે ચમત્કાર કહેવાય કે કૌભાંડ કહેવાય. આ કિસ્સામાં કૌભાંડ હોવાની સંભાવના વધુ છે. ઇન્ડિયન જર્નલ ઓફ મેડિકલ એથિક્સના તંત્રી ડો. અમર જસાણીએ કહ્યું હતું કે જેમાં કરોડો લોકોની જિંદગીનો સવાલ છે, તેમાં ઉતાવળ કેવી રીતે કરી શકાય? કોઈ પણ પ્રયોગની પ્રારંભની તારીખ નક્કી હોય છે, તેના પૂરા થવાની તારીખ કેવી રીતે નક્કી કરી શકાય? શું ટ્રાયલ માત્ર ઔપચારિકતા નિભાવવા માટે જ કરવામાં આવી રહી છે?

તબીબી ક્ષેત્રના નિષ્ણાતોની ટીકાના પગલે ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા ખુલાસો બહાર પાડવામાં આવ્યો છે કે ટ્રાયલમાં ભાગ લેનારી સંસ્થાઓ ગંભીરતા સમજે તે માટે કડક ભાષામાં પત્ર લખવામાં આવ્યો હતો. ડો. અમર જસાણી કહે છે કે વૈજ્ઞાનિક સંશોધન કરતી સંસ્થાઓ સાથે ધમકીની ભાષામાં વાત કરવા બદલ ઇન્ડિયન કાઉન્સિલે તેમની માફી માગવી જોઈએ. તેમણે સવાલ કર્યો હતો કે રસીની ત્રીજા તબક્કાની ટ્રાયલ પડતી મૂકવામાં આવશે? જો રસીની ચકાસણી કરવા એથિક કમિટિને સમય નહીં આપવામાં આવે તો તેથી સલામતી નહીં જોખમાય?

હજુ બે મહિના પહેલાં ભારતના આરોગ્ય પ્રધાન ડો. હર્ષવર્ધન દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે ભારતમાં કેટલીક કંપનીઓ કોરોનાની રસી બનાવવાની હોડમાં છે. તેમના દ્વારા આવતા ઓક્ટોબર કે નવેમ્બર મહિનામાં રસી બજારમાં મૂકાવાની સંભાવના છે. રસીના પ્રયોગો કરી રહેલી હૈદરાબાદની કંપની ભારત બાયોટેક દ્વારા હજુ ગયાં સપ્તાહે નિવેદન આપવામાં આવ્યું હતું કે તેમની રસી બજારમાં આવતાં ત્રણથી ચાર મહિનાનો સમય લાગશે. એક સપ્તાહમાં એવું શું બની ગયું કે રસી એક મહિનામાં તૈયાર કરવાની ઉતાવળ કરવામાં આવી રહી છે?

**આ બધી સલામતીની જોગવાઈઓને ચાતરીને ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે તા. ૧૫ ઓગસ્ટે કોરોનાની રસી બજારમાં મૂકવાની જાહેરાત કરી તેને કારણે નિષ્ણાતો ચોંકી ઉઠ્યા છે.**

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા ભારતની તેમ જ દુનિયાના ઘણા દેશોની સરકારો પર દબાણ છે કે કોરોનાની રસી બજારમાં આવી જાય તે પછી જ લોકડાઉન ખોલવું. જો લોકડાઉનમાંથી બહાર નીકળવું હોય તો તમામ નાગરિકોને રસી આપવાનો વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનો આગ્રહ છે. ભારતે પણ કરાર પર સહી કરી હોવાથી ભારત તેનું પાલન કરવાને બાધ્ય છે. આપણી સરકારે જોઈ લીધું છે કે લોકડાઉન લાંબો સમય ચાલુ રાખવું દેશના હિતમાં નથી. લોકડાઉનને કારણે દેશમાં બેકારી વધી રહી છે અને જનમત પણ સરકારથી વિરુદ્ધ થઈ રહ્યો છે. કોઈ પણ લોકશાહી દેશમાં જનમત સરકારથી વિરુદ્ધ જાય તે સરકારને પરવડે નહીં. ભારત સરકારે જોયું કે વિદેશી કંપનીઓ રસી બનાવવામાં હજુ ૯ મહિના લે તેવું જણાય છે. ભારતની પ્રજા ત્યાં સુધી રાહ જોઈ શકે તેમ નથી. ભારતના વાલીઓ શાળાઓ ક્યારે ખૂલે તેની રાહ જોઈ રહ્યા છે. મુંબઈના નાગરિકો જનજીવન ક્યારે સામાન્ય બને તેની રાહ જોઈ રહ્યા છે. મુંબઈની જીવાદોરી ગણાતી લોકલ ટ્રેનો હજુ નિયમિત દોડતી નથી થઈ. આ સંયોગોમાં જો ભારતની કોઈ કંપની ઝડપથી રસી બનાવીને બજારમાં મૂકી દે તો સમસ્યા હલ થઈ જાય, એમ વિચારીને સરકારે ઉતાવળ કરી હોય તેવું બની શકે છે.

ભારતમાં કોઈ પણ કંપની રસી બનાવવા માગતી હોય તો તેણે ક્લિનિકલ ટ્રાયલ રજિસ્ટ્રીમાં પોતાની વિગતો આપવાની હોય છે. ભારત બાયોટેકે આપેલી વિગત મુજબ તેમની રસીની ટ્રાયલ પૂરી કરતાં આશરે ૧૫ મહિના લાગે તેમ છે. આ ૧૫ મહિનાની ટ્રાયલ તેઓ ૩૦ દિવસમાં કેવી રીતે પૂરી કરી શકે? ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝના ડિરેક્ટર ડો. રણદીપ ગુલેરિયા કહે છે કે રસી માટે ૧૫ ઓગસ્ટની સમયમાર્યાદા શક્ય જ નથી. વાયરસના નિષ્ણાત શાહિદ જામિલ કહે છે કે ૧૫ ઓગસ્ટની ડેડલાઈન વિશ્વના વિજ્ઞાનીઓ માટે પણ હાસ્યાસ્પદ છે. આટલા ટૂંક સમયમાં આપણે રસી બનાવી લીધી છે, તેવી આપણી વાત પર કોણ વિશ્વાસ કરશે?

# પતંજલિની દવાનો વિરોધ કરનારાઓ હાનિકારક એલોપથી દવાઓનું સમર્થન કરે છે?

બાબા રામદેવે પતંજલિના ઉપક્રમે કોરોના સામે લડવા માટેની દવા બજારમાં મૂકી કે સ્થાપિત હિતો તેમની સામે લડવા માટે મેદાનમાં આવી ગયાં છે. આયુર્વેદિક દવાઓ બહુતયા નિર્દોષ અને બિનહાનિકારક હોય છે. કેટલીક એલોપથી દવાઓ લેવાથી કિડની અને હૃદયના રોગો થતા હોય છે તેવું આયુર્વેદિક દવાઓ બાબતમાં બનતું નથી. એલોપથી દવાઓ મોંઘીદાટ હોય છે. તેની સરખામણીમાં આયુર્વેદિક દવાઓ સસ્તી હોય છે. તેમ છતાં આપણા દેશમાં એલોપથી દવાઓ વેચીને કમાણી કરતાં સ્થાપિત હિતો એટલાં શક્તિશાળી છે કે તેઓ પતંજલિની દવાને બદનામ કરવા કાગારોળ મચાવવા લાગ્યા હતા. આ સ્થાપિત હિતોના પ્રભાવને કારણે જ મહારાષ્ટ્ર જેવાં રાજ્યે કોઈ નક્કર કારણ વિના પતંજલિની દવા પર પ્રતિબંધ મૂકીને આયુર્વેદને અન્યાય કર્યો છે.




આપણા દેશનું સમગ્ર આરોગ્ય તંત્ર વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના તાલ પર ચાલી રહ્યું છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને મોટા ભાગનું દાન એલોપથી દવાઓ બનાવતી ફાર્માસ્યુટિકલ કંપનીઓ આપતી હોવાથી તેનો ઝોક એપોલથી દવાઓ તરફ જ રહે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના પ્રભાવ હેઠળ ભારતનું આરોગ્ય તંત્ર માત્ર એલોપથી દવાઓ જ વાપરે છે. જ્યારે કોરોનાનો સવાલ આવ્યો ત્યારે પણ કોવિદ-૧૯ની કોઈ પણ દવા ન હોવા છતાં તેના દર્દીઓને માત્ર એલોપથી દવાઓ જ પ્રયોગના રૂપમાં આપવામાં આવતી હતી. આયુર્વેદના વૈદોની માગણી છતાં તેમને દવાના પ્રયોગો કરવાની મંજૂરી આપવામાં આવતી નહોતી. હોસ્પિટલો દ્વારા કેટલીક એલોપથી દવાઓના પ્રયોગમાં કેટલા લોકો મરી ગયા? તેના કોઈ આંકડા બહાર પાડવામાં આવતા નથી. એલોપથી દવાઓના અખતરાથી થતાં મરણને તેઓ કોવિદના મરણમાં ખપાવી રહ્યા છે. શંકાસ્પદ ટ્રાયલોના આધારે કેટલીક એલોપથી દવાઓના વેચાણની પરવાનગી આપવામાં આવી છે; પણ આયુર્વેદિક દવાઓ સચોટ પુરવાર થઈ તો પણ તેનો વિરોધ કરવામાં આવે છે.

મલ્ટીનેશનલ કંપનીઓ દર્દીઓના આરોગ્ય સાથે કેવી ખતરનાક રમત રમે છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ 'મર્ક' નામની વિદેશી કંપની દ્વારા વેચાતી 'વાયોક્સ' નામની એન્ટીબાયોટીક્સ દવા છે. જે દર્દીઓ આ દવા એક વખત પણ લે તેમને હાર્ટ એટેક આવવાની શક્યતા અનેક ગણી વધી જાય છે, એવું આ કંપનીને જ પોતાના સંશોધનમાં જાણવા મળ્યું હતું. ત્યાં સુધી વિશ્વના કરોડો લોકો આ દવાને લઈને હાર્ટ એટેકનો શિકાર બની ચૂક્યા હતા અને આજે પણ બની રહ્યા હશે. જેવી 'મર્ક' કંપનીને આ વાતની ખબર પડી કે તેણે અમેરિકાની બજારમાંથી આ દવા પાછી ખેંચી લીધી પણ ભારતની બજારમાં આજે પણ તેનું વેચાણ ચાલુ છે. ભારતમાં આ દવા રોફિબ, રોફ, રોફિબેક્સ, રોફિઝ, ટોરોક્સ વગેરે બ્રાન્ડનેમ સાથે વેચાઈ રહી છે. તેનો કેમ કોઈ વિરોધ કરતું નથી?

આજે દર્દી શરદી, ખાંસી કે તાવની ફરિયાદ લઈ કોઈ જનરલ ફિઝિશિયન પાસે જાય એટલે ડોક્ટર તેને એરિથ્રોમાઈસીન નામની એન્ટીબાયોટીક્સ દવા લખી આપે છે. આ દવા સામાન્ય રીતે ડોક્ટરો ટાઈફોઈડ કે મૂત્રમાર્ગના ઈન્ફેક્શન માટે આપતા હોય છે. સામાન્ય તાવ માટે આ દવાનો ઉપયોગ કરવાથી બેક્ટેરિયામાં આ દવા માટે એન્ટીબોડી તૈયાર થઈ જાય છે. પછી દર્દીને જ્યારે ખરેખર ટાઈફોઈડ થાય છે ત્યારે ડોક્ટરોને લાગે છે કે આ દવા અસર કરતી નથી એટલે તેઓ વધુ ઝેરી એન્ટીબાયોટીક્સ ઠપકારે છે. મુંબઈની નાયર હોસ્પિટલમાં ૨,૦૦૦ દર્દીઓનો અભ્યાસ કરીને ડો. ઉર્મિલા થત્તેએ શોધી કાઢ્યું છે કે આજે ડોક્ટરો, દર્દીઓ અને કેમિસ્ટો એન્ટીબાયોટીક્સનો બેફામ ઉપયોગ કરી રહ્યા છે. આનો સૌથી મોટો લાભ દવાઓ બનાવતી ફાર્માસ્યુટિકલ કંપનીઓને જ થાય છે. તેઓ પોતાનું વેચાણ વધારવાના નિતનવા પેંતરાઓ શોધ્યા જ કરે છે.

ડો. ઉર્મિલા થત્તેએ જે બે હજાર દર્દીઓ ઉપર સંશોધન કર્યું તેના ઉપરથી તેમને જાણવા મળ્યું કે ડોક્ટરો જે દવાઓ માટે પ્રિસ્ક્રિપ્શન લખી આપે છે, તેમાંની ૩૦ ટકા એન્ટીબાયોટીક્સ હોય છે. થોડા સમય અગાઉ મુંબઈમાં ભારતના દવા ઉત્પાદકોનું એક સંમેલન મળ્યું હતું. તેમાં ત્રણ મહિનાથી એન્ટીબાયોટીક્સ દવાઓનું વેચાણ નથી વધતું એ બાબતમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. વિજ્ઞાનીઓ માટે એન્ટીબાયોટીક્સ દવાનો ઉપયોગ વધે તે ચિંતાજનક છે, જ્યારે દવાના ઉત્પાદકો માટે વેચાણ ન વધે એ ચિંતાજનક છે. વિજ્ઞાનીઓ દર્દીઓનું હિત જોતા હોય છે જ્યારે ઉત્પાદકો પોતાના ધંધાદારી હિત જોતા હોય છે. અને સૌથી વધુ દુઃખની બાબત એ છે કે મોટા ભાગના ડોક્ટરો પણ આજે દર્દીઓનું નહીં પણ તેમને તગડું કમિશન આપનારા ઉત્પાદકોનું જ હિત જોતા હોય છે.

આજે ડાયાબિટીસ માટેની તમામ દવાઓ લોહીમાં વધી ગયેલી સુગરને ઘટાડવાનું કામ કરે છે; તેમાંની એક પણ દવા આ સુગરનું પાચન કરવાની આપણા શરીરની ક્ષમતા ફરીથી સજીવન કરવાનું કાર્ય કરતી નથી. આ કારણે જે માણસને ડાયાબિટીસ થયો હોય, તેણે જીવનભર ડાયાબિટીસની દવા લેવી પડે છે. અહીં કોઇ પણ સમજદાર માણસને સવાલ થાય કે તો પછી દવા કંપનીઓ એવી દવા કેમ નથી બનાવતી કે જેનાથી બ્લડમાં સુગરનું લેવલ ઓછું થવાને બદલે સુગર પચાવવાની શરીરની ક્ષમતા જ ફરીથી સજીવન થાય? જો દવા કંપનીઓ આવી દવા બનાવે તો તેનાથી ડાયાબિટીસ મટી જાય અને દર્દીને જિંદગીભર કોઇ દવા લેવાની જ આવશ્યકતા ન રહે. આજે ડાયાબિટીસના કરોડો દર્દીઓ આ દવા કંપનીઓ માટે દૂઝણી ગાય જેવા છે. આ દૂઝણી ગાય વસૂકી જાય તેવી દવા શોધીને આ કંપનીઓ પોતાના જ પગ ઉપર કુહાડો મારવા માંગતી નથી.

> **ઈંગ્લાંડના 'ન્યુ સાયન્ટિસ્ટ' મેગેઝિનનો એક હેવાલ કહે છે કે, ડાયાબિટીસને કારણે નહીં પણ ડાયાબિટીસની દવાને કારણે કિડનીને નુકસાન થાય છે અને આંખે અંધાપો આવી શકે છે.**

જે ગૃહિણીઓ સોફા ઉપર બેસીને ટીવીની સિરિયલો જોયા કરતી હોય અને બિલકુલ શારીરિક શ્રમ ન કરતી હોય તેમની પણ સાકરનું પાચન કરવાની શક્તિ ક્ષીણ થઇ જાય છે અને તેઓ ડાયાબિટીસનો ભોગ બની શકે છે. ડાયાબિટીસના દર્દીઓ એલોપથી દવા લે તેનાથી આ વ્યાધિ શાંત નથી થતો પણ વધુ વકરે છે. બ્લડમાં વધી ગયેલી સુગરને ઈન્સ્યુલીનનાં ઈન્જેક્શનો લઇને ઘટાડવાથી ઈન્સ્યુલીન પેદા કરવાની શરીરની રહીસહી શક્તિ પણ ખતમ થઇ જાય છે. એક વખત ડાયાબિટીસની દવાને રવાડે ચડેલા દર્દીને પછી સુગરના પાચન માટે નિયમિત આ દવા લેવી જ પડે છે. ડાયાબિટીસની દવાને કારણે જ સુગરનું પાચન કરવાની શરીરની શક્તિને અકલ્પનીય નુકસાન પહોંચે છે; બીજા શબ્દોમાં કહીએ તો ડાયાબિટીસની દવાને કારણે જ ડાયાબિટીસ વકરે છે.

ડોક્ટરો આપણને કહે છે કે ડાયાબિટીસને કારણે માણસની આંખને અને કિડનીને નુકસાન થઇ શકે છે. આ એક સફેદ જૂઠ છે. ઈંગ્લાંડના 'ન્યુ સાયન્ટિસ્ટ' મેગેઝિનનો એક હેવાલ કહે છે કે, ડાયાબિટીસને કારણે નહીં પણ ડાયાબિટીસની દવાને કારણે કિડનીને નુકસાન થાય છે અને આંખે પણ અંધાપો આવી શકે છે. ડાયાબિટીસના દર્દમાં જો યોગ, કુદરતી ઉપચાર અને આયુર્વેદની મદદ લેવામાં આવે તો ડાયાબિટીસને ધરમૂળથી મટાડી શકાય છે.આયુર્વેદમાં મધુપ્રમેહ માટે મેથી, કારેલાં અને જાંબુ જેવાં ઉત્તમ દ્રવ્યો બતાડવામાં આવ્યાં છે. નિષ્ણાત વૈદ્યરાજની દેખરેખ હેઠળ આ દ્રવ્યોના સેવન સાથે જો નિયમિત વ્યાયામ કરવામાં આવે અને ફાસ્ટ ફૂડ, જન્ક ફૂડ, આઈસક્રીમ, ઠંડાં પીણાંઓ તેમ જ ચોકલેટ જેવા પદાર્થોનો સંપૂર્ણ ત્યાગ કરવામાં આવે તો ડાયાબિટીસથી મુક્ત થઇ શકાય છે.

# કોવિદ-૧૯ની સારવાર માટેની આયુર્વેદિક અને એલોપેથિક દવાઓ કેટલી અસરકારક છે?




મીડિયા દ્વારા કોવિદ-૧૯નો જે હાઉ ઊભો કરવામાં આવ્યો છે તે જોતાં લોકો તેની રસી કે દવાની કાગડોળે રાહ જોઈ રહ્યા હોય તો તેમાં કોઈ નવાઈ નથી. કોવિદ-૧૯ની રસી બજારમાં આવતાં હજુ ઓછામાં ઓછા ૧૨ મહિના લાગવાના હોવાથી તેની કોઈ પણ દવા બજારમાં આવે તો તેની ભારે ડિમાન્ડ નીકળે તેમાં કોઈ શંકા નથી. આ કારણે દુનિયાની અનેક ફાર્માસ્યુટિકલ કંપનીઓમાં કોવિદ-૧૯ની દવા બનાવવા માટે હરીફાઈ ચાલતી હતી. તેમાં ગ્લેનમાર્ક કંપનીની ફેબીફ્લુ નામની દવા મેદાન મારી ગઈ છે. ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ માત્ર તાકીદની સારવાર માટે જ ફેબીફ્લુની મંજૂરી આપી છે, પણ પ્રચાર તો એવો થઈ રહ્યો છે કે આ દવાની મંજૂરી કોઈ પણ કોવિદ-૧૯ના દર્દીની સારવાર માટે આપવામાં આવી છે. ફેબીફ્લુ ઉપરાંત કોવિફોર અને સીપ્રેમી નામની એલોપથિક દવાઓને પણ ભારત સરકાર દ્વારા શરતી મંજૂરી આપવામાં આવી છે. આ બાજુ રામદેવ બાબા દ્વારા પણ કોવિદ-૧૯ની સારવાર માટે ૧૦૦ ટકા શુદ્ધ આયુર્વેદિક કોરોનીલ દવા બજારમાં મૂકવામાં આવી છે. આ કારણે કોરોનાના દર્દીઓ સમક્ષ વિકલ્પ રહેશે.

ભારતમાં કોરોનાના જે ૪૪૧,૬૪૩ દર્દીઓ નોંધાયા તેમાંના ૨૪૮,૪૫૦ દર્દીઓ તો સાજા થઈને ઘરે પાછા ફર્યા છે. જો આજ દિન સુધી જગતમાં કોવિદ-૧૯ની કોઈ દવા નહોતી તો આ ૨.૪૮ લાખ દર્દીઓ કેવી રીતે સાજા થયા? કોવિદ-૧૯ની સારવાર કરતાં તબીબો કહે છે કે કોઈ પણ દર્દી ઘરે રહીને ૧૪ દિવસ આરામ કરે અને બે-બે કલાકે ગરમ પાણી પીધા કરે તો તે કોઈ ખર્ચ વગર સાજો થઈ શકે છે. જો કોઈ પણ દવા વગર સાજા થઈ શકાતું હોય તો દવાઓની શું જરૂર છે? કોરોનાની દવાઓના પ્રયોગો જે દર્દીઓ પર કરવામાં આવ્યા તેઓ પણ આપમેળે સાજા નહીં થયા હોય તેની શું ગેરન્ટી? કોરોનાની દવાઓના પ્રયોગો દરમિયાન આવી કોઈ પણ જાતની ચકાસણી કરવામાં આવી નથી. તેમ છતાં દવા કંપનીઓ કોવિદ-૧૯ની દવા વેચીને અઢળક કમાણી કરવા માગે છે.

પહેલાં આપણે કોવિદ-૧૯ની ફેબીફ્લુ નામની દવાની વાત કરીએ. ફેબીફ્લુ દવાનું જિનેરિક નામ ફેવિપિરાવીર છે અને જપાનની ફુજીફિલ્મ કંપની તેનું ઉત્પાદન કરી રહી છે. જપાનમાં આ દવાનો ઉપયોગ ઈબોલાની સારવાર માટે કરવામાં આવતો હતો અને તેનું માર્કેટિંગ એવિગન નામે કરવામાં આવે છે. જપાનના વડા પ્રધાન શિન્ઝો એબે એવિગન દવાના સૌથી મોટા પ્રચારક છે. તેમણે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ફોન કરીને આ દવા વાપરવાની સલાહ આપી હતી. પત્રકાર પરિષદમાં પણ તેઓ છૂટથી એવિગનનો પ્રચાર કરે છે. જપાનમાં આ દવાનો સ્ટોક ઊભો કરવા તેમણે ૧૩ કરોડ ડોલરની ફાળવણી કરી છે. જપાનના વડા પ્રધાન જોકે એક વાત જણાવતા નથી કે પશુઓમાં ઈબોલા જેવા રોગોની સારવારમાં ઉપયોગી જણાયેલી આ દવા મનુષ્યોમાં કોવિદ-૧૯ની સારવાર માટે ફાયદાકારક છે તેવા કોઈ નિર્ણાયક વૈજ્ઞાનિક પુરાવાઓ મળતા નથી.

જપાનમાં ઘણા લાંબા સમયથી એવિગન દવાનો ઉપયોગ થઈ રહ્યો છે. તે દરમિયાન જાણવા મળ્યું હતું કે જો ગર્ભવતી મહિલાઓ તે દવા લે તો બાળક ખોડખાંપણવાળું જન્મે તેવી સંભાવના વધી જાય છે. ૧૯૫૦ના અને ૧૯૬૦માં ગર્ભવતી

મહિલાઓમાં સવારની માંદગીની સારવાર માટે થેલિડોમાઇડ નામની દવાનો છૂટથી ઉપયોગ થતો હતો. આ દવાને કારણે અમેરિકામાં હજારો બાળકો ખોડખાંપણવાળાં જન્મ્યાં તે પછી તેના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો હતો. જાણકારો કહે છે કે ગર્ભવતી મહિલાઓ માટે જેટલી હાનિકારક થેલિડોમાઇડ હતી તેટલી જ હાનિકારક ફેબીફ્લુ પણ હશે. જો ડોક્ટરો ભૂલેચૂકે પણ કોવિદ-૧૯નો ભોગ બનેલી કોઈ ગર્ભવતી મહિલાને ફેબીફ્લુ લખી આપશે તો તેનું બાળક જન્મથી જ ખોડખાંપણયુક્ત હશે.

જપાનમાં એવિગન દવાનું ઉત્પાદન ટોયામા કેમિકલ કંપની કરે છે, જે જગવિખ્યાત ફુજીફિલ્મ કંપનીની પેટાકંપની છે. જપાનના વડા પ્રધાન શિન્ઝો એબે ફુજીફિલ્મના ચીફ એક્ઝિક્યુટિવ શિગેટાકા કોમારીની સાથે ઘનિષ્ઠ મિત્રતા ધરાવે છે. તેઓ ઘણી વખત સાથે ગોલ્ફ રમતાં પણ નજરે પડે છે. તેને કારણે તેઓ એવિગનનો ધૂમ પ્રચાર કરી રહ્યા છે. જપાનના નિષ્ણાત મસાયા યામાટો કહે છે કે આ દવાથી કોવિદ-૧૯ના દર્દીઓ સાજા થયા હોય તેવા કોઈ નિર્ણાયક પુરાવા નથી. તેની જે ક્લિનિકલ ટ્રાયલ કરવામાં આવી તે પણ નિયત વિધિ મુજબ કરવામાં આવી નહોતી. તેમાં દર્દીના જૂથને પ્લેસિબો આપીને સરખામણી કરવામાં આવી નહોતી. પ્લેસિબોમાં કોઈ જાતની દવા નથી હોતી પણ દવા લેવાના ભ્રમમાં દર્દીઓ સાજા થઈ જતા હોય છે.

ભારતમાં ફેબીફ્લુની જેમ કોવિફોર અને સીપ્રેમી નામની એલોપેથિક દવાઓને પણ કોવિદ-૧૯ની સારવાર માટે મંજૂરી આપવામાં આવી છે. આ બંને દવાઓ પણ ઇબોલાની સારવાર માટે વપરાતી રેમડેસિવીર નામની જિનેરિક દવાની આવૃત્તિઓ છે. કોવિફોર દવાનું ઉત્પાદન સિપ્લા કંપની કરે છે, જ્યારે સીપ્રેમી નામની દવાનું ઉત્પાદન હેટેરો નામની કંપની કરે છે. આ બંને દવાઓ ઇન્જેક્શનના રૂપમાં આપવામાં આવે છે. વાચકોને યાદ હશે કે ભારતની વિવિધ હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા કોવિદ-૧૯ના દર્દીઓ ઉપર વિવિધ દવાઓના પ્રયોગો કરવાની સરકાર દ્વારા છૂટ આપવામાં આવી હતી. રેમડેસિવીર દવાનો પ્રયોગ કોવિદ-૧૯ના દર્દીઓ ઉપર કરવામાં આવ્યો ત્યારે જણાયું હતું કે તેમનો સાજા થવાનો સમય ૧૫ દિવસથી ઘટીને ૧૧ દિવસ થઈ ગયો હતો.

> **જપાનમાં લાંબા સમયથી એવિગન દવાનો ઉપયોગ થઈ રહ્યો છે. તે દરમિયાન જાણવા મળ્યું હતું કે જો ગર્ભવતી મહિલાઓ તે દવા લે તો બાળક ખોડખાંપણવાળું જન્મે તેવી સંભાવના વધી જાય છે.**

સામાન્ય રીતે કોઈ પણ નવી દવાની ક્લિનિકલ ટ્રાયલ કરવામાં આવે છે ત્યારે દર્દીઓના બે જૂથો પર પ્રયોગો કરવામાં આવે છે. એક જૂથને પ્રયોગ હેઠળની દવા આપવામાં આવે છે અને તેની સરકારકતા તપાસવામાં આવે છે. બીજા જૂથને કોઈ દવા આપવામાં આવતી નથી; અથવા પ્લેસિબો નામની નકલી દવા આપવામાં આવે છે, જેમાં હકીકતમાં કોઈ દવા જ હોતી નથી. નિયત સમય પછી બંને જૂથના દર્દીઓની તપાસ કરવામાં આવે છે. જો પહેલા જૂથના દર્દીઓમાં બીજા જૂથના દર્દીઓની સરખામણીમાં સાજા થવાનો દર વધારે હોય તો જ દવા સફળ ગણાય છે. ભારતમાં રેમડેસિવીર દવાની ક્લિનિકલ ટ્રાયલ દરમિયાન આવી કોઈ વિધિ કરવામાં આવી નહોતી. દર્દીઓના જૂથને દવા આપવામાં આવી હતી અને તેમનો સાજા થવાનો દર તપાસવામાં આવ્યો હતો. જો બીજા જૂથને દવા આપ્યા વિના નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યું હોત તો તેનું સાચું પરિણામ જાણવા મળત. જો ઘણા દર્દીઓ દવા લીધા વગર પણ સાજા થઈ ગયા હોય તો દવા સફળ કેવી રીતે કહેવાય?

ભારતમાં કોવિદ-૧૯ ફેલાઈ ગયો ત્યારથી કહેવાતું હતું કે આયુર્વેદમાં તેની સારવાર કરવાની શક્તિ છે. ગુજરાતમાં ઘણા કોવિદ-૧૯ના દર્દીઓને આયુર્વેદિક સારવાર આપવામાં આવી હતી અને તેઓ સાજા થયા હતા; પણ તેનો કોઈ વૈજ્ઞાનિક રેકોર્ડ રાખવામાં આવ્યો નહોતો. આ કામ બાબા રામદેવે કરી બતાડ્યું છે. પતંજલિ આયુર્વેદ દ્વારા કોરોનિલ નામની દવા કોવિદ-૧૯ની સારવાર માટે લોન્ચ કરવામાં આવી છે. રામદેવ બાબાના દાવા મુજબ ક્લિનિકલ ટ્રાયલ દરમિયાન તેનાથી ૧૦૦ ટકા દર્દીઓ સાજા થયા હતા. પતંજલિની દવા પ્રમાણમાં ઘણી સસ્તી છે. જો બજારમાં નિર્દોષ આયુર્વેદિક દવા મળતી હોય તો લોકો તેનો વિકલ્પ જ વધુ પસંદ કરી શકે છે.

# કોરોના વાયરસને કારણે થતાં મરણના પ્રમાણમાં કેમ ઉછાળો જોવા મળી રહ્યો છે?



આપણા દેશમાં કોરોનાને કારણે થતાં મરણના આંકડાઓ બાબતમાં કોઈ મોટી રમત ચાલી રહી છે. ગયા સોમવારે ૧૫ જૂને ભારતમાં કોરોના મરણનો આંકડો ૯,૯૧૧ હતો. લગભગ ત્રણ મહિનામાં આટલાં મરણ નોંધાયાં હોય તો દૈનિક સરેરાશ લગભગ ૧૧૦ જેવી હતી. મંગળવારે ૧૬ જૂનના ભારતમાં નવાં ૨,૦૦૩ મરણ નોંધાયાં, જેને કારણે આંકડો સીધો ૧૧,૯૧૪ પર પહોંચી ગયો. ૯૦ દિવસમાં જેટલાં મરણ નોંધાયાં હતાં તેના ૨૦ ટકા જેટલાં મરણ એક જ દિવસમાં નોંધાઈ ગયાં. સરકાર કહે છે કે ખાનગી હોસ્પિટલો દ્વારા કોરોનાને કારણે થયેલાં મરણના આંકડાઓ છૂપાવી રાખવામાં આવ્યા હતા, જેને ઉમેરતાં મરણના પ્રમાણમાં આટલો મોટો ઉછાળો આવ્યો હતો.

સરકાર કહે છે કે મુંબઈની અને દિલ્હીની ખાનગી હોસ્પિટલો દ્વારા કોરોના વડે થયેલાં મરણના આંકડાઓ છેક માર્ચ મહિનાથી છૂપાવવામાં આવ્યા હતા. મુંબઈમાં ૧,૩૨૮ મરણના આંકડાઓ છૂપાવવામાં આવ્યા હતા તો દિલ્હીમાં ૩૪૪ મરણના આંકડાઓ છૂપાવવામાં આવ્યા હતા. આ બંને શહેરોના મરણના આંકડાઓ ઉમેરવામાં આવતાં એક દિવસમાં થયેલાં નિયમિત ૩૩૧ મરણ ઉપરાંત ૧,૬૭૨ મરણ વધી ગયાં હતાં. તેને કારણે એક દિવસનો આંકડો ૨,૦૦૩ પર પહોંચી ગયો હતો. આ રીતે મરણના આંકડા વધારવામાં મોટી રમત રમાઈ રહી છે.

સરકારી હોસ્પિટલોમાં પહેલેથી કોરોના મરણના આંકડામાં બીજાં કારણે થતાં મરણના આંકડાઓ પણ ખોટી રીતે ઉમેરીને કોરોના મરણ વધુ બતાડવાની રમત ચાલી રહી છે. જો કોઈ કોરોના પોઝિટિવ વ્યક્તિ હાર્ટ એટેક, બ્રેઈન ટ્યુમર, ડાયાબિટિસ, બ્લડ પ્રેશર કે કિડનીના રોગથી મરી જાય તો પણ તેની ગણતરી કોરોના મરણમાં કરવામાં આવે છે. સરકારના કહેવા મુજબ જ આ રીતે કો-મોર્બિડિટીથી થતાં મરણનું પ્રમાણ કુલ કોરોના મરણના ૮૦ ટકા જેટલું છે.

મુંબઈ અને દિલ્હીની ખાનગી હોસ્પિટલો પહેલેથી માત્ર કોરોનાને કારણે થતાં મરણના આંકડાઓ જ સરકારને આપતી હતી, પણ કોઈ કોરોના પોઝિટિવ વ્યક્તિ હાર્ટ એટેક કે કિડનીના રોગથી મરી જાય તો તેના આંકડા સરકારને આપતી નહોતી. તેમાં કાંઈ જ ખોટું નહોતું; પણ સરકારની નીતિ યેનકેનપ્રકારેણ કોરોના મરણના આંકડા વધુ બતાડી લોકોમાં ગભરાટ ફેલાવવાની હતી. તેને કારણે સરકાર અન્ય કારણે થતાં મરણને પણ કોરોનાને કારણે થતાં મરણમાં ખપાવી દેતી આવી છે. મુંબઈ અને દિલ્હીની ખાનગી હોસ્પિટલો સાચી રીતે અન્ય કારણોથી થતાં મરણનું રિપોર્ટિંગ કરતી નહોતી. હવે તેમને પણ આ રમતમાં સામેલ કરવામાં આવી છે.

હકીકતમાં ભારતમાં કોરોનાને કારણે જે ૫૦ હજાર જેટલાં મરણ થયાં હોવાનું કહેવાય છે, તે પૈકી ૪૦ હજાર જેટલાં મરણ તો બીજા ગંભીર રોગોને કારણે થયાં હોવાનું મનાય છે. સુરતમાં તો એક કોરોના પોઝિટિવ મહિલાએ આપઘાત કરીને જિંદગીનો અંત આણ્યો તે મરણને પણ કોરોના મરણમાં ખપાવી દેવામાં આવ્યું હતું. વલસાડનો એક યુવક સુરતની સિવિલ

હોસ્પિટલમાં ચાર મહિનાથી બ્રેઈન ટ્યૂમરની સારવાર લઈ રહ્યો હતો. તેનું મરણ થયું તે પછી તેનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો. તે ટેસ્ટ પોઝિટિવ આવતાં તેનું મરણ કોરોનાને કારણે થયું હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. જે બે હજાર જેટલાં મરણ કોરોનાને કારણે થયાં હોવાનું કહેવાય છે તેમાં પણ કેટલાંક મરણ વેન્ટિલેટરને કારણે કે દવાની ટ્રાયલોને કારણે થયા હોવાની સંભાવના છે. જો આ બધાં મરણ કાઢી નાખવામાં આવે તો કોરોનાને કારણે થતાં મરણનો આંકડો નીચો આવી જાશે.

સરકારની નીતિ કોરોનાના કેસોના અને મરણના આંકડાઓ વધારીને લોકોને ભયભીત રાખવાની છે. આ ભય પેદા કરવા દ્વારા સરકાર શું હાંસલ કરવા માગે છે? તે સમજાતું નથી. સરકાર દ્વારા જેટલું વધારે ટેસ્ટિંગ કરવામાં આવે તેમ કોરોનાના કેસો વધે છે. ગુજરાત જેવાં રાજ્યમાં સરકાર કોરોનાના કેસો ઘટાડવા માગતી હોવાથી ટેસ્ટિંગનું પ્રમાણ ઘટાડી દેવામાં આવ્યું છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં કોઈ દર્દીના સગાઓ કોરોના ટેસ્ટ કરાવવા જાય તો તેને પાછા કાઢવામાં આવે છે. ખાનગી લેબોરેટરીઓ પણ ઝટ ટેસ્ટિંગ કરવા તૈયાર થતી નથી. તેથી વિરુદ્ધ સરકાર દિલ્હીમાં કોરોનાના કેસો વધારે દેખાડવા માગતી હોવાથી ટેસ્ટિંગનું પ્રમાણ વધારી દેવામાં આવ્યું છે. તા. ૧૫ જૂન સુધીમાં ભારતમાં આશરે ૫૦ લાખ કોરોના ટેસ્ટ કરવામાં આવી હતી. તેમાં આશરે ૩.૪૦ લાખ પોઝિટિવ જણાયા હતા. ટેસ્ટિંગ વધે તેમ કોરોના પોઝિટિવની સંખ્યા પણ વધે છે.


ભારતમાં કોરોના વાયરસને કારણે થતાં મરણની સંખ્યા વધારવા માટે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) દ્વારા ગઈ તા. ૧૧મેના રોજ નવી ગાઈડલાઈન બહાર પાડીને મોટી રમત કરવામાં આવી હતી. તા. ૧૧મે સુધી જે દર્દીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ હોય તે મરણ પામે તો જ તેને કોરોના મરણમાં ગણવામાં આવતું હતું. આ રીતે ગણતરી કરતાં તા. ૧૦મે સુધીમાં મરણનો આંકડો ૨,૨૦૬ પર પહોંચ્યો હતો. ત્યારે દેશમાં કોરોના તેમ જ કો-મોર્બિડિટીને કારણે રોજનાં આશરે ૧૦૦ મરણ નોંધાતાં હતાં. જે દેશમાં રોજના આશરે ૨૮,૦૦૦ લોકો વિવિધ રોગોથી મરતાં હોય ત્યારે કોરોનાને કારણે સો જેટલાં મરણ થાય તો લોકો બહુ ભયભીત થતા નહોતા. તા. ૧૧મેના રોજ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે નવી ગાઈડલાઈન બહાર પાડી કે કોઈ દર્દીમાં કોરોનાના લક્ષણો હોય પણ તે ટેસ્ટમાં નેગેટિવ આવે અને તેનું મરણ થાય તો પણ તેની નોંધ કોરોનાને કારણે થનારાં મરણ તરીકે કરવી. હવે કોરોનાના લક્ષણો અને ન્યુમોનિયાના લક્ષણો લગભગ સમાન હોય છે. કોરોનામાં તાવ આવે છે તેમ ન્યુમોનિયામાં પણ તાવ આવે છે. કોરોનામાં શ્વાસ લેવામાં તકલીફ થાય છે તેમ ન્યુનોનિયામાં પણ તકલીફ થાય છે. નવી ગાઈડલાઈનને કારણે ન્યુમોનિયાને કારણે થતાં તમામ મરણ કોરોનાને કારણે થતાં મરણમાં ખપી જવા લાગ્યાં. અગાઉ કોરોનાને કારણે રોજના આશરે સો દર્દીઓ મરતા હતા તે હવે ત્રણસો થઈ ગયા.

**ભારતમાં કોરોના વાયરસને કારણે થતાં મરણોની સંખ્યા વધારવા માટે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા ગઈ ૧૧મેના રોજ ગાઈડલાઈન બહાર પાડીને મોટી રમત કરવામાં આવી હતી.**

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચની તા. ૧૧મેની ગાઈડલાઈન કહે છે કે જો કોઈ દર્દી કોરોના પોઝિટિવ હોય અને તેનું મરણ ન્યુમોનિયા, હૃદયરોગ કે લોહીના ગંઠાઈ જવાથી થાય તો પણ તેની નોંધ કોરોના દ્વારા થતાં મરણમાં કરવી. તેમાં માની જ લેવામાં આવે છે કે કોરોનાને કારણે ન્યુમોનિયા, હૃદયરોગ, લોહીનું ગંઠાઈ જવું વગેરે રોગો થાય છે. હવે ભારતમાં કુલ જેટલાં મરણ થાય છે તેનાં ૨૪ ટકા હાર્ટ એટેકથી થાય છે; કારણ કે મરણ થતાં પહેલાં હૃદય બંધ પડી જ જતું હોય છે. જો તબીબો સાબિત ન કરી શકતા હોય કે કોરોના વાયરસને કારણે હૃદય બંધ થઈ ગયું છે; તો હૃદય બંધ થઈ જવાને કારણે થનારાં મરણને કોરોના મરણમાં કેમ ખપાવી દેવાય? સરકારને તબીબો પણ તેવા સવાલો પૂછતા નથી. ખાનગી લેબોરેટરીઓમાં અને ખાનગી હોસ્પિટલોમાં તો કોઈ પણ દર્દીને કોરોના પોઝિટિવ જાહેર કરીને ખર્ચના ખાડામાં ઊતારવાનું કૌભાંડ ચાલી રહ્યું છે. આપણા લોકો પણ સમજતા નથી કે જે રોગના દોઢ લાખથી વધુ દર્દીઓ કોઈ પણ જાતની દવા કે રસી શોધાયા વિના પણ સાજા થઈ ગયા છે તેના જૂઠા પ્રચારથી ડરીને ઘરમાં ભરાઈ રહેવાની શું જરૂર છે?

# કોરોના વાયરસની રસી પણ મૃગજળ જેવી ભ્રામક પુરવાર થશે?

જગતમાં કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે તેમ તેની રસીની પ્રતીક્ષા પણ વધુ ઉગ્ર બની રહી છે. કોરોના વાયરસ સામાન્ય ફ્લુના વાયરસ જેટલો જ ઘાતક છે, પણ મીડિયા દ્વારા તેનો જે હાઉ ઊભો કરવામાં આવ્યો છે તેને કારણે લોકો ઘરમાંથી બહાર નીકળતાં પણ ડરે છે. રાજકારણીઓ કોરોના વાયરસની રસીની પ્રતીક્ષા કરી રહ્યા છે, કારણ કે તેઓ લોકડાઉન ખોલીને અર્થતંત્રને ફરી પાટે ચડાવવા માગે છે. દવાઓ બનાવતી કંપનીઓ કાગડોળે રસીની પ્રતીક્ષા કરી રહી છે, કારણ કે તેમને તેમાં નફો રળવાની અભૂતપૂર્વ તક દેખાય છે. આ કારણે દુનિયાની ૧૩૦ જેટલી કંપનીઓ કોવિદ-૧૯ની રસી બનાવવાની હોડમાં ઊતરી છે. અમેરિકાની મોડેર્ના કંપનીએ તો સરકારની મંજૂરીની રાહ પણ જોયા વિના રસીના ૨૦૦ કરોડ ડોઝ તૈયાર કરી લીધા છે. અમેરિકાની સરકારે તેને એક અબજ ડોલરનું ભંડોળ આપ્યું હોવાથી તેને સરકારી પરવાનગી મળી જવાનો વિશ્વાસ છે.




કોવિદ-૧૯ની રસી બજારમાં લાવવા રાજકારણીઓ અને દવા કંપનીઓ ગમે તેટલી આતુર હોય તો પણ વિજ્ઞાનીઓ આ રસી બાબતમાં જરાય આશાવાદી નથી. કેટલાક વિજ્ઞાનીઓ કહે છે કે કોરોના વાયરસ આરએનએ પ્રકારનો વાયરસ હોવાથી કદી તેની રસી બની શકશે જ નહીં. નિષ્ણાતો કહે છે કે એચઆઈવી પણ કોરોના જેવો આરએનએ વાયરસ હોવાથી આજ દિન સુધી તેની રસી બની શકી નથી. ઓક્સફર્ડ યુનિવર્સિટીએ બીજા તબક્કાની ટ્રાયલ માટે આશરે દસ હજાર સ્વયંસેવકોની ભરતી કરી છે. તો પણ ઇંગ્લેન્ડના ડેપ્યુટી ચીફ મેડિકલ ઓફિસર જોનાથન વાન-ટેમ કહે છે કે કદાચ આપણે ક્યારેય કોરોનાની રસી શોધી નહીં શકીએ. થોડા સમય પહેલાં બ્રિટનના વડા પ્રધાન બોરિસ જોનસને પણ આ જ મતલબનું નિવેદન કર્યું હતું. જાણકારો કહે છે કે ડેન્ગ્યુનો વાયરસ ૧૯૪૩માં શોધી કઢાયો હતો, પણ તેની રસી હજુ ગયાં વર્ષે જ તૈયાર થઈ શકી હતી.

કોરોના વાયરસ એક નહીં પણ અનેક પ્રકારના હોય છે. વર્તમાનમાં જેનો ભય પેદા થયો છે તે કોરોના વાયરસ સાર્સ-સીવી-૨ પણ આ પરિવારનો સદસ્ય છે. અગાઉ જ્યારે સાર્સ અને મેર્સનો ઉપદ્રવ થયો ત્યારે પણ તેની રસી બનાવવાના અનેક પ્રયત્નો કરવામાં આવ્યા હતા, પણ તેમાં સફળતા મળી નહોતી. આજની તારીખમાં પણ સાર્સની રસી પ્રાપ્ય નથી. કોરોના વાયરસની રસી બનાવવામાં સૌથી મોટી મુશ્કેલી એ છે કે તે ઝડપથી પોતાનું સ્વરૂપ બદલે છે. વિજ્ઞાનીઓ દ્વારા અબજો ડોલરનો ખર્ચો કરીને એક વાયરસ સામે લડવાની રસી બનાવવામાં આવે છે. તે રસી કેટલાક તંદુરસ્ત લોકોને આપવામાં આવે છે. તેમને થોડો સમય વાયરસ સામે સંરક્ષણ મળે છે. ટૂંક સમય પછી બહુરૂપી જેવો વાયરસ પોતાનું સ્વરૂપ બદલીને પાછો આવે છે અને ચેપ લગાડે છે. કોરોના વાયરસ સામેની રસી કોઈ પણ વ્યક્તિને એક વર્ષથી વધુ સંરક્ષણ આપી શકતી નથી.

થોડા સમય પહેલા માનવામાં આવતું હતું કે જે વ્યક્તિને એક વાર કોવિદ-૧૯ લાગુ પડે અને તે સાજો થઈ જાય તો તેને આખી જિંદગી કોવિદ-૧૯ થવાની સંભાવના નથી, કારણ કે તેના શરીરમાં કોરોના

વાયરસ સામે લડવા માટેના એન્ટીબોડી પેદા થઈ ગયા છે. હવે વિજ્ઞાનીઓ કહે છે કે તેવું પણ માની લેવાની જરૂર નથી. કોવિદ-૧૯નો ભોગ બનેલા દર્દીના શરીરમાં જે એન્ટીબોડી પેદા થાય છે તે પહેલાં વર્ષે બહુ શક્તિશાળી હોય છે, પણ બીજાં વર્ષે તેની શક્તિ ઘટી જાય છે. દરમિયાનમાં કોરોના વાયરસનું સ્વરૂપ પણ બદલાઈ ગયું હોય છે. આ કારણે બીજાં વર્ષે બદલાયેલો કોરોના વાયરસ જો તેના શરીરમાં દાખલ થવાનો પ્રયાસ કરે તો તેનું શરીર તેને અટકાવી શકતું નથી.

કેટલાક દેશોની સરકારો દ્વારા કોવિદ-૧૯ના સાજા થયેલા દર્દીઓને કોઈ જાતનો ઈમ્યુનિટી પાસપોર્ટ આપવાની વિચારણા ચાલી રહી હતી, જેથી ભવિષ્યમાં તેમને રસી લેવાની જરૂર રહે નહીં. આ પાસપોર્ટનો ઉપયોગ કરીને તેઓ કોઈ પણ જાતના ટેસ્ટિંગ વિના વિદેશ પ્રવાસ ખેડી શકે તેવી પણ સરકારોની ગણતરી હતી. તેની સામે ચેતવણી આપતાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને નિવેદન બહાર પાડ્યું હતું કે ''જેઓ એક વખત કોવિદ-૧૯નો ભોગ બનીને સાજા થયા છે તેઓ ફરી વખત ચેપનો ભોગ નહીં બને તેની કોઈ ગેરન્ટી નથી.'' જો જીવંત વાયરસ સામેની સફળ લડાઈ પણ તેની સામે જિંદગીભર સંરક્ષણ ન આપી શકતી હોય તો નબળા પાડી દીધેલા વાયરસ દ્વારા પેદા કરવામાં આવેલી ઈમ્યુનિટી કેવી રીતે સંરક્ષણ આપી શકે? તેનો અર્થ એવો થાય કે જે રીતે વાયરસ દર વર્ષે પોતાનું સ્વરૂપ બદલતો જાય તેમ દર વર્ષે તેના માટે નવી રસી લીધા કરવી પડશે.

વર્તમાનમાં કોવિદ-૧૯ની રસીના જે પ્રયોગો ચાલી રહ્યા છે તેમાં આઠ જુદી જુદી જાતની ટેકનિકોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કોઈમાં નબળા વાયરસને શરીરમાં દાખલ કરવામાં આવી રહ્યો છે તો કોઈમાં કોરોના વાયરસના જિનેટિક કોડનું આરોપણ બીજા કોષમાં કરીને સ્પાઈક પ્રોટિન પેદા કરાઈ રહ્યું છે, જે કોરોના સામે લડવાના એન્ટીબોડી તૈયાર કરશે. આદર્શ વેક્સિન શરીરમાં 'ટી' સેલ્સ પેદા કરે છે, જે ચેપ લાગેલા કોષોનો નાશ કરે છે. અત્યારે તો દરેક રસી અલગ પ્રકારે તૈયાર થઈ રહી છે. તે ક્યા પ્રકારની રોગપ્રતિકારક શક્તિ પેદા કરશે તેની કોઈને ખબર નથી. આ બધા પ્રયગો અંધારામાં તીર મારવા સમાન છે, જેનાં પરિણામની કોઈ કલ્પના નથી.

**જો જીવંત વાયરસ સામેની સફળ લડાઈ પણ તેની સામે જિંદગીભર સંરક્ષણ ન આપી શકતી હોય તો નબળા પાડી દીધેલા વાયરસ દ્વારા પેદા કરવામાં આવેલી ઈમ્યુનિટી કેવી રીતે સંરક્ષણ આપી શકે?**

ઈંગ્લેન્ડમાં ઓક્સફર્ડ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓ દ્વારા જે રસી તૈયાર થઈ રહી છે તેના વાંદરાઓ ઉપર પ્રયોગો કરવામાં આવ્યા ત્યારે તેઓ કોરોના વાયરસનો ભોગ બનતા અટક્યા નહોતા, પણ તેઓ ફ્લુના લક્ષણોથી બચી ગયા હતા. હવે વિજ્ઞાનીઓ કહે છે કે કોવિદ-૧૯ની રસી વાયરસના ફેલાવાને અટકાવી નહીં શકે, પણ રોગના લક્ષણો સામે રક્ષણ આપી શકશે. આ વિધાન ભયંકર છે. નિષ્ણાતો આપણને એમ કહી રહ્યા છે કે તમે કોવિદ-૧૯ની રસી લેશો તો પણ તમે કોરોના વાયરસનો ભોગ બનશો, પણ તમારા શરીરમાં તેના કોઈ લક્ષણો દેખાશે નહીં. તો દુનિયાની આ પહેલી રસી હશે જે વાયરસ સામે નહીં પણ તેનાં લક્ષણો સામે સંરક્ષણ આપશે. બીજા શબ્દોમાં વિજ્ઞાનીઓ દ્વારા સ્વીકારી લેવામાં આવ્યું છે કે તેઓ વાયરસ સામે સંરક્ષણ આપે તેવી રસી તૈયાર કરી શકે તેમ નથી. શરીરમાં વાયરસ હોય પણ રોગનાં લક્ષણો ન હોય તે કેવી રીતે બને?

જો એક દેશના તમામ નાગરિકોને કોરોના વાયરસની રસી આપવામાં આવે પણ બીજા દેશના નાગરિકોને ન આપવામાં આવે તો પણ મુસીબત ઊભી થઈ શકે છે. કદાચ એક દેશમાં રસી લેવાને કારણે કોરોના વાયરસનો નાશ થઈ જાય છે, પણ બીજા દેશમાં તે જીવતો રહી જાય છે. થોડા સમયમાં તે પોતાનું સ્વરૂપ બદલીને રસી લેનારા દેશમાં પહોંચી જાય છે અને તેમના નાગરિકોને પણ ચેપ લગાડે છે. નિષ્ણાતો કહે છે કે તેનો ઉપાય વિશ્વના તમામ નાગરિકોને એક સાથે રસી આપવાનો છે. તે માટે રસીના ૭૦૦ કરોડ ડોઝ તૈયાર કરવા પડે અને વિશ્વની સરકારોની સહાય લઈને તમામ નાગરિકોને ફરજિયાત રસી આપવી પડે. જો કોઈ દેશ અથવા તેની પ્રજાનો કોઈ ભાગ રસી લેવાનો વિરોધ કરે તો પણ આ યોજના પડી ભાંગે. કેટલાક નિષ્ણાતો કહે છે કે મૃગજળ જેવી રસી પાછળ અબજો ડોલર બગાડવાને બદલે પ્રજાની ઈમ્યુનિટી વધારવાના પ્રયાસો જ કરવા જોઈએ.

# જો કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થયું હોય તો લોકડાઉનનો કોઈ જ મતલબ રહેતો નથી



**ભા**રત સરકાર કોરોના વાયરસ સામે કેવી રીતે લડવું? તે બાબતમાં પ્રારંભથી ખોટા નિર્ણયો કરી રહી છે અને પ્રજાને અંધારામાં રાખી રહી છે. તા. ૧૯ માર્ચના રોજ સરકારે જનતા કર્ફ્યુની જાહેરાત કરી ત્યારે લોકોને કહેવામાં આવ્યું હતું કે ૧૪ કલાકના કર્ફ્યુથી કોરોના વાયરસ ખતમ થઈ જશે; માટે લોકો તેમાં હોંશભેર જોડાયા હતા. ૨૨ માર્ચના જનતા કર્ફ્યુ વખતે લોકોને ખ્યાલ આવ્યો હતો કે તે હકીકતમાં કોઈ સ્વૈચ્છિક કર્ફ્યુ નહોતો પણ સરકાર દ્વારા ઠોકી બેસાડવામાં આવેલો પ્રિપ્લાન્ડ કર્ફ્યુ હતો, જેમાં પોલિસ તંત્ર લોકોને ઘરમાં કેદ રાખવા મેદાને આવી ગયું હતું.

તા. ૨૪ માર્ચના વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા માત્ર ચાર કલાકની નોટિસ આપીને ભારતમાં સખત લોકડાઉન કરવામાં આવ્યું ત્યારે તેમણે ટીવી પર આવીને કહ્યું હતું કે ''જેમ મહાભારતનું યુદ્ધ પાંડવો ૧૮ દિવસમાં જીતી ગયા હતા તેમ કોરોના સામેનું યુદ્ધ આપણે ૨૧ દિવસમાં જીતી જશું.'' જનતાને હતું કે ૨૧ દિવસ લોકડાઉનની પીડા વેઠીને આપણે છુટ્ટા થઈ જાશું. પરંતુ લોકડાઉન વારંવાર ક્ષુલ્લક કારણોસર લંબાવીને તા. ૩૦ જૂન સુધી લંબાવી દેવામાં આવ્યું છે. હવે સરકાર આપણને કહી રહી છે કે તમારે કોરોના સાથે જીવતાં શીખી લેવું પડશે. શું તેનો અર્થ એવો થાય છે કે આપણે લોકડાઉન સાથે જીવતાં શીખી લેવું પડશે? આજની તારીખમાં પણ સરકાર આપણને સ્પષ્ટ જણાવતી નથી કે તા. ૩૦મી જૂનના લોકડાઉન ખતમ થાય તે પછી તે શું કરવા માગે છે?

સરકાર દ્વારા પહેલી વખત લોકડાઉન જાહેર કરવામાં આવ્યું ત્યારે ભારતમાં કોરોનાના કેસો ૫૦૦ આસપાસ હતા. હવે તે ૨,૯૮,૨૮૩ પર પહોંચી ગયા છે. કોરોનાને કારણે કુલ ૮,૫૦૧ મરણ થયાં હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જો લોકડાઉન ચાલુ હોવા છતાં ભારતમાં આશરે ત્રણ લાખ જેટલા કેસો નોંધાયા હોય તો સરકારે સ્વીકારી લેવું જોઈએ કે લોકડાઉન નિષ્ફળ ગયું છે.

ભારતમાં કોરોના વાયરસનું કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું છે કે નહીં? તે બાબતમાં ભારત સરકાર અને તબીબી નિષ્ણાતો વચ્ચે ગંભીર મતભેદો બહાર આવ્યા છે. દેશના ૧૬ ટોચના તબીબો દ્વારા હેવાલ તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન ક્યારનું શરૂ થઈ ગયું છે; કારણ કે જેમનો કોઈ ટ્રાવેલ હિસ્ટરી નથી અને જેઓ કોઈ કોરોના સંક્રમિતના સીધા સંપર્કમાં નથી આવ્યા તેમના શરીરમાં પણ કોરોના વાયરસ પેસી ગયો છે. આ જૂથમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝના નિષ્ણાતો ઉપરાંત ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ સાયન્સીઝના નિષ્ણાતોનો પણ સમાવેશ થાય છે. તેમાંના બે નિષ્ણાતો એવા છે કે જેમનો સમાવેશ ભારત સરકારે કોવિદ-૧૯ના ટાસ્ક ફોર્સમાં કર્યો હતો. આ નિષ્ણાતો કહે છે કે લંડનની ઈમ્પિરિયલ કોલેજના જૂઠા મોડેલને આધારે ભારતમાં રાક્ષસી લોકડાઉન નાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તે માટે દેશના નિષ્ણાતોની સલાહ પણ લેવામાં આવી નહોતી. હવે ભારતમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું હોવાથી પુરવાર થયું છે કે લોકડાઉન કોરોના વાયરસનો ફેલાવો રોકવામાં નિષ્ફળ ગયું છે. હવે લોકડાઉન નિરર્થક બની ગયું છે.

ભારતમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન

શરૂ થયું છે કે નહીં? તે ચકાસવાનું કામ સરકાર દ્વારા ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચને સોંપવામાં આવ્યું હતું. તેમણે ભારતનાં ૨૧ રાજ્યોના ૮૩ જિલ્લાઓના ૨૬,૪૦૦ લોકોનું ટેસ્ટિંગ કરીને તારણ બહાર પાડ્યું છે કે ભારતના આશરે ૦.૭૩ ટકા લોકોના શરીરમાં કોરોના વાયરસ પ્રવેશી ચૂક્યો છે. જો આ ૦.૭૩ ટકાને ભારતની વસતિના આંકડા વડેગુણવામાં આવે તો કહી શકાય કે ભારતમાં લગભગ એક કરોડ લોકોના શરીરમાં કોરોના વાયરસ પ્રવેશી ચૂક્યો છે. સરકાર દ્વારા જે સત્તાવાર આંકડો બહાર પાડવામાં આવ્યો છે તે આશરે ત્રણ લાખ સંક્રમણનો છે. આ આંકડો તો ટેસ્ટિંગને આધારે બહાર પાડવામાં આવે છે. ભારતની વસતિના ૧૩૮ કરોડ પૈકી માત્ર ૪૦ લાખ લોકોનું જ ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. જો ભારતની ૪૦ લાખની વસતિનું ટેસ્ટિંગ કરતાં ત્રણ લાખ લોકો પોઝિટિવ જણાયાહોય તો ૧૩૮ કરોડની વસતિનું ટેસ્ટિંગ કરવામાં આવે ત્યારે તેમાંના ૧૦ કરોડ લોકો પોઝિટિવ આવી શકે છે. જો ભારતના એક કરોડ લોકો પોઝિટિવ હોય તો સરકાર સ્વીકારે કે ન સ્વીકારે, પણ કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું છે. તેનો અર્થ એવો થાય છે કે ભારતની જનતા હવે એકબીજાને ચેપ લગાડી રહી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની વિચિત્ર વ્યાખ્યાને કારણે સરકાર કોમ્યુનિટી ટ્રાન્સમિશન સ્વીકારતી નથી.

જો સરકાર ભારતમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું છે, તેવી હકીકત સ્વીકારી લે તો તેને ત્રણ મોટી મુસીબતો આવી શકે છે. પહેલી મુસીબત એ છે કે સરકાર દ્વારા કોમ્યુનિટી ટ્રાન્સમિશન અટકાવવા લોકડાઉનનો નિર્ણય લેવામાં આવ્યો હતો તે ભૂલભરેલો સાબિત થઈ જાય છે. સરકાર દ્વારા આ નિર્ણય ભારતના કોઈ જાણીતા નિષ્ણાતોની સલાહ લીધા વગર કેવળ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના દબાણ હેઠળ લેવામાં આવ્યો હતો તે હવે ફલિત થઈ ગયું છે. રાક્ષસી લોકડાઉનને કારણે ભારતના અર્થતંત્રને ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન ગયું હતું અને કરોડો લોકોને અસહ્ય યાતનાઓ સહન કરવી પડી હતી. આ નુકસાન અને યાતનાની જવાબદારી લોકડાઉનનો ખોટો નિર્ણય લેનારાની છે. તેમણે દેશને જે નુકસાન થયું છે તેને ભરપાઈ કરી આપવું જોઈએ.

> **કોમ્યુનિટી ટ્રાન્સમિશન સ્વીકારી લેવામાં આવતા સૌથી રાહતની હકીકત સાબિત થઈ જાય છે કે કોરોના વાયરસ કરોડો લોકોના શરીરમાં પેસી ગયો હોવા છતાં ખાસ કોઈ નુકસાન કરી શક્યો નથી.**

સરકાર જો સ્વીકારી લે કે કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું છે, તો તેણે તાત્કાલિક એક ક્ષણના વિલંબ વગર લોકડાઉન સંપૂર્ણપણે ઉઠાવી લેવું પડે, કારણ કે લોકડાઉનને કારણે કોરોના વાયરસ પર અંકુશ મેળવી શકાયો નથી પણ પારાવાર નુકસાન ચાલુ છે. જો કડકમાં કડક લોકડાઉન છતાં સંક્રમણનો આંકડો કરોડો પાર કરી ગયો હોય તો ઢીલા લોકડાઉનથી કોઈ ફાયદો થવાનો નથી. લોકડાઉન ઉઠાવી લેવા માટે ૩૦ જૂનની રાહ જોવાની પણ જરૂર નથી. લોકડાઉન હશે તો પણ ભારતના બીજા કરોડો લોકો સંક્રમિત થવાના છે; નહીં હોય તો પણ થવાના છે. બીજા શબ્દોમાં ભારતમાં હર્ડ ઇમ્યુનિટી શરૂ થઈ ગઈ છે. લોકો સંક્રમિત થઈ રહ્યા છે અને જાતે સાજા થઈ રહ્યા છે. હવે લોકડાઉન ઉપરાંત માસ્કની કે સોશિયલ ડિસ્ટન્સિંગની પણ કોઈ જરૂર નથી. હવે કોરોનાનો મુકાબલો કરવા માટે રસીની કે દવાની પણ રાહ જોવાની કોઈ આવશ્યકતા રહેતી નથી.

કોમ્યુનિટી ટ્રાન્સમિશન સ્વીકારી લેવામાં આવતા સૌથી મોટી રાહતની હકીકત સાબિત થઈ જાય છે કે કોરોના વાયરસ ભારતના કરોડો લોકોના શરીરમાં પેસી ગયો હોવા છતાં તે પ્રજાને ખાસ કોઈ નુકસાન કરી શક્યો નથી. ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના આંકડા મુજબ ભારતમાં આશરે એક કરોડ લોકો સંક્રમિત થયા હોય તો તેમાંના આશરે ૧૦,૦૦૦નાં જ મરણ થયાં છે. આ ગણતરીએ કોરોના વાયરસને કારણે મરણનો દર માત્ર ૦.૦૦૧ ટકા જેટલો જ છે. જે રોગનો મરણદર દર હજારે એક જેટલો હોય તેનો ડર રાખવા જેવો નથી. ભારતમાં સામાન્ય ફ્લુનો મરણદર પણ એટલો જ છે. જો સરકાર તેના સ્વાર્થને કારણે આ વાત ન સ્વીકારતી હોય તો પણ ભારતની પ્રજાએ તે વાત સ્વીકારીને કોરોના વાયરસના કાલ્પનિક ડરમાંથી બહાર આવી જવું જોઈએ.

# વિમાનમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જરૂરી ન હોય તો સ્કૂલોમાં તેનો આગ્રહ કેમ રખાય છે?



વિશ્વમાં જ્યારથી કોરોના વાયરસ ફેલાઈ ગયો છે ત્યારથી સરકારો દ્વારા આપણને સલાહ આપવામાં આવે છે કે કોરોના વાયરસ સામે લડવા માટે શક્ય હોય તો ઘરની બહાર નીકળવું નહીં. નીકળવું પડે તો માસ્ક પહેરીને જ નીકળવું અને જાહેર જગ્યા પર પરસ્પર ૬ ફૂટનું અંતર રાખવું, જેને સોશિયલ ડિસ્ટન્સિંગ કહેવામાં આવે છે. રેશનિંગની લાઇનમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવા દુકાનની બહાર કુંડાળાં કરવામાં આવે છે. સ્કૂલોમાં સોશિયલ ડિસ્ટન્સિંગ પાળવું શક્ય ન હોવાથી વેકેશન પૂરું થઈગયા છતાં પણ સ્કૂલો શરૂ કરવામાં આવી નથી. મંદિરોમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવા માટે ભક્તોને ભગવાનની પૂજા કરવા પર પણ પ્રતિબંધ ફરમાવાઈ રહ્યો છે. કેટલાક દુકાનદારો તેમની દુકાનની બહાર કે અંદર બે ગ્રાહકો વચ્ચે ૬ ફૂટનું અંતર જાળવવામાં નિષ્ફળ ગયા તો તેમની સામે ફોજદારી કેસો કરવામાં આવ્યા છે અને તેમની દુકાનો સીલ કરવામાં આવી છે. આ પરિસ્થિતિમાં ભારત સરકારની માલિકીની એર ઇન્ડિયા એરલાઇન્સ કહે કે તેની ફ્લાઇટમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવાવની જરૂર નથી તો કેવું લાગે? જો એર ઇન્ડિયા તેની બધી ફ્લાઇટમાં બે ઉતારુ વચ્ચે અંતર રાખવાને બદલે વચ્ચેની તમામ બેઠકો ભરી કાઢે તો તેની સામે ફોજદારી કેસ કરવો જોઈએ કે ન કરવો જોઈએ? એર ઇન્ડિયાની જેમ ભારતની અન્ય કોમર્શિયલ એરલાઇન્સ દ્વારા પણ વચ્ચેની સીટો ભરીને કમાણી કરવાનો રસ્તો શોધી કાઢવામાં આવ્યો છે. સરકાર પોતે ખોટું કરી રહી હોવાથી તે બીજી ખાનગી એરલાઇન્સો સામે પગલાં ભરવાની સ્થિતિમાં નથી. આ મામલો પહેલા હાઇ કોર્ટમાં અને હવે સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો છે. સુપ્રિમ કોર્ટમાં ભારત સરકારે સોગંદનામાં પર જણાવ્યું છે કે કોરોના વાયરસ સ્પર્શથી ફેલાતો ન હોવાથી વિમાનમાં વચ્ચેની બેઠક ભરવી જરૂરી નથી. જો સરકારની આ વાત માની લઈએ તો માનવું પડે કે જાહેર સ્થાનોમાં ૬ ફૂટનું અંતર રાખવું પણ જરૂરી નથી. આ નિયમનો અમલ કરીને સરકારે સ્કૂલો પણ ખોલી કાઢવી જોઈએ.

કોરોના વાયરસ ફાટી નીકળ્યો તે પછી ભારત સરકારના ડિરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિયેશન (ડીજીસીએ) દ્વારા તા. ૨૩ માર્ચના પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો કે જ્યારે પણ વિમાની સેવા શરૂ કરવામાં આવે ત્યારે ત્રણ પૈકી વચ્ચેની બેઠક ખાલી રાખવામાં આવે, જેથી વિમાનમાં મુસાફરી કરતા ઉતારુઓ કોરોના વાયરસના સંક્રમણથી બચી જાય. જ્યારે વિદેશમાં સલવાઈ ગયેલા ભારતીયોને વતન પરત લાવવા માટે વંદે ભારત ફ્લાઇટો શરૂ કરવામાં આવી ત્યારે એર ઇન્ડિયા દ્વારા વચ્ચેની તમામ બેઠકો પણ બુક કરી દેવામાં આવી હતી. અમેરિકાથી ભારત આવતી ફ્લાઇટના ઉતારુઓ દ્વારા કેબિન ક્રૂ સમક્ષ વિરોધ નોંધાવવામાં આવ્યો હતો, પણ તેને ગણકારવામાં આવ્યો નહોતો. એર ઇન્ડિયાએ તા. ૫ જૂન સુધીની તમામ ઇન્ટરનેશનલ ફ્લાઇટોમાં કોરોનાની ચિંતા કર્યા વિના કમાણી કરવા વચ્ચેની તમામ બેઠકો પણ બૂક કરી નાખી હતી.

એર ઇન્ડિયાની વંદે ભરત ફલાઇટ ચલાવતા પાઈલોટ દેવેન કાનાનીને સરકારનાં આ પગલાંથી આઘાત લાગ્યો ત્યારે તેમણે બોમ્બે હાઈ કોર્ટમાં તેની સામે જાહેર હિતની અરજી કરી હતી. હાઈ કોર્ટ તો વેકેશન પર હતી, પણ તેને પાઈલોટની અરજી ગંભીર પ્રકારની લાગતા તેણે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તે અરજી પર તાકીદની સુનાવણી હાથ ધરી હતી. બોમ્બે હાઈ કોર્ટના જસ્ટિસ આર.ડી. ધાનુકા અને જસ્ટિસ અભય આહુજાની બેન્ચ સમક્ષ સુનાવણી ચાલી હતી. પાઈલોટ દેવેન કાનાની વતી તેમના વકીલ અભિલાષ પાનિકરે દલીલ કરી હતી કે કોરોના મહામારીને લઈને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની જે ગાઈડલાઈન છે તેમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જરૂરી માનવામાં આવ્યું છે. આ ગાઈડલાઈન ભારત સરકારના આરોગ્ય ખાતાં દ્વારા પણ સ્વીકારવામાં આવી છે. તે મુજબ ડીજીસીએ દ્વારા તા. ૨૩ માર્ચના પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો, જે તમામ એર લાઈન્સ માટે બંધનકર્તા છે. આ દલીલો સાંભળીને બોમ્બે હાઈ કોર્ટ દ્વારા એર ઇન્ડિયાને આદેશ આપવામાં આવ્યો હતો કે તેણે વચ્ચેની બેઠકો ખાલી રાખવી પડશે.

બોમ્બે હાઈ કોર્ટના આદેશને સુપ્રિમ કોર્ટમાં પડકારતા એર ઇન્ડિયાના વકીલે દલીલ કરી હતી કે તેણે તા. ૫ જૂન સુધીની તમામ ફલાઇટોમાં વચ્ચેની બેઠકો બુક કરી દીધી છે, માટે તે કેન્સલ કરવાથી આર્થિક નુકસાન જશે અને અંધાધૂંધી પણ પેદા થશે. કોરોનાથી બચવા કરોડો લોકોને આર્થિક નુકસાન પહોંચાડનારી સરકારે સુપ્રિમ કોર્ટમાં આવી વિચિત્ર દલીલ કરી હતી. સુપ્રિમ કોર્ટે નારાજી સાથે તા. ૫ જૂન સુધી વિદેશની ફલાઇટોમાં ત્રીજી બેઠક બુક કરવાની છૂટ આપી હતી.

સુપ્રિમ કોર્ટે આટલી છૂટ આપીને બાકીનો કેસ પાછો બોમ્બે હાઈ કોર્ટને સોંપ્યો હતો. બોમ્બે હાઈ કોર્ટના અગાઉના વચગાળાના આદેશ મુજબ તા. ૬ જૂનથી તમામ નેશનલ તેમ જ ઇન્ટરનેશનલ ફલાઇટોમાં પણ વચ્ચેની બેઠકો ખાલી રાખવી જરૂરી હતી. પરંતુ કેન્દ્ર સરકારની અને એર ઇન્ડિયાની તે માટે બિલકુલ તૈયારી નહોતી. એર ઇન્ડિયાના વકીલ અભિનવ ચંદ્રચૂડે બોમ્બે હાઈ કોર્ટમાં વિચિત્ર દલીલ કરી હતી કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ગાઈડલાઈન મુજબ તો બે ઉતારુ વચ્ચે ૬ ફૂટનું અંતર રાખવું જોઈએ, જે વચ્ચેની બેઠક ખાલી રાખવાથી પૂરી થતી નથી. માટે વચ્ચેની બેઠક ખાલી રાખવાની કોઈ જરૂર નથી. અભિનવ ચંદ્રચૂડે તો ત્યાં સુધી દલીલ કરી કે એર ઇન્ડિયાને આર્થિક નુકસાન ન થાય તે માટે પણ વચ્ચેની બેઠક ભરવાની પરવાનગી આપવી જોઈએ.

> **જો એર ઇન્ડિયા તેની બધી ફલાઇટમાં બે ઉતારુ વચ્ચે અંતર રાખવાને બદલે વચ્ચેની તમામ બેઠકો ભરી કાઢે તો તેની સામે ફોજદારી કેસ કરવો જોઈએ કે ન કરવો જોઈએ?**

બોમ્બે હાઈ કોર્ટના વિદ્વાન જજોએ જણાવ્યું હતું કે આર્થિક નફા કરતાં મનુષ્યની જિંદગી વધુ કીમતી છે. વળી ડીજીસીએ દ્વારા તા. ૨૩ માર્ચના રોજ બહાર પાડવામાં આવેલી ગાઈડલાઈનમાં પણ વચ્ચેની બેઠક ખાલી રાખવાનો સ્પષ્ટ આદેશ છે, માટે તમામ એરલાઈન્સો દ્વારા તેનું પાલન કરવામાં આવે તે જરૂરી છે. આટલી ટિપ્પણ સાથે બોમ્બે હાઈ કોર્ટે વચ્ચેની બેઠકો ખાલી રાખવાનો આદેશ કરી દીધો. તરત જ એર ઇન્ડિયાના વકીલ દ્વારા હાઈ કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે ટૂંક સમયમાં ડીજીસીએ દ્વારા નવી ગાઈડલાઈન બહાર પાડવામાં આવનાર છે. ભારત સરકાર પણ એર ઇન્ડિયાના પક્ષમાં હોવાથી તા. ૨૧મે ના રોજ તેણે તાત્કાલિક નવો પરિપત્ર બહાર પાડ્યો હતો, જેમાં જણાવાયું હતું કે જો વિમાનમાં ઉતારુઓ માસ્ક વગેરે પહેરીને બેસતા હોય તો વચ્ચેની બેઠક ખાલી રાખવાની જરૂર નથી. એર ઇન્ડિયાના વકીલ દ્વારા આ પરિપત્ર હાઈ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. બોમ્બે હાઈ કોર્ટે આ પરિપત્રને માન્ય રાખીને ચુકાદો સરકારની તરફેણમાં આપ્યો હતો; પણ પાઈલોટને આ નવા પરિપત્રને નવા કેસ દ્વારા પડકારવાની મંજૂરી આપી હતી. આ ચુકાદાને કારણે હવે તમામ એર લાઈન્સોને સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવામાંથી છૂટ મળી ગઈ છે.

આ કેસનું તારણ એવું કાઢી શકાય કે સરકાર દ્વારા આપણા જાન બચાવવા માટે જે આર્થિક નુકસાન વેઠવામાં આવ્યું તે બિનજરૂરી હતું; કારણ સરકાર પોતે માને છે કે જાહેર જનતાના આરોગ્ય કરતાં એર ઇન્ડિયાનો નફો વધુ મહત્ત્વનો છે. વળી સરકારે સંદેશો આપ્યો છે કે કોરોના સામે લડવા માટે સોશિયલ ડિસ્ટન્સિંગ જરૂરી નથી; કારણ કે કોરોના સ્પર્શથી ફેલાતો નથી. સરકારની આ વાત આપણે માની લઈએ તો સવાલ રહે છે કે આપણા માટે જ કેમ સોશિયલ ડિસ્ટન્સિંગ ફરજિયાત છે?

# સરકારે બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન સાથેનો છેડો કેમ ફાડી કાઢ્યો હતો?



બિલ ગેટ્સને સોફ્ટવેર કરતાં વેક્સિનના ધંધામાં વધુ નફો દેખાયો માટે તેમણે ફાર્મા કંપનીઓમાં રોકાણ કરવાનું શરૂ કર્યું હતું. વેક્સિન તેમ જ દવાઓ બાબતમાં સંશોધન કરતી મલ્ટિનેશનલ ફાર્મા કંપનીઓને દાન આપવા તેમણે ૩૬ અબજ ડોલરના દાન સાથે બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી. તેઓ દવા કંપનીઓને એક હાથે દાન આપતા હતા; પણ બીજા હાથે તેમના નફામાં ભાગ પડાવતા હતા. બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા વેક્સિન બાબતના સંશોધન અને વેચાણને પ્રોત્સાહન આપવા અનેક સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી હતી, જેમાંની એક ગ્લોબલ એલાયન્સ ફોર વેક્સિન એન્ડ ઈમ્યુનાઈઝેશન (ગાવી) પણ હતી. આ સંસ્થા એક સમયે ભારત સરકારને દાન આપતી હતી, પણ તાજેતરમાં ભારત સરકાર વતી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેને કોરોનાની રસીનો પ્રચાર કરવા માટે ૧.૫ કરોડ ડોલરનું દાન જાહેર કરીને આશ્ચર્ય પેદા કર્યું છે. હકીકતમાં ઈ.સ.૨૦૧૭માં ભારતે વેક્સિન બાબતમાં બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન સાથેના સંબંધો તોડી નાખ્યા હતા, પણ કોરોનાની કટોકટીને કારણે આ સંબંધો ફરી જીવંત થયા છે. કોરોનાની રસીનો પ્રચાર કરવામાં બિલ ગેટ્સના ધંધાદારી હિતો છે.

વર્તમાનમાં વિશ્વમાં કોરોના વાયરસની રસી બનાવવાના જે સાત પ્રયોગો ચાલી રહ્યા છે તેમાં બિલ ગેટ્સની ભાગીદારી છે. અમેરિકાની મોડેર્ના કંપની દ્વારા માનવ ટ્રાયલ શરૂ કરવામાં આવી છે તેમાં બિલ ગેટ્સની ભાગીદારી છે. તેવી જ રીતે બ્રિટનની ઓક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા જે ટ્રાયલો ચાલી રહી છે તેમાં પણ બિલ ગેટ્સનો સ્વાર્થ છે. ઓક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા તૈયાર થઈ રહેલી રસીનું માર્કેટિંગ બ્રિટનની અસ્ટ્રાઝેનેકા નામની કંપની કરવાની છે. આ કંપની ભારતની સિરમ ઈન્સ્ટિટ્યૂટ સાથે ભાગીદારી કરવાની છે. આ કંપનીને બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા ૭૫ કરોડ ડોલરનું દાન જાહેર કરવામાં આવ્યું છે. આ કંપની રસીના બે અબજ ડોઝ બનાવવાની છે.

વિશ્વભરમાં કોરોના વાયરસ તેમ જ બીજા ચેપી રોગોની રસી બનાવવા માટે તાજેતરમાં બ્રિટન દ્વારા ઈન્ટરનેશનલ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું; જેમાં અન્ય દેશોના વડાઓની સાથે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ વીડિયો કોન્ફરન્સથી ભાગ લીધો હતો. આ સમિટમાં 'ગાવી'ને કુલ ૮.૮ અબજ ડોલરનું દાન જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં ભારતનો ફાળો માત્ર ૧.૫ કરોડ ડોલરનો જ હતો. 'ગાવી'ને અમેરિકા તરફથી ૩૦ કરોડ ડોઝનો અને બ્રિટન તરફથી ૧૦ કરોડ ડોઝનો ઓર્ડર આપવામાં આવ્યો છે. અમેરિકા દ્વારા 'ગાવી'ને એક અબજ ડોલરનું દાન જાહેર કરવામાં આવ્યું છે. 'ગાવી' હજુ બે અબજ ડોલરનું દાન મેળવવાની આશા રાખે છે.

બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશને તો ભારત સરકારમાં એટલી વગ મેળવી લીધી હતી કે સરકારના આરોગ્ય ખાતાંના કર્મચારીઓનો પગાર પણ બિલ ગેટ્સની સંસ્થા ચૂકવતી હતી. ભારત

સરકારના આરોગ્ય ખાતાં દ્વારા વેક્સિન બાબતમાં સરકારને સલાહ આપવા માટે નેશનલ ટેકનિકલ એડવાઈઝરી ગ્રુપ ઓન વેક્સિનેશનની રચના કરવામાં આવી હતી. બિલ ગેટ્સના ફાઉન્ડેશને વિશ્વભરમાં રસીનું માર્કેટિંગ કરવા માટે 'ગાવી' ઉપરાંત ઈમ્યુનાઈઝેશન ટેકનિકલ સપોર્ટ યુનિટ નામની સંસ્થાની સ્થાપના કરી હતી. આ સંસ્થાનું કાર્યાલય દિલ્હીમાં હતું. નવાઈની વાત એ હતી કે ભારત સરકારે વેક્સિન માટે જે ગ્રુપની રચના કરી હતી તેનો સ્ટાફ આ કાર્યાલયમાં બેસતો હતો અને તેનો પગાર પણ બિલ ગેટ્સની સંસ્થા જ ચૂકવતી હતી. બિલ ગેટ્સની સંસ્થા દ્વારા ભારતનાં બાળકોનું રસીકરણ કરવાની જેટલી પણ સૂચના આપવામાં આવતી હતી તેનો ભારત સરકારનું આરોગ્ય ખાતું આંખો મીંચીને અમલ કરતું હતું. ઈ.સ. ૨૦૧૭માં કેટલાક સજાગ નાગરિકો દ્વારા આ સિસ્ટમનો વિરોધ કરવામાં આવ્યો તેને પગલે આરોગ્ય ખાતાંએ બિલ ગેટ્સનું ફંડ લેવાનું બંધ કર્યું હતું.

બિલ ગેટ્સની એક સંસ્થા પાસેથી દાન લેવાનું બંધ કર્યા પછી પણ ભારત સરકારે તેમની બીજી સંસ્થા 'ગાવી' પાસેથી દાન લેવાનું ચાલુ જ રાખ્યું હતું. 'ગાવી' દ્વારા ભારત સરકારને સલાહ આપવામાં આવી હતી કે તેણે બાળકોને પોલિયો ઉપરાંત ફ્લુ અને ડાયેરિયાની વેક્સિન પણ આપવી જોઈએ. 'ગાવી'ની સલાહ મુજબ ભારતનાં કરોડો બાળકોને ઓરી-રૂબેલાની રસી આપવામાં આવી હતી. આ રસી લેવાને કારણે સંખ્યાબંધ બાળકોનાં મોત થયાં હતાં; પણ તેની કોઈ તપાસ કરવામાં આવી નહોતી. 'ગાવી' દ્વારા ભારતનાં બાળકોને રસી આપવા માટે ૨૦૧૬થી ૨૦૨૧ દરમિયાન ૫૦ કરોડ ડોલરનું દાન જાહેર કરવામાં આવ્યું છે; તેની સામે સરકાર તેને દોઢ કરોડ ડોલર આપવાની છે.

ભારતમાં ઈ.સ.૧૯૯૫થી જે પલ્સ પોલિયો અભિયાન ચાલી રહ્યું છે તે બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશનની પ્રેરણાથી જ ચાલુ કરવામાં આવ્યું હતું. તેમાં ૧૫ વર્ષની ઉંમર સુધીનાં બાળકોને ઓરલ પોલિયો વેક્સિન આપવામાં આવે છે. હકીકતમાં ઓરલ પોલિયો વેક્સિન લેનારાં બાળકોને પોલિયો થતો હોવાથી ઉત્તર અમેરિકા અને બ્રિટન જેવા વિકસિત દેશોમાં તેના પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો હતો. મલ્ટિનેશનલ કંપનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા રસીના કરોડો ડોઝ વેચાયા

> **'ગાવી' દ્વારા ભારતનાં બાળકોને રસી આપવા માટે ૨૦૧૬થી ૨૦૨૧ દરમિયાન ૫૦ કરોડ ડોલરનું દાન જાહેર કરવામાં આવ્યું છે; તેની સામે સરકાર તેને દોઢ કરોડ ડોલર આપવાની છે.**

વગરના રહી ગયા હોવાથી તેને ઠેકાણે પાડવા ભારતમાં પલ્સ પોલિયો પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો હતો. ઈ.સ.૨૦૧૦માં જાહેર કરવામાં આવ્યું હતું કે ભારત પોલિયોમુક્ત થઈ ગયું છે; તો પણ રસી બનાવતી મલ્ટિનેશનલ કંપનીઓને નફો કરાવવા પલ્સ પોલિયો અભિયાન આજની તારીખ સુધી ચાલુ રાખવામાં આવ્યું છે. ઈ.સ.૨૦૧૧માં બહાર આવ્યું હતું કે ભારતમાં પોલિયોની રસી લેવાને કારણે ૪૭,૫૦૦ બાળકો પક્ષઘાતનો ભોગ બન્યા હતા. આ રોગ પોલિયો જેવો જ હતો, પણ તેને નોન પોલિયો એક્યુટ ફ્લેસિડ પેરાલિસિસનું અટપટું નામ આપી દેવામાં આવ્યું હતું.

બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા રસીનો પ્રચાર કરવા માટે પ્રોગ્રામ ફોર એપ્રોપ્રિયેટ ટેકનોલોજી ઈન હેલ્થ (પાથ) નામની સંસ્થાને પણ માતબર ભંડોળ આપવામાં આવે છે. આ સંસ્થા દ્વારા ઈ.સ.૨૦૧૦માં તેલંગાણાના ખમમ જિલ્લાની ૧૬,૦૦૦ ગરીબ કન્યાઓ પર મર્ક કંપની દ્વારા ઉત્પાદિત ગાર્ડાસિલ નામની વેક્સિનના પ્રયોગો કરવામાં આવ્યા હતા. તેમાંની ઘણી કન્યાઓ બીમાર પડી ગઈ હતી અને પાંચ કન્યાઓ મરી ગઈ હતી. થોડા સમય પછી વડોદરા જિલ્લાની આશ્રમશાળાઓમાં ભણતી ૧૪,૦૦૦ ગરીબ કન્યાઓને ગ્લેક્સો સ્મિથ ક્લિન કંપની દ્વારા ઉત્પાદિત સર્વેરિક્સ નામની રસી આપવામાં આવી હતી. તેમાંની બે કન્યાઓ મરી ગઈ હતી.

આ ગરીબ કન્યાઓ પર રસીના પ્રયોગો કરવા માટે તેમના માતાપિતાની સંમતિ પણ લેવામાં આવી નહોતી. રસી માટે સંમતિના ફોર્મ પર હોસ્ટેલના વોર્ડનની સહી લેવામાં આવી હતી. કલ્પના મહેતા, નલિની ભાણોત અને ડો. રૂકમણિ રાવ નામની સમાજસેવિકાઓના ધ્યાનમાં આ કૌભાંડ આવ્યું ત્યારે તેમણે પાથ સંસ્થા સામે સુપ્રિમ કોર્ટમાં જાહેર હિતની અરજી કરી છે. આ કેસનો ચુકાદો હજુ આવ્યો નથી પણ ભારત સરકારે બિલ ગેટ્સની આરતી ઉતારવાનું શરૂ કર્યું છે. વર્તમાનમાં જે કોરોના વાયરસને કારણે જાગતિક કટોકટી પેદા થઈ છે તેમાં પોતાની કંપનીઓ દ્વારા વેક્સિન વેચીને બિલ ગેટ્સ અબજો ડોલરની કમાણી કરવાની ગણતરી રાખે છે.

# વિદ્યાર્થીઓના માથે ઓનલાઈન શિક્ષણ ઠોકી બેસાડવાથી કોઈને લાભ થવાનો નથી



લોકડાઉનને કારણે શિક્ષણ સંસ્થાઓ બંધ છે ત્યારે સ્કૂલો દ્વારા ઓનલાઈન શિક્ષણના વર્ગો ચાલુ કરવામાં આવ્યા છે. ઓનલાઈન શિક્ષણનો કોન્સેપ્ટ ભારત માટે નવો છે. ભારત હજુ તે માટે તૈયાર નથી. ભારતના ગરીબો પાસે સ્માર્ટ ફોન કે લેપટોપ નથી. ભારતનાં ગામડાંઓ સુધી હજુ ઈન્ટરનેટનું જોડાણ પહોંચ્યું નથી. તેમ છતાં સરકાર ઓનલાઈન વર્ગખંડ ચલાવવા દબાણ કરી રહી છે. સ્કૂલો પણ ''ન મામા કરતાં કાણો મામો સારો''ના ન્યાયે શિક્ષકોને ઓનલાઈન ક્લાસ ચલાવવા મજબૂર કરી રહી છે; પણ અનુભવે ખ્યાલ આવ્યો છે કે તેનાથી શિક્ષણનો ધ્વંસ થઈ શકે છે.

ભારતવર્ષમાં શિક્ષણના ક્ષેત્રમાં હજારો વર્ષોથી ગુરુ-શિષ્ય પરંપરા ચાલી આવે છે. ગુરુ પોતાના શિષ્યને માત્ર વિવિધ વિષયોનું જ્ઞાન જ નથી આપતા પણ જીવન જીવવાની તાલીમ પણ આપે છે. ગુરુનો જીવંત સંપર્ક વિદ્યાર્થીના ચારિત્રનિર્માણનું કારણ બનતો હોય છે. ઓનલાઈન વર્ગખંડના માધ્યમથી વિદ્યાર્થીના મગજ પર માહિતીનો મારો કરી શકાય; પણ તેને જ્ઞાન આપી શકાય નહીં.જો શિક્ષકોને ફરજિયાત ઓનલાઈન શિક્ષણ આપવાનું કહેવામાં આવશે તો તેઓ તેમ કરશે; પણ તેમના દ્વારા આપવામાં આવતું શિક્ષણ બાળકને યંત્રમાનવ બનાવવાનું કામ જ કરી શકશે.

શિક્ષણની પ્રક્રિયા વનવે ટ્રાફિક નથી પણ ટુવે ઈન્ટરએક્શન છે. સારો અને કુશળ શિક્ષક વર્ગખંડમાં માત્ર ભાષણ નથી આપતો પણ વિદ્યાર્થીઓની તમામ હરકતોનું બારીક નિરીક્ષણ પણ કરતો હોય છે. ચતુર શિક્ષકને સમજાઈ જતું હોય છે કે તે જે વિષયનું નિરૂપણ કરી રહ્યો છે તે વિષય વિદ્યાર્થીના દિમાગમાં બરાબર ઉતર્યો છે કે નહીં? જો શિક્ષકને લાગે કે વિદ્યાર્થી બરાબર સમજ્યો નથી તો તે પદાર્થનું પુનરાવર્તન કરે છે અને તેને સરળ બનાવીને વિદ્યાર્થીને સમજાવવાની કોશિષ કરે છે. ઓનલાઈન વર્ગખંડમાં શિક્ષકની સામે વિદ્યાર્થીઓ હોતા જ નથી. આ કારણે ક્યા વિદ્યાર્થીને ક્યો પદાર્થ સમજાયો કે ન સમજાયો? તે જાણ્યા વિના તેણે અંધારામાં જ તીર ચલાવવા પડે છે.

આજે જમાનો ઈ-કોમર્સનો છે. એમેઝોન કે ફ્લિપકાર્ટ જેવા પ્લેટફોર્મ પર ઘેર બેઠાં કોઈ પણ વસ્તુનો ઓર્ડર આપીને મગાવી શકાય છે. કેટલાક લોકો માને છે કે શિક્ષણ પણ એક કોમોડિટી છે. જો ઘેર બેઠાં મોબાઈલ કે લેપટોપ મગાવી શકાતા હોય તો ઈતિહાસ કે ભૂગોળ પણ કેમ ભણી ન શકાય? હકીકતમાં શિક્ષણ કોમોડિટી નથી, વિદ્યાર્થી ઉપભોક્તા નથી અને શિક્ષક વેપારી નથી. શિક્ષણ એક જીવંત પ્રક્રિયા છે. તે આપવા માટે વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે જીવંત સંપર્ક જરૂરી છે.

આપણી નવી શિક્ષણ નીતિમાં દેશભરમાં એકસરખા અભ્યાસક્રમની વાત કરવામાં આવી છે. હકીકતમાં ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશમાં એકસરખો અભ્યાસક્રમ હાનિકારક છે. ભારતના દરેક રાજ્યમાં અને ક્યારેક દરેક જિલ્લામાં અલગ સંસ્કૃતિ અને અલગ પરંપરાઓ જોવા મળે છે.દરેક પ્રદેશની ભૂગોળ અલગ છે અને તેનો ઈતિહાસ અલગ છે. તેમનો પહેરવેશ, આહાર, તહેવારો, રીતરિવાજો અને આબોહવા પણ અલગ છે. ભારતનાં શહેરો

અને ગામડાંઓનાં વાતાવરણ વચ્ચે પણ જમીન-આસમાન જેટલો ફરક જોવા મળે છે. આ સંયોગોમાં દેશભરમાં સમાન અભ્યાસક્રમ ભારતને માફક જ આવે તેમ નથી. ઓનલાઈન શિક્ષણ ઠોકી બેસાડવા પાછળનો મુખ્ય ઉદ્દેશ દેશભરમાં કોમન કરિક્યુલમનો અમલ કરવાનો છે. જો વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણથી ટેવાઈ જશે તો દિલ્હીમાં બેઠેલા અધિકારીઓ આખા ભારત માટે અભ્યાસક્રમ ઘડી કાઢશે. તેઓ ઓનલાઈન પાઠો તૈયાર કરશે અને ભારતભરના વિદ્યાર્થીઓને ભણાવી દેશે. પછી વર્ગખંડમાં શિક્ષકની જરૂર જ નહીં રહે. શિક્ષકનું કાર્ય વિદ્યાર્થીને શિસ્તમાં રાખવા પૂરતું મર્યાદિત હશે.

કોઈ પણ વિદ્યાર્થી જીવનમાં અને કારકિર્દીમાં ત્યારે જ સફળ થઈ શકે કે જ્યારે પાઠ્યક્રમ ઉપરાંત તેનામાં વિષયને સમજવાની સૂઝબૂઝ હોય, વિષયનું વિશ્લેષણ કરવાની આવડત હોય, સવાલો પૂછવા જેટલી જિજ્ઞાસા હોય, દલીલો કરવાની હિંમત હોય, ચર્ચા કરવાની તૈયારી હોય અને પોતાની વાત સામાને ગળે ઊતારતા પણ આવડતી હોય. આ બધી આવડત જડ મોબાઈલ કે લેપટોપ સામે બેસીને લેક્ચરો સાંભળવાથી નથી આવતી પણ શિક્ષકના સાન્નિધ્યમાં પ્રાપ્ત કરવામાં આવેલા જીવંત શિક્ષણ દ્વારા આવે છે. સારો શિક્ષક શિલ્પી બનીને ટાંકણાઓ મારીને વિદ્યાર્થીના વ્યક્તિત્વનું ઘડતર કરતો હોય છે. ઓનલાઈન વર્ગખંડમાં તો વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે કોઈ સંદેશવ્યવહારનો સેતુ જ હોતો નથી. શિક્ષક કાંઈક ભણાવતા હોય તે વિદ્યાર્થીને બમ્પર જાય તો તેનો કોઈ ઉપાય નથી. જો શિક્ષણની પદ્ધતિનું સત્યાનાશ કાઢવું હોય તો ઓનલાઈન તેનું શિક્ષણ સચોટ સાધન છે.

ભારતની ગરીબીને કારણે પણ હાલના સંયોગોમાં ઓનલાઈન શિક્ષણ સંભવિત નથી. આજની તારીખમાં ભારતના ૨૪ ટકા નાગરિકો પાસે જ સ્માર્ટ ફોન છે. માત્ર ૧૧ ટકા ઘરોમાં જ કોઈ જાતનું કોમ્પ્યુટર છે. જે ઘરોમાં સ્માર્ટ ફોન કે કોમ્પ્યુટર હોય છે તેમાં પણ ૨૪ કલાક વીજળી મળતી હોય તેવું જરૂરી નથી. વીજળી હોય તો બ્રોડબેન્ડ ઈન્ટરનેટ કનેક્શન નથી હોતું. ઘરમાં સ્માર્ટ ફોન, ઈન્ટરનેટ તેમ જ વીજળી હોય તો પણ તે બાળકોને આપવામાં જોખમ છે. બાળકો સ્માર્ટ ફોન પર ક્લાસરૂમમાં ભણે છે કે ગેમ રમે છે તેનો વાલીને ખ્યાલ નહીં આવે. ભારતના ઘણા પરિવારોમાં માતાપિતા બંને જોબ કરતા હોય છે. તેઓ બાળકને સ્કૂલે મૂકીને જતા હોય છે. જો તેઓ બાળકને ઘરે મૂકીને જાય અને તેના હાથમાં સ્માર્ટ ફોન આપતા જાય તો ઘણું ન બનવાનું બની શકે છે. જો બાળક સ્માર્ટ ફોનના ઉપયોગથી પોર્નોગ્રાફી જોતો થઈ જાય તો તેનું જીવન બરબાદ થઈ જશે.

**આપણી નવી શિક્ષણ નીતિમાં દેશભરમાં એકસરખા અભ્યાસક્રમની વાત કરવામાં આવી છે. હકીકતમાં ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશમાં એકસરખો અભ્યાસક્રમ હાનિકારક છે.**

ભારતના શિક્ષકોને પણ ઓનલાઈન વર્ગખંડ માટે કોઈ તાલીમ આપવામાં આવી નથી. જો કોઈ શિક્ષક ઓનલાઈન ક્લાસ ચલાવવા માગતા હોય તો તેમને વીડિયો બનાવતા આવડવો જોઈએ, તેનું એડિટીંગ કરતાં આવડવું જોઈએ અને સામગ્રી તૈયાર કરતાં પણ આવડવું જોઈએ. તે માટેનાં કેમેરા વગેરે અદ્યતન સાધનો પણ તેની પાસે હોવા જોઈએ. બધા શિક્ષકો તેના માટે તૈયાર હોય તેવું જરૂરી નથી. જે શિક્ષકને સ્માર્ટ ફોન વાપરતા ન આવડતો હોય તે વીડિયો કેવી રીતે બનાવશે? જે સારા શિક્ષકો હશે તેઓ પણ ટેકનોલોજીને કારણે લઘુતાગ્રંથિનો અનુભવ કરવા લાગશે.

આપણા શિક્ષકો સામે સૌથી મોટો પડકાર વિદ્યાર્થીને શિક્ષણકાર્યમાં રસ લેતા કરવાનો હોય છે. વર્ગખંડમાં શિક્ષક હાજર હોય તો પણ વિદ્યાર્થીનું મગજ ક્યાંય બહાર ભટકતું હોય છે. શિક્ષકે વારંવાર તેને ટપારીને શિક્ષણ કાર્યમાં રસ લેતો કરવાનો હોય છે. જો વિદ્યાર્થી ઓનલાઈન વર્ગખંડમાં ભણતો હશે તો તેનું ધ્યાન શિક્ષણ કાર્યમાં છે કે નહીં? તે જાણવાનું કોઈ સાધન શિક્ષક પાસે રહેશે નહીં. વળી ભારતમાં ગરીબ અને મધ્યમ વર્ગનાં બધાં ઘરોમાં બાળકો માટે અલાયદા સ્ટડી રૂમ હોતા નથી. ઘરના ઘોંઘાટ વચ્ચે તેઓ ક્યા પ્રકારનું શિક્ષણ લઈ શકશે તે સમજાતું નથી.

કોરોનાને કારણે સરકાર સ્કૂલોમાં ૫૦ ટકા હાજરી સાથે શરૂ કરવા માગે છે, જેથી બે વિદ્યાર્થીઓ વચ્ચે સલામત અંતર જળવાઈ રહે. તેનો અર્થ એવો થાય કે બાકીના ૫૦ ટકા વિદ્યાર્થીઓ વારાફરતી ઘરે રહેશે અને ઓનલાઈન શિક્ષણ લેશે. સરવાળે ૧૦૦ ટકા વિદ્યાર્થીઓ ઓનલાઈન ભણતા થઈ જશે. જો શિક્ષણને ઉગારવું હશે તો ઓનલાઈનનો વિચાર છોડી દેવો પડશે.

# વાલીઓનાં મનમાં પેસી ગયેલો કોરોનાનો ખોટો ડર કેવી રીતે દૂર કરી શકાય?




આપણા દેશમાં દુકાનો ચાલુ થઈ ગઈ, રિક્ષાઓ ચાલુ થઈ ગઈ, હેર કટિંગ સલૂનો ચાલુ થઈ ગયાં, તા.૮થી ધાર્મિક સ્થળો અને હોટેલો ચાલુ થઈ જશે; પણ સ્કૂલો ક્યારે ચાલુ થશે? તેનો જવાબ કોઈ આપી શકે તેમ નથી. વાલીઓ કોરોનાથી એટલા ગભરાયેલા છે કે સરકાર કદાચ સ્કૂલો ચાલુ કરવાની છૂટ આપશે તો પણ તેઓ પોતાનાં બાળકને સ્કૂલે મોકલવા તૈયાર નહીં થાય. એક માતાનો હૃદયદ્રાવક પત્ર સોશિયલ મીડિયામાં ફરી રહ્યો છે, જેમાં તે લખે છે કે ૮-૧૦ વર્ષનું બાળક કેવી રીતે માસ્ક પહેરીને ભણી શકશે? તે સ્કૂલમાં પોતાના મિત્રો સાથે રમશે ત્યારે કેવી રીતે સોશિયલ ડિસ્ટન્સ જાળવી શકશે? જો નહીં જાળવે તો કોરોના લઈને ઘરે આવશે. તેના કરતાં બાળકને સ્કૂલે ન મોકલવામાં ઓછું જોખમ છે. કેટલાંક વાલીઓ દ્વારા ઓનલાઈન પિટીશન શરૂ કરવામાં આવી છે કે કોરોનાની રસી ન શોધાય ત્યાં સુધી સ્કૂલો ખોલવી ન જોઈએ. આ પિટીશનમાં બે લાખ કરતાં વધુ વાલીઓએ સહી કરી છે. વાલીઓના આ ડરને કારણે સરકાર પણ ચિંતામાં પડી ગઈ છે. જો વાલીઓનો ખોટો ડર દૂર કરવો હશે તો સરકારે કેટલાંક ધરખમ પગલાંઓ ભરવાં પડશે.

(૧) સૌથી પહેલાં તો સરકારે કબૂલ કરવું પડશે કે લોકડાઉનનો નિર્ણય કરતી વખતે તેણે કોરોના વાયરસને જેટલો સંહારક માન્યો હતો તેટલો સંહારક તે નથી. વાલીઓના મનમાં આ વાત ઊતારવા માટે તેણે સ્ટેનફોર્ડ યુનિવર્સિટીનો રિપોર્ટ ટાંકવો પડશે, જેમાં જણાવવામાં આવ્યું હતું કે સામાન્ય ફ્લુનો વાયરસ જેટલો ઘાતક છે તેનાથી વધુ ઘાતક નોવેલ કોરોના વાયરસ નથી.

(૨) ત્યાર બાદ સરકારે જાહેર કરવું પડશે કે તા. ૨૪ માર્ચના રોજ તેણે દેશભરમાં લોકડાઉન કરવાનો નિર્ણય કર્યો હતો તે બ્રિટનની ઈમ્પિરિયલ કોલેજના જૂઠા મોડેલને આધારે કર્યો હતો. આ મોડેલ ખોટું પુરવાર થયું છે તેમ લોકડાઉનનો નિર્ણય પણ ખોટો પુરવાર થયો છે. સરકારે ટુકડે ટુકડે લોકડાઉન ઉઠાવવાને બદલે એક ધડાકે ઉઠાવી લેવું જોઈએ. તો વાલીઓનો ભય ઓછો થશે.

(૩) સરકારે જાહેર કરવું જોઈએ કે કોઈ નાગરિકના શરીરમાં કોરોનાનું સંક્રમણ થઈ જાય તો પણ તેમાં ડરવા જેવું કાંઈ નથી. જેમ આપણે ફ્લુના સંક્રમણથી ડરતા નથી તેમ કોરોનાના સંક્રમણથી પણ ડરવાની જરૂર નથી. જે ૧૦૦ લોકોના શરીરમાં કોરોના વાયરસ પ્રવેશે છે, તેમાંના ૮૦ને તો કોઈ લક્ષણો હોતા નથી. તેમને તો કોઈ સારવારની પણ જરૂર પડતી નથી. બાકીના ૨૦ પણ મામૂલી સારવાર લઈને સાજા થઈ શકે છે. જે હજાર લોકોના શરીરમાં કોરોનાનો વાયરસ છે, તેમાંના માંડ એકાદનું મરણ થાય છે. તે પણ હૃદયરોગ, કિડનીરોગ, મગજનો રોગ, બ્લડ પ્રેશર, ડાયાબિટિસ વગેરેથી પીડાતો હોય છે. માટે કોરોનાનું સંક્રમણ થાય તો પણ ડરવાની જરાય જરૂર નથી.

(૪) સરકાર દ્વારા કોરોનાથી થતાં મરણના જે આંકડાઓ જાહેર કરવામાં આવે છે તેમાં હૃદયરોગ, કિડનીરોગ વગેરેથી થતાં મરણના આંકડા પણ ઉમેરી દેવામાં આવે છે, જેને કારણે મરણની સંખ્યા વધી જાય છે. સુરતના કમિશનર બંછાનિધિ પાનીના

જણાવ્યા મુજબ સુરતમાં કોરોનાને કારણે માત્ર પાંચ જ નાગરિકોનાં મરણ થયાં છે. તેમ છતાં મીડિયામાં જે આંકડાઓ જાહેર કરવામાં આવે છે તે વધારે હોવાથી લોકોમાં ભય ફેલાય છે. જો સરકાર દ્વારા કેવળ કોરોનાને કારણે મરણ પામેલા નાગરિકોના આંકડા જાહેર કરવામાં આવે તો લોકોનો ભય દૂર થશે.

(૫) સરકારના આંકડાઓ મુજબ આશરે બે લાખ લોકો કોરોનાથી સંક્રમિત થઈ ચૂક્યા છે; પણ હકીકતમાં આંકડો બહુ મોટો છે. ગુજરાત સરકારે હાઈ કોર્ટમાં વિધાન કર્યું હતું કે ૭૦ ટકા લોકો કોરોનાથી સંક્રમિત થઈ ચૂક્યા છે. હકીકતમાં તેમનું ટેસ્ટિંગ કરવામાં નથી આવતું માટે આંકડો ઓછો જણાય છે. જો ૭૦ને બદલે ૭ ટકા લોકો પણ સંક્રમિત થયા હોય તો આંકડો એક કરોડને પાર પહોંચી જાય. હકીકતમાં ભારતમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો તબક્કો શરૂ થઈ ગયો છે. આ તબક્કામાં જેનો કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી ન હોય કે સંપર્ક ન હોય તેવા લોકો પણ સંક્રમિત થઈ જાય છે. સરકાર આ વાત જાહેર કરતી નથી, કારણ કે તેને ડર છે કે સાચા આંકડાઓથી લોકો ગભરાઈ જશે.

(૬) ભારતમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું હોય તો પણ ડરવાની જરૂર નથી. તેમાં કરોડો લોકો કોરોનાથી સંક્રમિત થઈ ગયા હશે. તેમ છતાં મરણનું પ્રમાણ પાંચ હજાર જેટલું છે. તેમાં પણ ખરેખર કોરોનાથી થતાં મરણ ૨૦ ટકા કે હજાર જેટલાં છે. ૧૩૦ કરોડની વસતિમાં એક કરોડ લોકો કોરોનાથી સંક્રમિત હોય પણ તેમાંના હજારેક લોકો જ મર્યા હોય તો ડરવાનું કારણ રહેતું નથી. મરણનું પ્રમાણ ૦.૦૦૦૧ ટકા જેટલું છે, જે સામાન્ય ફ્લુથી થતાં મરણથી પણ ઓછું છે.

(૭) જ્યારે ભારતમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું છે અને કરોડો નાગરિકો સંક્રમિત થઈ ગયા છે, ત્યારે હવે મીડિયામાં દરરોજ કે દર કલાકે કેટલા લોકો કોરોના પોઝિટિવ છે? કેટલા નવા કેસો નોંધાયા? કેટલું ટેસ્ટિંગ થયું? વગેરે આંકડાઓ આપવાનું બંધ કરવું જોઈએ. ક્રિકેટના સ્કોર બોર્ડની જેમ તે આંકડાઓ જોઈને લોકોનું બ્લડ પ્રેશર વધી જતું હોય છે. શું મીડિયામાં કેટલાને ટી.બી. થયો, કેટલાને મેલેરિયા થયો, કેટલાને ટાઈફોઈડ થયો, કેટલાને કેન્સર થયું? વગેરે આંકડાઓ આપવામાં આવે છે? જો ના, તો કેટલાને કોરોના થયો તેના આંકડા આપવાની જરૂર નથી.

**કેટલાંક વાલીઓ દ્વારા ઓનલાઈન પિટીશન શરૂ કરવામાં આવી છે કે કોરોનાની રસી ન શોધાય ત્યાં સુધી સ્કૂલો ખોલવી ન જોઈએ. આ પિટીશનમાં બે લાખ કરતાં વધુ વાલીઓએ સહી કરી છે.**

(૮) લોકોમાં કોરોનાનો ડર ફેલાઈ જવાનું મુખ્ય કારણ કોરોના ટેસ્ટિંગ કીટ છે. આ કીટ હકીકતમાં સંશોધન માટે બનાવવામાં આવી છે. તેનો ઉપયોગ નિદાન માટે કરવાનો જ નહોતો. તેમાં ઘણાં ખોટાં પરિણામો આવતાં હોય છે, જેને કારણે લોકો ભયભીત થઈ જતા હોય છે. હકીકતમાં જ્યારે કોરોનામાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું હોય તો ટેસ્ટિંગ કરવાની કોઈ જરૂર નથી. જો સરકાર દ્વારા ટેસ્ટિંગ જ બંધ કરવામાં આવે તો લોકોનો કોરોનાનો ડર નીકળી જશે.

(૯) જો કોરોનાનો વાયરસ ઘાતક ન હોય તો તેનાથી ડરીને સરકારે કોઈને હોસ્પિટલમાં દાખલ કરવાની કે ક્વોરન્ટાઈન કરવાની પણ જરૂર નથી. સરકાર દ્વારા મકાનોને સિલ કરવામાં આવે છે તેને કારણે લોકો ભયભીત બને છે. કોઈ કોરોના સંક્રમિત હોય તો તેનાં નામો પણ જાહેર કરવા ન જોઈએ. કારણ કે લોકો બહિષ્કાર કરશે તેવા ડરથી પણ કોરોનાનો ભય ફેલાતો હોય છે. જો કોઈને કોરોનાના લક્ષણો દેખાય તો સામાન્ય ફ્લુની જેમ તેની પણ સારવાર ફેમિલી ડોક્ટર પાસે કરાવવી જોઈએ.

(૧૦) તાજેતરમાં અમેરિકાના સેન્ટર ફોર ડિઝીસ કન્ટ્રોલ (સીડીસી) દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું કે કોરોના માત્ર ડ્રોપલેટથી ફેલાય છે, પણ સરફેસથી ફેલાતો નથી. જો કોરોના સરફેસથી ફેલાતો ન હોય તો વારંવાર હાથ ધોવાની પણ જરૂર નથી. કોરોના સંક્રમિતને સ્પર્શ કરવાથી પણ કોરોના ફેલાતો નથી. માટે શાકભાજી બાલટીમાં લાવીને સાબુથી ધોવાની પણ જરૂર નથી.

(૧૧) જો કોરોના સ્પર્શથી ન ફેલાતો હોય તો સોશિયલ ડિસ્ટન્સિંગ પણ જરૂરી નથી. સરકારે જ્યારે ટ્રેનમાં અને ફ્લાઈટમાં તમામ બેઠકો બુક કરવાનો આદેશ આપ્યો છે ત્યારે આપણે ઘરમાં કે સ્કૂલમાં તેનો આગ્રહ રાખવાની જરૂર નથી. માસ્ક પહેરવાથી સંક્રમણ અટકે છે, તેવું પણ સાબિત થયું નથી. માટે સ્કૂલમાં બાળકને માસ્ક પહેરીને મોકલવાની જરૂર નથી. જો સરકાર દ્વારા કોરોના બાબતમાં સત્ય પરિસ્થિતિ સ્વીકારી લેવામાં આવશે તો પ્રજાના તમામ વર્ગોનો ડર દૂર થઈ જશે.

# દુનિયામાં ચેપી રોગના ફેલાવાની તૈયારી છેક ૨૦૦૫થી ચાલતી હતી




વર્તમાનમાં દુનિયાભરમાં કોરોનાની જે મહામારી ફેલાઈ ગઈ છે તેની આગાહી ૨૦૧૯ના સપ્ટેમ્બરમાં કરવામાં આવી હતી, પણ તેની તૈયારી છેક ૨૦૦૫થી ચાલતી હતી. ૨૦૦૫માં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા ઈન્ટરનેશનલ હેલ્થ રેગ્યુલેશન (આઈએચઆર) નામનો કાયદો ઘડવામાં આવ્યો હતો, જેમાં દુનિયામાં કોઈ મહામારી ફાટી નીકળે તો તેનો મુકાબલો કેવી રીતે કરવો? તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ભારત પણ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનું સભ્ય હોવાથી તેને આ કાયદો લાગુ પડે છે. ૨૦૧૯માં વર્લ્ડ બેન્ક અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના નેજા હેઠળ ગ્લોબલ પ્રિપેરેડનેસ મોનિટરિંગ બોર્ડ (જીપીએમબી) ની રચના કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ જગતમાં કોરોના જેવી મહામારી ફાટી નીકળે તો તેનો સામનો કરવાનો હતો. ભારત પણ તેમાં જોડાયું હતું. આ બોર્ડ દ્વારા આગાહી કરવામાં આવી હતી કે દુનિયામાં શ્વાસની ચેપી બીમારી ફેલાઈ જશે, જેમાં ૮ કરોડ જેટલા લોકો માર્યા જશે. આ સંભવિત મહામારીનો મુકાબલો કરવા માટેનો સાત મુદ્દાનો કાર્યક્રમ પણ આ બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. વર્તમાનમાં દુનિયાભરમાં જે લોકડાઉન વગેરે ઉપાયો અજમાવવામાં આવ્યા છે તે આ કાર્યક્રમનો ભાગ હોવાનું સમજાય છે.

ઈ.સ. ૨૦૧૪થી ૨૦૧૬ દરમિયાન આફ્રિકામાં ઈબોલા વાયરસ ફાટી નીકળ્યો તેના જવાબમાં સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રી દ્વારા ૨૦૧૮ના મે મહિનામાં ગ્લોબલ પ્રિપેરેડનેસ એન્ડ મોનિટરિંગ બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી. તેનું આયોજન વિશ્વ બેન્ક અને વિશ્વ આરોગ્ય સંસ્થાના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ બોર્ડના અધ્યક્ષ નોર્વેના ભૂતપૂર્વ વડા પ્રધાન ડો. ગ્રો હર્લેમ બ્રુન્ડટલેન્ડ હતા અને મહામંત્રી રેડ ક્રોસ સોસાયટીના શ્રી એહલાડજ હતા. તેમાં ભારતના પ્રતિનિધિ તરીકે ભારત સરકારના મુખ્ય વિજ્ઞાન સલાહકાર પ્રો. કે. વિજય રાઘવન હતા. આ બોર્ડમાં કેટલાક દેશોના વડાઓનો અને તબીબી નિષ્ણાતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

જીપીએમબીનો જે પ્રથમ વાર્ષિક હેવાલ તૈયાર કરવામાં આવ્યો તેની પ્રસ્તાવનામાં જ ચેતવણી આપવામાં આવી હતી કે ''ટૂંક સમયમાં દુનિયામાં કોઈ ચેપી રોગ આવી શકે છે, જેમાં પાંચથી આઠ કરોડ લોકો મરી જશે અને દુનિયાનું પાંચ ટકા અર્થતંત્ર ખતમ થઈ જશે.'' આ હેવાલમાં કહેવામાં આવ્યું હતું કે ભવિષ્યમાં આવી કોઈ પણ મહામારી આવે તો દુનિયાના નેતાઓ દ્વારા તેનો મુકાબલો કરવાની તૈયારી કરી રાખવી જોઈએ. આ માટે તેણે સાત પગલાંઓ સૂચવ્યાં હતાં :

(૧) દુનિયાના દેશોના નેતાઓ દ્વારા ૨૦૦૫ના ઈન્ટરનેશનલ હેલ્થ રેગ્યુલેશનને તેમના દેશમાં લાગુ કરવાની નિષ્ઠા દેખાડવી પડશે. આ કાયદામાં દેશમાં મહામારી ફાટી નીકળે તો તેની જાણકારી આપવાની અને તેનું પ્રસારણ રોકવાની જવાબદારીનો સમાવેશ થાય છે. તેમણે મહામારીનો મુકાબલો કરવા માટે તેમના સ્થાનિક સંસાધનો ફાળવવા જોઈએ. તેમણે પોતાની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સલામતીને ધ્યાનમાં રાખીને સતત નાણાં ખર્ચવા જોઈએ. તેમણે ૧૯૯૨ની બ્રાઝિલમાં

યોજાયેલી અર્થ સમિટમાં નક્કી કરવામાં આવેલા સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ ગોલ્સને હાંસલ કરવાના પ્રયત્નો પણ કરવા જોઈએ. આ રીતે આ બોર્ડના ઉદ્દેશોમાં ૧૯૯૨માં યોજાયેલી અર્થ સમિટના ઉદ્દેશોનો અમલ કરવાની વાત પણ જોડી દેવામાં આવી હતી.

(૨) દુનિયામાં જી-૭, જી-૨૦ અને જી-૭૭ જેવા જે જૂથો પાડવામાં આવ્યા છે તેના સભ્ય દેશોને પણ આ બોર્ડના ઉદ્દેશોનો અમલ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. બીજા શબ્દોમાં તેમાંથી કોઈ પણ જૂથના સભ્ય માટે સાત નિયમોનો અમલ કરવો ફરજિયાત બની જતો હતો. આ દેશોને તેમના દેશનો હેલ્થ સિક્યોરિટી પ્લાન ઘડી કાઢવાની જવાબદારી સોંપવામાં આવી હતી. તેના અમલ માટે નાણાંની ફાળવણી કરવાની જવાબદારી પણ તેમને સોંપવામાં આવી હતી. વળી સ્થાનિક સરકારી સંસ્થાઓને પણ અમલની જવાબદારી સોંપવામાં આવી હતી, જેમાં રાજ્ય સરકારો ઉપરાંત ગ્રામ પંચાયતો, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાનો પણ સમાવેશ થતો હતો.

(૩) આ બોર્ડ દ્વારા દરેક દેશોના નેતાઓને તેમના દેશમાં ઉચ્ચ સત્તાઓ ધરાવતા કોર્ડિનેટરની નિમણુક કરવાનું કહેવામાં આવ્યું હતું. આ કોર્ડિનેટર દ્વારા સરકારી યંત્રણા મહામારીનો મુકાબલો કરવા માટે સક્ષમ છે કે નહીં? તેની ચકાસણી કરવા સમયાંતરે સિમ્યુલેશન (નકલી) કવાયત યોજવાનું પણ સૂચન કરવામાં આવ્યું હતું. આ પ્રયાસોમાં તેમણે નગરસેવકો, વિધાનસભ્યો, સંસદસભ્યો, આરોગ્ય કાર્યકરો, મહિલાઓ વગેરેનો સાથ લેવાનું પણ કહેવામાં આવ્યું હતું.

(૪) ચોથા મુદ્દામાં લખવામાં આવ્યું છે કે દુનિયામાં કુદરતી રીતે અથવા અકસ્માત અથવા ઈરાદાપૂર્વક કોઈ સંહારક વાયરસ ફેલાઈ શકે છે. તેનો મતલબ થયો કે બોર્ડને જાણ હતી કે ચીન જેવો દેશ ઈરાદાપૂર્વક કોરોના વાયરસ ફેલાવી શકે છે. તેનો મુકાબલો કરવા માટે બોર્ડના દેશો દ્વારા અને વિશ્વ બેન્ક જેવા દાતાઓ દ્વારા રસીના સંશોધનમાં રોકાણ કરવું પડશે. તેમાં વેન્ટિલેટર વગેરેના ઉત્પાદન પાછળ પણ મોટું રોકાણ કરવાની વાત કરવામાં આવી છે. આ મુદ્દો વાંચતા ખ્યાલ આવે છે કે વિશ્વ આરોગ્ય સંસ્થા તેના સભ્ય દેશોને રસી માટે મોટું રોકાણ કરવાની સલાહ આપી રહી છે. વળી તેમાં વાયરસનો જિનોમ દુનિયાના દેશો વચ્ચે વહેંચવાની વાત પણ કરવામાં આવી છે. નોવેલ કોરોના વાયરસનો જિનોમ ચીન દ્વારા વહેંચવામાં આવ્યો તે પણ આ કરારનો ભાગ જ હતો. ફલુ સામે લડવા માટેની યુનિવર્સલ વેક્સિન બનાવવાની વાત પણ આ દસ્તાવેજમાં કરવામાં આવી હતી.

**આફ્રિકામાં ઈબોલા વાયરસ ફાટી નીકળ્યો તેના જવાબમાં સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રી દ્વારા ૨૦૧૮ના મે મહિનામાં ગ્લોબલ પ્રિપેરેડનેસ એન્ડ મોનિટરિંગ બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી.**

(૫) પાંચમા મુદ્દામાં વર્લ્ડ બેન્ક અને ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ જેવી નાણાં સંસ્થાઓને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે કે જો કોઈ મહામારી ફાટી નીકળે તો તમારે તેનો મુકાબલો કરવા માટે દુનિયાના દેશોને મોટું ધિરાણ આપવાની જરૂર ઊભી થશે. તે વખતે તમારું ધિરાણ કેટલું સલામત છે? તેનું આકલન પણ તમારે કરી રાખવું પડશે. વિશ્વ બેન્ક દ્વારા ભારતને બે અબજ ડોલરનું ધિરાણ આપવામાં આવ્યું તેનો આધાર આ કલમ છે. આ ઉપરાંત ગ્લોબલ એલાયન્સ ફોર વેક્સિન જેવી બિનસરકારી સંસ્થાઓને પણ આ મહામારી સામે લડવાની પ્રેરણા કરવામાં આવી હતી.

(૬) વિશ્વ આરોગ્ય સંસ્થાને જે દેશો અને વ્યક્તિઓ દ્વારા ભંડોળ આપવામાં આવે છે તેમણે મહામારીના કાળમાં તેમનું ભંડોળ વધારી દેવું જોઈએ. વળી જે ગરીબ દેશો પાસે આરોગ્ય બાબતમાં ભંડોળ ઓછું હોય તેમને મહામારી સામે લડવા માટે વધારાનું ભંડોળ આપવું જોઈએ.

(૭) દુનિયાના દેશો દ્વારા સંભવિત મહામારી સામે લડવા માટે જે કોઈ પ્રયાસો કરવામાં આવે તેનું સંકલન કરવાની જવાબદારી યુનોને સોંપવામાં આવી છે. ૨૦૦૫ના કાયદા મુજબ કોઈ પણ દેશમાં હેલ્થ ઈમર્જન્સી જાહેર કરવામાં આવે તો તેના માટે કેવી પ્રતિક્રિયા આપવી? તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. તેમાં લોકડાઉન, માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ વગેરે બધું આવી જાય છે. દુનિયાના દેશો તેનો કડક અમલ કરે તેની જવાબદારી પણ યુનોને સોંપવામાં આવી છે. ભારત સરકાર પણ આ બોર્ડમાં સામેલ થઈ હોવાથી તેણે આ બધાં પગલાં લેવા પડ્યાં છે. આ વાંચીને એમ નથી લાગતું કે વર્તમાન મહામારી લાવવા માટે જ આ તૈયારી કરવામાં આવી હતી?

# યુનોનો એજન્ડા-૨૧ દસ્તાવેજ માનવજાતને ગુલામ બનાવવાની ગુપ્ત યોજના છે

દુનિયાના કેટલાક ધનિકો યુનોના પ્લેટફોર્મનો ઉપયોગ કરીને માનવજાતને ગુલામ બનાવવાનો ઈરાદો ધરાવે છે. પોતાના ઈરાદાને તેઓ પર્યાવરણ, આરોગ્ય, શિક્ષણ, વિકાસ વગેરે સોહામણાં નામો આપે છે. ઈ.સ. ૧૯૯૨માં બ્રાઝિલનાં પાટનગર રિયો ડિ જાનેરોમાં યુનોના ઉપક્રમે અર્થ સમિટ નામની પરિષદ મળી ગઈ, જેમાં દુનિયાના ૧૦૦ કરતાં વધુ દેશોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. તેમાં ચર્ચાવિચારણાને અંતે એજન્ડા-૨૧ નામના દસ્તાવેજ પરસહીસિક્કા કરવામાં આવ્યા હતા. આ દસ્તાવેજને 'સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ'નું સોહામણું નામ આપવામાં આવ્યું હતું. આ દસ્તાવેજ માત્ર માર્ગદર્શક સ્વરૂપનો હતો,પણ તેના અમલીકરણની જવાબદારી દુનિયાના દેશોની સરકારો પર છોડવામાં આવી હતી. આ સરકારો પાસે સરકારી તંત્ર, પોલિસ, લશ્કર વગેરે હોવાથી તેઓ જો પોતાની તમામ તાકાતનો ઉપયોગ કરે તો પ્રજા પાસે તેનું પાલન કરવા સિવાય કોઈ વિકલ્પ રહે નહીં. ૧૯૯૨થી આજ દિન સુધી દુનિયાના વિવિધ દેશોની સરકારો દ્વારા એજન્ડા-૨૧નો જે સિફતથી અમલ કરવામાં આવ્યો છે તે જોતાં લાગે છે કે તેનો ઈરાદો માનવજાતને ગુલામ બનાવવાનો છે.

એજન્ડા-૨૧ના દસ્તાવેજમાં ૨૧મી સદી દરમિયાન હાંસલ કરવાનાં કેટલાંક લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યાં હતાં; જેમાંનાં




૬ મુખ્ય લક્ષ્યાંકો નીચે મુજબ હતાં: (૧) જમીનની માલિકી ખાનગી હાથોમાંથી ઝૂંટવી લઈને સરકારના હાથમાં મૂકવી (૨) ગામડાંઓની જીવનશૈલીને ભાંગીને લોકોને શહેરોમાં વસવા મજબૂર કરવા (૩) જંગલો તેમ જ વન્ય જીવોના અભયારણ્યોમાંથી મનુષ્ય વસતિને ખસેડીને તેમનો બહાર વસવાટ કરવો. (૪) એક પરિવાર સાથે રહેતો હોય તેવી પદ્ધતિ નાબુદ કરીને ઘણા બધા પરિવારો સમૂહમાં રહેતા હોય તેવી પદ્ધતિનો વિકાસ કરવો. આવી પદ્ધતિ રશિયા અને ચીન જેવા સામ્યવાદી દેશોમાં અમલમાં લાવવામાં આવી છે. (૫) અનાજના પુરવઠા પર સરકારનો કન્ટ્રોલ સ્થાપિત કરવો અને (૬) દુનિયાની વસતિમાં ધરખમ ઘટાડો કરવો.

આપણે પૃથ્વીના પર્યાવરણની રક્ષા કરવી જોઈએ; કારણ કે પર્યાવરણની રક્ષા કરવામાં આવશે તો જ માનવજાત પોતાનું અસ્તિત્વ ટકાવી શકશે, તે વાત સાથે કોઈ અસંમત થઈ શકે નહીં. પરંતુ પર્યાવરણ રક્ષાને નામે કુદરતી સંસાધનો પરનો સ્થાનિક પ્રજાનો અંકુશ ઝૂંટવીને તેના પર સરકારનો અને છેવટે મલ્ટિનેશનલ કંપનીઓનો અંકુશ સ્થાપિત કરવો તે ચલાવી લેવાય નહીં. તેનું નાનકડું ઉદાહરણ જોઈએ. ૧૯૯૨ની અર્થ સમિટ પછી આપણને ચારે બાજુ ''જળ એ જીવન છે'' વગેરે સૂત્રો સાંભળવા અને વાંચવા મળ્યાં હતાં. આ સૂત્રો દ્વારા આપણને પાણીનું સંરક્ષણ કરવાની પ્રેરણા કરવામાં આવતી હતી ત્યાં સુધી બધું સારું હતું. પરંતુ ટૂંક સમયમાં આપણને કહેવામાં આવ્યું કે પાણીનો બિનજરૂરી વ્યય ન થાય તે માટે બધાં ઘરોમાં પાણીનાં મીટરો લગાડવામાં આવશે. જેઓ જેટલું પાણી વાપરશે તેટલું બીલ તેમણે ભરવું પડશે. આ યોજના

ખતરનાક હતી.

પાણીનાં મીટર લગાડવાની યોજના દ્વારા ગરીબોનો અને કિસાનોનો મફતમાં પાણી મેળવવાનો અધિકાર ઝૂંટવી લેવામાં આવશે. પાણી કુદરતનું સર્જન છે. તે સરકારે કે કોઈ કંપનીએ કારખાનાંમાં ઉત્પન્ન નથી કર્યું કે લોકો પાસેથી તેની કિંમત વસૂલ કરવામાં આવે. જળસંરક્ષણ કરવાને નામે સરકારે પહેલાં પાણીનો કન્ટ્રોલ પોતાના હાથમાં લીધો. પછી પાણીનો વેડફાટ રોકવાને નામે પાણીનાં મીટરો બેસાડવામાં આવ્યાં. તે મીટરોનો વહીવટ કરવાનું અને જળનું વિતરણ કરવાનું કાર્ય વિદેશી કંપનીઓને સોંપવામાં આવ્યું. આ કારણે પાણીની માલિકી જનતાની મટીને વિદેશી કંપનીની બની ગઈ. તેમણે પાણી વેચીને નફો કરવાનું શરૂ કર્યું. જેમને પાણીના રૂપિયા ન પરવડે તે ગરીબો ગંદું પાણી પીવા મજબૂર બની ગયા. જળસંરક્ષણનો સિદ્ધાંત શોષણનું સાધન બની ગયો.

જેવું જળનું છે તેવું જંગલનું અને જમીનનું પણ છે. એજન્ડા-૨૧ના દસ્તાવેજમાં લખવામાં આવ્યું છે કે ''માનવ વસવાટમાં જમીન મહત્ત્વની ભૂમિકા ભજવતી હોવાથી તેને સામાન્ય સંપત્તિ ગણી શકાય નહીં. જમીનની માલિકી ખાનગી હાથોમાં હોય તો તે સંપત્તિનો સંગ્રહ કરવાનું માધ્યમ બને છે. વિકાસની યોજનાઓનો અમલ કરવામાં તે મોટો અંતરાય બની શકે છે.'' આ લખાણનો અર્થ સ્પષ્ટ થતો હતો કે જમીનની માલિકી ખાનગી હાથોમાંથી લઈને સરકારના હાથમાં સોંપવી જોઈએ. ભાજપના મોરચાના રાજમાં ખાનગી જમીન અધિગ્રહણ માટેનો જે કાયદો ઘડવામાં આવ્યો તેના મૂળમાં આ એજન્ડા હતો. પ્રજાના તેમ જ વિપક્ષોના પ્રચંડ વિરોધને કારણે સરકારને તે કાયદામાં ફેરફાર કરવાની ફરજ પડી હતી; પણ તે કાયદો બીજા સ્વરૂપે ગમે ત્યારે પાછો આવી શકે છે.

એજન્ડા-૨૧નો એક મુદ્દો જંગલો માત્ર વન્ય જીવો માટે અનામત રાખીને તેમાં વસતા મનુષ્યોને અન્યત્ર વસાવવાને લગતો હતો. બાહ્ય રીતે આ દરખાસ્ત વન્ય જીવોનું સંવર્ધન કરવાના શુભ આશયથી આગળ કરવામાં આવી હોય તેમ લાગતું હતું; પણ તેનો ઈરાદો સદીઓથી જંગલમાં વસતા અને જંગલ પર નભતા કરોડો વનવાસીઓને બેઘર બનાવવાનો હતો. આ મનુષ્યો કદી જંગલનો સંહાર કરતા નથી પણ તેનું જતન કરે છે. તેઓ વન્ય જીવોનો પણ શિકાર કરતા નથી. તેમને જંગલમાંથી કાઢવામાં આવે તો તેમણે શહેરો ભણી હિજરત કરવી પડે. અર્થ સમિટમાં શહેરોનો વિકાસ કરવાનો જે મુદ્દો નક્કી કરવામાં આવ્યો હતો તેનો અમલ આ રીતે કરવામાં આવશે.


**૧૯૯૨થી આજ દિન સુધી દુનિયાના વિવિધ દેશોની સરકારો દ્વારા એજન્ડા-૨૧નો જે સિફતથી અમલ કરવામાં આવ્યો છે તે જોતાં લાગે છે કે તેનો ઈરાદો માનવજાતને ગુલામ બનાવવાનો છે.**

રિયો ડિ જાનેરોની સમિટમાં ખાદ્યાન્નના ઉત્પાદન તેમ જ વિતરણ પર સરકારનો અંકુશ હાંસલ કરવાનો ઠરાવ પણ કરવામાં આવ્યો હતો. આ મુજબ કિસાનો પાસેથી સરકાર હજારો એકર કૃષિની જમીન ખરીદી લેશે અને તેને મોટી મોટી કંપનીઓને ખેડવા માટે આપશે. જે કિસાન પહેલાં જમીનનો માલિક હતો તે હવે પોતાની જમીન પર વેઠિયો મજૂર બની જશે. મોટી કંપનીઓ મોટાં યંત્રોથી રાસાયણિક ખેતી કરશે ત્યારે અનાજનું ઉત્પાદન બહુ વધી જશે, પણ ગુણવત્તા કથળી જશે. વળી મોટી કંપનીઓ અનાજનો સંગ્રહ કરીને નફાખોરી પણ કરશે. તાજેતરમાં કિસાનોને તેમનું ઉત્પાદન ખાનગી કંપનીઓને વેચવાની છૂટ આપવામાં આવી તેની પાછળ આ ગણતરી છે. કિસાનો પોતાના માલના વેચાણ સામે લોન લેશે અને તે ભરપાઈ નહીં કરે તો તેમની જમીન જપ્ત કરવામાં આવશે.

એજન્ડા-૨૧નો સૌથી મહત્ત્વનો મુદ્દો દુનિયાની વસતિને ઘટાડવાનો હતો. તેમાં ચર્ચા કરવામાં આવી હતી કે દુનિયાની વસતિ અત્યારે સાત અબજ પર પહોંચી ગઈ છે અને ટૂંક સમયમાં નવ અબજ પર પહોંચી જશે. આટલી મોટી વસતિની જરૂરિયાત સંતોષી શકે તેટલાં સંસાધનો પૃથ્વીમાં નથી. વળી વધુ વસતિને કારણે કાર્બન ઉત્સર્જન વધે છે અને પર્યાવરણ પણ બગડે છે. જો દુનિયાની વસતિ ઘટાડી દેવામાં આવે તો બધાને પૂરતું અનાજ અને પાણી મળી રહે અને સ્વચ્છ પર્યાવરણ પણ મળી રહે. રિયો ડિ જાનેરોની સમિટ પછી બિલ ગેટ્સે વસતિ ઘટાડવાનાં સાધન તરીકે વેક્સિનનો જોરશોરથી પ્રચાર કરવા માંડ્યો હતો. વર્તમાન કોરોના વાયરસનો ડર બતાડીને પણ બિલ ગેટ્સ તેમ જ દવાઓ બનાવતી મલ્ટિનેશનલ કંપનીઓ વેક્સિનને ફરજિયાત બનાવવા માગે છે. તેઓ વેક્સિન અને ક્રિપ્ટોકરન્સી દ્વારા દુનિયાની સાત અબજની વસતિ પર પોતાનો અંકુશ પ્રસ્થાપિત કરવા માગે છે. કોરોના વાયરસ તેમના એજન્ડા-૨૧ને અમલમાં મૂકવા માટેનું એક નવતર સાધન છે.

# વગર વિચાર્યું લોકડાઉન કરીને સરકારે અર્થતંત્રને મરણતોલ ફટકો માર્યો છે

આપણી સરકારને અને પ્રજાને પણ લોકડાઉનની એટલી આદત પડી ગઈ છે કે ૬૫ દિવસના લોકડાઉન પછી સરકારને સમજણ આવી નથી. માટે તે લોકડાઉનના પાંચમા તબક્કા ભણી આગળ વધી રહી છે. પ્રજા પણ લોકડાઉનથી ટેવાઈ ગઈ હોવાથી તે લોકડાઉન હટાવી લેવા માટે કોઈ આંદોલન કરવાને બદલે લોકડાઉન.પમાં કેટલી છૂટછાટ મળશે? તેની અટકળો લગાવી રહી છે. ભારતની પ્રજા માટે લોકડાઉન ખરેખર જરૂરી હતું કે નહીં? અને હવે લોકડાઉનને લંબાવ્યા કરવાથી કોઈ ફાયદો થશે ખરો? તેનો વિચાર કરવાની ક્ષમતા પણ આપણે ગુમાવી દીધી લાગે છે.



તા. ૨૪ માર્ચે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નેશનલ ટીવી પર આવીને લોકડાઉનની નાટ્યાત્મક જાહેરાત કરી ત્યારે તેઓ લોકડાઉનની જરૂરિયાત અને તેનાં પરિણામો બાબતમાં અંધારામાં જ હતા. તેનો સૌથી મોટો પુરાવો તેમનું વક્તવ્ય હતું. તેમણે કહ્યું હતું કે ‘‘મહાભારતનું યુદ્ધ ૧૮ દિવસમાં જીતી લેવામાં આવ્યું હતું. આખો દેશ કોરોના સામે જે યુદ્ધ લડી રહ્યો છે તે ૨૧ દિવસ ચાલવાનું છે. આપણો ઈરાદો ૨૧ દિવસમાં આ યુદ્ધ જીતવાનો છે.’’ વડા પ્રધાને ૧૩૦ કરોડ લોકોને લોકડાઉનમાં નાખતા પહેલા કોની સલાહ લીધી હતી? ક્યા આધારે તેમણે કહ્યું હતું કે કોરોના સામેનું યુદ્ધ આપણે ૨૧ દિવસમાં જીતી જશું? આ રહસ્ય કદી બહાર આવશે ખરું? જે યુદ્ધ ૨૧ દિવસમાં જીતવાનું હતું તે ૬૫ દિવસમાં કેમ જીતાયું નથી? તેનો ખુલાસો કોઈ આપશે?

ભારતમાં કોરોનાનો પહેલો કેસ તા. ૩૦ જાન્યુઆરીના કેરળમાં નોંધાયો હતો. ત્યાર બાદ ભારતે ૪૫ દિવસ સુધી દેશમાં આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો ચાલુ રાખી હતી. જો સરકારે સમયસર દેશના ૨૬ ઈન્ટરનેશનલ એરપોર્ટ લોક કરી દીધાં હોત તો આખા દેશને લોકડાઉનમાં નાખવાની જરૂર પડી ન હોત. આ ગંભીર ચૂકની જવાબદારી લેવા કોણ તૈયાર છે? સરકારે કેટલાક લાખ વિદેશના મહેમાનોને સગવડ આપવા ૧૩૦ કરોડ લોકોને મુસીબતમાં મૂકી દીધા હતા.

સરકાર જ્યારે ૪૫-૪૫ દિવસ સુધી કોરોના બાબતમાં ઘોરતી રહી ત્યારે તા. ૨૪ માર્ચના અચાનક જાગ્રત બનીને તેણે જે ધરખમ પગલું ભર્યું તે પણ પરિણામનો વિચાર કર્યા વગરનું પગલું હતું. ત્યારે દેશમાં કોઈ ગંભીર કટોકટી નહોતી ફાટી નીકળી કે યુદ્ધ નહોતું થયું કે માત્ર ચાર કલાકની નોટિસ આપીને આખા દેશને ઘરમાં નજરબંધ કરવાની જરૂર હતી. સિંગાપોરે પોતાના દેશના નાગરિકોને લોકડાઉન માટે તૈયાર થવા પાંચ દિવસની નોટિસ આપી હતી. દક્ષિણ આફ્રિકાએ ચાર દિવસની નોટિસ આપી હતી તો બાંગ્લા દેશે સાત દિવસનો સમય આપ્યો હતો. ભારત જેવા વિશાળ દેશમાં પણ સરકારે જો સાત દિવસનો સમય આપ્યો હોત તો કાંઈ બગડી જવાનું નહોતું. જો તેમ કરવામાં આવ્યું હોત તો મજૂરો તેમના વતન પહોંચી ગયા હોત અને તેમણે

પીડા ન ભોગવવી પડત. વડા પ્રધાને ચાર કલાકમાં લોકડાઉન ઠોકી બેસાડીને કરોડો લોકોને પરેશાનીમાં મૂકી દીધા હતા.

ભારત એક વિશાળ દેશ છે. તેમાં કોઈ પણ ઉપાય આખા દેશને લાગુ કરી શકાય નહીં. દરેક પ્રદેશની ભૌગોલિક તેમ જ સામાજીક પરિસ્થિતિ મુજબ નિર્ણયો લેવા જોઈએ. સરકારે તા. ૨૪ માર્ચે લોકડાઉનનો આદેશ આપ્યો ત્યારે ભારતના ૭૩૯ પૈકી ૬૦૦ જિલ્લાઓમાં કોરોના વાયરસનો એક પણ કિસ્સો નોંધાયો નહોતો. આ ૬૦૦ જિલ્લાઓમાં ભારતની ૮૦ ટકા વસતિ છે. આ જિલ્લાઓમાં લોકડાઉન કરવાની બિલકુલ જરૂર નહોતી. તેને બદલે આ ૬૦૦ જિલ્લાઓને બહારથી સીલ કરીને તેમાં બહારના લોકોની અવરજવર બંધ કરવામાં આવી હોત તો તેઓ બચી ગયા હોત. તેને બદલે સરકારે તે ૬૦૦ જિલ્લાઓના ૧૦૦ કરોડ લોકોને ઘરમાં પૂરી દીધા હતા પણ તે જિલ્લાઓમાં બહારના લોકોની આવક ચાલુ રાખી હતી, જેને કારણે તેમાં પણ સંક્રમણ ફેલાઈ ગયું છે.

યુરોપના દેશોના અનુભવ પરથી આપણને ખ્યાલ આવી ગયો હતો કે કોરોના વાયરસ મહદંશે ૬૫ વર્ષથી ઓછી વયના વરિષ્ઠ નાગરિકો માટે જોખમી છે. યુવાનો અને બાળકોમાં રોગપ્રતિકારક શક્તિ વધુ હોવાથી તેમણે ડરવાની જરૂર નથી. આ પરિસ્થિતિમાં લોકડાઉન માત્ર ૬૫ વર્ષથી ઉપરના નાગરિકો તેમ જ બીમાર લોકો માટે જ જરૂરી હતું. શાળાઓમાં ભણતાં બાળકો માટે અને દેશના અર્થતંત્રને ચલાવતા યુવાનો માટે લોકડાઉન બિલકુલ જરૂરી નહોતું પણ હાનિકારક હતું. જો માત્ર વૃદ્ધો માટે જ લોકડાઉન કરવામાં આવ્યું હોત તો તેઓ કોરોનાથી બચી જાત અને યુવાનો બેરોજગાર થવાથી બચી જાત. જો બાળકો અને યુવાનો ઘરમાં પૂરાઈ રહેવાને બદલે બહાર ફરતા હોત તો તેમના શરીરમાં કોરોના વાયરસ પ્રવેશ કરીને ચાલ્યો જાત અને હર્ડ ઈમ્યુનિટી આવી જાત.

ગુજરાત સરકારે તાજેતરમાં હાઈ કોર્ટમાં નિવેદન કર્યું હતું કે જો તેઓ તમામ નાગરિકોની કોરોના ટેસ્ટ કરાવે તો ૭૦ ટકા નાગરિકો કોરોના પોઝિટિવ નીકળે તેમ છે. જો સરકારનું આ નિવેદન સાચું માની લઈએ તો ભારતમાં આશરે ૧૦૦ કરોડ નાગરિકોના શરીરમાં કોરોના વાયરસ પ્રવેશી ચૂક્યો છે. જો તેમાંના માત્ર ૪,૦૦૦નાં જ મરણ થયાં હોય તો કોરોના વાયરસ તદ્દન નિર્દોષ પુરવાર થઈ જાય છે. જો કોરોના વાયરસ આટલો નિર્દોષ હોય તો સરકાર તેને શા માટે આટલી ગંભીરતાથી લઈ રહી છે? શા માટે કોઈ સોસાયટીમાં એક વ્યક્તિનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવે તો આખી સોસાયટીને સીલ કરીને બાકીના લોકોને આતંકિત કરવામાં આવે છે? શા માટે દરરોજ ક્યાં શહેરમાં અને ક્યાં ગામમાં કેટલા પોઝિટિવ થયા? તેના આંકડાઓ બહાર પાડવામાં આવે છે? શા માટે અખબારોમાં કોરોનાનો દૈનિક સ્કોર આપવામાં આવે છે? શા માટે ટીવીની ચેનલો પર ચીસો પાડીને કોરોનાનો કહેર ફેલાવવામાં આવે છે? શું કોરોનાનો ડર બતાડીને લોકોને પરેશાન કરવા બદલ ટીવીની ચેનલો, તેમના રિપોર્ટરો, એન્કરો અને માલિકો સામે ગુના ન દાખલ કરી શકાય?

**સરકાર જ્યારે ૪૫-૪૫ દિવસ સુધી કોરોના બાબતમાં ઘોરતી રહી ત્યારે તા. ૨૪ માર્ચના અચાનક જાગ્રત બનીને તેણે જે ધરખમ પગલું ભર્યું તે પણ પરિણામનો વિચાર કર્યા વગરનું પગલું હતું.**

ભારતનો એકવીસમી સદીનો ઈતિહાસ લખાશે ત્યારે લોકડાઉન શાસકોના સૌથી મૂર્ખામીભર્યાં પગલાં તરીકે પંકાશે તેમાં શંકા નથી. આ વગર વિચાર્યા લોકડાઉનને કારણે ભારતનું અર્થતંત્ર લગભગ એક દાયકા જેટલું પાછળ જતું રહ્યું છે. તેને લોકડાઉનના આંચકામાંથી કળ વળતા મહિનાઓ નહીં પણ કદાચ વર્ષો લાગશે. કદાચ કોરોના પછી આર્થિક ધબડકાની મોટી આફત આવી રહી છે. જે ચીનમાં કોરોના વાયરસનો પહેલો ફેલાવો થયો તેમાં પણ માત્ર વુહાન શહેરમાં જ લોકડાઉન કરવામાં આવ્યું હતું. બાકીનું ચીન ચાલુ જ હતું. સમગ્ર ભારતમાં લોકડાઉન કરવાનો નિર્ણય કોણે કર્યો? તેમની કઈ મજબૂરી હતી? તે શોધવા તપાસપંચ બેસાડવું જોઈએ.

લોકડાઉનના પુરસ્કર્તાઓ પણ કહે છે કે જ્યારે વાયરસનું ત્રીજા તબક્કાનું કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થાય ત્યારે જ લોકડાઉનનો ઉપયોગ કરવો જોઈએ, કારણ કે તે અંતિમ પગલું છે. ભારતમાં કોરોનાનો પ્રારંભ થયો ત્યારે જ આ અંતિમ પગલાંનો પ્રયોગ શરૂ કરવામાં આવ્યો હતો. ૨૧ દિવસના અનુભવ પછી ભૂલ સ્વીકારીને લોકડાઉન પાછું ખેંચી લેવાની જરૂર હતી. તેને બદલે ભૂલ પર ઢાંકપિછેડો કરવા લોકડાઉન ચાર વખત લંબાવવામાં આવ્યું હતું. હજુ ભારત કોમ્યુનિટી ટ્રાન્સમિશનના તબક્કામાં પહોંચ્યું જ નથી. તો શા માટે લોકડાઉન ઉઠાવી લેવામાં નથી આવતું? શું ભારતનું જનજીવન અને અર્થતંત્ર પૂરેપૂરું બરબાદ થઈ જાય તેની સરકાર રાહ જોઈ રહી છે?

# પ્રજા કોરોનાથી નહીં પણ જડ વહીવટીતંત્રથી પરેશાન થઈ ગઈ છે

કોરોનાનો વાયરસ પ્રજાને જેટલો નથી કનડી રહ્યો તેટલું જડ વહીવટીતંત્ર કનડી રહ્યું છે. કોરોનાના કાળમાં પોલિસતંત્રને દરેક નાગરિકને રીઢા ગુનેગાર ગણીને ફટકારવામાં ક્રૂર આનંદ મળી રહ્યો હતો. માટે જ ધાબામાં ભજિયાં પાર્ટી કરી રહેલાં કે મોર્નિંગ વોક કરી રહેલા નિર્દોષ નાગરિકોને પરેશાન કરવામાં આવ્યા હતા. આપણા દેશમાં જનતા માટે એક કાયદાઓ છે તો નેતાઓ માટે બીજા કાયદાઓ છે. બીજાં રાજ્યમાંથી કે બીજા જિલ્લામાંથી આવેલા આમ આદમીને ફરજિયાત ૧૪ દિવસ માટે ક્વોરન્ટાઇન કરવામાં આવે છે, પણ નેતાઓને તેમાં છૂટ મળી જાય છે.




તાજેતરમાં કેન્દ્રીય મંત્રી સદાનંદ ગોવડા દિલ્હીથી ફ્લાઇટમાં બેંગલોર આવ્યા. કર્ણાટક રાજ્યના નિયમ મુજબ તેમણે ૧૪ દિવસ ક્વોરન્ટાઇનમાં રહેવું જરૂરી હતું. તેની પરવા કર્યા વિના તેઓ કારમાં બેસીને ઘરે પહોંચી ગયા. જો કોઈ સામાન્ય નાગરિક હોત તો તેની સામે એફઆઈઆર કરવામાં આવી હોત અને હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરવામાં આવ્યો હોત. સદાનંદ ગોવડાએ કહ્યું કે તેઓ કેન્દ્રીય મંત્રી હોવાથી ક્વોરન્ટાઇનના નિયમો તેમને લાગુ પડતા નથી. શું કોરોના કેન્દ્રીય મંત્રી અને આમ નાગરિક વચ્ચેનો ફરક સમજે છે? જો ના, તો નિયમો બધા માટે સમાન હોવા જોઈએ. કેન્દ્રીય મંત્રીને સ્વતંત્રતા જેટલી વહાલી છે, તેટલી આમ નાગરિકને પણ છે. જો કોરોનાથી બચાવવા માટે આમ આદમીની સ્વતંત્રતા છીનવી શકાતી હોય તો મંત્રીને છૂટ કેમ મળવી જોઈએ?

કોરોનામાં વીઆઈપી કલ્ચર કેવી રીતે સંભવી શકે? સદાનંદ ગોવડાએ દલીલ કરી કે હું તો મંત્રી છું. મારે ઘણાં મહત્ત્વનાં કામો હોય. મને ક્વોરન્ટાઇનના નિયમોમાં છૂટછાટ મળવી જોઈએ. કર્ણાટક સરકારે તેમની માગણી માન્ય રાખી. સાંજ સુધીમાં રાજ્ય સરકાર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું કે કેન્દ્રીય તેમ જ રાજ્યના મંત્રીઓને ક્વોરન્ટાઇનના નિયમોમાંથી મુક્તિ આપવામાં આવે છે. તેનો અર્થ શું એવો કરી શકાય કે કોરોના વાયરસ મંત્રીઓના શરીરમાં પ્રવેશ નથી કરવાનો?

ક્વોરન્ટાઇન જેવું નાટક સોશિયલ ડિસ્ટન્સિંગનું ચાલી રહ્યું છે. જો આપણાં શહેરમાં કોઈ દુકાનદાર તેની દુકાનની બહાર લાગેલી લાઇનમાં સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ ન કરાવી શકે તો તેની સામે એફઆઈઆર કરવામાં આવે છે અને રોકડ દંડ પણ કરવામાં આવે છે. જો બાઈકમાં એક કરતાં વધુ અને કારમાં ત્રણ કરતાં વધુ ઉતારુ હોય તો વાહન જપ્ત કરવામાં આવે છે. તાજેતરમાં રેલવે દ્વારા શ્રમિક સ્પેશિયલ ટ્રેનોમાં વચ્ચેની બર્થ ખાલી રાખ્યા વિના બધી બર્થ ભરી દેવામાં આવી. કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત રેલવે દ્વારા જ સોશિયલ ડિસ્ટન્સિંગનો છડેચોક ભંગ કરવામાં આવ્યો. તો પણ રેલવે મિનિસ્ટર સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હોવાનું સંભળાતું નથી. જો કારમાં ચાર ઉતારુ બેસાડતા કાર જપ્ત થતી હોય તો પોલિસે આખી ટ્રેન પણ જપ્ત કરી લેવી જોઈએ. જો રેલવેમાં સોશિયલ ડિસ્ટન્સિંગની જરૂર ન

હોય તો આપણી પાસે કેમ આગ્રહ રાખવામાં આવે છે?

વંદે ભારત મિશન દ્વારા વિદેશમાં સલવાઈ ગયેલા ભારતીયોને સ્વદેશ પાછા લાવવા એર ઈન્ડિયા દ્વારા સ્પેશિયલ ફલાઈટો ચલાવવામાં આવે છે. પહેલા જાહેર કરવામાં આવ્યું હતું કે તેમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવા વચ્ચેની સીટ ખાલી રાખવામાં આવશે. કેન્દ્ર સરકાર હસ્તકની એરલાઈન્સે સલામતી કરતાં નફાને વધુ પ્રાધાન્ય આપ્યું. તેણે વચ્ચેની બધી સીટો પણ બુક કરી નાખી. કોઈએ તેની સામે બોમ્બે હાઈ કોર્ટમાં જાહેર હિતની અરજી ફાઈલ કરી. બોમ્બે હાઈ કોર્ટે ન્યાય તોળતા કહ્યું કે ઉતારુની સલામતી માટે વચ્ચેની સીટો કેન્સલ કરી નાખો. જોકે આ જ બોમ્બે હાઈ કોર્ટે સ્થાનિક ફલાઈટમાં વચ્ચેની સીટો ભરવાનાં પગલાંને ફોક ન કર્યું. બોમ્બે હાઈ કોર્ટ શું એમ માને છે કે વિદેશથી આવતા ભારતીયો કરતા દેશી ભારતીયોની જિંદગી સસ્તી છે?

ભારતના નાગરિકોનો જાન બચાવવા માટે લોકડાઉન કરીને ૨૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન વહોરી લેનારી કેન્દ્ર સરકારે બોમ્બે હાઈ કોર્ટના નિર્ણયને સુપ્રિમ કોર્ટમાં પડકાર્યો. સરકારની દલીલ હતી કે જો વચ્ચેની સીટો ખાલી રાખવામાં આવશે તો એર ઈન્ડિયાને કરોડો રૂપિયાનું નુકસાન થશે. શું લોકડાઉન જાહેર કરતી વખતે કેન્દ્ર સરકારને આવો વિચાર નહોતો આવ્યો? સુપ્રિમ કોર્ટ સરકારને કોરોનાનો ભય તેમ જ સોશિયલ ડિસ્ટન્સિંગનો નિયમ યાદ કરાવ્યો. કેન્દ્ર સરકારે દલીલ કરી કે જે ભારતીયોની ટિકિટ કેન્સલ થશે તેમને વિદેશોમાં ભૂખ્યા રહેવું પડશે. સુપ્રિમ કોર્ટ પીગળી ગઈ. તેણે ૭ જૂન સુધી વચ્ચેની સીટ ભરવાની પરવાનગી આપી દીધી. જો વિમાનમાં આવતા ભારતીયોની દયા ખાઈને કોર્ટે પરવાનગી આપી તો કરોડો મજૂરોને શા માટે સડક પર ભૂખ્યા છોડી દેવામાં આવ્યા?

કોરોનાની આડમાં તબીબી ક્ષેત્રે મોટું કૌભાંડ ચાલી રહ્યું છે. આ કૌભાંડ સોલિડારિટી ટ્રાયલના નામે વિવિધ રોગોમાં વપરાતી દવાઓનો કોવિદ-૧૯ના દર્દીઓ પર પ્રયોગ કરવાનું કૌભાંડ છે. ફાર્માસ્યુટિકલ કંપનીઓને પોતાની દવાઓની ટ્રાયલ મફતમાં કરવા માટેનાં પ્રાણીઓ મળી ગયાં છે. કોવિદના દર્દીઓને જાણ કર્યા વિના તેમની પર ચાર દવાઓની ટ્રાયલ કરવામાં આવે છે. તેમાંની એક હાઈડ્રોક્સીક્લોરોક્વિન છે. આ દવા સામાન્ય રીતે મેલેરિયા માટે વાપરવામાં આવે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાને તુક્કો સૂઝ્યો કે તેનો પ્રયોગ કોરોનાના દર્દીઓ પર કરી જોઈએ.

**કોરોનાના દર્દીઓને આઈસોલેશન વોર્ડમાં રાખવાનું મુખ્ય કારણ એ છે કે તેમની પર કઈ દવાના પ્રયોગો ચાલી રહ્યા છે તેની તેમના સગાવહાલાને પણ ખબર પડે નહીં.**

કોરોનાના દર્દીઓને આઈસોલેશન વોર્ડમાં રાખવાનું મુખ્ય કારણ એ છે કે તેમની પર કઈ દવાના પ્રયોગો ચાલી રહ્યા છે તેની તેમના સગાવહાલાને પણ ખબર પડે નહીં. હાઈડ્રોક્સીક્લોરોક્વિન દવા તંદુરસ્ત માણસોને આપવાથી તેમના હૃદયને નુકસાન થાય છે અને મરણ પણ થાય છે, તેવા હેવાલો પણ મોજૂદ હતા. તેની પણ ઉપેક્ષા કરીને વિશ્વ આરોગ્ય સંસ્થાના આદેશથી હજારો પોઝિટિવ પણ તંદુરસ્ત માનવો પર તેના પ્રયોગો કરવામાં આવ્યા. તેમાંના કેટલાક મરી ગયા તો તેને કોરોના મરણમાં ખપાવી દેવામાં આવ્યા. કોરોનાનો દર્દી મરી જાય તો તેનું પોસ્ટમોર્ટમ નથી કરવામાં આવતું તેનું આ પણ કારણ છે. જો પોસ્ટમોર્ટમ કરવામાં આવે તો બહાર આવી જાય કે ફલાણી દવા લેવાને કારણે તેનું મરણ થયું છે. બ્રિટનના પ્રતિષ્ઠિત લાન્સેટ મેગેઝિનમાં હેવાલ છપાયો કે હાઈડ્રોક્સીક્લોરોક્વિન કોરોનાના દર્દીઓ માટે હાનિકારક છે. વિશ્વ આરોગ્ય સંસ્થાનો ભાંડો ફૂટી ગયો ત્યારે તેણે હાઈડ્રોક્સીક્લોરોક્વિનની ટ્રાયલ બંધ કરી. જોકે બાકીની ત્રણ દવાની ટ્રાયલો હજુ ચાલુ છે. ભારત સરકારે આ અખતરાઓ કરવાની છૂટ આપી છે.

કોરોનાને કારણે દેશના કરોડો નાગરિકોને તુમાખીખોર સરકારી અમલદારોની ઉદ્ધતાઈનો અને કડકાઈનો ભોગ બનવું પડે છે. સરકાર દ્વારા બુદ્ધિમાં ન ઊતરે તેવા આદેશો બહાર પાડવામાં આવે છે. તેવો એક આદેશ સાંજે સાતથી સવારના સાત દરમિયાન કર્ફ્યુનો અમલ કરવાનો છે. શું કોરોનાનો વાયરસ સાંજે સાતથી સવારે સાત દરમિયાન જ રસ્તા પર આંટા મારવા નીકળે છે? શું દિવસ દરમિયાન તે પોતાના ઘરમાં આરામ કરતો હોય છે? સાંજે સાતથી સવારે સાતના કર્ફ્યુને કોરોના સાથે શું સંબંધ છે? કોરોનાને નામે નાગરિકોની સ્વતંત્રતા પર બિનજરૂરી તરાપ કેમ મારવામાં આવે છે? ભાજપની સરકારે કોરોનાનો ઉપયોગ જે રીતે પ્રજાની સ્વતંત્રતા આંચકી લેવા માટે કર્યો છે તેને કારણે કરોડો મતદારો ભાજપથી નારાજ થઈ ગયા છે તેમાં કોઈ શંકા નથી.

# લોકડાઉન કરવાનો નિર્ણય જૂઠા વૈજ્ઞાનિક મોડેલના આધારે કરવામાં આવ્યો હતો




ભારતમાં કોરોના વાયરસને કારણે જેટલું નુકસાન થયું હશે તેના કરતાં હજાર ગણું નુકસાન ઉતાવળે લોકડાઉન કરવાને કારણે થયું છે. વર્તમાનમાં આપણે ભારતમાં જે આર્થિક અને સામાજીક કટોકટી નિહાળી રહ્યા છીએ તેના માટે કોવિદ-૧૯ જવાબદાર નથી પણ તેનો મુકાબલો કરવા માટે ગભરાટમાં કરવામાં આવેલું લોકડાઉન જવાબદાર છે. આ લોકડાઉન કોઈ ભારતીય નહીં પણ બ્રિટીશ નિષ્ણાતની સલાહ મુજબ કરવામાં આવ્યું હતું. લંડનની ઈમ્પિરિયલ કોલેજના તથાકથિત વિજ્ઞાની નીલ ફર્ગ્યુસને તેમના ગણિતિક મોડેલના આધારે આગાહી કરી હતી કે જો લોકડાઉન નહીં કરવામાં આવે તો અમેરિકામાં ૨૨ લાખ અને બ્રિટનમાં ૫.૧ લાખ સહિત વિશ્વમાં કુલ ૯ કરોડ લોકો માર્યા જશે. બ્રિટનના વડા પ્રધાન બોરિસ જોનસન લોકડાઉન કર્યા વિના હર્ડ ઈમ્યુનિટી દ્વારા કોરોનાનો મુકાબલો કરવા માગતા હતા; પણ ફર્ગ્યસનના વર્તારાથી ગભરાઈને તેમણે લોકડાઉનનો આદેશ કર્યો હતો. નીલ ફર્ગ્યુસનનું કહેવું હતું કે જો સ્કૂલો, કોલેજો, ફેક્ટરીઓ અને ઓફિસો બંધ કરી દેવામાં આવશે તો જ લાખો મનુષ્યોની જિંદગી બચાવી શકાશે. બ્રિટને ફર્ગ્યુસનની સલાહ માનીને લોકડાઉનનો અમલ કર્યો પણ સ્વીડને લોકડાઉન કર્યા વિના હર્ડ ઈમ્યુનિટી વડે કોવિદ-૧૯નો મુકાબલો કરવાનું નક્કી કર્યું તો તેમાં તેને સફળતા મળી. ફર્ગ્યુસને કહ્યું હતું કે જો સ્વિડનમાં લોકડાઉન નહીં કરવામાં આવે તો ત્યાં ૨૦,૦૦૦ મરણ થશે; પણ હકીકતમાં ત્યાં ૩,૦૦૦ જેટલાં મરણ જ થયાં છે. તેની સામે બ્રિટનમાં લોકડાઉન છતાં પણ ૩૫,૦૦૦ જેટલાં મરણ થયાં હતાં. ફર્ગ્યુસને અમેરિકામાં ૨૨ લાખ મરણ થવાની આગાહી કરી હતી; પણ હકીકતમાં મરણનો આંકડો એક લાખની નીચે છે. નીલ ફર્ગ્યુસન પોતે ચિંધેલા લોકડાઉનનો ભંગ કરીને પોતાની ગર્લફ્રેન્ડને મળવા ગયો અને પકડાઈ ગયો તે પછી તેને રાજીનામું આપવાની ફરજ પડી હતી. ભારતમાં ૨૫ માર્ચે જે લોકડાઉન શરૂ કરવામાં આવ્યું તે પણ ઈમ્પિરિયલ મોડેલના આધારે કરવામાં આવ્યું હતું.

ભારત સરકારે લોકડાઉન જાહેર કર્યું ત્યારે દેશમાં કોવિદ-૧૯ના માત્ર ૪૩૪ કેસો હતા અને ૯ મરણ થયાં હતાં. સરકારે ઈમ્પિરિયલ મોડેલના આધારે ધારી લીધું હતું કે ભારતમાં કરોડો લોકો કોરોના વાયરસનો ભોગ બનશે અને લાખો મરી જશે. ઈમ્પિરિયલ કોલેજનો અભ્યાસ યુરોપની આબોહવાને આધારે કરવામાં આવ્યો હતો. ભારતમાં આબોહવા પ્રમાણમાં ગરમ રહેતી હોવાથી વાયરસનો ફેલાવો આપોઆપ નિયંત્રિત બની જતો હોય છે. વળી ભારતની પ્રજા ગંદકીથી ટેવાઈ ગયેલી હોવાથી તેની રોગપ્રતિકારક શક્તિ પ્રમાણમાં વધુ હતી. યુરોપના દેશોની સરખામણીમાં ભારતમાં યુવાનોની વસતિ વધુ હોવાથી પણ ભારતમાં મરણનું પ્રમાણ નીચું રહ્યું હતું. આ તમામ પાસાંઓની વિચારણા કર્યા વિના સરકારે રાક્ષસી લોકડાઉન ઠોકી બેસાડીને કરોડો દાડિયા મજૂરોને બેઘર અને બેરોજગાર બનાવી મૂક્યા હતા; જે સમસ્યામાંથી દેશ હજુ બહાર આવી શક્યો નથી.

પબ્લિકમાં કોરોના વાયરસનો ભય

ફેલાઈ ગયો તે માટે મીડિયા દ્વાર સતત આપવામાં આવતા ભડકામણા આંકડાઓ પણ જવાબદાર છે. બે મહિના પછી પણ ભારતમાં કોરોના પોઝિટિવ લોકોની સંખ્યા ૧. ૩૯ લાખ પર પહોંચી હતી, જે ભારતની કુલ વસતિના ૦.૦૦૦૧ ટકા જેટલા જ હતી. તેમાંના ૫૭,૭૨૧ તો સાજા થઈને ઘરે પાછા પહોંચી ગયા છે. હાલમાં ભારતમાં આશરે ૨૫ લાખ લોકો જ કોરોના સંક્રમિત છે. તેમાં પણ ૮૦ ટકા બિલકુલ તંદુરસ્ત છે. તેમના શરીરમાં રોગના કોઈ લક્ષણો નથી. ૧૩૮ કરોડની વસતિમાં આશરે ૫૦,૦૦૦ જ મરણ થયાં છે. તેની સામે ભારતમાં રોજનાં ૨૬,૦૦૦ મરણ વિવિધ રોગોથી થાય છે. મીડિયામાં આ વાત કહેવામાં આવતી નથી.

નિષ્ણાતો કહે છે કે કોઈ પણ મહામારીને રોકવા માટે લોકડાઉન જાહેર કરવું હોય તો પણ તે બીમારી તેના શિખર તરફ આગળ વધી રહી હોય ત્યારે ટૂંક સમય માટે જાહેર કરવું જોઈએ. ભારતમાં તો કોવિદ-૧૯ના પ્રારંભિક તબક્કામાં જ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. તેને કારણે લોકડાઉન છતાં સંક્રમણ સતત વધતું રહ્યું હતું. હકીકતમાં લોકડાઉનનો કોઈ પ્રભાવ વાયરસના ફેલાવા ઉપર પડ્યો નહોતો. સરકારે કોરોના વાયરસને ખતરનાક માનીને બહુ મોટી ભૂલ કરી હતી. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના નિષ્ણાતો દ્વારા જાહેર કરવામાં આવ્યું કે કોરોના વાયરસ ફલુના વાયરસ જેટલો જ વિનાશક છે; પણ ભારત સરકારે તેની નોંધ પણ લીધી નહોતી. સામાન્ય રીતે ફલુનો વાયરસ શિયાળાના અંતમાં દેખા દેતો હોય છે અને જથી ૬ સપ્તાહ ચાલતો હોય છે. તે પછી તે આપમેળે વિદાય લેતો હોય છે. તેને કન્ટ્રોલ કરવા માટે લોકડાઉનની જરૂર જ નથી હોતી.

ઘણા લોકો દલીલ કરે છે કે સમયસર લોકડાઉન કરવાને કારણે ભારત બચી ગયું હતું અને લાખો મરણ ટાળી શકાયાં હતાં. આ દલીલ તર્કપૂર્ણ નથી; કારણ કે તા. ૧૭ મેના લોકડાઉનમાં નોંધપાત્ર છૂટછાટ આપ્યા પછી પણ ભારતમાં કોવિદ-૧૯ના કેસોમાં કોઈ જોરદાર ઉછાળો જોવા મળતો નથી. હવે ભારતમાં દુકાનો ખૂલી ગઈ છે, બસો ચાલુ થઈ ગઈ છે, ટ્રેનો ચાલી રહી છે, ફેક્ટરીઓ શરૂ થઈ ગઈ છે, રસ્તા પર રિક્ષાઓ ફરી રહી છે અને લોકો કામે જઈ રહ્યા છે તો પણ રોજના આશરે ૬,૦૦૦ નવા કેસો નોંધાય છે. લોકડાઉનમાં છૂટ આપી તે પહેલાં રોજ આશરે ૧૦૦ નાગરિકો મરતા હતા, જેમાં ખાસ કોઈ ઉછાળો જોવા મળ્યો નથી. જેમને કરોનાની સારવાર અપાઈ રહી છે તેમાંના પણ ૮૦ ટકા સારાસાજા છે. હકીકતમાં તેમને સારવારની જરૂર જ નથી.

**સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના નિષ્ણાતો દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું કે કોરોના વાયરસ ફલુના વાયરસ જેટલો જ વિનાશક છે; પણ ભારત સરકારે તેની નોંધ પણ લીધી નહોતી.**

મીડિયામાં કોરોના બાબતમાં જે ભય ફેલાવાઈ રહ્યો છે તેને કારણે લોકો માનતા થઈ ગયા છે કે જો સરકાર લોકડાઉન ઉઠાવી લેશે તો તેઓ મરી જશે. વાલીઓ પોતાનાં બાળકોને સ્કૂલે મોકલવા પણ તૈયાર નથી. તેને કારણે સરકારને વેકેશન પણ લંબાવવાની ફરજ પડી છે. હકીકતમાં વર્તમાન કોરોના વાયરસ માત્ર બુઝર્ગો માટે જ હાનિકારક પુરવાર થયો છે. બાળકો પર તેની ઝાઝી અસર જોવા મળતી નથી. તેમ છતાં ભયભીત વાલીઓ બાળકોને સ્કૂલે મોકલવા તૈયાર નથી. તેને કારણે સરકારને ઓનલાઇન ભણતર શરૂ કરવાની ફરજ પડી છે, જેમાં બાળકો ખાસ ભણતા નથી.

સરકારે તેમ જ મીડિયાએ કોરોના વાયરસને લઈને પ્રજાના મનમાં જે ભય પેદા કર્યો છે તેને કારણે જ હવે સરકાર ચાહીને પણ લોકડાઉનનો અંત લાવી શકતી નથી. સરકારને સમજાઈ ગયું છે કે કોરોના વાયરસ સહેલાઈથી વિદાય લેવાનો નથી. તે હાજર છે અને વારંવાર પાછો આવવાનો છે. તેનાથી ડરીને કાયમ માટે ઘરે બેસી રહેવું સંભવિત નથી. જો સરકાર આ વાત જાહેર કરી દે તો તેનો અર્થ થાય છે, લોકડાઉન નિરર્થક હતું તેવું સરકારે સ્વીકારી લીધું છે. જો સરકાર માનતી હોય કે લોકડાઉનને કારણે જ દેશ બચી ગયો છે, તો તેણે કાયમી લોકડાઉન ચાલુ રાખવું પડે.

સરકાર હવે કહે છે કે કાયમ માટે દેશને લોકડાઉનમાં રાખી શકાય નહીં. આપણે કોરોના સાથે જીવતા શીખવું પડશે. જો સરકારમાં આ ડહાપણ વહેલું આવ્યું હોત તો આપણે લોકડાઉનની પીડામાંથી અને બરબાદીથી બચી ગયા હોત. હવે સરકાર કોરોના સાથે જીવતા શીખવાનું કહે છે, તેનો અર્થ પણ હર્ડ ઈમ્યુનિટી વિકસાવીને કોરોનાનો મુકાબલો કરવાની વાત છે. સ્વીડને લોકડાઉન કર્યા વિના તે કર્યું હતું. ભારત સરકારે તે સમજીને લોકડાઉનના નાટકનો અંત આણવો જોઈએ.

# કોરોના ચાલ્યો જશે પણ આપણને કન્ટ્રોલ કરનારા કાયદાઓ કાયમ રહી જશે



અમેરિકા પર આતંકવાદી હુમલો થયો તે પછી દુનિયાભરના દેશોમાં આતંકવાદ સામે લડવાને નામે નાગરિકોની જાસૂસી કરવાની પરવાનગી આપતા કાયદાઓ પસાર થયા હતા. તેમાંનો એક કાયદો કારના કાચ પર કાળી ફિલ્મ ન લગાવવાને લગતો હતો. બીજો કાયદો જાહેર સ્થળો પર મેટલ ડિટેક્ટર વડે શરીરનું સ્ક્રિનીંગ કરવાને લગતો હતો. ત્રીજો કાયદો સિમ કાર્ડ લેવા માટે દસ્તાવેજો રજૂ કરવાને લગતો હતો. ભારતમાં છેલ્લાં ૬ વર્ષમાં જમ્મુ અને કાશ્મીરને બાદ કરતાં આતંકવાદની કોઈ ઘટના બની નથી; તેમ છતાં ઉપરના તમામ કાયદાઓ કાયમી બની ગયા છે. આજે પણ ટ્રાફિક હવાલદારો કારના કાચ પર કાળી ફિલ્મ જોઈને દંડ ફટકારે છે. સરકારે આતંકવાદનો ઉપયોગ જે રીતે આપણી સ્વતંત્રતાને મર્યાદિત બનાવવા માટે કર્યો તેમ તે કોરોનાનો ઉપયોગ પણ આપણને કન્ટ્રોલ કરતા સખત કાયદાઓ ઘડવા માટે કરી રહી છે. થોડા સમય પછી કોરોનાનો વાયરસ નબળો પડી જશે તે પછી વિવિધ ક્ષેત્રોમાં ઘડાયેલા કાયદા નાબૂદ કરવામાં આવશે તેની કોઈ ગેરન્ટી નથી.

(૧) સરકારે કોરોના સામે રક્ષણ આપવાના નામે રેલવેમાં, ઓફિસોમાં, ફ્લાઈટમાં આરોગ્ય સેતુ એપને લગભગ ફરજિયાત બનાવી છે. આ એપનો ઉપયોગ નાગરિકોનું ટ્રેકિંગ કરવા માટે અને તેમની જાસૂસી કરવા માટે પણ થઈ શકે છે. ભવિષ્યમાં તેનો ઉપયોગ વેક્સિનેશન સર્ટિફિકેટ તરીકે પણ થઈ શકે છે. જેમણે વેક્સિનેશન સર્ટિફિકેટ આરોગ્ય સેતુમાં અપલોડ ન કર્યું હોય તેને જાહેર સ્થળોમાં પ્રવેશ નિષેધ કરવામાં આવે કે રેશનમાં અનાજ ન મળે તેવું પણ બની શકે છે.

(૨) કોરોનાના નામે સરકાર ડિજિટલ કરન્સીને ફરજિયાત બનાવવાનો ઈરાદો સેવી રહી છે. તેના પાઈલોટ પ્રોજેક્ટ તરીકે અમદાવાદના ફેરિયાઓ પસંદ કરવામાં આવ્યા છે. તેમને મોબાઈલ દ્વારા જ પેમેન્ટ લેવાનું કહેવામાં આવ્યું છે. જો કરન્સી નોટોને નાબૂદ કરવામાં આવે તો આપણા તમામ રૂપિયા પર સરકારનો કન્ટ્રોલ આવી જાય અને તે આપણને નચાવી શકે છે.

(૩) કોરોનાને નામે સરકાર શાળાના શિક્ષણની તરાહમાં ધરમૂળથી પરિવર્તન કરવા જઈ રહી છે. કોરોનાનો લાભ લઈને તેણે શિક્ષણની નવી પદ્ધતિનો અમલ પણ શરૂ કરી દીધો છે. અત્યારે વાલીઓ સંક્રમણના ડરથી પોતાનાં બાળકોને વર્ગખંડમાં મોકલતા ડરી રહ્યા છે. તે ડરનો લાભ લઈને સ્કૂલો દ્વારા વેકેશનમાં પણ ઓનલાઇન શિક્ષણ શરૂ કરી દેવામાં આવ્યું છે. સરકાર આખા દેશમાં એકસરખો પાઠ્યક્રમ લાવવા માગે છે, જેથી દેશનાં તમામ બાળકોના મગજ પર અંકુશ જમાવી શકાય. આ માટે વર્ચ્યુઅલ ક્લાસરૂમ જરૂરી છે. કોરોનાને નામે તેનો અમલ શરૂ થઈ ગયો છે. તેને કારણે ગુરુ-શિષ્ય વચ્ચેના સંબંધો ખતમ થશે અને બાળકો યંત્રમાનવ જેવા થઈ જશે.

(૪) કોરોનાને કારણે ભારતમાં જે ઉદ્યોગો બંધ થઈ ગયા છે તેનું સાટું વાળવા માટે સરકાર ખાસ કરીને ચીનના ઉદ્યોગોને ભારત લાવવાની કોશિષ કરી રહી છે. તેના બહાને ભારતના મજૂર કાયદાઓમાં પણ પરિવર્તન કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. નવા કાયદાઓ મુજબ કારખાનાંઓમાં આઠ કલાકને બદલે ૧૬ કલાકની પાળી રહેશે; પણ મજૂરોનો પગાર વધારવામાં નહીં આવે. નવા કાયદાઓ મુજબ મજૂરો કોઈ પણ ટ્રેડ યુનિયનમાં જોડાઈ શકશે નહીં. તેમને ગમે ત્યારે નોકરીમાંથી કાઢી શકાશે. તેમને

લઘુતમ વેતન ધારો પણ લાગુ નહીં પડે. કારખાનાંઓમાં સ્વચ્છતા અને સલામતીનાં ધોરણોમાં પણ બાંધછોડ કરવામાં આવશે, જેનું નુકસાન મજૂરોને થશે.

(૫) કોરોનાને બહાને પર્યાવરણની સુરક્ષા અંગેના કાયદાઓમાં પણ ફેરફારો કરવામાં આવી રહ્યા છે. નવા કાયદાઓ મુજબ કોઈ પણ નવો ઉદ્યોગ શરૂ કરવા પર્યાવરણ ખાતાંની પૂર્વ મંજૂરી લેવી જરૂરી નહીં રહે. તેને કારણે ઉદ્યોગોને જંગલો કાપવાનું, જમીનને બરબાદ કરવાનું, પાણીનો દુરુપયોગ કરવાનું અને વાયુને પ્રદૂષિત કરવાનું લાઈસન્સ મળી જશે. જે લોકો ફેક્ટરીઓની નજીક રહેતા હશે તેમના અને તેમના પશુઓના આરોગ્યને ભરપાઈ ન કરી શકાય તેવું નુકસાન થશે.

(૬) કોરોનાનો ડર બતાડીને આપણા તહેવારોની રોનક છીનવી લેવામાં આવશે. ગણેશ ચતુર્થી નિમિત્તે સરઘસો કાઢવાની પરવાનગી આપવામાં આવશે નહીં. નવરાત્રિમાં દાંડિયા રમતી વખતે બે વારનું અંતર રાખવાનું કહેવામાં આવશે. હોળીમાં ગુલાલ છાંટતી વખતે સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવાનું કહેવામાં આવશે. જગન્નાથની રથયાત્રાના વરઘોડામાં પણ મર્યાદિત સંખ્યામાં ભાવિકો જ જોડાઈ શકશે. સમૂહ ભોજનનું આયોજન કરી નહીં શકાય. મંદિરોમાં અને મસ્જિદોમાં પણ નિયમોનું પાલન ન કરનારને જેલની હવા ખવડાવવામાં આવશે.

(૭) ભારત દેશની સંસ્કૃતિ તેના મેળાઓમાં પ્રદર્શિત થતી હોય છે. જૂનાગઢમાં ભવનાથનો મેળો, સૌરાષ્ટ્રમાં તરણેતરનો મેળો, અજમેરનો પુષ્કર મેળો, કચ્છમાં આશાપુરા માતાનો મેળો, બનાસકાંઠામાં અંબાજીનો મેળો વગેરેમાં લાખોની સંખ્યામાં ભાવિકો આવતા હોય છે. જૈનો શ્રી શત્રુંજય તીર્થની ૬ ગાઉની યાત્રા યોજે તેમાં પણ હજારો ભાવિકો ઉમટતા હોય છે. આ તમામ મેળાઓ સોશિયલ ડિસ્ટન્સિંગના નામે બંધ કરવામાં આવશે કે મર્યાદિત કરવામાં આવશે. મેળા દ્વારા બાળકોને જે મનોરંજન તેમ જ સંસ્કૃતિનું શિક્ષણ મળતું હોય છે તે કાયમ માટે બંધ થઈ જશે.

(૮) કોરોના જ્યારે જાન્યુઆરીમાં આવ્યો ત્યારે આપણને કહેવામાં આવતું હતું કે આપણે ત્રણ સપ્તાહ લોકડાઉનનું કડક પાલન કરીશું ત્યારે કોરોના ચાલ્યો જશે. હવે આપણને કહેવામાં આવે છે કે કોરોના કાયમ રહેવાનો છે; માટે આપણે કોરોના સાથે જીવતા શીખવાનું છે. તેનો અર્થ એટલો જ થાય કે સરકારે કોરોનાને નિમિત્તે જે કાયદાઓ બનાવ્યા છે તે કાયમ રહેવાના છે. આવો કાયદો ફેક્ટરીઓમાં કે ઓફિસોમાં ૫૦ ટકા સ્ટાફ બોલાવવાનો છે. તેને કારણે ઉત્પાદનમાં ઘટાડો થશે. વળી ૫૦ ટકા લોકોની નોકરી જશે; અથવા પગાર ઘટશે. લાખો પરિવારો પાયમાલ થઈ જશે.

> **સરકારે આતંકવાદનો ઉપયોગ જે રીતે આપણી સ્વતંત્રતાને મર્યાદિત બનાવવા માટે કર્યો તેમ તે કોરોનાનો ઉપયોગ પણ આપણને કન્ટ્રોલ કરતા સખત કાયદાઓ ઘડવા માટે કરી રહી છે.**

(૯) કોરોનાને કારણે કદાચ ભારતની ચૂંટણી પ્રથા પણ બદલાઈ જશે. હાલમાં બૂથ પર વોટિંગ કરવા દ્વારા ચૂંટણીઓ યોજવામાં આવે છે. હવે સોશિયલ ડિસ્ટન્સિંગના નામે ચૂંટણીઓ પણ કદાચ ઓનલાઇન યોજવામાં આવશે. દરેક મતદારને એક આઈડી અને પાસવર્ડ આપી દેવામાં આવશે. તેનો ઉપયોગ કરીને તે પોતાના મોબાઇલ દ્વારા મતદાન કરી શકશે. આ પદ્ધતિ શાસક પક્ષ માટે ફાયદાકારક હશે. અત્યારે વોટિંગ મશીનમાં ગોલમાલ કરવી અઘરી પડે છે, પણ ઓનલાઈન વોટિંગ થશે તો સર્વરમાં ગરબડ કરીને શાસક પક્ષ જેવા ચાહે તેવાં પરિણામો મેળવી શકશે.

આજે કોરોનાને કારણે લોકો એટલા ભયભીત થઈ ગયા છે કે તેમણે સામે ચાલીને પોતાની સ્વતંત્રતા કુરબાન કરી છે. કોઈ નાગરિક લોકડાઉન દરમિયાન ઘરની બહાર નીકળે અને પોલિસ તેને દંડા મારે તો બાકીના નાગરિકો દુઃખી નથી થતાં પણ હરખાય છે. પોલિસો પ્રજા પર અત્યાચારો ગુજારે છે તે પણ લોકો કોરોનાના ડરે સહન કરી લે છે. સરકાર દ્વારા કોઈ પણ જાતની નોટિસ આપ્યા વિના કરોડો મજૂરોને બેઘર બનાવી દેવામાં આવ્યા તો પણ તેમને સરકારનો વાંક દેખાતો નથી. કોરોનાને કારણે આપણા તમામ બંધારણીય અધિકારો પર તરાપ મારવામાં આવી છે. હવે કોરોના સાથે જીવતા શીખવાનું કહીને સરકાર પ્રજાની આ ગુલામી કાયમી કરી દેવા માગે છે.

# રસી લેનારાને કોવિદ-૧૯ સામે સંરક્ષણ મળશે તેની કોઈ ગેરન્ટી નથી




મીડિયા દ્વારા કોરોના વાયરસનો ભય પેદા કરવામાં આવ્યો હોવાથી કરોડો લોકો કોવિદ-૧૯ની રસીની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. તેઓ માને છે કે એક વાર કોવિદ-૧૯ની રસી લેવામાં આવે તે પછી જિંદગીભર તેઓ સુરક્ષિત રહેશે; પણ હકીકત કાંઈક અલગ છે. વિજ્ઞાનીઓના કહેવા મુજબ જે ૧૦૦ લોકો કોવિદ-૧૯ની રસી લેશે તેમાંના વધુમાં વધુ ૬૦ને જ કોરોના સામે સંરક્ષણ મળશે. બાકીના ૪૦ જેટલા રસી લીધા પછી પણ કોરોનાનો ભોગ બની શકે છે. તેનાથી પણ ગંભીર બાબત એ છે કે કોવિદ-૧૯ની રસી લેનારા તંદુરસ્ત લોકો પણ રસીને કારણે જ કોવિદ-૧૯નો ભોગ બની શકે છે, કારણ કે તેની રસીમાં જીવંત કોરોના વાયરસનો ઉપયોગ કરવામાં આવતો હોય છે.

કોઈ પણ રોગની રસી બનાવવામાં આવે તેમાં પારો અને એલ્યુમિનિયમ જેવી ઝેરી ધાતુઓ હોય છે, જે રસી લેનારના આરોગ્યને ભરપાઈ ન કરી શકાય તેવું નુકસાન કરી શકે છે. અમેરિકામાં જે ૩૬ બાળકો એમએમઆરની રસી લે છે, તેમાંનો એક બાળક ઓટિઝમ નામની બીમારીનો ભોગ બને છે. ૧૯૯૦માં દર દસ હજારે એક બાળક જ ઓટિઝમનો ભોગ બનતું હતું. જેમ જેમ રસીનું પ્રમાણ વધતું ગયું તેમ તેમ બાળકોમાં ઓટિઝમનું પ્રમાણ પણ વધતું ગયું છે. અમેરિકાની સરકાર દ્વારા રસીનો ભોગ બનનારાં બાળકોને ૧૯૮૮થી આજ સુધીમાં ૩.૮ અબજ ડોલરનું વળતર ચૂકવવામાં આવ્યું હતું. અમેરિકાના કાયદાઓ મુજબ જો કોઈ વ્યક્તિ રસી લેવાથી માંદો પડે કે મરી જાય તો રસી બનાવતી કંપની પર તે નુકસાનીનો દાવો માંડી શકતો નથી. તે માટે સરકારે વેક્સિન ઈન્જરી કોમ્પેન્સેશન પ્રોગ્રામ નામની સંસ્થાની સ્થાપના કરી છે. રસીનો ભોગ બનનારા લોકોને તે સંસ્થા સમક્ષ પોતાનો દાવો રજૂ કરવાનું કહેવામાં આવે છે. જો દાવામાં તથ્ય જણાય તો સરકાર દ્વારા લાખો ડોલરનું વળતર આપવામાં આવે છે. વિવિધ રોગોની રસી બનાવતી કંપનીઓને અમેરિકાના કાયદાઓ પ્રમાણે રસીને કારણે થતાં મરણના ખટલા લડવાથી મુક્તિ આપી દેવામાં આવી છે.

ઈ.સ. ૧૯૬૦માં અમેરિકામાં બહુ ઓછી રસીઓ બાળકોને આપવામાં આવતી હતી. રસીઓ બનાવતી મલ્ટિનેશનલ કંપનીઓનાં દબાણ હેઠળ બાળકોને આપવામાં આવતી રસીની સંખ્યા વધારવામાં આવી હતી. આજે અમેરિકામાં કોઈ બાળક ૬ વર્ષનું થાય ત્યાં સુધીમાં તેને ૩૦ જેટલી રસીઓ આપવામાં આવે છે. તે ૧૮ વર્ષનું થાય ત્યાં સુધીમાં બીજી ૩૦ રસીઓ આપવામાં આવે છે. રસીઓ માત્ર બાળકો માટે જ નુકસાનકારક છે, તેવું પણ નથી. પુખ્ત વયના લોકોને સામાન્ય ફ્લુ, જાતીય રોગો, હિપેટાઈટિસ વગેરે માટે જે રસીઓ આપવામાં આવે છે તે પણ હાનિકારક પુરવાર થઈ શકે છે. કોઈ રસીની ગર્ભનાં બાળક પરની અસરનો અભ્યાસ કરવામાં આવ્યો હોતો નથી. તેમ છતાં કેટલીક રસીઓ ગર્ભવતી મહિલાઓને પણ જોખમનો વિચાર કર્યા વગર આપવામાં આવે છે.

તબીબી વિજ્ઞાનમાં છેલ્લાં ૧૨ વર્ષ દરમિયાન એક પણ નવી એન્ટિબાયોટિક દવા શોધાઈ નથી. જે જૂની એન્ટિબાયોટિક દવાઓ છે તેમાંની મોટા ભાગની નકામી થઈ ગઈ છે, કારણ કે તેની સામે માનવજાતમાં વિરોધાભાસ (રેસિસ્ટન્સ) પેદા થયો છે. આ કારણે ફાર્માસ્યુટિકલ કંપનીઓએ પોતાનું

ધ્યાન રસીઓ બનાવવા પર કેન્દ્રિત કર્યું છે. દવાઓ તો માત્ર બીમાર લોકોને જ આપવાની હોય છે, માટે તેનું બજાર મર્યાદિત હોય છે. રસીઓ તો તમામ તંદુરસ્ત લોકોને આપવાની હોય છે, માટે તેનુંબજાર અમર્યાદિત હોય છે. દવાઓની જાહેરાત કરવી પડે છે, તેના પ્રચાર માટે દલાલો નીમવા પડે છે અને ડોક્ટરોને સાધવા પડે છે. રસીઓનું માર્કેટિંગ કરવા કોઈ જાહેરાતની જરૂર પડતી નથી. મીડિયા દ્વારા કોઈ પણ રોગનો ભય ફેલાવી દેવામાં આવે એટલે લોકો રસી લેવા તૈયાર થઈ જાય છે.

જો દુનિયાનો છેલ્લાં ૨૦ વર્ષનો ઇતિહાસ તપાસશો તો દર વર્ષે કોઈને કોઈ વાયરસનો ભય ફેલાવીને તેની દવા કે રસીનો વેપાર કરવામાં આવ્યો હતો. ૨૦૦૩માં ચીન તેમ જ એશિયાના દેશોમાં સાર્સ નામની બીમારીનો ભય પેદા કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ચિકનગુનિયા આવ્યો હતો. તે પછી બર્ડ ફ્લુનો ભય પેદા કરવામાં આવ્યો ત્યારે કરોડો મરઘાંની હત્યા કરવામાં આવી હતી. ૨૦૦૯માં સ્વાઈન ફ્લુનો ભય પેદા કરવામાં આવ્યો ત્યારે પણ લોકો ભયના માર્યા મોંઢે માસ્ક પહેરીને ફરતા દેખાતા હતા. ત્યાર બાદ આફ્રિકાના દેશોમાં ઇબોલા, નિપા અને ઝિકા જેવા વાયરસોનો ભય પેદા કરવામાં આવ્યો હતો. દર વખતે તેની દવા કે રસી વેચીને અબજો ડોલરની કમાણી કરવામાં આવી હતી. હવે આ વર્ષે કોવિદ-૧૯નો ભય પેદા કરવામાં આવ્યો છે ત્યારે આશ્ચર્યની વાત એ છે કે હાલમાં સ્વાઈન ફ્લુના કે સાર્સના કોઈ કેસ જોવામાં આવતા નથી.

રસીમાં કેટલાંક એવાં રસાયણો વાપરવામાં આવે છે, જે માનવના આરોગ્ય માટે હાનિકારક હોય છે. જો કોઈ કંપની ખાદ્યપદાર્થમાં એલ્યુમિનિયમના ક્ષારોનો ઉપયોગ કરે તો તેનું લાઈસન્સ રદ્દ કરવામાં આવે છે અને તેના પર કેસ કરવામાં આવે છે. તેમ છતાં દરેક રસીમાં અચૂક એલ્યુમિનિયમ વાપરવામાં આવે છે. તમામ રસીમાં એલ્યુમિનિયમ ફોસ્ફેટ, એલ્યુમિનિયમ હાઈડ્રોક્સાઈડ કે ફટકડીનો ઉપયોગ કરવામાં આવે છે. રસી બનાવનારી કંપનીઓ માને છે કે તેને કારણે શરીરની રોગપ્રતિકારક શક્તિ ઉત્તેજિત થાય છે અને તે એન્ટીબોડીનું ઉત્પાદન શરૂ કરે છે. જોકે તેના કોઈ પુરાવા નથી. શરીરમાં એલ્યુમિનિયમ જવાને કારણે રસી લેનારને

> **રસીઓનું માર્કેટિંગ કરવા માટે કોઈ જાહેરાતની જરૂર પડતી નથી. મીડિયા દ્વારા કોઈ પણ રોગનો ભય ફેલાવી દેવામાં આવે એટલે લોકો તે રોગની રસી લેવા તૈયાર થઈ જાય છે.**

મગજના અને જ્ઞાનતંત્રના રોગો થઈ શકે છે. તેમ છતાં રસીમાં એલ્યુમિનિયમના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવતો નથી.

એલ્યુમિનિયમ કરતાં પણ ઝેરી ધાતુ મર્ક્યુરી (પારો) છે, જેના કોઈ પણ ખાદ્યપદાર્થમાં ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, પણ રસીમાં પારાના ક્ષારો ઉમેરવામાં આવે છે. પારામાંથી બનતું થિમેરોસોલ નામનું કેમિકલ રસીમાં પ્રિઝર્વેટિવ તરીકે ઉમેરવામાં આવે છે. આ ઝેરી પદાર્થ છે. અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સેન્ટર ફોર ડિઝીસ કન્ટ્રોલને પારાની હાનિકારક અસરો બાબતમાં તપાસ કરવાનું કહેવામાં આવ્યું હતું; પણ તેમણે કોઈ તપાસ કરી નથી. પારો સીસાં કરતાં ૫૦૦ ગણી ઝેરી ધાતુ છે. તે નાના પ્રમાણમાં હોય તો પણ મગજમાં જમા થાય છે. પારાને કારણે બાળકોમાં ઓટિઝમની બીમારી થાય છે. તેને કારણે બાળકો મંદબુદ્ધિના થઈ જાય છે.

કેટલીક રસીઓ બનાવવા માટે જીવંત વાયરસનો ઉપયોગ કરવામાં આવે છે. આ વાયરસનો ઉછેર કરવા માટે પ્રાણીઓના લોહીનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રાણીઓમાં વાંદરા, ઉંદર, કૂતરાં, ગાય, ચિકન વગેરેનો સમાવેશ થાય છે. કેટલીક રસીઓ ગર્ભપાત કરેલાં બાળકના કોષોનો ઉપયોગ કરીને પણ બનાવવામાં આવે છે. પ્રાણીઓના લોહીમાં વાયરસનો ઉછેર કરવાથી તેઓ નબળા પડી જાય છે. નબળા વાયરસ રોગ પેદા નથી કરી શકતા પણ રોગપ્રતિકારક શક્તિ પેદા કરી શકે છે. કોરોનાની રસીના કરોડો ડોઝ બનાવવા માટે કેટલાં પ્રાણીઓની હત્યા કરવામાં આવશે? તેની કલ્પના કરી જુઓ. ભારતમાં જો કોરોના વાયરસની રસી બજારમાં આવશે તો તે લેનારા કેટલાક શાકાહારીઓ પણ હશે. જેઓ જીવનમાં ક્યારેય માંસ કે મચ્છીનો આહાર નથી કરવાના તેઓ પોતાના શરીરમાં પ્રાણીઓનાં લોહી કે ગર્ભપાત કરેલાં બાળકનું માંસ કેવી રીતે નાખી શકશે? શું રસી લેનારા શાકાહારીઓને જાણ હશે કે તેની બનાવટમાં ક્યા પદાર્થો વાપરવામાં આવ્યા છે?

# લોકડાઉનને કારણે ભારતની બેન્કો ભારે મુસીબતમાં મૂકાઈ ગઈ છે

લોકડાઉનપહેલા ભારતની ડઝન જેટલી બેન્કો ઉઠી જવાની તૈયારીમાં હતી, પણ સરકારે તેમનું મોટી બેન્કો સાથે મર્જર કરીને તેમને ઉગારી લીધી હતી. હવે લોકડાઉનને કારણે ભારતમાં વેપાર અને ધંધા પક્ષઘાતનો ભોગ બન્યા હોવાથી કેટલીક જાહેર ક્ષેત્રની બેન્કો ઉપરાંત ટોચની ખાનગી બેન્કો પણ કટોકટીનો અનુભવ કરી રહી છે. લોકડાઉન પહેલાં ભારતના મોટા ઉદ્યોગપતિઓ દ્વારા નાદારી નોંધાવવાને કારણે બેન્કોની ખોટી લોન વધીને ૧૦ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ હતી. હવે તે વધીને ૨૦ લાખ કરોડ રૂપિયા પર પહોંચી શકે છે. ભારતની બેન્કો દ્વારા કુલ આશરે ૯૫ લાખ કરોડ રૂપિયાની લોન આપવામાં આવી છે. જો તેમાંના ૨૦ લાખ રૂપિયા ખોટા થઈ જાય તો સરકારનું કોઈ પેકેજ બેન્કોને ઉગારી નહીં શકે. બેન્કિંગના કાયદા મુજબ જો કોઈ બેન્ક ઉઠી જાય તો દરેક થાપણદારને વધુમાં વધુ પાંચ લાખ રૂપિયાનું રિફન્ડ જ મળી શકે છે.

ભારતની બેન્કો દ્વારા જે કુલ ૯૫ લાખ કરોડ રૂપિયાનું ધિરાણ આપવામાં આવ્યું છે, તેના ૨૬ ટકા કે ૨૫ લાખકરોડનું ધિરાણ નાના ગ્રાહકોને આપવામાં આવ્યું છે. આ રિટેઇલ ધિરાણમાં નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોનો પણ સમાવેશ થાય છે, જેમને ૧૦ કરોડ રૂપિયાથી ઓછી રકમનું ધિરાણ આપવામાં આવે છે. તદુપરાંત તેમાં હોમ લોન, કાર લોન, પર્સનલ લોન, ગેઝેટ



લોન, ટીવી લોન, ફ્રીજ લોન વગેરેનો સમાવેશ થાય છે. આ લોન મોટા ભાગે નોકરિયાત લોકોને આપવામાં આવે છે, જેમના પગારમાંથી લોનના હપ્તા કપાતા હોય છે. આ લોન સામાન્ય રીતે સલામત માનવામાં આવે છે; કારણ કે તે પગારમાંથી જ વસૂલ કરવામાં આવતી હોય છે. લોકડાઉનને કારણે દેશના કરોડો નોકરિયાતોને પગાર મળતો જ બંધ થઈ ગયો હોવાથી તેના હપ્તા આવતા પણ બંધ થઈ ગયા છે. રિઝર્વ બેન્ક તરફથી તેમને હપ્તા ચૂકવવામાંથી ત્રણ મહિનાની રાહત આપવામાં આવી છે, પણ તે મુદત પૂરી થતાં ઘણા લોકો હપ્તો ન ચૂકવી શકતા બેન્કો મુસીબતમાં મૂકાઈ શકે છે.

ગયાં પાંચ વર્ષમાં ઘણી મોટી મોટી કંપનીઓ ઉઠી ગઈ તેને કારણે બેન્કોએ રિટેઇલ સેક્ટરમાં વધુ ધિરાણ આપવાનું શરૂ કર્યું હતું; કારણ કે તેમાં વ્યાજ વધુ મળતું હતું અને લોન પ્રમાણમાં સલામત હતી. રિટેઇલ સેક્ટરમાં ક્રેડિટ કાર્ડ અને પર્સનલ લોન જેવી કેટલીક લોનો કોઈ પણ જાતની સંપત્તિ ગિરવે રાખ્યા વિના આપવામાં આવતી હોય છે. ક્રેડિટ કાર્ડમાં તો ૩૬ ટકા જેટલું ભારે વ્યાજ વસૂલ કરવામાં આવતું હોય છે. પરંતુ જો આવી લોન ન ચૂકવવામાં આવે તો બેન્ક કાંઈ કરી શકતી નથી. વળી તેણે કાર, ટીવી, ફ્રીજ, મોબાઇલ, લેપટોપ વગેરે પર જે લોન આપી હોય તે કબજે કરી શકતી નથી; કારણ કે તેને બજારમાં વેચવા જાય તો મામૂલી રકમ જ ઉપજે છે. રિઝર્વ બેન્ક દ્વારા કોઈ પણ દેવાદારને ડિફોલ્ટર જાહેર કરવાની મુદત વધારી આપવામાં આવી છે, પણ બેન્કોના સંચાલકો ત્રણ મહિનાની સમયમર્યાદા વધારીને ૬ મહિનાની કરવાની માગણી કરી રહ્યા છે.

મોટા ઉદ્યોગપતિઓને આપવામાં આવતી લોન ખોટી થઈ જતી હોવાને કારણે

મોટા ભાગની બેન્કો દ્વારા ઉદ્યોગોને નવી લોન આપવાનું ઓછું કરીને રિટેઇલ લોનનું પ્રમાણ વધારી દેવામાં આવ્યું હતું. દાખલા તરીકે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા ૨૦૧૮માં ૩૩ ટકા રિટેઇલ લોન આપવામાં આવતી હતી તે ૨૦૧૯માં વધારીને ૩૭ ટકા થઈ ગઈ હતી. સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા કુલ ૭.૧૯ લાખ રૂપિયાની લોન રિટેઇલ સેક્ટરમાં આપવામાં આવી છે. ૨૦૧૯માં ભારતની બેન્કો દ્વારા રિટેઇલ સેક્ટરને આપવામાં આવતી લોનોમાં ૧૮ ટકાનો વધારો જોવા મળ્યો હતો.

બેન્કો દ્વારા જે રિટેઇલ લોન આપવામાં આવે છે તેમાં કોન્ઝ્યુમર ગૂડ્સનો ફાળો ૪૩ ટકા, ક્રેડિટ કાર્ડનો ફાળો ૩૩ ટકા અને વાહન લોનનો ફાળો ૧૦ ટકા જેટલો હોય છે. આ લોનના હપ્તા ભરનારાને સરકાર દ્વારા ત્રણ મહિનાની છૂટ આપવામાં આવી છે; પણ તેનો અર્થ એવો નથી થતો કે તેમનું ત્રણ મહિનાનું વ્યાજ માફ કરવામાં આવ્યું છે. ત્રણ મહિનાના અંતે તેમણે ચક્રવૃદ્ધિ વ્યાજ ભરવું પડશે. જેમણે લાંબી મુદતની લોન લીધી હશે તેમની મુદત વધી જશે. બેન્કોના સંચાલકો માને છે કે લોકડાઉનને કારણે નોકરિયાત વર્ગની જે બૂરી હાલત થઈ છે તેમાંથી તેઓ ત્રણ મહિનામાં બહાર આવી શકે તેવી કોઈ સંભાવના નથી. વેપારધંધાને થાળે પડતા બીજા ૬ મહિના લાગશે. જો તે દરમિયાન પણ વારંવાર લોકડાઉન ઠોકી બેસાડવામાં આવે તો નોકરિયાતોની હાલત વધુ ખરાબ થઈ શકે છે. જ્યારે ઘરમાં ખાવાના ફાંફા હોય ત્યારે કોઈ લોનના હપ્તા ભરી શકે નહીં. ઘણા લોકો ૬ મહિના પછી હપ્તા ભરતા થશે તો કેટલાક લોકો હપ્તા ભરવાનું બંધ પણ કરી શકે છે.

યસ બેન્કને બાદ કરતાં ભારતની પ્રાઈવેટ બેન્કો બેડ લોનના સંકટથી બચી ગઈ હતી, પણ લોકડાઉનને કારણે જે સંકટ પેદા થયું છે, તેમાંથી તેઓ પણ બચી શકે તેમ નથી. ભારતની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી આઈસીઆઈસીઆઈ બેન્કે કુલ ૨૫ ટકા ધિરાણ રિટેઇલ સેક્ટરમાં કર્યું છે તો એક્સિસ બેન્કે તેમાં ૩૫ ટકા ધિરાણ કર્યું છે. કેટલીક નાની બેન્કો દ્વારા તો ૪૫ ટકા ધિરાણ રિટેઇલ સેક્ટરમાં કરવામાં આવ્યું છે. ખાનગી બેન્કોનો બેડ લોનનો રેશિયો ૩.૯ ટકા જેટલો છે, પણ લોકડાઉનને કારણે બેડ લોનની ટકાવારી વધીને ૧૦ ટકા સુધી પણ પહોંચી શકે છે.

**યસ બેન્કને બાદ કરતાં ભારતની પ્રાઈવેટ બેન્કો બેડ લોનના સંકટથી બચી ગઈ હતી, પણ લોકડાઉનને કારણે જે સંકટ પેદા થયું છે, તેમાંથી તેઓ પણ બચી શકે તેમ નથી.**

બેન્કો દ્વારા મોટા ઉદ્યોગપતિઓને આપવામાં આવેલી અબજો રૂપિયાની લોન ખોટી થઈ ગઈ હોવાથી તેમણે હવે લોન આપવાનું જ ઓછું કરી નાખ્યું છે. શેરબજારમાં મૂડીનું ધોવાણ થઈ જતું હોવાથી લોકો હવે બેન્કોમાં રૂપિયા રોકવા માંડ્યા છે, જેને કારણે લોકડાઉન દરમિયાન બેન્કોની ડિપોઝિટોમાં જબરો ઉછાળો આવ્યો છે. અગાઉ બેન્કો દ્વારા રિઝર્વ બેન્કમાં આશરે સાત લાખ કરોડ રૂપિયા ડિપોઝિટ કરવામાં આવતા હતા, પણ લોકડાઉન દરમિયાન તે આંકડો વધીને નવ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયો છે. લોકડાઉનને કારણે કોઈ લોન લેવા આવતું નથી. કોઈ લોન લેવા આવે તો બેન્કો જોખમ લેવા માગતી નથી. તેને કારણે ધિરાણનું ચક્ર ખોરવાઈ ગયું છે. જો બેન્કો બજારમાં ધિરાણ કરે તો તેમને ૮થી ૧૬ ટકા જેટલું વ્યાજ મળે છે. તેથી વિરુદ્ધ તેઓ રિઝર્વ બેન્કમાં રોકાણ કરે તો તેમને ૩.૭૫ ટકા જેટલું જ વ્યાજ મળે છે, જેને રિવર્સ રેપો રેટ કહેવામાં આવે છે. તેને કારણે પણ બેન્કોને કરોડો રૂપિયાનું નુકસાન જાય છે. બેન્કો દ્વારા ધિરાણ લગભગ સ્થગિત કરવામાં આવ્યું હોવાથી દેશનું અર્થતંત્ર પણ સ્થગિત થઈ ગયું છે. તે ક્યારે ધબકતું થશે તેની ખબર નથી.

કેન્દ્ર સરકાર દ્વારા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના દબાણ હેઠળ દેશભરમાં કડક લોકડાઉન કરવામાં આવ્યું ત્યારે દેશના અર્થતંત્રનો તો વિચાર જ કરવામાં આવ્યો નહોતો. હવે અર્થતંત્રનો ૫૫ દિવસ પછી વિચાર આવતા લોકડાઉનમાં આંશિક રાહત આપવામાં આવી છે, પણ ત્યાં સુધી દેશના અર્થતંત્રને ભરપાઈ ન કરી શકાય તેવું નુકસાન થઈ ગયું છે. સરકારે હજુ પણ લોકડાઉન પૂરું ખોલ્યું નથી. હજુ વગર કારણે સાંજે સાતથી સવારે સાતનો કર્ફ્યુ નાખવામાં આવ્યો છે. શું કોરોના વાયરસ સાંજે સાતથી સવારે સાત દરમિયાન જ સક્રિય હોય છે. આવી તઘલખી નીતિને કારણે દેશ બરબાદ થઈ રહ્યો છે. કોરોના કરતાં તો ક્યાંય વધુ નુકસાન લોકડાઉનને કારણે થઈ રહ્યું છે. તે નુકસાન ભરપાઈ કરવાની જવાબદારી સરકારની છે, પણ તેની તેવી દાનત ક્યાંય દેખાતી નથી.

# અમેરિકાની કોરોના વેક્સિન હજુ સુધી સલામત કે અસરકારક સાબિત થઈ નથી

અમેરિકાની મોડેર્ના કંપની અને બ્રિટનની ઓક્સફોર્ડ યુનિવર્સિટી વેક્સિન બનાવવાની હોડમાં સૌથી આગળ છે. કોઈ પણ રોગની વેક્સિન બનવવામાં આશરે ૧૦થી ૧૫ વર્ષ નીકળી જતા હોય છે. કોરોનાને લઈને વિશ્વભરમાં મીડિયા દ્વારા જે આતંક પેદા કરવામાં આવ્યો છે તેને કારણે કંપનીઓ ૧૮ મહિનાના રેકોર્ડ ટાઈમમાં વેક્સિન બજારમાં મૂકવાની હોડમાં ઊતરી છે. સામાન્ય રીતે કોઈ પણ નવી વેક્સિનનો પહેલા પ્રાણીઓ પર પ્રયોગ થતો હોય છે. તેમાં જો તે સલામત જણાય તો જ મનુષ્યો પર તેનો પ્રયોગ કરવામાં આવે છે. અમેરિકાની અને બ્રિટનની કંપનીએ ઉતાવળમાં પ્રાણીઓ પર પ્રયોગો કરવાને બદલે સીધા મનુષ્યો પર જ પ્રયોગો શરૂ કર્યા છે. કોઈ પણ વેક્સિન બજારમાં આવે તે પહેલાં તેને ૬ તબક્કામાંથી પસાર થવું પડે છે. મોડેર્નાની રસી હજુ પહેલા તબક્કામાંથી જ પસાર થઈ છે. તેને હજુ બીજા પાંચ તબક્કામાંથી પસાર થવું પડશે, જેમાં વધુ ૧૬ મહિનાનો સમય લાગી શકે તેમ છે.




અમેરિકાની મોડેર્ના કંપની બિલ ગેટ્સની ભાગીદારીમાં કામ કરી રહી છે, તેની બહુ ઓછા લોકોને જાણ હશે. બિલ ગેટ્સના ફાઉન્ડેશને મોડેર્ના કંપનીને કોરોનાની વેક્સિન બનાવવા માટે બે કરોડ ડોલરનું દાન કર્યું છે. તેમના કરાર મુજબ વેક્સિનના વેચાણમાં જે નફો થાય તેમાં બિલ ગેટ્સની કંપનીનો પણ ભાગ રહેશે. બિલ ગેટ્સે કોરોનાની વેક્સિન બનાવતી કુલ સાત કંપનીઓ સાથે ભાગીદારી કરી છે. કોરોનાની વેક્સિન આવશે ત્યારે તેમાં સૌથી વધુ નફો બિલ ગેટ્સને થશે. મોડેર્ના કંપનીએ પહેલા તબક્કાની ટ્રાયલ સફળ થયાની જાહેરાત પોતે જ કરી છે. આ જાહેરાતને કેટલી વિશ્વસનીય માનવી તે પણ સવાલ છે. વરની મા વરના વખાણ કરે તેવો ઘાટ છે. દવા બનાવતી કોઈ કંપની પોતાની ટ્રાયલમાં રહેલી ત્રુટિઓ જાહેર કરવામાં આવે તેમ ઈચ્છતી નથી.

મોડેર્ના દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે તેની વેક્સિનની પહેલા તબક્કાની ટ્રાયલ સફળ થઈ છે, કારણ કે વેક્સિન લેનારા ૮ સ્વયંસેવકોના શરીરમાં કંઈક એન્ટીબોડી તૈયાર થઈ છે. પહેલી વાત એ કે પહેલા તબક્કાની ટ્રાયલ વેક્સિનની અસરકારકતા બાબતમાં નથી હોતી પણ સલામતી બાબતમાં હોય છે. મોડેર્ના કંપની દ્વારા કુલ ૪૫ સ્વયંસેવકોને વેક્સિનના બે ડોઝ આપવામાં આવ્યા હતા. તેમાંના ૮ના જ શરીરમાં એન્ટીબોડી તૈયાર થઈ હતી. બાકીના ૩૭ સ્વયંસેવકો બાબતમાં કોઈ માહિતી આપવામાં આવી નથી. તેના પરથી કહી શકાય કે વેક્સિનને ૧૮ ટકા જ સફળતા મળી હતી.

પહેલા તબક્કાની ટ્રાયલમાં ૪૫ સ્વયંસેવકોને પહેલી વખત ૨૫ માઈક્રોગ્રામનો અને બીજી વખત ૧૦૦ માઈક્રોગ્રામનો ડોઝ આપવામાં આવ્યો હતો. તેમના ત્રણ જૂથ પાડવામાં આવ્યા હતા. આ ડોઝ લીધા પછી કોઈ સ્વયંસેવક મરી ન ગયો હોવાથી કંપની દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું કે તેમની પહેલા તબક્કાની ટ્રાયલ સફળ થઈ છે. હવે બીજા તબક્કામાં ૬૦૦ સ્વયંસેવકો ઉપર ૫૦ માઈક્રોગ્રામ રસીનો

પ્રયોગ કરવામાં આવશે. આ પ્રયોગ રસીની અસરકારકતા તપાસવા માટેનો છે. જો બહુમતી સ્વયંસેવકોના શરીરમાં કોરોના વાયરસ સામે લડવા પૂરતા એન્ટીબોડી તૈયાર થાય તો માની લેવામાં આવશે કે બીજા તબક્કાની ટ્રાયલ પણ સફળ થઈ છે.

દુનિયાની કોઈ પણ વેક્સિન ૧૦૦ ટકા લોકો માટે સફળ પુરવાર થતી નથી. જો તે ૫૦ ટકા સ્વયંસેવકો ઉપર અસરકારક સાબિત થાય તો માની લેવામાં આવે છે કે તે સફળ છે. માટે કોરોના વાયરસની જે રસી બજારમાં આવશે તે ૫૦થી ૬૦ ટકા જેટલી જ અસરકારક હશે. મતલબ કે રસી લેનારા ૪૦થી ૫૦ ટકા લોકો કોવિદ-૧૯નો ભોગ બની શકે છે. વેક્સિન બનાવતી કંપની કદી આ વાત જાહેર કરતી નથી. આજે આપણા દેશમાં જન્મ ધારણ કરનારાં લગભગ તમામ બાળકોને બીસીજીની રસી આપવામાં આવે છે, જેનો હેતુ ટી.બી. સામે રક્ષણ આપવાનો હોય છે. તેમ છતાં ભારતમાં દર વર્ષે આશરે પાંચ લાખ લોકો ટી.બી.થી મરે છે. રસી તેમને બચાવી શકતી નથી.

ત્રીજા તબક્કાની ટ્રાયલમાં હજારો લોકોને કોવિદ-૧૯ની રસી આપવામાં આવશે અને તેમનું ૬ સપ્તાહ માટે નિરીક્ષણ કરવામાં આવશે. મોડેર્ના કંપનીની ત્રીજા તબક્કાની ટ્રાયલ જુલાઈ મહિનામાં શરૂ થશે તેવું માનવામાં આવે છે. તેમાં જો રસી સલામત અને અસરકારક સાબિત થાય તો તેને રેગ્યુલેટર પાસે મંજૂરી માટે મોકલવામાં આવશે. મંજૂરીમાં મહિનાઓ લાગશે. ત્યાર બાદ રસીનું ઉત્પાદન કરવામાં આવશે અને પછી તેની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવશે.

કોઈ પણ વેક્સિનનું ઉત્પાદન કરવામાં આવે તે પછી તેની સલામતી માટેની ટૂંકા ગાળાની તેમ જ લાંબા ગાળાની ખાતરી કરવી પણ જરૂરી હોય છે. મોડેર્ના કંપની પહેલા તબક્કામાં જ વેક્સિનના ૧૦૦ કરોડ ડોઝ બનાવવાની છે. તેની યોજના તો સાત અબજ લોકો માટે ૧૪ અબજ ડોઝ બનાવવાની છે. જો આટલી મોટી વસતિને વેક્સિન આપવાની હોય તો તેની લાંબા ગાળાની સલામતીનો પણ વિચાર કરવો પડે. જો વેક્સિન લીધા પછી માણસ એક વર્ષે મરી જવાનો હોય કે માંદો પડવાનો હોય તો તેનો ખ્યાલ ૬ સપ્તાહની ટ્રાયલમાં આવી શકે નહીં. માટે વેક્સિન તૈયાર થઈ જાય તે પછી ઓછામાં ઓછા ૧૨ મહિના તેની ટ્રાયલ

**જો ઓછામાં ઓછા ૧૨ મહિનાની ટ્રાયલ વગર કોઈ પણ વેક્સિન બજારમાં મૂકી દેવામાં આવે અને લોકોને આપવામાં આવે તો તે લાખો કે કરોડો લોકોનાં મરણનું કારણ પણ બની શકે છે.**


લેવી જોઈએ. તેમાં જો વેક્સિન સલામત જણાય તો જ તે કરોડો લોકોને આપવી જોઈએ. જો ૧૨ મહિનાની ટ્રાયલ વગર વેક્સિન બજારમાં મૂકી દેવામાં આવે તો તે લાખો કે કરોડો લોકોનાં મરણનું કારણ પણ બની શકે છે.

જે રીતે અમેરિકામાં વેક્સિન પર પ્રયોગો ચાલી રહ્યા છે તેમ બ્રિટનમાં પણ ઓક્સફર્ડ યુનિવર્સિટી વેક્સિન બજારમાં મૂકવાની ઉતાવળ કરી રહી છે. તેણે મનુષ્યો ઉપરાંત વાંદરાઓ ઉપર પણ પ્રયોગો ચાલુ કર્યા છે. મનુષ્યો પરનાં પરિણામો જાહેર કરવામાં નથી આવ્યાં પણ વાંદરાઓ ઉપરના પ્રયોગો નિષ્ફળ ગયા છે. વેક્સિન લેનારા કોઈ પણ વાંદરાના શરીરમાં એન્ટીબોડી પેદા થયાનું જોવામાં આવ્યું નથી. આ કારણે જ કદાચ બ્રિટનના વડા પ્રધાન બોરિસ જોનસને નિવેદન કર્યું હશે કે કોરોના વાયરસની વેક્સિન કદાચ ક્યારેય તૈયાર થઈ શકે તેમ નથી. મોડેર્ના કંપનીએ તો એક બાજુ પ્રયોગો શરૂ કર્યા છે અને બીજી બાજુ વેક્સિનનું ઉત્પાદન પણ શરૂ કરી દીધું છે.

મોડેર્ના ખાનગી કંપની છે, પણ તેને વેક્સિન તૈયાર કરવામાં અમેરિકાની સરકાર પણ મદદ કરી રહી છે. અમેરિકાની સરકાર દ્વારા તેને રસી તૈયાર કરવા માટે ૫૦ કરોડ ડોલર આપવામાં આવ્યા છે. બીજા ૧૩૪ કરોડ ડોલર તેઓ શેર વેચીને ઊભા કરવા ધારે છે. અમેરિકાની સરકારે કોવિદ-૧૯ સામે લડવા માટે જે ટાસ્ક ફોર્સ બનાવ્યો હતો તેના વડા ડો. એન્થની ફોસી પણ આ પ્રોજેક્ટમાં ભાગીદાર છે. અમેરિકાની સરકારે વેક્સિન બનાવવા માટે જે જૂથ બનાવ્યું છે તેના વડા મોન્સેફ સલાઉઇ અગાઉ મેડોર્ના કંપનીના ડિરેક્ટર હતા. તેમની પાસે કંપનીના એક કરોડ ડોલરના શેર છે. સરકારમાં જોડાયા પછી તેમણે ડિરેક્ટર તરીકે રાજીનામું આપ્યું હતું. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ આ રસીને પ્રોત્સાહન આપી રહ્યા છે. તાજેતરમાં તેમણે નિવેદન કર્યું હતું કે લોકોને કોરોનાની રસી આપવા માટે તેઓ જરૂર પડે લશ્કરનો પણ ઉપયોગ કરી શકે છે.

# આરોગ્ય સેતુને ફરજિયાત બનાવવાની બાબતમાં સરકારને પીછેહઠ કરવાની ફરજ પડી

કોવિદ-૧૯ના બહાને કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા એવી કેટલીક આપખુદ સત્તાઓ હાંસલ કરી લેવામાં આવી છે, જે બંધારણે બક્ષેલા મૂળભૂત અધિકારોનો ભંગ કરનારી છે. આવું એક પગલું દેશભરનાં ધર્મસ્થાનકો બંધ કરાવવાનું છે. જો હવે દેશમાં રેલવે અને બસસેવાઓ પણ ચાલુ થઈ શકતી હોય અને દારૂની દુકાનો બહાર પણ લાઈન લાગી શકતી હોય તો લોકો મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા કે ચર્ચમાં જઈને પોતાની ધાર્મિક ક્રિયાઓ કેમ કરી શકે નહીં? સરકારનો આદેશ બંધારણની ૨૫મી અને ૨૬મી કલમના ભંગ સમાન છે; પણ તેને હજુ સુધી કોઈ ધાર્મિક સંસ્થા કે ધર્મના અનુયાયી દ્વારા સુપ્રિમ કોર્ટમાં પડકારવામાં આવ્યો નથી માટે તેમાં સરકાર બાંધછોડ કરતી નથી.




સરકારે નાગરિકોનું ટ્રેકિંગ કરતી આરોગ્ય સેતુ એપને ફરજિયાત બનાવી ત્યારે પણ આ કોલમમાં લખવામાં આવ્યું હતું કે સરકારનું આ પગલું ગેરકાયદે અને ગેરબંધારણીય પણ છે. સંસદમાં ડેટા સેફ્ટીનો કાયદો ઘડ્યા વિના નાગરિકોના પ્રાઈવસીના અધિકાર પર તરાપ મારવાનો સરકારને કોઈ અધિકાર નથી. સરકાર દ્વારા જાહેર તેમ જ ખાનગી કંપનીઓના કર્મચારીઓ માટે પણ આ એપ ફરજિયાત બનાવવામાં આવી તેનો ખાનગી કંપનીઓના માલિકો દ્વારા જ વિરોધ કરવામાં આવ્યો હતો. વળી તેનો દુરૂપયોગ થવાના કિસ્સા પણ બહાર આવવા લાગ્યા હતા. આ વાતનો ખ્યાલ આવતાં સરકારે આ એપને ફરજિયાતને બદલે મરજિયાત બનાવી દીધી છે.

કેન્દ્રના ગૃહ ખાતાં દ્વારા તા.૧ મેના જારી કરવામાં આવેલી ગાઈડલાઈન મુજબ આરોગ્ય સેતુ એપને જાહેર તેમ જ ખાનગી કંપનીઓના કર્મચારીઓ માટે તેમ જ કન્ટેઈનમેન્ટ ઝોનમાં રહેતા તમામ નાગરિકો માટે ફરજિયાત બનાવવામાં આવી હતી. જોકે તા. ૧૭ મેના બહાર પાડેલી ગાઈડલાઈનમાં જણાવાયું હતું કે ‘‘ માલિકો દ્વારા શ્રેષ્ઠ પ્રયાસો કરવા જોઈએ કે તેમના કર્મચારીઓ દ્વારા તેમના કોમ્પેટિબલ મોબાઈલ ફોનમાં આરોગ્ય સેતુ એપ ઈન્સ્ટોલ કરવામાં આવી છે.’’

સરકાર દ્વારા તા. ૧ મેના ગાઈડલાઈન બહાર પાડવામાં આવી તે પછી ચા કરતાં તપેલી વધારે ગરમ હોય તે ન્યાયે તા. ૩ મેના રોજ ઉત્તર પ્રદેશના ગૌતમ બુદ્ધ નગર જિલ્લાના પોલિસ સુપ્રિટેન્ડન્ટે આદેશ બહાર પાડીને કહ્યું હતું કે જેનાગરિકો આરોગ્ય સેતુ એપ ઈન્સ્ટોલ નહીં કરે તેમની સામે ઈન્ડિયન પિનલ કોડની ૧૮૮મી કલમ હેઠળ કામ ચલાવવામાં આવશે, જેમાં ૬ મહિનાથી માંડીને બે વર્ષની જેલની સજાની જોગવાઈ છે. નવાઈની વાત છે કે ભારતના બીજા કોઈ જિલ્લાની પોલિસ દ્વારા આ પ્રકારનો આદેશ બહાર પાડવામાં આવ્યો નહોતો. કદાચ તેઓ ચકાસણી કરવા માગતા હતા કે તેનો નાગરિકોમાં કેવો પ્રત્યાઘાત પડે છે? તરત જ નોઈડાની ઈન્ટરનેટ ફ્રીડમ ફાઉન્ડેશન નામની સંસ્થાએ એડિશનલ

ડેપ્યુટી કમિશનરને પત્ર લખીને રજૂઆત કરી હતી કે આરોગ્ય સેતુ એપને ફરજિયાત બનાવવાનો આદેશ ગેરકાયદે છે. ઋત્વિક શ્રીવાસ્તવ નામના વકીલે તો પત્ર લખીને ચેતવણી આપી હતી કે પોલિસના આદેશને કાયદાની કોર્ટમાં પડકારવામાં આવશે.

સરકાર દ્વારા ગાઈડલાઈન બહાર પાડવામાં આવી તે પછી સેંકડો ખાનગી કંપનીઓ દ્વારા પોતાના લાખો કર્મચારીઓ પર આદેશ બહાર પાડવામાં આવ્યો હતો કે તેમણે પોતાના મોબાઈલ ફોનમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરીને તેનો પુરાવો કંપનીને મોકલી આપવો. આ આદેશ બહાર પાડવામાં આવ્યો ત્યારે મોટા ભાગના કર્મચારીઓ પોતાના ઘરે રહીને જ કામ કરતા હતા. તેમને લોકડાઉનમાં પોતાની નોકરી બચાવવાની ફિકર હતી એટલે તેમણે આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરીને તેનો સ્ક્રીનશોટ ઓફિસ પર મોકલી આપ્યો હતો. કેટલાકે આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી હતી પણ તેને પોતાના નામે રજિસ્ટર કરાવી નહોતી. કેટલાક પાસે સ્માર્ટ ફોન જ નહોતો, માટે તેઓ આરોગ્ય સેતુ ડાઉનલોડ કરી શક્યા નહોતા. કેટલાકે આરોગ્ય સેતુનો સ્ક્રિનશોટ પોતાના બોસને મોકલી આપ્યા પછી તેને પોતાના મોબાઈલ ફોનમાંથી ડિલિટ કરી નાખી હતી.

આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કર્યા પછી મોબાઈલનો ડેટા ઉપરાંત બ્લુ ટૂથ પણ ચાલુ રાખવા જરૂરી બની જાય છે. જો કોઈના મોબાઈલનું બ્લુ ટૂથ ચાલુ હોય તો તેમની આજુબાજુના લોકો સહેલાઈથી તેમને ઓળખી જાય છે. વળી તેમના મોબાઈલનો ડેટા ચોરાઈ જવાનું પણ જોખમ રહે છે. ઉમરગામ તાલુકામાં તો એક પણ પોઝિટિવ કેસ ન હોવા છતાં આરોગ્ય સેતુમાં ત્રણ પોઝિટિવ કેસ દેખાતા હતા, જેને કારણે લોકોમાં ખોટો ભયનો માહોલ ઊભો થઈ ગયો હતો. આરોગ્ય સેતુ વાપરનારા તેમાં ખોટો ડેટા ફીડ કરે તેને કારણે પણ અનેક સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

મોબાઈલના વપરાશકારોને સાઈબર ફ્રોડથી બચાવતી સંસ્થા ઈન્ડિયન કોમ્પ્યુટર ઈમર્જન્સી રિસ્પોન્સ ટીમના હેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આરોગ્ય સેતુ એપને નિમિત્ત બનાવીને કરવામાં આવતી છેતરપિંડીના પ્રમાણમાં પણ ઉછાળો આવ્યો છે. જેમણે આરોગ્ય સેતુ એપ ઈન્સ્ટોલ કરી હોય તેમના સ્ક્રીન પર સંદેશો મોકલવામાં આવે છે કે તમે કોરોના પોઝિટિવ વ્યક્તિના સંપર્કમાં આવ્યા છો; માટે તમારે આઈસોલેશનમાં ચાલ્યા જવું પડશે. આ સંદેશો વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન કે તેમની કંપનીના નામે મોકલવામાં આવ્યો હોય છે. સંદેશો મળતાં જ કર્મચારી ભયભીત થઈ જાય છે. પછી તેને આઈસોલેશનમાં ન મોકલવાને નામે તેની પાસેથી પૈસા પડાવવામાં આવે છે.

> **સરકારે નાગરિકોનું ટ્રેકિંગ કરતી આરોગ્ય સેતુ એપને ફરજિયાત બનાવી ત્યારે પણ આ કોલમમાં લખવામાં આવ્યું હતું કે સરકારનું આ પગલું ગેરકાયદે અને ગેરબંધારણીય પણ છે.**

તા. ૩ મેના કેન્દ્રના ગૃહ ખાતાં દ્વારા આરોગ્ય સેતુ એપને ફરજિયાત બનાવતી ગાઈડલાઈન બહાર પાડવામાં આવી તે પછી ભારતીય રેલવે દ્વારા પણ જાહેર કરવામાં આવ્યું હતું કે કોઈ પણ વ્યક્તિ રેલવેમાં મુસાફરી કરવા માગતી હશે તો તેણે આરોગ્ય સેતુ એપ તેના મોબાઈલ ફોનમાં ફરજિયાત ઈન્સ્ટોલ કરવી પડશે. રેલવેનો ઉપયોગ કરતાં ઘણા લોકો પાસે તો સ્માર્ટ ફોન જ હોતો નથી. તેઓ આરોગ્ય સેતુ કેવી રીતે ઈન્સ્ટોલ કરે? તેનો જવાબ રેલવે પાસે નહોતો. જોકે હમણા તો માત્ર એસી ટ્રેનો જ ચાલુ કરવામાં આવી છે. જ્યારે પેસેન્જર ટ્રેનો ચાલુ કરવામાં આવશે ત્યારે શું થશે? વિમાનમાં મુસાફરી કરવા માટે પણ આરોગ્ય સેતુ એપને ફરજિયાત બનાવવામાં આવી છે. હવે ગૃહ ખાતાં દ્વારા એપને મરજિયાત બનાવવામાં આવી છે ત્યારે રેલવે શું કરશે? તે જોવાનું રહે છે.

કેન્દ્ર સરકાર દ્વારા જે રીતે આધાર કાર્ડને ફરજિયાત બનાવવામાં આવ્યું તેવી રીતે જ આરોગ્ય સેતુ એપને પણ ચાલાકીપૂર્વક ફરજિયાત બનાવવામાં આવી રહી છે. આધાર કાર્ડ સામે તો સુપ્રિમ કોર્ટમાં કેસ થયો હતો. તેમાં સરકારે રજૂઆત કરી હતી કે આધાર કાર્ડ ફરજિયાત નથી; પણ બેન્કો દ્વારા અને ટેલિકોમ કંપનીઓ દ્વારા સતત આધાર કાર્ડ માગવામાં આવતું હતું. પછી ઈન્કમ ટેક્સ વિભાગે રિટર્ન ભરવા માટે આધાર કાર્ડ ફરજિયાત બનાવી દીધું હતું. સરકાર કોર્ટમાં એક વાત કરે છે, જ્યારે જમીન પર તેની વાત બદલાઈ જાય છે. આધાર કાર્ડમાં ડેટાની સલામતી માટે સરકાર દ્વારા કાયદો પણ ઘડવામાં આવ્યો હતો. આરોગ્ય સેતુ એપની બાબતમાં તો કોઈ કાયદો પણ ઘડવામાં આવ્યો નથી. વળી તેમાં વપરાશકારના ફોન નંબર વગેરે પર્સનલ વિગતો માગવામાં આવે છે. તેનો દુરુપયોગ નહીં થાય તેની કોઈ ગેરન્ટી નથી. સરકારને હવે આરોગ્ય સેતુ મરજિયાત બનાવવાની ફરજ પડી છે ત્યારે કોઈ કંપની પોતાના કર્મચારીને તે ડાઉનલોડ કરવાની ફરજ પાડી શકશે નહીં.

# નાણાં પ્રધાનનાં રિલિફ પેકેજમાં ગરીબોના હાથમાં કેટલા રૂપિયા આવશે?

દેશના કરોડો નાગરિકો પોતાના પરિવાર સાથે ધોમ તાપમાં હિજરત કરી રહ્યા છે તે દૃશ્યો કોઈ પથ્થર હૃદયને પણ પીગળાવી નાખે તેવાં છે. લોકડાઉનના ૫૦ દિવસ પછી પણ આ નાગરિકો પોતાના ઘરેનથી પહોંચ્યા તે હકીકત સરકાર માટે શરમજનક છે. રોકેટના યુગમાં કરોડો નાગરિકોને પગપાળા સેંકડો કિલોમીટર ચાલીને ઘરે પહોંચવું પડે તે સ્ટોરી સિસ્ટમ ફેઈલ્યોર છે. સરકાર જો લોકડાઉનના ૪૦ દિવસ પછી શ્રમિક સ્પેશિયલ ટ્રેનો દોડાવી શકતી હોય તો ચાર દિવસ પછી પણ દોડાવી શકી હોત. નાણાં પ્રધાન દ્વારા જે ૨૦ લાખ કરોડ રૂપિયાનું રિલિફ પેકેજ જાહેર કરવામાં આવ્યું તેમાં મહત્તમ રૂપિયા આ પીડિતોને મળશે તેવી આશા હતી; પણ પેકેજનો બારીકાઈથી અભ્યાસ કરતાં તે આશા ઠગારી પુરવાર થઈ છે. નાણાં પ્રધાને દેશના અર્થતંત્રની કરોડરજ્જુ જેવા શ્રમિકોને કોઈ નક્કર લાભ આપવાને બદલે મુખ્ય લાભ ઉદ્યોગપતિઓને જ આપ્યો હોવાનું જણાય છે.



સરકાર દ્વારા કોઈ પણ રિલિફ પેકેજ જાહેર કરવામાં આવે તેનો મહત્તમ લાભ સરકારની નજીક રહેલા ઉદ્યોગપતિઓ, કોન્ટ્રેક્ટરો, દલાલો અને ધનિકોને જ મળતો હોય છે. તેમનાં પેટ ભરાઈ જાય તે પછી જે વધ્યું-ઘટ્યું ધન હોય તે ગરીબો સુધી પહોંચતું હોય છે. સરકારે ૨૦ લાખ કરોડ રૂપિયા વિવિધ સ્કીમોમાં નાખવાને બદલે ૨૦ કરોડ ગરીબ પરિવારોનાં ખાતાંમાં સીધા એક-એક લાખ રૂપિયા જમા કરાવી દીધા હોત તો ગરીબોને તેનો તાત્કાલિક લાભ મળી જાત. તેને બદલે સરકારે આંકડાઓની માયાજાળ ઊભી કરીને ગરીબો સાથે છેતરપિંડી કરી છે. દાખલા તરીકે સરકારે દેશના ૫૦ લાખ ફેરિયાઓ માટે ૫,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. આ રકમમાંથી ફેરિયાઓ સ્માર્ટ ફોન ખરીદશે, જેનો ઉપયોગ ડિજિટલ પેમેન્ટ સ્વીકારવા માટે કરવાનો રહેશે. તેને કારણે ફેરિયાને કોઈ લાભ નહીં થાય પણ ફોન બનાવતી કંપનીને ૫,૦૦૦ કરોડ રૂપિયા મળી જશે. જે ઉદ્યોગપતિ સરકારની સૌથી નજીક હશે તેને આ સ્માર્ટ ફોન પૂરા પાડવાનો ઓર્ડર મળી જશે.

રાહત પેકેજ બાબતમાં પ્રજાની જરૂરિયાત કાંઈક હોય છે તો સરકારની પ્રાયોરિટી કાંઈક અલગ જ હોય છે. લોકડાઉનના વખતમાં દેશના કરોડો પશુઓ ઘાસચારા માટે તડપી રહ્યા છે. લોકડાઉનને કારણે દૂધનાં વેચાણમાં આશરે ૨૫ ટકા ઘટાડો થયો છે. પશુપાલકો પાસે ચારોપાણી ખરીદવાના પણ રૂપિયા નથી. તેમને ચારોપાણી ખરીદવા માટે રોકડ રકમ આપવાને બદલે સરકારે ૫૩ કરોડ પશુઓને ફૂટ એન્ડ માઉથ ડિઝીસ માટે રસી આપવાની યોજના બહાર પાડી છે. આ યોજના પાછળ ૧૩,૩૪૩ કરોડ રૂપિયાનો ખર્ચો કરવામાં આવશે. હકીકતમાં આ કોઈ નવી યોજના નથી પણ ચાલી રહેલી યોજના છે. તેમાં ૬૦ ટકા ફાળો કેન્દ્ર સરકાર આપે છે અને ૪૦ ટકા

ફાળો રાજ્ય સરકારો આપે છે. હવે કેન્દ્ર સરકાર ૧૦૦ ટકા ફાળો આપશે. આ રસીનું ઉત્પાદન હૈદરાબાદની કંપની ઈન્ડિયન ઈમ્યુનોલોજીકલ્સ અને બેંગલોરની કંપની બાયોવેટ કરે છે. સરકાર દ્વારા જે ૧૩,૩૪૩ કરોડ રૂપિયા ખર્ચાશે તેમાંના મોટા ભાગના રૂપિયા આ બે કંપનીઓના માલિકોને જ મળવાના છે. તેને કારણે દેશી ગાયોના શુદ્ધ જણાતા દૂધમાં પણ વિવિધ રોગોના વાયરસોનો પ્રવેશ થઈ જશે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારામન દ્વારા રાહતનું જે પહેલું પેકેજ જાહેર કરવામાં આવ્યું તેમાં ડિસ્કોમ માટે ૯૦,૦૦૦ કરોડ રૂપિયા જાહેર કરવામાં આવ્યા હતા. કોણ છે આ ડિસ્કોમ? તેનો અર્થ થાય છે ઈલેક્ટ્રિક્સિટીનું વિતરણ કરનારી કંપનીઓ. ભારતમાં વીજળીનું વિતરણ કરનારી બે મુખ્ય કંપનીઓ છે. એકના માલિક ગૌતમ અદાણી છે તો બીજાના માલિક અનિલ અંબાણી છે. આ કંપનીઓ અબજો રૂપિયાની ખોટમાં ચાલી રહી છે. અનિલ અંબાણી તો બેન્કોનું દેવું ચૂકવી ન શકવાને કારણે દેવાળું ફૂંકવાની અણી પર પહોંચી ગયા છે. અદાણી અને અંબાણી જેવા ઉદ્યોગપતિઓના લાભાર્થે આ ૯૦,૦૦૦ કરોડ રૂપિયાની લોન આપવામાં આવશે. તાજેતરમાં અનિલ અંબાણીએ જાહેર કર્યું હતું કે તેઓ વીજળીનાં વિતરણનો ધંધો વેચવા માગે છે. જો કંપનીના માથે દેવું હોય તો તેમનો ધંધો કોણ ખરીદે? માટે સરકાર ૯૦,૦૦૦ કરોડનું આંધણ કરી રહી છે.

ભારતમાં સંખ્યાબંધ નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ તેમ જ મ્યુચવલ ફંડ કંપનીઓ મધ્યમ વર્ગ પાસેથી અબજો રૂપિયા ઉઘરાવીને તેનું શેરબજારમાં રોકાણ કરે છે. તાજેતરમાં શેર બજારમાં કડાકાને કારણે તેમને કરોડો રૂપિયાનું નુકસાન ગયું છે. તેમને ટકાવી રાખવા માટે કેન્દ્ર સરકારે ૭૫,૦૦૦ કરોડ રૂપિયાની લોન આપવાની જાહેરાત કરી છે. આ લોનને ગરીબો સાથે કંઇ લાગતુંવળગતું નથી. ભારતનો કોઈ કિસાન મ્યુચવલ ફંડમાં રોકાણ કરતો નથી.

ડિસ્કોમને ૯૦,૦૦૦ કરોડ અને મ્યુચવલ ફંડોને ૭૫,૦૦૦ કરોડ રૂપિયા સામે સરકારે ગરીબો માટે શું જાહેરાત કરી છે? સરકારના જણાવ્યા મુજબ તેણે મનરેગા પાછળ ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચો કર્યો છે. વળી તેણે શહેરના ગરીબો પાછળ ૧૧,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચો કર્યો છે. આ ખર્ચાઓ તો સરકાર લોકડાઉન પહેલાં કરી ચૂકી હતી. તેને કોરોના સાથે કાંઇ નિસબત નથી. જે ૧૨ કરોડ મજૂરો શહેરો છોડીને વતન તરફ જઇ રહ્યા છે તેમના માટે સરકારે માત્ર ૪,૦૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી છે. આ હિસાબે દરેક મજૂરના ભાગે માંડ ૩૩૩ રૂપિયા આવે, જે તેમના એક દિવસના પગાર કરતાં પણ ઓછા છે. દાડિયા મજૂરોની આ ક્રૂર મશ્કરી નથી? વળી આ રકમ પણ દાડિયા મજૂરો સુધી પહોંચશે કે કેમ? તે બાબતમાં પૂરી શંકા છે. ભ્રષ્ટ સરકારી અધિકારીઓ અને રેશનિંગની દુકાનના માલિકો ગરીબોનું મફતનું અનાજ હજમ કરી જાય તેવી સંભાવના છે.

**૧૨ કરોડ મજૂરો શહેરો છોડીને વતન તરફ જઇ રહ્યા છે તેમના માટે સરકારે માત્ર ૪,૦૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી છે. આ હિસાબે દરેક મજૂરના ભાગે માંડ ૩૩૩ રૂપિયા આવશે.**

સરકાર કરોડો લોકોને આત્મનિર્ભર બનાવવાની વાત કરે છે; પણ તેઓ લોકડાઉન જાહેર થયું તે પહેલા આત્મનિર્ભર જ હતા. મજૂરો મહેનત કરીને સ્વમાનથી રોટલો રળી ખાતા હતા. સરકારે કોરોનાથી ડરીને કડકમાં કડક લોકડાઉન જાહેર કર્યું ત્યારે આ સ્વમાની શ્રમિકોનો વિચાર નહોતો કર્યો? નાના વેપારીઓનો વિચાર નહોતો કર્યો? નાના ઉદ્યોગોમાં કામ કરતા કામદારોનો વિચાર નહોતો કર્યો? લાખો ફેરિયાઓનો વિચાર નહોતો કર્યો? રીક્ષા કે ટેક્સી ચલાવી ગુજરાન ચલાવતા લોકોને કે ટ્રક ડ્રાઇવરોનો વિચાર નહોતો કર્યો? લોકડાઉનના હથિયાર વડે તમામને પાયમાલ કરી નાખવામાં આવ્યા હતા. તેની જવાબદારી લેવા કોણ તૈયાર થશે? જો લોકડાઉનનો નિર્ણય સરકારે કર્યો હતો તો તેમને વળતર આપવાની જવાબદારી પણ સરકારની હોવી જોઈએ. તેને બદલે સ્વમાની પ્રજાને ભિખારી બનાવીને સરકાર તેમને ગુલામ બનાવીને ટુકડાઓ ફેંકી રહી છે.

સરકાર દ્વારા જે ૨૦ લાખ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે તેમાં ૧૫ લાખ કરોડ જેટલી તો ઉધારી છે અને વાયદાઓ છે, જેના માટે સરકારે તિજોરીમાંથી કાંઇ આપવાનું નથી. સરકાર જે પાંચ લાખ કરોડ રૂપિયા આપશે તે પણ કરદાતાઓના રૂપિયા હશે. જો સરકારની તિજોરી ખાલી હશે તો સરકાર નોટો છાપીને ખાધ પૂરશે; જે રૂપિયા પણ ગરીબ જનતાનાં ગજવામાંથી જવાના છે. આ રૂપિયાનો મહત્તમ લાભ ગરીબોને નહીં પણ શ્રીમંતોને થવાનો છે. હકીકતમાં ગરીબોના ગજવાંમાંથી રૂપિયા કાઢીને શ્રીમંતોનાં ગજવાં ભરવા માટેનું આ પેકેજ છે. તેનાથી ગરીબોના જખમ પર મલમપટ્ટા નથી થવાના પણ નમક ભભરાવાનું છે તેમ જણાય છે.

# કોવિદ-૧૯ના દર્દીઓ ઉપર જાતજાતની દવાઓના અખતરાઓ ચાલી રહ્યા છે

જે નાગરિકો કોરોના પોઝિટિવ જાહેર થયા હોય તેમને દર્દી ન કહેવા જોઈએ; કારણ કે તેમાંના ૮૦ ટકા તો કોઈ પણ જાતના બાહ્ય ચિહ્નો વગરના તંદુરસ્ત હોય છે. તેમ છતાં કોઈ પણ કોરોના પોઝિટિવ વ્યક્તિને હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવે કે તરત જાણે તેના સ્વતંત્ર નાગરિક તરીકેના તમામ અધિકારોનો અંત આવી જાય છે. તેની મરજી હોય કે ન હોય; તેના પર જાતજાતની એલોપથી દવાઓના પ્રયોગો કરવામાં આવે છે. મલ્ટિનેશનલ ફાર્મા કંપનીઓ પોતાની દવાના જીવતા માનવો ઉપર પ્રયોગો કરવા અબજો ડોલરનો ખર્ચો કરે છે; પણ ભારતમાં તેમને એક પણ ડોલરનો ખર્ચો કર્યા વિના પ્રયોગો કરવા માટે હજારો બલિના બકરાઓ મળી જાય છે. જો તેમનો પ્રયોગ સફળ થાય અને દર્દી સાજો થઈ જાય તો દવાના ભાવો ઊંચકાઈ જાય છે. જો પ્રયોગ નિષ્ફળ જાય અને દર્દી મરી જાય તો જાહેર થાય છે કે દર્દી કોરોનાને કારણે મરી ગયો.

જો કોઈ ડોક્ટર એક રોગની દવા બીજા રોગ માટે આપે તો તેને ઊંટવૈદું કહેવામાં આવે છે. આ ઊંટવૈદની દવા લઈને કોઈ દર્દીનું મોત થાય તો તેને જેલમાં નાખવામાં આવે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના નેજા હેઠળ દુનિયાના ૧૦૦ દેશોમાં સોલિડારિટી ટ્રાયલ નામનું જથ્થાબંધ ઊંટવૈદું શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાત સરકાર પણ તેમાં સહભાગી થઈ



છે. તેમાં કોરોના વાયરસ માટે ન બનાવી હોય તેવી દવાઓ હજારોની સંખ્યામાં કોવિદ-૧૯ના દર્દીઓને આપવામાં આવે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાની ગાઈડલાઈન મુજબ તેના માટે કોઈ પેપરવર્ક કરવામાં આવતું નથી. દર્દી ઉપર આ દવાનો પ્રયોગ કરવા માટે તેની અથવા તેના સ્વજનની લેખિત પરવાનગી પણ લેવામાં આવતી નથી. આપણને કહેવામાં આવે છે કે દવાના ઉત્પાદકો આ ટ્રાયલ માટે દવા મફતમાં આપી રહ્યા છે. હકીકતમાં તેઓ લોકો પર મફતમાં ટ્રાયલ કરી રહ્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન કહે છે કે જે ટ્રાયલ પૂરી કરવામાં વર્ષો પસાર થઈ જાય છે તે ટ્રાયલ બહુ ઝડપથી આટોપી લેવામાં આવશે.

મેલેરિયાની સારવાર માટે વપરાતી હાઈડ્રોક્સિક્લોરોક્વિન દવા એક એન્ટીબાયોટિક છે. તેનો ઉપયોગ બેક્ટેરિયા સામે કરવામાં આવે છે. બેક્ટેરિયા સામે લડવામાં જે દવા સફળ થાય તે વાયરસ સામે લડવામાં સફળ થાય તેવી સંભાવના બહુ પાંખી છે. કોરોના એક પ્રકારનો વાયરસ હોવાથી તેની સામે લડવા માટે હાઈડ્રોક્સિક્લોરોક્વિનનો ઉપયોગ વૈજ્ઞાનિક દૃષ્ટિએ ઊંટવૈદું છે. દુનિયામાં એક પણ એવું રિસર્ચ પેપર મળતું નથી કે જે કહેતું હોય કે આ દવા વાયરસ સામે પણ કામ કરે છે. તેથી વિરુદ્ધ એવાં રિસર્ચ પેપર મળે છે કે આ દવાથી હૃદયના ધબકારા ધીમા પડી જાય છે અને મોત પણ થઈ જાય છે. તેમ છતાં સોલિડારિટી ટ્રાયલના નામે આ દવાના હજારો દર્દીઓ પર અખતરાઓ ચાલી રહ્યા છે. મુંબઈ મહાનગરપાલિકા પહેલાં મુંબઈના એક લાખ ઝૂંપડાંવાસીઓને આ દવા ટ્રાયલ

તરીકે આપવા માગતી હતી. તેનો સમજુ તબીબો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. ત્યાર પછી મર્યાદિત સંખ્યાના દર્દીઓ પર મુંબઈ અને પુણેમાં આ દવાના પ્રયોગો ચાલુ કરવામાં આવ્યા છે.

આફ્રિકાના દેશોમાં ઈબોલા નામની જીવલેણ બીમારી ફાટી નીકળી ત્યારે મલ્ટિનેશનલ કંપનીઓ દ્વારા રેમડેસિવિર નામની દવાનું જથ્થાબંધ ઉત્પાદન કરવામાં આવ્યું હતું. આ દવા બજારમાં આવી ત્યાં સુધી ઈબોલાનો પ્રકોપ શાંત થઈ ગયો હતો, જેને કારણે દવાના લાખો ડોઝ વેચાયા વગરના રહી ગયા હતા. હવે કોવિદ-૧૯ બજારમાં આવ્યો ત્યારે ફાર્મા કંપનીને આ દવાની અજમાયશ કોવિદ-૧૯ના કથિત દર્દીઓ ઉપર કરવાનો વિચાર આવ્યો. આ દવાનો પ્રયોગ સાર્સ અને મેર્સના ઈલાજ માટે પ્રાણીઓ પર પણ કરવામાં આવ્યો હતો. તેનાં પ્રોત્સાહક પરિણામો આવ્યાં હતાં. હવે આ દવાનો પ્રયોગ કોવિદ-૧૯ માટે પ્રાણીને બદલે ભારતના મનુષ્યો પર કરવામાં આવી રહ્યો છે. જે દર્દીઓ પર આ પ્રયોગ કરવામાં આવે છે તેમને તો તેની જાણ પણ કરવામાં આવતી નથી. તેઓ તો એવા ભ્રમમાં હોય છે કે મલ્ટિનેશનલ કંપનીઓ મફતમાં તેમનો ઈલાજ કરી રહી છે.

ઈ.સ. ૧૯૯૦ના દાયકામાં વિશ્વમાં એચઆઈવી ફેલાઈ ગયો ત્યારે તેના ઈલાજ માટે જાતજાતની દવાઓ શોધવામાં આવી હતી. તેમાંની બે દવાઓ લોપિનેવિર અને રિટોનેવિર હતી, જેનું સંયોજન કરીને એચઆઈવીના દર્દીઓને આપવામાં આવે છે. તેના પ્રયોગો અગાઉ સાર્સના અને મેર્સના દર્દીઓ પર કરવામાં આવ્યા હતા. તેમાં કોઈ સફળતા મળી નહોતી. એચઆઈવી વાયરસ અલગ પ્રકારનો છે. તેમાં અને કોરોના વાયરસમાં કોઈ સામ્ય નથી. તો પણ તેની દવા કોવિદ-૧૯ના દર્દીઓને આપીને તેમના જાન જોખમમાં મૂકવામાં આવે છે, જેની તેમને જાણ પણ નથી.

ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચની વેબસાઈટ પર લખવામાં આવ્યું હતું કે કોવિદ-૧૯ના દર્દીને એચઆઈવીની દવા આપવાથી ફાયદો થાય છે કે નહીં? તેની ખબર નથી; પણ નુકસાન ચોક્કસ થાય છે. ત્યાર બાદ તેના પર લખવામાં આવ્યું હતું કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની સૂચનાથી કોવિદ-૧૯ના દર્દીઓ પર એચઆઈવીની દવાના પ્રયોગો શરૂ કરવામાં આવ્યા છે. ભારતની ટોચની તબીબી સંસ્થા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની કેવી ગુલામ છે, તેની આ સાબિતી છે.

> **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના નેજા હેઠળ દુનિયાના ૧૦૦ દેશોમાં સોલિડારિટી ટ્રાયલ નામનું જથ્થાબંધ ઊંટવૈદું શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાત સરકાર પણ તેમાં સહભાગી થઈ છે.**

કોવિદ-૧૯ની સારવાર માટે જે દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે તેમને જો તાવ હોય તો તેને ઊતારવા માટે પેરાસિટામોલ જેવી એન્ટીપાયરેટિક દવા આપવામાં આવે છે. ડો. વિશ્વરૂપ ચૌધરી કહે છે કે વાઈરલ તાવમાં પેરાસિટામોલ ફાયદો કરે છે તેવી કોઈ સાબિતી નથી. કોવિદ-૧૯માં જે તાવ આવે છે તે શરીરની રોગપ્રતિકારક શક્તિને કારણે આવે છે. કોરોના વાયરસને મારવા માટે શરીર પોતાનું તાપમાન વધારી દે છે. પેરાસિટામોલ તાપમાન ઘટાડી દેતી હોવાથી વાયરસને જીવતદાન મળી જાય છે. હકીકતમાં દર્દીના શરીરનું તાપમાન ૧૦૬ ડિગ્રી ફેરનહિટથી વધી જાય તો તાવને મગજ પર ચડતો રોકવા માટે આ દવા આપવાની હોય છે. વર્તમાનમાં તો કોવિદ-૧૯ના દર્દીને ૧૦૨ ફેરનહિટ તાપમાન હોય તો પણ આ દવા આપવામાં આવે છે.

કોવિદ-૧૯ના કોઈ પણ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે તે પછી તેને ચાર પૈકી કઈ દવા આપવી? તેનો નિર્ણય ડોક્ટરો નથી કરતાં પણ કોમ્પ્યુટર કરે છે. કોમ્પ્યુટરમાં દરેક દર્દીનો ડેટા નાખી દેવામાં આવ્યો હોય છે. તે જે દવા નક્કી કરે તે દર્દીને આપવામાં આવે છે. દવા આપ્યા પછી દર્દીના શરીરમાં ક્યાં લક્ષણો પેદા થયા? તેની નોંધ પણ કોમ્પ્યુટરમાં કરવામાં આવે છે. આ ટ્રાયલનાં પરિણામો તૈયાર કરવાનું કામ પણ એક સ્વતંત્ર કંપનીને સોંપવામાં આવ્યું છે. જો આ પ્રયોગો દરમિયાન કોવિદ-૧૯ના દર્દીને કોઈ દવા લાગુ પડી ગઈ તો તેનો જોરદાર પ્રચાર કરવામાં આવશે.

કોવિદ-૧૯ કોઈ જીવલેણ બીમારી નથી. જે ૧૦૦૦ લોકોના શરીરમાં કોરોના વાયરસ હોય છે તેમાંના માંડ એક દર્દીનું મોત થાય છે. આ મોત પણ બીજાં કારણે થાય છે. બાકી કોવિદ-૧૯ના હજારો દર્દીઓ કોઈ પણ એલોપથી દવા લીધા વિના સાજા થઈ રહ્યા છે. જો કોવિદ-૧૯ની દવા નથી તો આ હજારો દર્દીઓ કેવી રીતે સાજા થઈ રહ્યા છે? જો હજારો દર્દીઓ વગર દવાએ સાજા થઈ રહ્યા હોય તો તેની દવા કે રસી શોધવા પાછળ અબજો ડોલરનો ખર્ચો કરવાની શું જરૂર છે? કોરોનાની આડમાં કોઈ ઈન્ટરનેશનલ ષડયંત્ર આકાર ધારણ કરી રહ્યું હોય તેવી શંકા જાય છે.

# લોકોને દેવું કરીને ગુજરાન ચલાવતા શીખવવું તેને સ્ટિમ્યુલસ પેકેજ કહેવાય?




આઝાદીનાં ૭૨ વર્ષમાં ભારતે જેટલો પણ વિકાસ કર્યો છે, તેમાંનો મોટા ભાગનો વિકાસ વિશ્વ બેન્કની અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડની લોન લઈને કર્યો છે. ભારતનું બાહ્ય દેવું આજે ૫૪૩ અબજ ડોલર પર પહોંચી ગયું છે. આપણે સરકારને જે કર ચૂકવીએ છીએ તેના ૩૩ ટકા તો દેવાંનું વ્યાજ ચૂકવવા પર જ ખર્ચાઈ જાય છે. યથા રાજા તથા પ્રજા. ભારતના શહેરોની પ્રજા પણ આજે દેવું કરીને જીવતી થઈ ગઈ છે. તેઓ મકાન, ટીવી, ફ્રીજ, મોટર કાર, એર કન્ડિશનર વગેરે બધું હપ્તા પર ખરીદે છે. તેમનો અડધો પગાર તો વ્યાજના હપ્તા ભરવામાં જ ખર્ચાઈ જતો હોય છે.

કોરોનાથી ડરી જઈને ભારત સરકારે પહેલાં ઉતાવળમાં લોકડાઉન જાહેર કર્યું, જેને કારણે કરોડો લોકો બેકાર બની ગયા હતા અને રસ્તા પર આવી ગયા હતા. ૫૦ દિવસના લોકડાઉન દરમિયાન માંડ ૩,૦૦૦ ભારતીયોનાં મોત થયાં છે તો પણ લોકડાઉન ઉઠાવી લેવાને બદલે સરકારે લોકોને ભીખના ટુકડા ફેંકતા હોય તેમ ૧૦ લાખ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કર્યું હતું. બેરોજગારી અને ભૂખમરાનો ભાર વેઠી રહેલી જનતાને હતું કે તેને કાંઈક રાહત થશે; પણ તે પેકેજ હથેળીમાં ચાંદ દેખાડવા જેવું સાબિત થયું છે. આ પેકેજમાં જનતાને કાંઈક નક્કર આપવાને બદલે સરકારે તેમના ટેક્સના રૂપિયા તેમને પાછા આપીને જાણે કે કોઈ મહાન ઉપકાર કરવાનો દેખાવ કર્યો છે.

(૧) સરકારે જાહેર કર્યું છે કે કર્મચારીના પગારમાંથી પ્રોવિડન્ટ ફંડના જે ૧૨ ટકા કાપવામાં આવે છે, તેને બદલે હવે ૧૦ ટકા જ કાપવામાં આવશે. તેને કારણે પ્રજાના હાથમાં ૬,૭૫૦ કરોડ રૂપિયા વધારાના આવશે. હકીકતમાં આ બે ટકા પૈસા પ્રજાના પોતાના જ છે. તે પૈસા તેમના હાથમાં મૂકીને સરકાર શું કોઈ ઉપકાર કરી રહી છે. પ્રજાના હાથમાં બે ટકા રૂપિયા વધારે આવશે તો તેમણે તેના પર ઇન્કમ ટેક્સ ભરવો પડશે. વળી પ્રોવિડન્ટ ફંડનું વ્યાજ મળતું બંધ થશે. બચત ઓછી થવાથી ભવિષ્યમાં ઓછી રકમ હાથમાં આવશે. તેને પ્રજાને આપવામાં આવેલી રાહત કેમ કહી શકાય?

(૨) સરકારે જાહેરાત કરી છે કે જે કોઈ સંસ્થાનું, કંપનીનું કે વ્યક્તિનું ઇન્કમ ટેક્સ રિફંડ બાકી હોય તો તે તાત્કાલિક ચૂકવી દેવામાં આવશે. પહેલી વાત તો એ કે ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સનો કાયદો અન્યાયી છે. લોકોના હાથમાં પગાર આવે તે પહેલા તેમાંથી ઇન્કમ ટેક્સ કાપી લેવામાં આવે છે. પછી રિફન્ડ માટે અરજી કરવી પડે છે. રિફન્ડ આવતાં વર્ષ લાગી જાય છે. સરકારે જો નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના રિફંડ હજુ સુધી ન ચૂકવ્યા હોય તો તે ગંભીર ભૂલ કહેવાય. સરકાર હવે તે રિફંડની તાત્કાલિક ચૂકવણીની જાહેરાત કરીને પ્રજા ઉપર જાણે કોઈ મહાન ઉપકાર કરી રહી છે.

(૩) સરકારે જાહેરાત કરી છે કે હવે ટીડીએસ ૧૦ ટકાને બદલે ૭.૫ ટકા લેવામાં આવશે. તેને કારણે પ્રજાના હાથમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયા વધારાના આવશે. તેમાં સરકારે એક પણ રૂપિયાનો ખર્ચો કરવાનો નથી. તેણે કોઈ કર પણ માફ કરવાનો નથી. કરદાતાએ ઇન્કમ ટેક્સ પહેલા જેટલો જ ભરવો પડશે. સરકાર પ્રજાના જે ૧૦ ટકા રૂપિયા એડવાન્સમાં લઈ લેતી હતી તે હવે ૭.૫ ટકા લેશે. બાકીના

૨.૫ ટકા રૂપિયા પ્રજાના હાથમાં આવશે, જે તેના પોતાના જ રૂપિયા હશે.

(૪) સરકારે નાના અને લઘુ ઉદ્યોગો માટે ત્રણ લાખ કરોડ રૂપિયાની લોનની જાહેરાત કરી છે. આ જાહેરાત મુજબ ૧૦૦ કરોડ રૂપિયા સુધીનું ટર્નઓવર ધરાવતા ઉદ્યોગોને ૨૫ કરોડ રૂપિયા સુધીની લોન મળી શકશે. આ લોન સરકારે નથી આપવાની પણ બેન્કોએ આપવાની છે. સરકારે હમણા તેમાં નવા પૈસાનો ખર્ચો પણ કરવાનો નથી. સરકારે બેન્કોને ગેરન્ટી આપવાની છે કે જો ઉદ્યોગો લોન નહીં ચૂકવે તો સરકાર ચૂકવી દેશે. આ ગેરન્ટી ચાર વર્ષ પછી કામ આવશે. બેન્કો નિયમિત રીતે ઉદ્યોગોને લોન ચૂકવતી જ હોય છે. તેમાં કોઈ નવાઈ નથી. હવે સરકારે જે ઉદ્યોગોની લોન ખોટી થઈ ગઈ હોય તેમને પણ લોન આપવાની હિમાયત કરીને કમાલ કરી છે.

(૫) સરકારે નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓને બોન્ડ દ્વારા બજારમાંથી ૪૫,૦૦૦ કરોડ રૂપિયા ઉધાર લેવાની છૂટ આપી છે. આ રૂપિયા નાના તેમ જ મધ્યમ ઉદ્યોગોને લોન આપવા માટે વાપરવામાં આવશે. જો તેમની લોન ખોટી થઈ જાય તો સરકાર ૨૦ ટકા ખોટ ચૂકવશે. બાકીની ૮૦ ટકા લોનમાં સરકારની કોઈ ગેરન્ટી નહીં હોય. તેમને લોન આપવા કોણ તૈયાર થશે?

(૬) વીજળીનું વિતરણ કરનારી કંપનીઓને સરકાર દ્વારા ૯૦,૦૦૦ કરોડ રૂપિયાની લોન આપવામાં આવશે. આ લોનનો ઉપયોગ તેઓ વીજળી ઉત્પાદક કંપનીઓનું દેવું ચૂકવવા માટે કરશે. સરવાળે આ ૯૦,૦૦૦ કરોડ રૂપિયા મોટા ઉદ્યોગપતિઓનાં ગજવાંમાં જ જશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ૨૦ લાખ કરોડ રૂપિયાના પેકેજની જે જાહેરાત કરી હતી તેનું અંકગણિત સમજાય તેવું નથી. બુધવારે નાણાં પ્રધાન નિર્મલા સીતારામન દ્વારા જે જાહેરાતો કરવામાં આવી તેમાં સરકારે એક પણ રૂપિયો કાઢવાનો નથી; પણ પ્રજાના હાથમાં ૧૩ લાખ કરોડ રૂપિયા વધારાના આવશે. આ મોટો જાદુ છે. બાકીના સાત લાખ રૂપિયાનો હિસાબ હજુ મળતો નથી. બીજા તબક્કાની જાહેરાત નાણાં પ્રધાન નિર્મલા સીતારામન ગુરુવારે કરવાના છે. જો સાત લાખ કરોડ રૂપિયા સરકારે કાઢવાના હશે તો તે ક્યાંથી આવશે? તેનો જવાબ મળતો નથી.

> **બેરોજગારી અને ભૂખમરાનો ભાર વેઠી રહેલી જનતાને હતું કે તેને કાંઈક રાહત થશે;**
> **પણ કેન્દ્ર સરકારનું આર્થિક પેકેજ હથેળીમાં ચાંદ દેખાડવા જેવું સાબિત થયું છે.**

બે દિવસ પહેલાં આ કોલમમાં લેખ લખવામાં આવ્યો હતો કે કેન્દ્ર સરકારની નાણાંકીય ખાધ વધવાને કારણે સરકારે ૭.૮ લાખ કરોડને બદલે ૧૨ લાખ કરોડ રૂપિયા ઉધાર લેવા પડશે. જો સરકાર ૪.૨ લાખ કરોડ રૂપિયા વધારાના ઉધાર લે તો વ્યાજનું ભારણ વધી જાય તે નક્કી છે. જો સરકાર ૧૨ લાખ રૂપિયા ઉધાર લે તો નાણાંકીય ખાધ જીડીપીના ૬ ટકા જેટલી થઈ જાય. તેને કારણે ઈન્ટરનેશનલ લેવલે ભારતની શાખ ઘટી જાય તેમ છે. સરકાર ૧૨ લાખ કરોડ રૂપિયાની સગવડ કરી શકી નથી ત્યાં બીજા સાત લાખ કરોડ રૂપિયા ક્યાંથી લાવશે? તેનો એક જ ઉકેલ રહે છે. સરકારે રિઝર્વ બેન્કને રૂપિયા છાપવાનો આદેશ કરવો પડશે. રિઝર્વ બેન્ક તે રૂપિયા સરકારને લોનના રૂપમાં આપશે અને સરકાર પ્રજાને તે લોન તરીકે આપશે. જોકે રિઝર્વ બેન્કને સરકારે રૂપિયા સામે બોન્ડ આપવા પડશે; અથવા તો સોનું આપવું પડશે. સરકાર પાસે સોનું તો છે નહીં. માટે સરકાર જનતા પાસેનું સોનું લઈને તેમને ગોલ્ડ બોન્ડ આપવાનો વિચાર કરી રહી છે. સરકાર પાસે જે હૂંડિયામણનો ભંડાર છે તેને ગિરવે મૂકીને પણ સરકાર નોટો છાપવાની યોજના બનાવી રહી છે.

સરકારે વગર વિચાર્યે લોકડાઉન જાહેર કર્યું તેને કારણે સ્વમાનથી રોટલો રળીને ખાતા ગરીબ અને મધ્યમ વર્ગના કરોડો ભારતીયો બેરોજગાર થઈ ગયા હતા. દાડિયા મજૂરો તો પોતાના ઘરભેગા થઈ ગયા હતા; પણ નાના વેપારી વર્ગની હાલત કફોડી થઈ છે. ૪૫ દિવસ સુધી દુકાનો બંધ રાખ્યા પછી તેમણેમાંડ દુકાનો ખોલી છે ત્યારે સરકારી કર્મચારીઓ તેમની પજવણી કરીને તેમની પાસે લાંચ પડાવી રહ્યા છે. જે મજૂરો પગપાળા સેંકડો કિલોમીટર ચાલીને પોતાના વતન તરફ જઈ રહ્યા છે તેમની પાસેથી પણ સરકારી કર્મચારીઓ લાંચ માંગી રહ્યા છે. પહેલા સરકારે કરોડો નાગરિકોને બેરોજગાર બનાવ્યા અને હવે સરકાર તેમને ભિખારી બનાવી રહી છે. સરકાર જનતાને આ ભીખના ટુકડાઓ ફેંકવાને બદલે લોકડાઉન તાત્કાલિક ઉઠાવી લેશે તો તેનાથી પ્રજાનું કલ્યાણ થશે.

# મજૂર કાયદાઓમાં ફેરફાર કરીને રાજ્ય સરકારો ભારતને બીજું ચીન બનાવવા માગે છે?

ચીન આખી દુનિયાનું ઉત્પાદક કેન્દ્ર ગણાય છે, પણ તે તેના મજૂરોને ગુલામ ગણતા કાયદાઓ માટે પણ કુખ્યાત છે. ચીનમાં બાળ મજૂરી પર કોઈ પ્રતિબંધ નથી. ચીનના ઉદ્યોગપતિઓ મજૂરો પાસે ૧૬-૧૬ કલાક કામ કરાવે છે, પણ તેમને કોઈ વધારાનું ભથ્થું આપતા નથી. માલિકો મજૂરોને કોઈ પણ જાતનું વળતર આપ્યા વિના નોકરીમાંથી કાઢી શકે છે. કોઈ મજૂરનું કામ કરતાં કરતાં મોત થાય તો માલિક તેને વળતર આપવાને બંધાયેલો નથી. કોરોનાને કારણે અમેરિકાના કેટલાક ઉદ્યોગપતિઓ ચીનની ફેક્ટરીઓ બંધ કરીને અન્ય દેશોમાં ખસેડવાની વિચારણા ચલાવી રહ્યા છે. આ ફેક્ટરીઓને ભારતમાં લાવવા માટે કેટલીક રાજ્ય સરકારો હદ બહાર વાંકી વળી રહી છે. ઉત્તર પ્રદેશ સરકારે મજૂરોને સંરક્ષણ આપતા તમામ કાયદાઓ ત્રણ વર્ષ માટે અભરાઈ પર ચડાવી દેવાની જાહેરાત કરી છે. બીજાં કેટલાંક રાજ્યો તેને અનુસર્યા છે. જો ભારતમાં મજૂરોને સંરક્ષણ આપતા કાયદાઓ ઢીલા કરી દેવામાં આવશે તો કરોડો મજૂરોની હાલત ગુલામ જેવી થઈ જશે.



કેન્દ્ર સરકાર દ્વારા માત્ર ચાર કલાકની નોટિસમાં દેશવ્યાપી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું તેને કારણે દેશભરમાં મજૂરી કરીને પેટિયું રળતા ૧૨ કરોડ દાડિયા મજૂરોની જિંદગીમાં મોટું તોફાન આવ્યું હતું. રાતોરાત કામ અને રહેઠાણ વગરના થઈ ગયેલા કરોડો મજૂરો જીવતા રહેવા માટે પોતાના વતન તરફ નીકળી પડ્યા હતા. સરકારે તેમને તેમનાં ઘર સુધી પહોંચાડવાને બદલે પ્રતાડિત કરીને પરાણે શેલ્ટર હોમમાં રાખ્યા હતા; જ્યાં કોઈ પાયાની સુવિધા નહોતી. લોકડાઉનના ૪૦ દિવસ પછી શ્રમિક સ્પેશિયલ ટ્રેનો શરૂ કરવામાં આવી હતી, જેની ક્ષમતા દસ ટકા મજૂરોનું વહન કરવાની પણ નહોતી. સૌથી વધુ દાડિયા મજૂરો ઉત્તર પ્રદેશમાં આવી પહોંચ્યા હતા. મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ ઉત્તર પ્રદેશમાં વિદેશી કંપનીઓને આવકારવા લગભગ ઘૂંટણિયે પડ્યા છે. આ કંપનીઓના નિર્દેશ મુજબ તેઓ મજૂરોને સંરક્ષક કાયદાઓ ખતમ કરવા તૈયાર થઈ ગયા છે.

ફેક્ટરી એક્ટ નામના કાયદા મુજબ કોઈ પણ કારખાનામાં મજૂર પાસે સપ્તાહમાં ૬૦ કલાકથી વધુ કામ કરાવી શકાતું નથી; જેમાં દરેક પાળી આઠ કલાકની હોય છે. આ ૬૦ કલાકમાં ઓવરટાઈમનો પણ સમાવેશ થઈ જાય છે. ઉત્તર પ્રદેશ સરકારે કોરોનાનું બહાનું કાઢીને ૮ કલાકને બદલે ૧૨ કલાકની પાળી કરી કાઢી છે. જો તેઓ સપ્તાહના ૬ દિવસ કામ કરે તો પણ તેમણે ૬૦ કલાકને બદલે ૭૨ કલાક કામ કરવું પડશે. આ વધારાનાં કામ માટે તેમને કોઈ વધારાનો પગાર ચૂકવવામાં આવશે નહીં. ભારતમાં પણ ચીનની જેમ ૧૬ કલાકની પાળી કરી નાખવામાં આવશે તો જરાય નવાઈ નહીં લાગે. મજૂરોને ૧૨ કલાક કામ ન કરવું હોય તો પણ કરવું પડશે. હાલના કાયદાઓ મુજબ કોઈ કાયમી મજૂરને નોકરીમાંથી કાઢી શકાતો નથી. હવે ઉદ્યોગપતિઓ કોઈ પણ મજૂરને કોઈ પણ જાતનું કારણ કે વળતર આપ્યા વિના પણ નોકરીમાંથી કાઢી શકશે.

ભારતમાં ૯૦ ટકા મજૂરો બિનસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે; માટે તેમને મજૂર કાયદાનો કોઈ લાભ મળતો નથી. હવે બાકીના દસ ટકાને પણ મજૂર કાયદાનો લાભ મળતો બંધ થઈ જશે. ઉત્તર પ્રદેશની અને મધ્ય પ્રદેશની સરકારોએ બે કે ત્રણ કાયદાઓને બાદ કરતાં તમામ મજૂર કાયદાઓ ત્રણ વર્ષ માટે અભરાઈ પર ચડાવી દીધા છે. જે કાયદાઓ અભરાઈ પર

ચડાવવા માટે બંધારણ બદલવું પડે તેમ હોય તેને જ ચાલુ રાખવામાં આવ્યા છે. આ કાયદાઓમાં બાળ મજૂરો અને વેઠિયા મજૂરો માટેના કાયદાઓનો સમાવેશ થાય છે. ઉત્તર પ્રદેશ સરકારે કાયદો બદલવા માટે વિધાનસભાનું સત્ર બોલાવવાને બદલે વટહુકમના માધ્યમથી કાયદો બદલી કાઢ્યો છે. રાજ્ય સરકારો તો જાણે કોરોના વાયરસનું ઓઠું લઈને કાયદા બદલવા તૈયાર જ બેઠી હતી.

ગુજરાત સરકારે તો ઉત્તર પ્રદેશની અને મધ્ય પ્રદેશની સરકારોથી પણ એક ડગલું આગળ જઈને વટહુકમ કાઢીને તમામ કાયદાઓ ૧૨૦૦ દિવસ માટે અભરાઈ પર ચડાવી દીધા છે. ગુજરાત સરકારે તેના વટહુકમમાં કહ્યું છે કે મજૂરોને કોઈ ઓવરટાઈમ ચૂકવવામાં આવશે નહીં. રાજસ્થાન સરકારે પણ વટહુકમ બહાર પાડીને કાયદાઓમાં પરિવર્તન કર્યું છે. રાજસ્થાનના વટહુકમ મુજબ મજૂરો ગમે તેટલા કલાક કામ કરે તો પણ તેમને સપ્તાહમાં ૨૪ કલાકથી વધુ ઓવરટાઈમ ચૂકવવામાં આવશે નહીં. ભારતમાં ધંધો કરવા માગતી મલ્ટિનેશનલ કંપનીઓ વર્ષોથી કાયદાઓમાં ફેરફાર કરવાની માગણી કરી રહી હતી; પણ મજૂર સંગઠનો વિરોધ કરતા હતા. હવે કોરોનાનો લાભ લઈને મજૂર સંગઠનોને પૂછ્યા વિના કાયદાઓ અભરાઈ પર ચડાવી દેવામાં આવ્યા છે.

સ્વતંત્રતા પછી ભારતે સમાજવાદી સમાજરચના અપનાવી હોવાથી મજૂરોને સંરક્ષણ આપતા કાયદાઓ ઘડવામાં આવ્યા હતા. ૧૯૯૧માં ભારતે ઉદારીકરણનો રસ્તો અપનાવ્યો ત્યારથી મજૂર કાયદાઓ ઢીલા પાડવાની પ્રક્રિયા શરૂ થઈ હતી; પણ ડાબેરી પક્ષો તેમ જ ટ્રેડ યુનિયનોના વિરોધને કારણે તે પ્રક્રિયા ધીમી પડી ગઈ હતી. તેમ છતાં આજની તારીખમાં મજૂરોને સંરક્ષણ આપવા કેન્દ્રના આશરે ૩૦ કાયદાઓ અને રાજ્યોના આશરે ૧૦૦ કાયદાઓ મોજૂદ છે. આ કાયદાઓ મુજબ કોઈ કંપનીમાં ૧૦૦ કરતાં વધુ કામદારો કામ કરતા હોય તો તેણે ઘણી બાબતો માટે લેબર કમિશનરની પરવાનગી લેવી પડે છે. દાખલા તરીકે મજૂરનું કામ બદલવા પણ પરવાનગી લેવી પડે છે.

મજૂરો માટેના કાયદાઓમાં કેટલાક કાયદાઓ તેમની સલામતી અને આરોગ્યને લગતા છે. તેમાં ફેક્ટરીમાં અકસ્માત થાય અને કોઈ મજૂરનો જીવ જાય તો તેને વળતર આપવાના કાયદાઓ પણ છે. કામના સ્થળે મજૂરોને પીવાનું પાણી, ટોઈલેટ વગેરે પાયાની સુવિધાઓ મળી રહે તેના માટે પણ કાયદાઓ છે. કોઈ કંપનીમાં જો મહિલા કામદારો હોય તો તેમના માટે અલાયદું ટોઈલેટ હોવું જોઈએ. તેમનાં બાળકો સાથે આવે તો તેમના માટે ઘોડિયાની સગવડ હોવી જોઈએ. ફેક્ટરીમાં હવાઉજાશની પૂરતી સગવડ હોવી જોઈએ. આગ લાગે તો બૂઝાવવાનાં સાધનો હોવા જોઈએ. કામદારોનું આરોગ્ય બગડે તો તબીબની સવલત હોવી જોઈએ. તેમનો મેડિક્લેઈમ હોવો જોઈએ. આ તમામ મજૂરોને સંરક્ષણ આપતા કાયદાઓ હાલપૂરતા મોકૂફ રાખવામાં આવ્યા છે.

**ઉત્તર પ્રદેશમાં મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ વિદેશી કંપનીઓને આવકારવા ઘૂંટણિયે પડ્યા છે. આ કંપનીઓના નિર્દેશ મુજબ તેઓ મજૂરોને સંરક્ષક કાયદાઓ ખતમ કરવા તૈયાર થઈ ગયા છે.**

૪૫ દિવસના લોકડાઉન પછી ઉદ્યોગો ફરી શરૂ થશે ત્યારે સરકારના આદેશ મુજબ અમુક ફેક્ટરીઓ ૫૦ ટકા સ્ટાફ સાથે કે ૩૩ ટકા સ્ટાફ સાથે શરૂ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. કંપનીઓના સંચાલકો કહે છે કે કામદારો જેટલા દિવસ કામ કરશે તેટલા દિવસનો જ પગાર તેમને મળશે. તો શું બાકીના દિવસોનો પગાર સરકાર આપવાની છે? લોકડાઉન પછી જ્યારે કારખાનાં પાછાં ખૂલશે ત્યારે કામદારોને ફેસ માસ્કની અને સેનિટાઈઝરની જરૂર પડશે. આ બધું માલિકો પૂરા પાડશે કે કામદારે પોતાના ખર્ચે વાપરવાના રહેશે? તેની કોઈ છણાવટ કરવામાં આવી નથી.

લોકડાઉનને કારણે મજૂરો કામ વગરના રહ્યા હોવાથી તેમનો સોદાબાજી કરવાનો પાવર આમ પણ ઓછો થઈ ગયો છે. આ સંયોગોમાં સરકાર દ્વારા કાયદામાં જે કોઈ ફેરફારો કરવામાં આવે તે મૂંગા મોંઢે સહન કર્યા વિના તેમની પાસે કોઈ વિકલ્પ બચ્યો નથી. રાજ્ય સરકારો ગરીબ મજૂરોનાં હિતોનું રક્ષણ કરવાને બદલે માલદાર વિદેશી કંપનીઓના દલાલની ભૂમિકા ભજવી રહી છે.

# આરોગ્ય સેતુને ફરજિયાત બનાવતા પહેલાં સરકારે કેટલાક સવાલોના જવાબો આપવા જોઈએ

કોરોના વાયરસ તો કાલે જતો રહેશે; પણ તેનો મુકાબલો કરવાનાં બહાને સરકારે જે નવા કાયદાઓ બનાવ્યા છે તે કાયમ રહી જશે. આવો એક કાયદો ડિજિટલ કરન્સીને લગતો છે તો બીજો કાયદો આરોગ્ય સેતુને લગતો છે. કોરોના વાયરસ સામે લડવા માટે લોકડાઉનના ૪૫ દિવસ સુધી સરકારે આપણને ન કહ્યું કે ચલણી નોટોના કારણે વાયરસ ફેલાય છે. હવે અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર દાવો કરે છે કે કોરોના વાયરસ ચલણી નોટોથી ફેલાતો હોવાથી બધા નાગરિકોએ ફરજિયાત ડિજિટલ પેમેન્ટ જ કરવું પડશે. જો કોરોના વાયરસ ખરેખર ચલણી નોટોથી ફેલાતો હોય તો ભારતની ૧૩૦ કરોડની જનતા તેનો ઉપયોગ કરી રહી છે. તેમાંના માત્ર ૬૬ હજાર લોકોના શરીરમાં જ કેમ કોરોના પેસી ગયો? બાકીના લોકો કેમ કોરોનાથી બચી ગયા?

જો કોરોના વાયરસ ચલણી નોટોથી જ ફેલાતો હોય તો માત્ર અમદાવાદ શહેરમાં જ કેમ ડિજિટલ પેમેન્ટ ફરજિયાત બનાવવામાં આવ્યું? ભારતનાં બીજાં કોઈ શહેરમાં ચલણી નોટોનો ઉપયોગ નથી થતો? કે ભારતનાં બીજાં શહેરોમાં કોરોનાનો ડર નથી? કે પછી પાઈલોટ પ્રોજેક્ટ તરીકે અમદાવાદ શહેર પસંદ કરવામાં આવ્યું છે? જેને ડિજિટલ પેમેન્ટમાં કંઈ સમજ નથી પડતી તે કાછિયો કેવી રીતે ઓનલાઈન પેમેન્ટ લેશે? સરકારે આરોગ્ય સેતુ એપ પહેલાં સરકારી અને ખાનગી કંપનીઓના કર્મચારીઓ માટે ફરજિયાત બનાવી. પછી નોઈડાના તમામ રહેવાસીઓ માટે તેને ફરજિયાત બનાવી. જો કોઈ રહેવાસી પાસે આરોગ્ય સેતુ નહીં હોય તો તેને ૬ મહિના માટે જેલમાં મોકલી દેવામાં આવશે. હવે રેલવેમાં મુસાફરી કરવા માટે આરોગ્ય સેતુ ફરજિયાત બનાવવામાં આવી છે. તાજેતરમાં રેલવે દ્વારા જે ટ્રેનો શરૂ કરવામાં આવી છે તેમાં વચલી બર્થનું પણ બૂકિંગ કરવામાં આવે છે. રેલવે તંત્ર દ્વારા જ સોશિયલ ડિસ્ટન્સિંગનો ભંગ કરવામાં આવે છે, પણ ઉતારુઓ માટે આરોગ્ય સેતુ ફરજિયાત બનાવવામાં આવી છે. આ તો હળાહળ અન્યાય છે.

સંસદમાં ડેટા સલામતીનો કોઈ પણ કાયદો ઘડ્યા વિના કંપનીઓમાં આરોગ્ય સેતુને ફરજિયાત બનાવવા સામે કેરળ હાઈ કોર્ટમાં જાહેર હિતની અરજી કરવામાં આવી છે. આ અરજી લીથા ઈન્ડસ્ટ્રીઝના મેનેજિંગ પાર્ટનર જેકસન મેથ્યુ દ્વારા કરવામાં આવી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે આરોગ્ય સેતુનો ફરજિયાત ઉપયોગ કરવાનો આદેશ ભારતીય નાગરિકોના પ્રાઈવસીના અધિકાર પર તરાપ મારે છે. કેરળ હાઈ કોર્ટે કેન્દ્ર સરકાર સામે નોટિસ કાઢીને જવાબ આપવા કહ્યું છે. સુપ્રિમ કોર્ટના ભૂતપૂર્વ જસ્ટિસ શ્રીકૃષ્ણા કહે છે કે આરોગ્ય સેતુ એપથી નાગરિકોને જેટલો ફાયદો થાય છે તેના કરતાં તેમની ચિંતામાં વધારો થાય છે. તેમના કહેવા મુજબ કેવળ વહીવટી આદેશ વડે આરોગ્ય સેતુનો ઉપયોગ ફરજિયાત બનાવી શકાય નહીં. તે માટે સંસદમાં કાયદો ઘડવો જોઈએ.

ઈ.સ. ૨૦૧૭માં કે.એસ. પુટ્ટાસ્વામી કેસમાં ચુકાદો આપતાં સુપ્રિમ કોર્ટે પ્રાઈવસીના અધિકારને જીવન

જીવવાના મૂળભૂત અધિકારનો એક હિસ્સો ગણાવ્યો હતો. આ ચુકાદા મુજબ જો સરકારને કોઈ નાગરિકના પ્રાઈવસીના અધિકાર પર તરાપ મારવાની જરૂર જણાય તો તેણે ત્રણ વાતનું ધ્યાન રાખવું જોઈએ : (૧) કોઈ પણ મૂળભૂત અધિકારને નિયંત્રિત બનાવવો હોય તો તે માટે સંસદમાં કાયદો ઘડવો જરૂરી છે. (૨) તેનો ચોક્કસ હેતુ હોવો જોઈએ અને કાયદો તે હેતુ સાથે સુસંગત હોવો જોઈએ. (૩) સરકાર તે સત્તાનો દુરુપયોગ ન કરે તેની જોગવાઈ કરવી જોઈએ.

સુપ્રિમ કોર્ટના ચુકાદાને પગલે સરકાર દ્વારા ડેટા પ્રોટેક્શન માટે કમિટિ નીમવામાં આવી હતી, જેના અધ્યક્ષ જસ્ટિસ શ્રીકૃષ્ણા હતા. કમિટિએ પોતાનો હેવાલ આપી દીધો હતો, જેમાં ડેટા પ્રોટેક્શન માટે કાયદો કરવાની ભલામણ કરવામાં આવી હતી. આ કાયદો હજુ બન્યો નથી; પણ નાગરિકોના પ્રાઈવસીના અધિકાર પર તરાપ મારતી એપ ફરજિયાત બનાવી દેવામાં આવી છે. સરકાર કોઈ એપ ફરજિયાત બનાવે અને તેને ડાઉનલોડ ન કરનારને જેલની સજાની ધમકી આપે તે ગંભીર વાત છે. જસ્ટિસ શ્રીકૃષ્ણા કહે છે કે સરકારને ૨૦૦૫ના ડિઝાસ્ટર મેનેજમેન્ટ કાયદા હેઠળ કોઈ પણ નાગરિકના મૂળભૂત અધિકાર પર તરાપ મારવાનો અધિકાર આપવામાં આવ્યો નથી.

આરોગ્ય સેતુ એપની શરતોમાં જણાવવામાં આવ્યું છે કે તેનો ઉપયોગ સરકાર સિવાય કોઈ કરી શકશે નહીં; પરંતુ સરકારનું ક્યું ખાતું તેનો ઉપયોગ કરી શકશે? તેનો ફોડ પાડવામાં આવ્યો નથી. આ એપ આરોગ્યની રક્ષા માટે છે, પણ આવતી કાલે પોલિસ કોઈ આરોપીને શોધવા તેનો ઉપયોગ નહીં કરે તેની કોઈ ગેરન્ટી નથી. આરોગ્ય સેતુનો ઉપયોગ જાસૂસી માટે પણ થઈ શકે છે.

આરોગ્ય સેતુ એપ કોના દ્વારા બનાવવામાં આવી છે? તેનો વહીવટ કોણ કરશે? તેનું સંચાલન કરવાની જવાબદારી કોઈ ખાનગી કંપનીને સોંપવામાં આવી છે? વગેરે સવાલોના જવાબો મળતા નથી. આરોગ્ય સેતુમાં કોરોના પોઝિટિવ જાહેર થયેલા તમામ નાગરિકોનાં નામ, તેમના મોબાઈલ નંબર વગેરે ડેટાનો સંગ્રહ કરવામાં આવશે. જો કોઈ પણ કોરોના સંક્રમિત તમારી નજીક આવશે તો તેની તમને જાણ કરવામાં આવશે. આ સગવડને કારણે કોરોના પોઝિટિવ સાથે સમાજમાં અસ્પૃશ્ય જેવો વર્તાવ કરવામાં આવે તેવી સંભાવના છે. જો તે ડેટા કોઈ પ્રાઈવેટ કંપની હેક કરે તો તેનો દુરુપયોગ પણ થઈ શકે છે. આરોગ્ય સેતુનો ડેટા જો લિક થઈ જાય તો તેને કારણે નાગરિકને થનારા સંભવિત નુકસાનની કોઈ જવાબદારી સ્વીકારવા કેન્દ્ર સરકાર તૈયાર થતી નથી.

> **કોરોનાની રસી આવશે ત્યારે કોઈ વ્યક્તિએ રસી લીધી છે કે નહીં? તે જાણવા માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવશે? શું રસી ન લેનારા નાગરિકને ટ્રેનમાં પ્રવેશ આપવાનો ઈનકાર કરવામાં આવશે?**

આરોગ્ય સેતુમાં ડેટા ડિલિટ કરવાની બાબતમાં પણ કોઈ સ્પષ્ટ નીતિ નથી. તેમાં કહેવામાં આવ્યું છે કે જો તમે કોરોના નેગેટિવ હશો તો તમારો ડેટા તમારા મોબાઈલ ફોનમાં જ રહેશે; જે ૩૦ દિવસના સાઈકલમાં આપમેળે ડિલિટ થઈ જશે. પરંતુ તમે જો કોઈ કોરોના પોઝિટિવ વ્યક્તિના સંસર્ગમાં આવો તો તમારો ડેટા ક્લાઉડમાં ચાલ્યો જશે; જેને ૪૫ સપ્તાહ પછી ડિલિટ કરવામાં આવશે. જો કોઈ વ્યક્તિ કોરોના પોઝિટિવ હોય તો તેની વિગતો પણ ક્લાઉડમાં સંગ્રહિત કરવામાં આવશે. તે કોરોના નેગેટિવ જણાય તેના ૬૦ દિવસ પછી તેનો ડેટા ડિલિટ કરવામાં આવશે. જોકે આ ડેટા ડિલિટ કરવામાં આવ્યો છે કે નહીં? તે જાણવાનો કોઈ રસ્તો વપરાશકાર પાસે નથી.

આરોગ્ય સેતુ એપની જોગવાઈ મુજબ આ એપ ઈન્સ્ટોલ કરનાર કોઈ વ્યક્તિ ભૂતકાળમાં કોરોના પોઝિટિવ વ્યક્તિના સંપર્કમાં આવ્યો હોય તો તેને ફરજિયાત ક્વોરન્ટાઈન કરવાનું કહેવામાં આવશે. આ નિર્ણય એપનું સંચાલન કરતા કર્મચારીઓ લેશે. ધારો કે કોઈ વ્યક્તિને ખોટી રીતે પોઝિટિવ જાહેર કરવામાં આવ્યો હોય તો તેના સંપર્કમાં આવનારા ખોટી રીતે નહીં દંડાય? જો કર્મચારી કોઈ ભૂલ કરે તો તેનો ભોગ કોણ બનશે? ભવિષ્યમાં કોરોનાની રસી આવશે ત્યારે કોઈ વ્યક્તિએ રસી લીધી છે કે નહીં? તે જાણવા માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવશે? શું રસી ન લેનારા નાગરિકને કંપનીમાં કે ટ્રેનમાં પ્રવેશ આપવાનો ઈનકાર કરવામાં આવશે? શું એક રાજ્યમાંથી બીજાં રાજ્યમાં જવા માટે પણ આરોગ્ય સેતુ એપને ફરજિયાત બનાવવામાં આવશે? શું જેમની પાસે સ્માર્ટ ફોન નહીં હોય તેમને સરકારના ખર્ચે સ્માર્ટ ફોન આપવામાં આવશે? કોરોના તો કદાચ આવતી કાલે જતો રહેશે; પણ તેને કારણે આવનારી ગુલામી કાયમ માટે રહી જશે તેમ લાગે છે.

# લોકડાઉનને કારણે કેન્દ્ર સરકારે
# ૧૨ લાખ કરોડ રૂપિયા ઉધાર લેવા પડશે



કોરોનાથી ડરી જઈને વગર વિચાર્યે કડક લોકડાઉનનો અમલ કરવાને કારણે દેશના કરોડો લોકો બેકાર બન્યા છે, ઉત્પાદન થંભી ગયું છે અને લોકો ઘરમાં કેદ થઈ ગયા છે. જેમ લોકડાઉનને કારણે લોકોની આવક બંધ થઈ ગઈ છે તેમ સરકારની કરની આવક પણ તળિયે જતી રહી છે. વેપાર અને ઉદ્યોગો લગભગ બંધ હોવાથી સરકારની જીએસટીની આવક ઘટી ગઈ છે તેમ ઈન્કમ ટેક્સમાં પણ ભારે ઘટાડો થવાનો છે. એક બાજુ આવક ઘટી રહી છે તો બીજી બાજુ સ્ટિમ્યુલસ પેકેજ આપવાને કારણે સરકારના ખર્ચાઓ વધી રહ્યા છે. રાજ્યો પણ કેન્દ્ર સરકાર પાસેથી મોટા પેકેજો માગી રહ્યા છે; કારણ કે તેમની આવક પણ ઘટી રહી છે. આ બધા ખર્ચાઓને પહોંચી વળવા કેન્દ્ર સરકારે બજારમાંથી બજેટ મુજબના ૭.૮ લાખ કરોડ રૂપિયા ઉપરાંત વધારાના ૪.૨ લાખ કરોડ રૂપિયા ઉધાર લેવાનો નિર્ણય કર્યો છે, જેને કારણે ફુગાવો વધી જવાની સંભાવના છે.

ભારત સરકાર દર વર્ષે આવક અને જાવક વચ્ચેની ખાઈ પૂરવા માટે બજારમાં બોન્ડ વેચીને રૂપિયા ઉધાર લે છે, જેનું પ્રમાણ જીડીપીના ૩.૫થી ૪ ટકા જેટલું હોય છે. ભારતનો જીડીપી આશરે ૨૦૦ લાખ કરોડ રૂપિયાનો ગણીએ તો સરકાર ૭થી ૮ લાખ કરોડ રૂપિયાની ઉધારી દર વર્ષે કરતી હોય છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે કેન્દ્ર સરકારની નાણાંકીય ખાધ ૭.૮ લાખ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવી હતી. હવે લોકડાઉનને કારણે સરકારની આવકમાં બે લાખ કરોડ રૂપિયાનું ગાબડું પડે તેમ છે. વળી સરકારે જાહેર ક્ષેત્રની કંપનીઓના શેરો વેચીને જે બે લાખ કરોડ રૂપિયા મેળવવાની ગણતરી રાખી હતી તેમાં પણ મોટું ગાબડું પડે તેમ છે. વધારામાં લોકડાઉનને કારણે સ્થગિત થઈ ગયેલા નાના તેમ જ મધ્યમ ઉદ્યોગોને પાછા જીવંત કરવા બીજું પેકેજ પણ આપવું પડે તેમ છે. આ બધાને પહોંચી વળવા સરકારે માર્કેટમાંથી ૪.૨ લાખ કરોડ રૂપિયા વધુ ઉપાડવાનો નિર્ણય કર્યો છે. સરકારની ઉધારીનો બોજો છેવટે તો જનતા નામની કન્યાની કેડ પર જ આવવાનો છે.

કેન્દ્ર સરકારની આવક અને જાવક વચ્ચે જે તફાવત હોય છે તેને માર્કેટમાંથી રૂપિયા ઉધાર લેવા દ્વારા પૂરવામાં આવે છે. સરકાર તે માટે બોન્ડ બહાર પાડે છે. આ બોન્ડ બેન્કો, વીમા કંપનીઓ, મ્યુચવલ ફંડો વગેરે ખરીદે છે, જેનું સરકારે વ્યાજ આપવું પડે છે. આ વ્યાજ ચૂકવવા માટે પ્રજા પર વેરાઓ નાખવા પડે છે. જો કેન્દ્ર સરકારનાં બજેટનું બારીકાઈથી અવલોકન કરશો તો ખ્યાલ આવશે કે કરની ૩૩ ટકા આવક તો ઉધાર લીધેલી રકમનું વ્યાજ ચૂકવવામાં જ વપરાઈ જાય છે. જે રીતે મધ્યમ વર્ગના માનવીની ત્રીજા ભાગની કમાણી હપ્તા ચૂકવવામાં વપરાઈ જાય છે તેવું કેન્દ્ર સરકારનું પણ છે. ફરક એટલો છે કે કેન્દ્ર સરકારે વ્યાજ ચૂકવવા માટે કોઈ મહેનત કરવી પડતી નથી.

૨૦૨૦-૨૧નાં બજેટમાં કેન્દ્ર સરકારે ૭.૮ લાખ કરોડ રૂપિયાની નાણાંકીય ખાધનો અંદાજ બાંધ્યો હોવાથી એટલા રૂપિયાની તે ઉધારી કરવાની જ હતી;

પણ હવે તે ઉધારી વધીને ૧૨ લાખ કરોડ રૂપિયા પર પહોંચી જશે. તેને કારણે નાણાંકીય ખાધ વધીને જીડીપીના ૬ ટકા પર પહોંચી જશે. જે રીતે કેન્દ્ર સરકાર બોન્ડ બહાર પાડીને માર્કેટમાંથી રૂપિયા વ્યાજે લેતી હોય છે તેમ મોટી મોટી કંપનીઓ પણ રૂપિયા ઉધાર લેવા માટે બોન્ડ બહાર પાડતી હોય છે. સરકારના બોન્ડમાં વ્યાજ થોડું ઓછું મળતું હોય તો પણ તે બોન્ડ ઝડપથી વેચાઈ જાય છે; કારણ કે તે બોન્ડ પાછળ ભારત સરકારની ગેરન્ટી હોય છે. જો કેન્દ્ર સરકારે ૭.૮ લાખ કરોડ રૂપિયાને બદલે ૧૨ લાખ કરોડ રૂપિયાના બોન્ડ બહાર પાડવા હોય તો તેણે સામાન્ય વ્યાજ કરતાં થોડું વધુ વ્યાજ આપવું પડશે. તેને કારણે મોટી કંપનીઓ દ્વારા જે બોન્ડ બહાર પાડવામાં આવશે તેમણે પણ ઊંચું વ્યાજ ચૂકવવું પડશે. તેને કારણે મોટી કંપનીઓનો ખર્ચો વધી જતાં દુકાળમાં અધિક માસ જેવી હાલત પેદા થશે.

કેન્દ્ર સરકાર જ્યારે બોન્ડ દ્વારા મોટી રકમ ઉપાડવા માગતી હોય ત્યારે હંમેશા તે જેટલી રકમ મેળવવા માગતી હોય તેટલી રકમ મળે તેવું પણ જરૂરી નથી. જો માર્કેટમાંથી જોઈતી રકમ ન મળે તો રિઝર્વ બેન્ક હસ્તક્ષેપ કરીને બોન્ડ ખરીદી લેતી હોય છે. તેની ચૂકવણી કરવા માટે રિઝર્વ બેન્ક તેટલી રૂપિયાની નોટો છાપતી હોય છે અથવા સરકારના ખાતાંમાં તેટલી ક્રેડિટ આપતી હોય છે. સામાન્ય રીતે સરકાર જેટલું સોનું આપે તેટલા રૂપિયા રિઝર્વ બેન્ક છાપતી હતી; પણ ગોલ્ડ સ્ટાન્ડર્ડની નાબુદી પછી રિઝર્વ બેન્ક કાગળના બોન્ડ સામે કાગળના રૂપિયા છાપીને સરકારને આપી દે છે. સરકાર તેમાંથી પોતાના ખર્ચા કાઢે છે. આ રીતે રૂપિયા છાપવાને કારણે પ્રજાના હાથમાં જે રૂપિયા હોય છે તેની કિંમત ઘટી જાય છે. સરવાળે તો તે રૂપિયા પણ જનતાનાં ગજવાંમાંથી જ જાય છે.

રિઝર્વ બેન્ક દ્વારા કેટલા રૂપિયા છાપીને સરકારને આપી શકાય તેની પણ મર્યાદા હોય છે. ઇન્ટરનેશનલ મોનેટરી ફંડના નિયમ મુજબ સરકારે પોતાની નાણાંકીય ખાધને જીડીપીના ૩થી ૪ ટકા જેટલી મર્યાદિત રાખવી જોઈએ. હકીકતમાં તેમ કરતાં પણ આવકના ૫૦ ટકા જેટલી ખાધ તો થઈ જ જાય છે. જો નાણાંકીય ખાધ ૬ ટકા પર પહોંચી જાય તો તે આવકના ૭૫ ટકા થઈ જશે. ૨૦૨૦-૨૧ના બજેટમાં સરકાર દ્વારા કરની કુલ આવક ૧૬.૩૫ લાખ કરોડ રૂપિયા ધારવામાં આવી હતી. તે ઉપરાંત ૧૨ લાખ કરોડ ઉધાર લઈને સરકાર ગાડું ગબડાવવા માગે છે.

**કેન્દ્ર સરકારે ખાધ આધારીત નાણાંકીય મોડેલ અપનાવ્યું છે તેને કારણે તે સતત નોટો છાપીને ખર્ચાઓ કર્યા કરે છે, જેને કારણે ચલણની કિંમત ઘટતી જાય છે અને મોંઘવારી વધતી જાય છે.**

જે રીતે કેન્દ્ર સરકાર માર્કેટમાંથી રૂપિયા ઉધાર લેતી હોય છે તેમ રાજ્ય સરકરો પણ ઉધારી કરીને પોતાના ખર્ચાઓ કાઢતી હોય છે. આ વર્ષે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે માર્કેટમાંથી રૂપિયા ઉધાર લેવાની બાબતમાં હરીફાઈ થશે. તેનું કારણ એ છે કે બોન્ડ ખરીદનારા તો સમાન જ હોય છે. તેને કારણે રાજ્ય સરકારો પણ વ્યાજ વધારશે. જો રાજ્ય સરકારો માર્કેટમાંથી રૂપિયા ઉધાર લેવામાં સફળ નહીં થાય તો તેઓ કેન્દ્ર પાસે ભીખ માગશે. કેન્દ્ર સરકાર પાસે રિઝર્વ બેન્ક છે, જે રૂપિયા છાપી શકે છે, પણ રાજ્ય સરકારો રૂપિયા છાપી શકતી નથી. તેમણે કેન્દ્ર સરકાર પાસેથી લોન લેવી પડે છે. કેન્દ્ર સરકાર રિઝર્વ બેન્ક પાસેથી લોન લઈને રાજ્ય સરકારોનું પેટ ભરે છે.

કેન્દ્ર સરકારે ખાધ આધારીત નાણાંકીય મોડેલ અપનાવ્યું છે તેને કારણે તે સતત નોટો છાપીને ખર્ચાઓ કર્યા કરે છે, જેને કારણે ચલણની કિંમત ઘટતી જાય છે અને મોંઘવારી વધતી જાય છે. રિઝર્વ બેન્ક પણ હવામાંથી રૂપિયા પેદા કરીને સરકારને આપ્યા કરે છે. રિઝર્વ બેન્ક તેની પાસેના બોન્ડ જનતાને કે બેન્કોને વેચીને તેનું વ્યાજ ચૂકવે છે. સરકારે પણ બોન્ડનું વ્યાજ ચૂકવવું પડે છે. તદુપરાંત સરકારે વિશ્વ બેન્ક વગેરે પાસેથી જે અબજો ડોલરની લોન લીધી હોય તેનું વ્યાજ ભરવું પડે છે. પ્રજા મહેનત કરીને જે કર ભરે છે તેના ૩૩ ટકા વ્યાજની ચૂકવણીમાં જ જાય છે.

નોવેલ કોરોના વાયરસથી થતી કોવિદ-૧૯ નામની બીમારી સામાન્ય ફ્લુ કરતાં જરાય ગંભીર નથી, જે અનુભવે સમજાયું છે. તેને કારણે ભારતમાં માંડ બે હજાર લોકો મર્યા છે, જેની કોઈ વિસાત ૧૩૦ કરોડની વસતિમાં નથી. તેની ઉપેક્ષા કરવાને બદલે સરકારે લોકડાઉન જાહેર કરીને દેશના સમાજજીવનને તેમ જ અર્થતંત્રને પણ ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન કર્યું છે. તેની કિંમત પણ પ્રજાએ આગામી બે-ત્રણ વર્ષ સુધી ચૂકવવી પડશે. આપણી જનતા કોરોના વાયરસથી એટલી ભયભીત થઈ ગઈ છે કે આખું ઇન્ટરનેશનલ કૌભાંડ સમજવાની તેની કોઈ ત્રેવડ નથી.

# RFID CHIP નો સારો તેમ જ નરસો ઉપયોગ પણ થઈ શકે તેમ છે



દુનિયાભરમાં કોરોના વાયરસની રસી પર પ્રયોગો ચાલી રહ્યા છે ત્યારે યુટ્યૂબ પર કેટલાક વીડિયો દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે ભવિષ્યમાં કોવિદ-૧૯ની રસી લેનારા દરેક નાગરિકની હથેળીમાં રેડિયો ફ્રિકવન્સી આઇડી (RFID) નામની ચીપ બેસાડવામાં આવશે, જેનો ઉપયોગ સરકાર દ્વારા દરેક નાગરિકનું ટ્રેકિંગ કરવા માટે કરવામાં આવશે. આ વીડિયોમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે જો તમારા હાથમાં આ ચીપ બેસાડવામાં નહીં આવી હોય તો તમે રેલવેમાં પ્રવાસ નહીં કરી શકો અને તમારું બેન્ક એકાઉન્ટ પણ ઓપરેટ નહીં કરી શકો. હાલમાં તો આપણી સરકાર ઘણાં બધાં કામો માટે આરોગ્ય સેતુ એપ ફરજિયાત બનાવી રહી છે, જેને આપણે આપણા સ્માર્ટ ફોનમાં ઈન્સ્ટોલ કરવાની હોય છે. નોઈડાના પોલિસ કમિશનર દ્વારા તો આદેશ બહાર પાડવામાં આવ્યો છે કે જેમના ફોનમાં આરોગ્ય સેતુ નહીં હોય તેની ધરપકડ કરવામાં આવશે. હાલમાં જે નિયમ આરોગ્ય સેતુ માટે છે તે ભવિષ્યમાં RFID માટે પણ આવી શકે છે.

RFIDની ટેકનોલોજી બાહ્ય રીતે તો બહુ આકર્ષક અને સુવિધાજનક જણાય છે. જો તમે હથેળીમાં તેની ચીપ ઈમ્પ્લાન્ટ કરાવો તો તમે તમારો જમણો હાથ ઊંચો કરીને તમારા ઘરનો દરવાજો ખોલી શકો છો અને કારનું લોક પણ ખોલી શકો છો. RFID ચીપનો ઉપયોગ તમે બેન્કના ડેબિટ કે ક્રેડિટ કાર્ડ તરીકે પણ કરી શકો છો. એટીએમમાંથી રૂપિયા કઢાવવા માટે તમારે કોઈ કાર્ડ સાથે નહીં રાખવું પડે કે પાસવર્ડ પણ યાદ નહીં રાખવો પડે. એટીએમ મશીનમાં સેન્સર સામે હથેળી રાખીને તમે રૂપિયા કઢાવી શકો છો અને શોપિંગ પણ કરી શકો છો. આજે અનેક મોટી કંપનીઓ તેમના કર્મચારીઓને આઈ કાર્ડ આપવાને બદલે તેમની હથેળીમાં RFID ચીપ બેસાડવાનો આગ્રહ રાખે છે. તેમાં કર્મચારીની તમામ વિગતોનો સંગ્રહ કરવામાં આવ્યો હોય છે. જો કોઈ કર્મચારીને નોકરીમાંથી કાઢી મૂકવો હોય તો તેની RFID ચીપને રેકોર્ડમાંથી દૂર કરી નાખવામાં આવે છે.

આપણી દુનિયામાં RFID ચીપ આશરે બે દાયકાથી અસ્તિત્વ ધરાવે છે. ૧૯૯૮માં કેપ્ટન સાયબોર્ગ તરીકે જાણીતા થયેલા બ્રિટીશ વિજ્ઞાની કેવિન વોરવિકે પહેલી વખત પોતાના શરીરમાં RFID માઈક્રોચીપનું ઈમ્પ્લાન્ટ કરાવ્યું હતું. આ ચીપ ચોખાના દાણા જેવડી હોય છે. તેની અંદર બિલ્ટ ઈન એન્ટેના ઉપરાંત એક ઈન્ટિગ્રેટેડ સર્કિટ (આઈસી) હોય છે. એન્ટેના રેડિયો તરંગો મોકલી શકે છે અને ગ્રહણ પણ કરી શકે છે. આઈસી રેડિયો સિગ્નલોને ઉકેલવાનું અને તેનો સંગ્રહ કરવાનું કામ કરે છે. RFIDમાં સંગ્રહ કરવામાં આવેલા ડેટાને વાંચવા માટે રિડરનો ઉપયોગ કરવામાં આવે છે. જે રીતે બારકોડના ડેટા માટે રિડરનો ઉપયોગ કરાય છે તેવું RFID ચીપનું પણ છે.

કેટલીક એરલાઈન્સો મુસાફરોના સામાનનું ટ્રેકિંગ કરવા RFID ચીપનો ઉપયોગ કરે છે. લેટિન અમેરિકાના એનિમલ ફાર્મમાં પશુઓ ક્યાં ચરવા જાય છે? તેનું ટ્રેકિંગ કરવા પણ આ ચીપનો ઉપયોગ થાય છે. ગીરના જંગલમાં વિહરતા સિંહોનું ટ્રેકિંગ કરવા રેડિયો કોલરનો ઉપયોગ કરવામાં આવે છે. તે ગળાના પટ્ટામાં બેસાડવામાં આવે છે, પણ RFID ચીપ પ્રાણીના શરીરમાં જ બેસાડી દેવામાં આવે છે. અમેરિકાનાં ઘણાં માબાપોને તેમનાં બાળકોની બહુ ચિંતા

હોય છે કે તેમનું અપહરણ તો નહીં થઈ જાય ને? પોતાનાં બાળકો ક્યાં છે? તે જાણવા માટે તેઓ RFID ચીપ વાપરે છે. હકીકતમાં આપણા ક્રેડિટ કાર્ડમાં પણ RFID ચીપનો જ ઉપયોગ કરવામાં આવે છે.

કેપ્ટન સાયબોર્ગે પોતાની હથેળીમાં RFID ચીપ બેસાડી તેનો ઉપયોગ તે દરવાજો ખોલવા માટે, લાઈટ ચાલુ કરવા માટે, હીટર ઓન કરવા માટે અને કોમ્પ્યુટરનું લોક ખોલવા માટે પણ કરતો હતો. તે યુનિવર્સિટી ઓફ રીડિંગના કોઈ પણ ડિપાર્ટમેન્ટમાં ફરતો હોય તો તેની માહિતી તેના કોમ્પ્યુટરને મળ્યા કરતી હતી. લગભગ બે દાયકા પછી આ ટેકનોલોજીનો વેપારી ઉપયોગ થવા લાગ્યો છે. આજે અનેક કંપનીઓ તેની સેવાઓ આપે છે. ૨૦૧૭માં અમેરિકાની વિસ્કોન્સીન નામની કંપનીએ પોતાના તમામ કર્મચારીઓ માટે RFID ચીપ ફરજિયાત બનાવી દીધી હતી.

સ્વીડનની બાયોહેક્સ નામની કંપનીના આશરે ૪,૦૦૦ ગ્રાહકોએ પોતાની હથેળીમાં RFID ચીપ બેસાડી છે. તેઓ સ્વીડનની રેલવેમાં કોઈ પણ જાતની ટિકિટ વગર મુસાફરી કરી શકે છે. તેમની ટિકિટની રકમ તેમની ચીપમાંથી કપાઈ જાય છે. સ્વીડનની ઘણી કંપનીઓ તેમના કર્મચારીઓની હાજરી પુરવા માટે તેમને આ ચીપ બેસાડવાની ફરજ પાડે છે. સ્વીડનમાં તો આ ચીપ બેસાડનારા લોકોની ક્લબ છે. તેઓ નિયમિત મળે છે અને પોતાના અનુભવો વહેંચે છે.

ઘણી હોસ્પિટલો તેમના નિયમિત ગ્રાહકોની હથેળીમાં RFID ચીપ બેસાડવાનો આગ્રહ રાખે છે. તેમાં તેમના આરોગ્યવિષયક તમામ માહિતીનો સંગ્રહ કરવામાં આવ્યો હોય છે. જો તેને કોઈ અકસ્માત થાય અને તે બેભાન થઈ જાય તો પણ તેની ચીપના માધ્યમથી તમામ વિગતો મેળવી શકાય છે. ડેન્જરસ થિન્ગ નામની વેબસાઈટ ઉપર ચાર જાતની RFID ચીપનું ઓનલાઈન વેચાણ કરવામાં આવે છે. તેમને દર વર્ષે હજારો ઓર્ડરો મળે છે. એક નાનકડી સર્જરી કરવા દ્વારા આ ચીપ તમારા હાથમાં બેસાડી શકાય છે. તેના માટે નિષ્ણાત તબીબની જરૂર પડે છે.

RFID ચીપના ફાયદાઓ છે તેમ ગેરફાયદાઓ પણ છે. તેમાં તમારી અંગત માહિતીનો સંગ્રહ કરવામાં આવ્યો હોય છે.

> **ભવિષ્યમાં સરકાર દ્વારા જાહેર કરવામાં આવે કે કોરોનાની રસી લેનારા દરેક નાગરિકના શરીરમાં RFID ચીપ બેસાડી દેવામાં આવશે તો નાગરિકોની સ્વતંત્રતા પર તરાપ આવી શકે છે.**

તેનું હેકિંગ કરીને તેની ચોરી પણ થઈ શકે છે. તેમાં તમારા બેન્ક ખાતાંની વિગતો હોય તો તેનો ઉપયોગ કરીને તમારાં ખાતાંમાંથી ઉચાપત પણ થઈ શકે છે. કોઈ ચોર તમારાં ખાતાંમાંથી રૂપિયા ઉપાડવા માગતો હોય તો હાથ કાપીને તેનો દુરૂપયોગ કરી શકે છે. કેટલાક ડોક્ટરો કહે છે કે RFID ચીપને કારણે કેન્સર થવાની સંભાવના પણ વધી જાય છે. જો હથેળીમાં મૂકવામાં આવેલી ચીપ કઢાવી નાખવી હોય તો નાનકડું ઓપરેશન કરાવવું પડે છે.

અમેરિકાની થ્રી સ્ક્વેર માર્કેટ નામની કંપનીએ પોતાના તમામ કર્મચારીઓ માટે RFID ચીપ ફરજિયાત બનાવી છે. જોકે માઇક્રોસોફ્ટ કે આઈબીએમ જેવી કંપનીઓ મોટો સ્ટાફ ધરાવતી હોવાથી હજુ સુધી તેઓ આવી ચીપ ફરજિયાત કરી શક્યા નથી. જૂની પેઢીના કર્મચારીઓને લાગે છે કે કંપની તેમની પર જાસૂસી કરવા માગે છે; માટે તેઓ ચીપનો ઉપયોગ કરતા નથી. અમેરિકાનાં ઘણાં રાજ્યોમાં આવી ચીપને ફરજિયાત કરવા સામે કાયદાઓ કરવામાં આવ્યા છે. ઘણી કંપનીઓ ચીપને મરજિયાત રાખે છે, પણ બેસાડનારા કર્મચારીઓને જાતજાતનાં પ્રલોભનો આપે છે.

ભારત સરકાર દ્વારા જેમ આધાર કાર્ડ ફરજિયાત બનાવવામાં આવ્યું તેમ હવે ધીમે ધીમે આરોગ્ય સેતુ એપ પણ ફરજિયાત બનાવવામાં આવી રહી છે. દેશની તમામ સરકારી તેમ જ ખાનગી કંપનીઓના કર્મચારીઓ માટે પણ આરોગ્ય સેતુ એપ ફરજિયાત બનાવી દેવામાં આવી છે. ભવિષ્યમાં સરકાર દ્વારા જાહેર કરવામાં આવે કે કોરોનાની રસી લેનારા દરેક નાગરિકના શરીરમાં RFID ચીપ બેસાડી દેવામાં આવશે તો નાગરિકોની સ્વતંત્રતા પર તરાપ આવી શકે છે. બેન્કનું ખાતું ઓપરેટ કરવા ચીપ ફરજિયાત કરવામાં આવે અને ચીપ બેસાડવા માટે કોરોનાની રસી ફરજિયાત કરવામાં આવે તો દેશના તમામ નાગરિકોની જિંદગી પર સરકારનો કાબુ પ્રસ્થાપિત થઈ જશે.

# કોરોના વાયરસની રસી ૬૦થી ૭૦ ટકા લોકોને જ સંરક્ષણ આપી શકશે




કોરોના વાયરસના ડરથી ભારતના ૧૩૦ કરોડ લોકોને ઘરે પૂરાઈ રહેવું પડતું હોવાથી તેઓ કાગડોળે તેની રસીનો ઈંતજાર કરી રહ્યા છે. બિલ ગેટ્સ જેવા દાનવીરો કહે છે કે કોરોના વાયરસની રસી નહીં આવે ત્યાં સુધી દુનિયાની પ્રજાએ લોકડાઉનમાં જ રહેવું પડશે. આ વાંચીને લોકોને લાગે છે કે તેઓ એક વખત કોરોના વાયરસની રસી લઈ લેશે તે પછી તેમને જિંદગીભર કોવિદ-૧૯ નામની બીમારી નહીં થાય. તેવા લોકો માટે બે ખરાબ સમાચાર છે. પહેલા સમાચાર એ કે કોવિદ-૧૯ની રસી ૧૮ મહિના પહેલા બજારમાં આવે તેવી કોઈ સંભાવના નથી. બીજા સમાચાર એ છે કે તે રસી ૬૦થી ૭૦ ટકા જેટલી જ અસરકારક હશે. મતલબ જેટલા લોકો રસી લેશે તેમાંના ૬૦થી ૭૦ ટકાને જ કોવિદ-૧૯ સામે સંરક્ષણ મળશે. બાકીના ૩૦થી ૪૦ ટકા લોકો રસી લીધા પછી પણ કોવિદ-૧૯નો ભોગ બની શકે છે. રસીની રાહ જોઈ રહેલા લોકોને કદાચ આ વાતની જાણકારી જ નહીં હોય.

જગતની જનતામાં કોરોના વાયરસનો ભય એટલો બધો ફેલાઈ ગયો છે કે બજારમાં જેવી કોરોના વાયરસની રસી આવશે કે તરત તેઓ રસી લેવા લાઈન લગાડવાના છે; પરંતુ તેમને રસીનાં ભયસ્થાનોની જાણ નથી. જે રીતે પોલિયોની રસી લેનારાં હજારો બાળકો પોલિયોનો ભોગ બને છે તેવી રીતે કોવિદ-૧૯ની રસી લેનારા લોકો પણ કોવિદ-૧૯નો ભોગ બની શકે છે. દુનિયામાં આજે ૧૦૦ જેટલી કંપનીઓ કોવિદ-૧૯ની રસી બનાવી રહી છે, જેમાંની ૩૦થી વધુ કંપનીઓ ભારતમાં આવેલી છે. સામાન્ય રીતે કોઈ પણ રસી ૯૦ ટકાથી વધુ અસરકારક નથી હોતી. કોવિદ-૧૯ની રસી બનાવવા માટે જે ઉતાવળ કરવામાં આવી રહી છે તે જોતાં ૬૦થી ૭૦ ટકા સફળતા ધરાવતી રસીને પણ ડ્રગ્સ કન્ટ્રોલર તરફથી માન્યતા મળી જવાની છે. તે જોતાં ધારો કે ભારતના ૧૦૦ કરોડ લોકોને રસી આપવામાં આવશે તો પણ તેમાંના ૩૦ થી ૪૦ કરોડ લોકો કોવિદ-૧૯નો ભોગ બની શકે છે. જો તેમાંના ૩૦થી ૪૦ લાખ લોકો પણ મરણ પામે તો રસીનો કોઈ મતલબ જ રહેશે નહીં.

પ્રજા જ્યારે કોવિદ-૧૯ની રસીની કાગડોળે રાહ જોઈ રહી છે ત્યારે કેટલાક નિષ્ણાતો ચેતવણી આપે છે કે જેમ આપણે એચઆઈવી અને ડેંગ્યુની રસી નથી બનાવી શક્યા તેમ કદાચ આપણે કોરોના વાયરસની રસી કદી ન બનાવી શકીએ તેવું પણ બની શકે છે. ઈમ્પિરિયલ કોલેજ ઓફ લંડનના પ્રોફેસર ડો. ડેવિડ નાબારો કહે છે કે કોવિદ-૧૯ની રસી બનાવી શકાય તેવું ખાતરીપૂર્વક કહી શકાય તેમ નથી. કદાચ કોઈ કંપની રસી બનાવી લે તો પણ તે સલામતી તથા અસરકારકતાની કસોટીમાંથી પસાર ન થઈ શકે તેવું પણ બની શકે છે. ડો. ડેવિડ નાબારો વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના કોવિદ-૧૯ ના ખાસ પ્રતિનિધિ હોવાથી તેમની વાતની ગંભીરતા વધી જાય છે.

વિશ્વમાં ૧૦૦થી વધુ કંપનીઓ આજે કોવિદ-૧૯ની રસી બનાવવાની હોડમાં છે, કારણ કે તેમને તેમાં અઢળક કમાણી દેખાઈ રહી છે. તેમાંની માત્ર બે રસી માનવ પરીક્ષણના તબક્કામાં પહોંચી છે. તે

પૈકી એક રસી ઈંગ્લેન્ડમાં ઓક્સફોર્ડ યુનિવર્સિટી બનાવી રહી છે તો બીજી રસી અમેરિકાની મોડેર્ના નામની કંપની બનાવી રહી છે. મોડેર્ના કંપનીને કોવિદ-૧૯ની રસી બનાવવા માટે બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન વતી માતબર દાન આપવામાં આવ્યું છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓ ચિમ્પાન્ઝીમાં જોવા મળતા વાયરસનો ઉપયોગ કરીને રસીના પ્રયોગો કરીર હ્યા છે. આ રસીમાં ચિમ્પાન્ઝી વાંદરાના લોહીનો ઉપયોગ કરવામાં આવશે. તેના અબજો ડોઝ બનાવવા માટે હજારોની સંખ્યામાં ચિમ્પાન્ઝી વાંદરાઓની હત્યા કરી નાખવામાં આવશે.

ભારતમાં લગભગ૩૦ જેટલી કંપનીઓ રસી બનાવવાની હોડમાં છે, જેમાંની કેટલીક કંપનીઓ આગામી મહિનાઓમાં મનુષ્ય પરની ટ્રાયલ શરૂ કરશે. પુણેની સિરમ ઈન્સ્ટિટ્યૂટ, ભારત બાયોટેક, બાયોલોજીકલ ઈ, ઝાયડસ કેડિલા, ઈન્ડિયન ઈમ્યુનોલોજિકલ્સ, ગુરુગ્રામની પ્રેમાસ બાયોટેક, પુણેની જિનોવા બાયો, અરબિંદો ફાર્માની ઓરો વેક્સિન વગેરે કંપનીઓ પણ કોરોના વાયરસની રસી બનાવવાના પ્રયોગો કરી રહી છે. કેટલીક કંપનીઓ સ્વબળે વેક્સિન બનાવી રહી છે તો કેટલીક કંપનીઓ દ્વારા વિદેશી કંપનીઓ સાથે ભાગીદારી કરવામાં આવી રહી છે.

ઈતિહાસ કહે છે કે કોઈ રોગની રસી બનાવવા માટે ઓછામાં ઓછાં પાંચ વર્ષ લાગે છે. તે રસીને લેબોરેટરીમાંથી બજારમાં લાવતા બીજાં પાંચ વર્ષ લાગે છે. ભારત સરકારે કોવિદ-૧૯ની રસી માટે પ્રાણીઓ પર પ્રયોગો કરવામાંથી મુક્તિ આપી છે અને સાત દિવસમાં મંજૂરી આપવાનું વચન આપ્યું છે તો પણ તેની રસી બજારમાં આવતા ૧૨થી ૧૮ મહિના તો લાગી જ જશે.

જો રસી બનાવવામાં ઉતાવળ કરવામાં આવે તો તેને કારણે તેની સલામતી જોખમાઈ શકે છે. ભારતમાં કોવિદ-૧૯ની રસી બનાવી રહેલી કંપનીના એક અધિકારી પોતાનું નામ ન આપવાની શરતે જણાવે છે કે તેમને સરકારે રસી બનાવવા માટે ૧૨થી ૧૮ મહિનાનો સમય આપ્યો હોવાથી તેમને ગભરામણ થાય છે. ટૂંકા સમયમાં અમે રસીની તાત્કાલિક સલામતીની ખાતરી આપી શકીએ તેમ છીએ. રસી લેવાથી તાત્કાલિક દર્દીને નુકસાન નહીં થાય તેની ગેરન્ટી આપી શકાય; પણ જે દર્દીના શરીરમાં કોરોના વાયરસ દાખલ કરવામાં આવ્યો હોય તેને એક કે બે વર્ષ પછી કંઈ નુકસાન નહીં થાય તેવું ખાતરીપૂર્વક કહી શકાય નહીં. તે માટે લાંબો સમય રાહ જોવી પડે.

**૧૦૦ કરોડ લોકોને રસી આપવામાં આવશે તો પણ તેમાંના ૩૦ થી ૪૦ કરોડ રોગનો લોકો ભોગ બની શકે છે. જો તેમાંના ૩૦થી ૪૦ લાખ લોકો મરણ પામે તો રસીનો કોઈ મતલબ જ રહેશે નહીં.**

સામાન્ય રીતે કોઈ પણ રસી ૯૦ ટકા જેટલી સફળ હોય તો જ તેને સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવે છે; પણ સરકારને કોવિદ-૧૯ની રસીની એટલી ઉતાવળ છે કે તેણે તેના માટે પોતાનાં ધારાધોરણ પણ નીચે લાવી દીધાં છે. આ રસી જો ૬૦થી ૭૦ ટકા જેટલી સચોટ હશે તો પણ તેને સરકાર દ્વારા પરવાનગી આપી દેવામાં આવશે. ભારત સરકારે સ્વાઈન ફ્લુની રસી ૫૦ ટકા જેટલી સફળ હતી તો પણ તેને પરવાનગી આપી દીધી હતી. ૨૦૦૯માં ભારતમાં સ્વાઈન ફ્લુ ફાટી નીકળ્યો ત્યારે પ્રજામાં તેનો બહુ ગભરાટ હતો. તેની રસી બજારમાં આવી ત્યારે તેનો ગભરાટ શમી ગયો હતો. કોરોના વાયરસની રસી બજારમાં આવે ત્યારે પણ તેવું બની શકે છે.

રસી બનાવવા માટે પહેલા તેના વાયરસને કોઈ પ્રાણીના શરીરમાં ઘૂસાડવામાં આવે છે અને તેના પર તેની અસર તપાસવામાં આવે છે. ત્યાર બાદ તેના શરીરમાં વાયરસ સામે લડવાના એન્ટીબોડી તૈયાર થાય ત્યારે તેમના લોહીનો રસી બનાવવા માટે ઉપયોગ કરવામાં આવે છે. કેટલાક રોગોની રસી બનાવવા માટે ઉંદરોનો ઉપયોગ કરવામાં આવે છે; પણ કોવિદ-૧૯ ચિમ્પાન્ઝીના શરીરમાં એન્ટીબોડી પેદા કરતું હોવાથી તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રસી બનાવવા માટે હજારો ચિમ્પાન્ઝી વાંદરાઓ ખરીદવા પાછળ જ અબજો ડોલરનો ખર્ચો કરવામાં આવશે.

રસી બનાવવા માટે જીવતા મનુષ્યો પર પ્રયોગો કરવાના હોવાથી તેનો પણ ભારે ખર્ચો આવે છે. અમેરિકાની મેડોર્ના કંપની મનુષ્યો પર પ્રયોગ કરી રહી છે તે દરેકને ૨૫-૨૫ હજાર ડોલરનું વળતર આપી રહી છે. હજાર મનુષ્યો પાછળ તેઓ અઢી કરોડ ડોલરનો ખર્ચો કરશે. તેને કારણે કોવિદ-૧૯ની રસી અત્યંત ખર્ચાળ બની જશે. જો કોઈ મનુષ્ય કોવિદ-૧૯ની રસી લીધા પછી પણ કોવિદ-૧૯નો ભોગ બનશે તો રસી બનાવતી કંપની તરફથી તેને કોઈ વળતર મળશે નહીં.

# ધ વોશિંગ્ટન ટાઈમ્સ કહે છે, કોવિદ-૧૯ મીડિયા દ્વારા પેદા કરવામાં આવેલું જૂઠાણું હતું




ભારતનું મેઈનસ્ટ્રીમ મીડિયા કોરોના વાયરસના આંકડાઓ આપી આપીને પ્રજામાં ગભરાટ ફેલાવવાનું કામ કરી રહ્યું છે ત્યારે અમેરિકાનું ધ વોશિંગ્ટન ટાઈમ્સ કહે છે કે કોવિદ-૧૯ના મીડિયા કવરેજનો જ્યારે પણ ઇતિહાસ લખાશે ત્યારે લખાશે કે કોરોના વાયરસ બ્લેક પ્લેગ જેટલો ભયંકર નહોતો. વળી તે સિઝનલ ફ્લુ જેટલો પણ વિનાશક નહોતો. ધ વોશિંગ્ટન પોસ્ટના કહેવા મુજબ ૨૦૧૭-૧૮ ની વસંત ઋતુમાં અમેરિકાના ૮૦,૦૦૦થી વધુ નાગરિકો ફ્લુથી મરણ પામ્યા હતા. હાલમાં તેના કરતાં ઓછાં મરણ કોવિદ-૧૯ને કારણે થયાં છે. ધ વોશિંગ્ટન ટાઈમ્સ કહે છે કે કોવિદ-૧૯ના હેવાલો મીડિયા દ્વારા પેદા કરવામાં આવેલું મોટામાં મોટું જૂઠાણું હતું.

ધ વોશિંગ્ટન ટાઈમ્સના તા. ૨૮ એપ્રિલ, ૨૦૨૦માં જોસેફ કર્લ નામના કટારલેખક લખે છે કે પહેલાં કેટલાક નિષ્ણાતો દ્વારા ચેતવણી આપવામાં આવી હતી કે નોવેલ કોરોના વાયરસને કારણે અમેરિકાના ૧૭ લાખ નાગરિકો મરણ પામશે. પછી તેમણે આંકડો ઘટાડીને કહ્યું કે નવી બહાર આવેલી વિગતો પરથી લાગે છે કે અમેરિકાના એકથી ૨.૪ લાખ નાગરિકો કોરોના વાયરસનો ભોગ બનશે. અને હવે વ્હાઈટ હાઉસ દ્વારા તૈયાર કરવામાં આવેલા મોડેલનો ઉપયોગ કરીને તેઓ કહી રહ્યા છે કે કોવિદ-૧૯થી આશરે ૭૦,૦૦૦ લોકોનાં મરણ થશે. ધ વોશિંગ્ટન ટાઈમ્સ સવાલ કરે છે કે જો આટલાં મરણ જ થવાનાં હતાં તો અમેરિકાને લોકડાઉન કરવાની જરૂર ક્યાં હતી?

ચીનમાં પેદા થયેલો કોવિદ -૧૯ જ્યારે યુરોપમાં પહોંચ્યો ત્યારે અમેરિકાના મીડિયા દ્વારા ડરામણા આંકડાઓ બહાર પાડવામાં આવતા હતા; જેને કારણે ગભરાઈ ગયેલા અમેરિકનો ૪૦ દિવસ સુધી ઘરમાં ભરાઈ રહ્યા હતા. તેને કારણે અમેરિકાની ટીવી ચેનલના દર્શકો વધી ગયા હતા. ભયભીત થયેલા અમેરિકનો માત્ર ટોઈલેટ પેપર લેવા બહાર નીકળતા હતા ત્યારે પણ પગથી માથા સુધી ઢંકાઈને નીકળતા હતા અને મોંઢા પર માસ્ક પહેર્યા વગર પણ બહાર નીકળતા નહોતા.

તાજેતરમાં અમેરિકાની પ્રતિષ્ઠિત સ્ટેનફોર્ડ યુનિવર્સિટી દ્વારા થયેલો સર્વે કહે છે કે કોવિદ-૧૯નો ફેટાલિટી રેટ માત્ર ૦.૧થી ૦.૨ ટકા જેટલો છે. આટલો ફેટાલિટી રેટ તો અમેરિકામાં દરેક વસંત ઋતુમાં દેખા દેતા સામાન્ય ફ્લુનો પણ હોય છે. સ્ટેનફોર્ડ યુનિવર્સિટી દ્વારા સિલિકોન વેલીમાં હાથ ધરવામાં આવેલો સર્વે કહે છે કે કોવિદ-૧૯ના જેટલા દર્દીઓ સરકાર દ્વારા દેખાડવામાં આવે છે તેના કરતાં ૨૦થી ૩૦ ગણા વધારે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા કહેવામાં આવ્યું છે કે અમેરિકામાં દર સો દર્દીએ ૩.૨ દર્દીનાં મરણ થાય છે. પરંતુ જો દર્દીનો આંકડો ૧૦૦ને બદલે ૨૦૦૦ જેટલો હોય તો મરણનો દર ઘટીને ૦.૧૬ ટકા જેટલો જ રહી જાય છે. જે રોગમાં દર દસ હજારે ૧૬ દર્દીઓનાં મરણ થતાં હોય તેનાથી ભય પામવાનું કોઈ કારણ જ રહેતું નથી.

ધ વોશિંગ્ટન ટાઈમ્સના હેવાલ પ્રમાણે સરકારના આંકડાઓ મુજબ પણ ન્યુ

યોર્ક શહેરમાં ૧૮થી ૪૫ વર્ષના યુવાનોમાં કોવિદ-૧૯નો મરણદર માત્ર ૦.૦૧ ટકા જેટલો છે. બીજા શબ્દોમાં દર લાખ યુવાને ૧૦ યુવાનોનાં મોત થાય છે. જોકે ૭૫ કે તેથી મોટી ઉંમરના નાગરિકો માટેનો મરણદર ૦.૮ ટકા જેટલો છે. ૧૮ વર્ષથી નીચેનાં બાળકો માટે મરણદર શૂન્ય ટકા જેટલો છે. અમેરિકામાં જેટલાં મરણ થયાં તેનાં ૨૦ ટકા તો જ્યાં લોકો સમૂહમાં રહેતા તેવા વૃદ્ધાશ્રમોમાં થયાં છે. તાજેતરમાં હાથ ધરવામાં આવેલા અભ્યાસ મુજબ કોવિદ-૧૯ સાથે મરણ પામેલા અમેરિકાના લગભગ તમામ નાગરિકોમાં એક કરતાં વધુ જીવલેણ બીમારીઓ જોવામાં આવી હતી.

અમેરિકન મેડિકલ એસોસિયેશનના જર્નલમાં પ્રગટ થયેલા હેવાલ મુજબ નોર્થવેલ હેલ્થ સિસ્ટમમાં કોવિદ-૧૯ના ૫,૭૦૦ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા હતા. તેનો સર્વે કરવામાં આવ્યો ત્યારે જાણવા મળ્યું હતું કે તેમાંના ૯૪ ટકા બીજી બીમારીથી પણ પીડાતા હતા. તેમાંના ૫૩ ટકા હાઇપરટેન્સનથી પીડાતા હતા અને ૪૨ ટકામાં ચરબીના રોગો જોવા મળ્યા હતા. જોન હોપકિન્સના આંકડાઓ કહે છે કે અમેરિકાના આશરે દસ લાખ નાગરિકોમાં કોરોના વાયરસ છે; પણ હકીકતમાં તેના કરતાં ક્યાંય વધુ અમેરિકનોના શરીરમાં વાયરસ પ્રવેશી ચૂક્યો છે.

થોડા સમય પહેલાં ન્યુ યોર્કમાં મોટા સમૂહ પર રેપિડ એન્ટીબોડી ટેસ્ટ કરવામાં આવ્યો હતો. તેમાં જણાયું હતું કે ૨૧.૨ ટકા અમેરિકનોના શરીરમાં કોરોના વાયરસ પ્રવેશી ચૂક્યો છે. ન્યુ યોર્ક શહેરની વસતિ આશરે ૮૫ લાખની છે તે જોતા તેના ૧૮ લાખ નાગરિકોના શરીરમાં કોરોના છે. જો આટલા બધા નાગરિકો કોરોનાસહિત હોય તો આપમેળે હર્ડ ઇમ્યુનિટી આવી જતી હોય છે.

એપ્રિલ મહિનામાં લોસ એન્જલસ શહેરમાં સરકારી આંકડા મુજબ માત્ર ૮,૦૦૦ નાગરિકો જ કોરોના પોઝિટિવ હતા. ત્યારે રેપિડ એન્ટીબોડી ટેસ્ટ કરવામાં આવી તેના સર્વે પરથી ખ્યાલ આવ્યો હતો કે ત્યાં ૪.૪૨ લાખ નાગરિકો કોરોના વાયરસ ધરાવતા હતા. તેનો અર્થ એવો થયો કે લોસ એન્જલસ શહેરમાં જે મરણદર આપવામાં આવતો હતો તે બહુ મોટો હતો. સર્વે કરનારાના જણાવ્યા મુજબ લોસ એન્જલસમાં વાસ્તવિક મરણનો દર માત્ર ૦.૧૮ ટકા જેટલો જ હતો. ડેઇલી મેઇલના હેવાલ મુજબ બ્રિટનનો મરણદર પણ સરકારી આંકડા કરતાં ૭૦ ગણો ઓછો હતો.


**સરકારના આંકડાઓ મુજબ પણ ન્યુ યોર્ક શહેરમાં ૧૮થી ૪૫ વર્ષના યુવાનોમાં કોવિદ-૧૯નો મરણદર માત્ર ૦.૦૧ ટકા જેટલો છે. બીજા શબ્દોમાં દર લાખ યુવાને ૧૦ યુવાનોનાં મોત થાય છે.**

અમેરિકામાં આશરે ૭૦,૦૦૦ નાગરિકો કોવિદ-૧૯ને કારણે મરી ગયા હોવાનું કહેવાય છે; પણ તે આંકડાઓ સામે પણ હવે સવાલો ઉઠાવાઈ રહ્યા છે. કોરોના વાયરસનો અમેરિકામાં પ્રવેશ થયો તે પછી હોસ્પિટલોમાં જેટલા પણ દર્દીઓ માર્યા જાય છે તેમને કોરોના મરણમાં ખપાવી દેવામાં આવે છે, જેને કારણે કોરોના મરણનો આંકડો ફૂલી ગયો છે. જો કોઈ દર્દી કોવિદ-૧૯થી મરી જાય તો તેને સરકાર દ્વારા વળતર આપવામાં આવે છે. તેને કારણે પણ ડોક્ટરો ખોટાં સર્ટિફિકેટો લખી આપે છે. ઘણી વખત ડોક્ટરે સાચું સર્ટિફિકેટ આપ્યું હોય તો સરકારી અધિકારીઓ તેના પર દબાણ કરીને મરણનાં કારણમાં કોવિદ-૧૯ લખવાનું કહે છે. હવે સેન્ટર ફોર ડિઝિસ કન્ટ્રોલે કોવિદ-૧૯થી થયેલાં મરણના આંકડાઓનું પુનરવલોકન કરવાનું કહ્યું છે. પેન્સિલ્વેનિયા રાજ્યમાં મરણના આંકડાઓનું પુનરવલોકન કરવામાં આવ્યું ત્યારે અગાઉ કરતાં ૨૦૦ મરણ ઓછા કરવામાં આવ્યાં હતાં.

કોરોના વાયરસનું આગમન થયું ત્યારે અમેરિકનોને ડરાવી દેવામાં આવ્યા હતા કે ત્યાં આશરે ૧૮ લાખ મરણ થશે. આ અંદાજ કોરોના વાયરસ બાબતમાં તૈયાર કરવામાં આવેલા કોમ્પ્યુટર મોડેલના આધારે બાંધવામાં આવ્યો હતો. તે અંદાજ બિલકુલ ખોટો સાબિત થયો છે. હવે કહેવામાં આવે છે કે લોકડાઉન કરવામાં આવ્યું અને અમેરિકનો માસ્ક પહેરીને બહાર નીકળવા લાગ્યા તેને કારણે મરણનું પ્રમાણ ઘટી ગયું છે. જોકે જાણકારો કહે છે કે અમેરિકામાં લોકડાઉન ખૂલી ગયા પછી પણ મરણનું પ્રમાણ વધ્યું નથી. તેથી સાબિત થાય છે કે ડરવાનું કોઈ કારણ નહોતું.

ભારતમાં પણ કોરોના વાયરસનો જે ભય પેદા થયો છે તેમાં મીડિયાની ભૂમિકા બહુ મોટી છે. ભારતમાં કોરોના વાયરસને કારણે માંડ ૫૦,૦૦૦ જેટલાં મરણ થયાં છે, જે ભારતની કુલ વસતિના ૦.૦૦૩૫ ટકા જેટલા છે. તેમાંના ૮૫ ટકા પણ બીજા રોગોને કારણે થયાં છે. ભારત સરકારે પણ કોરોનાના ભયમાંથી બહાર આવીને લોકડાઉન ખોલી કાઢવું જોઈએ.

# આરોગ્ય સેતુ એપનો ઉપયોગ જનતાની જાસૂસી કરવા માટે થઈ શકે છે




સરકારે જ્યારે આરોગ્ય સેતુ નામની મોબાઈલ એપ લોન્ચ કરી ત્યારે કહેવામાં આવ્યું હતું કે તમારી નજીકમાં કોઈ કોરોના પોઝિટિવ વ્યક્તિ આવે તો તેની જાણ કરવા માટે તમે આરોગ્ય સેતુનો ઉપયોગ કરી શકો છો. ત્યારે આપણને કહેવામાં આવ્યું હતું કે તમે તમારી સ્વેચ્છાએ તમારા મોબાઈલ ફોનમાં આ એપ ડાઉનલોડ કરી શકો છો. હવે કેન્દ્ર સરકારે જાહેર કર્યું છે કે સરકારી તેમ જ ખાનગી પેઢીઓના તમામ કર્મચારીઓએ પણ ફરજિયાત આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવી પડશે. જો તેમના સ્માર્ટ ફોનમાં આ એપ નહીં હોય તો તેમને કામ કરવા દેવામાં આવશે નહીં. જો આધાર કાર્ડની જેમ આરોગ્ય સેતુ એપ કોઈ પણ નોકરી કરવા માટે ફરજિયાત બનાવવામાં આવશે તો તેનો ઉપયોગ નાગરિકોની પ્રાઈવસી પર તરાપ મારવા માટે અને તેમની જાસૂસી કરવા માટે પણ થઈ શકે છે. આવી કોઈ પણ એપ ફરજિયાત બનાવતા પહેલાં સંસદમાં તે વિષયક કાયદો ઘડવો જોઈએ. જો કોઈ કાયદો ઘડવામાં ન આવે તો તેના દ્વારા ભેગા કરેલા ડેટાનો દુરૂપયોગ થઈ શકે છે.

સરકારે જાહેર અને ખાનગી નોકરીમાં આરોગ્ય સેતુ એપને ફરજિયાત બનાવતી ગાઈડલાઈન બહાર પાડી કે તરત દેશના ૪૫ સંગઠનોએ અને ૧૦૦ નાગરિકોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ અને આઈટી પ્રધાન રવીશંકર પ્રસાદને પત્ર લખીને તેના ફરજિયાત ઉપયોગનો વિરોધ નોંધાવ્યો હતો. વર્તમાનમાં ભારતના આશરે ૧૦ કરોડ સ્માર્ટ ફોનધારકો દ્વારા આ એપ ઈન્સ્ટોલ કરવામાં આવી છે; પણ સરકારની યોજના ભારતના તમામ નાગરિકોને તેમાં કવર કરી લેવાની છે. જો ભારતના તમામ નાગરિકો તેમાં કવર થઈ જશે તો સરકાર તેમની તમામ ગતિવિધિઓ ઉપર નજર રાખી શકશે. ભારતમાં ઘણા નોકરિયાતો પાસે તો સ્માર્ટ ફોન પણ નથી. તેઓ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કર્યા વિના કેવી રીતે નોકરીમાં જઈ શકશે? વળી આ એપનો કોઈ પણ ડેટા લિક થઈ જાય તો સરકાર તેની જવાબદારી લેવા પણ તૈયાર થવાની નથી.

લોકશાહી શાસનપ્રણાલિ ધરાવતો ભારત દેશ આરોગ્ય સેતુ એપની બાબતમાં સરમુખત્યાર પદ્ધતિ ધરાવતા ચીનની નકલ કરી રહ્યો છે. ચીની સરકારે અલીબાબા તથા ટેનસેન્ટ જેવા ટેક જાયન્ટોના સહયોગમાં તેના કરોડો નાગરિકો માટે ટ્રેકિંગ સિસ્ટમ બનાવી છે. આ સિસ્ટમ દ્વારા દરેક નાગરિકોને લીલો, પીળો કે લાલ રંગ આપવામાં આવ્યો છે. કોરોના પોઝિટિવ વ્યક્તિનો નિર્દેશ લાલ રંગ દ્વારા કરવામાં આવે છે. કોરોના નેગેટિવ વ્યક્તિને લીલો રંગ આપવામાં આવે છે. જે વ્યક્તિ કોરોના પોઝિટિવના સંપર્કમાં આવ્યો હોય તેને પીળો રંગ આપવામાં આવે છે. પીળો રંગ ધરાવનારી વ્યક્તિને કોરોના કે રેપિડ એન્ટીબોડી ટેસ્ટ કરવાની સલાહ આપવામાં આવે છે.

ચીનમાં કોઈ પણ નાગરિકે પોતાનાં ઘરની બહાર નીકળવું હોય તો તેણે વીચેટ પર રજિસ્ટર કરાવવું પડે છે. જેમને

લીલો રંગ આપવામાં આવ્યો હોય તેઓ જ મેટ્રો ટ્રેનમાં પ્રવાસ કરી શકે છે. કોઈ પણ શોપિંગ મોલમાં પ્રવેશ કરવો હોય તો જેમનો લીલો રંગ હોય તેમને જ પ્રવેશ આપવામાં આવે છે. ચીનમાં કોઈ પણ શહેરની, જિલ્લાની કે રાજ્યની સરહદ ક્રોસ કરવી હોય તો પણ લીલો કલર કોડ જરૂરી છે. પીળા કે લાલ કલર કોડ ધરાવનારને સરહદ પાર કરવાની પરવાનગી અપાતી નથી. ભારતમાં જે આરોગ્ય સેતુ એપ લોન્ચ કરવામાં આવી છે તેમાં ઇ-પાસનું પણ બટન છે. કોરોનાના કાળમાં એક રાજ્યમાંથી બીજાં રાજ્યમાં જવા માટે પણ ઇ-પાસ માગવામાં આવે છે. ભવિષ્યમાં જેની એપમાં લીલો કલર હશે તેને જ જિલ્લાની કે રાજ્યની સરહદ પાર કરવાની મંજૂરી આપવામાં આવશે. અત્યારે આપણે હાઈવે પર કાર લઈને મુસાફરી કરતા હોઈએ ત્યારે ટ્રાફિક પોલિસ દ્વારા આપણા લાઈસન્સ, પીયુસી વગેરે દસ્તાવેજો માગવામાં આવે છે તેમ હવે કારમાં બેઠેલા દરેક પેસેન્જરની આરોગ્ય સેતુ એપ ચેક કરવામાં આવશે. જો તેમાં ગ્રીન કલર કોડ હશે તો જ ચેકનાકું પસાર કરવાની મંજૂરી આપવામાં આવશે. આપણે અત્યાર સુધી ભારતને એક અને અખંડ માનતા હતા. હવે કોરોનાને કારણે ભારતમાં પ્રવાસ કરવા માટે પણ આપણે મંજૂરી લેવી પડશે.

સરકારે પહેલા જાહેરાત કરી કે આરોગ્ય સેતુ એપ સ્વૈચ્છિક છે. હવે સરકારી તેમ જ ખાનગી નોકરી માટે તેને ફરજિયાત બનાવી દેવામાં આવી છે. હવે સરકારે જાહેર કર્યું છે કે કોઈ પણ વ્યક્તિ સ્માર્ટ ફોન ખરીદશે તેમાં આરોગ્ય સેતુ એપ ઇનબિલ્ટ હશે. જો ફોનને ચાલુ કરવો હોય તો તેમાં રજિસ્ટર કરાવવું પડશે. સરકારે જિયો, વોડાફોન-આઈડિયા અને એરટેલ જેવી મોબાઇલ કંપનીઓનો પણ સંપર્ક કર્યો છે. તેઓ પોતાના ગ્રાહકોને આરોગ્ય સેતુ માટે પ્રેરણા કરશે.

ભારત સરકારના ગૃહ ખાતાં દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઇડલાઈન મુજબ જે નાગરિકો કન્ટેઇનમેન્ટ ઝોનમાં રહેતા હોય તેમાં ૧૦૦ ટકા લોકોએ આરોગ્ય સેતુ એપ ઇન્સ્ટોલ કરવી જરૂરી છે. આ ઝોનમાં રહેતો કોઈ પણ નાગરિક બહાર નીકળવા માગતો હશે તો તેણે પોતાના મોબાઇલ ફોનની આરોગ્ય સેતુ એપમાં લીલો રંગ દેખાડવો પડશે. ભવિષ્યમાં બેન્કમાં કે એટીએમમાં દાખલ થવા માટે પણ આરોગ્ય સેતુ એપને ફરજિયાત બનાવાઈ શકાય છે. સરકારે જ્યારે આધાર કાર્ડની યોજના દાખલ કરી ત્યારે આપણને કહેવામાં આવ્યું હતું કે તે ફરજિયાત નથી. પછી સરકારની તમામ યોજનાઓનો લાભ લેવા માટે તેને ફરજિયાત બનાવવામાં આવ્યું. ત્યાર પછી ઇન્કમ ટેક્સનું રિટર્ન ભરવા માટે પણ આધાર કાર્ડને ફરજિયાત બનાવવામાં આવ્યું. ત્યાર બાદ દરેક મોબાઇલ નંબરને અને બેન્કનાં ખાતાંને આધાર કાર્ડ સાથે જોડવાનો આગ્રહ રાખવામાં આવ્યો. તેની સામે કેટલાક લોકો સુપ્રિમ કોર્ટમાં ગયા ત્યારે કોર્ટે કહ્યું કે આધાર કાર્ડ ફરજિયાત કરી શકાય નહીં. તેમ છતાં આજની તારીખમાં બેન્કમાં ખાતું ખોલાવવા માટે આધાર કાર્ડ માગવામાં આવે છે. નવું સિમ કાર્ડ લેવા માટે પણ આધાર કાર્ડ માગવામાં આવે છે. આધાર કાર્ડનો અમલ શરૂ કર્યા પછી તેના ડેટાની સલામતી માટે પાછળથી કાયદો બનાવવામાં આવ્યો હતો. આરોગ્ય સેતુ એપને ફરજિયાત કરતા પહેલાં કોઈ કાયદો પણ ઘડવામાં આવ્યો નથી. કોઈ વટહુકમ પણ બહાર પાડવામાં આવ્યો નથી. માત્ર ગાઇડલાઈન બહાર પાડીને તેને ફરજિયાત બનાવી દેવામાં આવ્યો છે.

> **કેન્દ્રનાં ગૃહ ખાતાં દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઇડલાઈનમાં કહેવામાં આવ્યું છે કે જે કોઈ ગાઇડલાઈનનો ભંગ કરશે તેની સામે ડિઝાસ્ટર મેનેજમેન્ટ હેઠળ કામગીરી બજાવવામાં આવશે.**

કેન્દ્રના ગૃહ ખાતાં દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઇડલાઈનમાં કહેવામાં આવ્યું છે કે જે કોઈ ગાઇડલાઈનનો ભંગ કરશે તેની સામે ડિઝાસ્ટર મેનેજમેન્ટ હેઠળ કામગીરી બજાવવામાં આવશે. આ નિયમ સરકારી કચેરીઓ ઉપરાંત ખાનગી કંપનીઓને પણ લાગુ પડે છે. જો કોઈ ખાનગી કંપનીના માલિકોના કર્મચારીઓ તેમના મોબાઇલ ફોનમાં આરોગ્ય સેતુ એપ ઇન્સ્ટોલ કર્યા વિના કામ પર આવશે તો માલિકો પર પગલાં લેવામાં આવશે. આરોગ્ય સેતુ એપ લોન્ચ થઈ ત્યારે તેમાં પ્રાઇવસી પોલિસી જાહેર કરવામાં આવી હતી. તે મુજબ તેનો કોઈ પણ ડેટા લિક થાય તો તેના માટે સરકારને જવાબદાર ગણવામાં આવશે નહીં. વળી કોઈ કોરોના પોઝિટિવ બાબતમાં ચેતવણી આપવામાં એપ નિષ્ફળ જાય તો પણ સરકારને જવાબદાર ઠેરવી શકાશે નહીં. આરોગ્ય સેતુ એપનો ઉપયોગ કોરોનાનો ખતરો હોય ત્યાં સુધી જ કરવાનો છે. જો કોરોનાનો ખતરો ટળી જાય તે પછી પણ સરકાર તેનો ઉપયોગ કરે તો તેને રોકવાની કોઈ વાત ગાઇડલાઈનમાં કરવામાં આવી નથી.

# ઈવેન્ટ ૨૦૧ઃ કોરોના મહામારીનું આગોતરું ડ્રેસ રિહર્સલ કરવામાં આવ્યું હતું

બ્રાઝિલના તંદુરસ્ત જણાતા ભૂંડમાં કોરોના નામનો વાયરસ દેખાય છે. જોતજોતામાં તે ભૂંડોનાં ટોળાંમાં ફેલાઈ જાય છે. ભૂંડોનો ઉછેર કરતા ખેડૂતો તેનો પહેલવહેલો શિકાર બને છે. તેમને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગે છે. શરૂઆતમાં તેમને નબળા ફ્લુના લક્ષણો જણાય છે, પણ થોડા સમયમાં ઉગ્ર ન્યુમોનિયાના લક્ષણો જોવા મળે છે. ખેડૂતો ટપોટપ મરવા લાગે છે. ૬ મહિનામાં આ ભેદી બીમારી આખી દુનિયામાં ફેલાઈ જાય છે. લાખો લોકોનાં મોત થાય છે. બીમારીને રોકવા માટે ફ્લાઈટો કેન્સલ કરવામાં આવે છે. લોકડાઉનનો અમલ કરવામાં આવે છે. આ મહામારીને 'કેપ્સ' નામ આપવામાં આવે છે. તેની રસી બનાવવા માટે દુનિયાભરના વિજ્ઞાનીઓ કામે લાગી જાય છે, પણ સફળતા મળતી નથી. આ મહામારીને કારણે ૧૮ મહિનામાં ૬.૫ કરોડ લોકોનાં મોત થાય છે.

આ વર્ણન વાંચીને તમે કહેશો કે આ તો વર્તમાનમાં વિશ્વમાં ફેલાઈ ગયેલી કોવિદ-૧૯ નામની બીમારીનું અને તેને કારણે પેદા થયેલી પરિસ્થિતિનું વર્ણન છે. પરંતુ તેમાં મહામારીને 'કેપ્સ' નામ આપવામાં આવ્યું હતું તેમાં ફરક છે. વળી કોવિદ-૧૯ને કારણે હજુ ૬.૫ કરોડ લોકોનાં મોત થયાં નથી. હું તમને કહું કે આ નાટક ૨૦૧૯ની ૧૮ ઓક્ટોબરે ન્યુ યોર્કની ફાઈવ સ્ટાર હોટેલોમાં ભેગા થયેલા દુનિયાના ૧૩૦ ટોચના નેતાઓ સમક્ષ ભજવવામાં આવ્યું હતું તો તમને આંચકો લાગશે. કારણ કે ન્યુ યોર્કમાં આ નાટક ભજવાયું તેના લગભગ ત્રણ મહિના પછી ચીનમાં કોરોના વાયરસનો પહેલો કિસ્સો બહાર આવ્યો હતો. ન્યુ યોર્કમાં જે નાટક ભજવાયું તેને ઈવેન્ટ ૨૦૧નું નામ આપવામાં આવ્યું હતું. તેનો વીડિયો જોયા પછી લાગે કે તેના આયોજકોએ કોવિદ-૧૯ને કારણે દુનિયામાં હાલમાં પેદા થયેલી પરિસ્થિતિની સચોટ આગાહી કરી હતી. શું તેના આયોજકો ત્રિકાળજ્ઞાની હતા? કે પછી તેમણે જ ચીનની લેબોરેટરીમાં કોરોના વાયરસ પેદા કર્યો હતો અને તેનો ફાયદો ઉઠાવવા કેવાં પગલાંઓ ભરવાં તેનું આગોતરું આયોજન પણ કરી રાખ્યું હતું?




ઈવેન્ટ ૨૦૧ નામનું ભેદી નાટક ૨૦૧૯ની ૧૮ ઓક્ટોબરે ન્યુ યોર્કની ધ પિયેરે હોટેલમાં સવારે ૮.૪૫થી બપોરે ૧૨.૩૦ દરમિયાન ભજવવામાં આવ્યું હતું. નાટકનું નિર્માણ કરનારી ત્રણ સંસ્થાઓ હાલમાં કોરોના વાયરસ સામેની લડાઈમાં પણ આગેવાન છે. પહેલી સંસ્થા જોન્સ હોપકિન્સ સેન્ટર ફોર હેલ્થ સિક્યુરિટી હતી, જે વર્તમાનમાં જગતભરમાં કોવિદ-૧૯ના આંકડાઓનું સંકલન કરે છે. બીજી સંસ્થા વર્લ્ડ ઈકોનોમિક ફોરમ હતી, જે જગતભરના ઉદ્યોગપતિઓની ટોચની સંસ્થા છે. આ સંસ્થાનું અધિવેશન દર વર્ષે દાવોસમાં ભરવામાં આવે છે. ત્રીજી આયોજક સંસ્થા બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન હતી, જે કોરોનાની રસી બનાવવાની રેસમાં મોખરે છે.

આ નાટકના મુખ્ય નિર્માતા જોન્સ હોપકિન્સ સેન્ટરના સંચાલકો કહે છે કે ''આ ઈવેન્ટનું આયોજન કોઈ મહામારી ફાટી નીકળે તો તેનો સામનો કરવા માટે

આપણે કેટલા તૈયાર છીએ? તેની વિચારણા કરવા માટે કરવામાં આવ્યું હતું.'' નવાઈની વાત એ છે કે તેમાં વાયરસનું નામ કોરોના જ રાખવામાં આવ્યું હતું અને વર્તમાનમાં ટીવી પર તેની જે તસવીર દેખાડવામાં આવે છે તેવી જ તસવીર પણ દેખાડવામાં આવી હતી. જ્યારે દુનિયામાં લગભગ કોઈએ કોરોના વાયરસનું નામ પણ નહોતું સાંભળ્યું ત્યારે તેની આબેહૂબ તસવીર મેળવનારની તાકાતને પણ નમસ્કાર કરવા પડે.

વર્તમાનમાં કોરોના વાયરસને કારણે વિશ્વમાં આશરે બે લાખથી વધુ માનવો મરી ગયા હોવાનું કહેવાય છે; પણ ઈવેન્ટ ૨૦૧માં તો 'કેપ્સ' ને કારણે લગભગ ૬.૫ કરોડ લોકોનાં મોત થયાં હોવાનું બતાડાયું હતું. જોકે તે મરણ ૧૮ મહિનામાં થયાં હતાં; જ્યારે કોરોના મહામારી હજુ ત્રણ મહિના જૂની છે. નાટકમાં બતાડવામાં આવ્યું હતું કે કેપ્સને કારણે પ્રારંભમાં મરણનો દર ઓછો હોવાથી તેની સામે ધીમી પ્રતિક્રિયા આપવામાં આવી હતી, જેને કારણે મરણનો દર વધી ગયો હતો. જોકે નાટક તૈયાર કરનારા ડો. એરિક ટોનર કહે છે કે તેમણે તેવી કોઈ આગાહી કરી નહોતી.

ઈવેન્ટ ૨૦૧માં વિવિધ ક્ષેત્રોના ૧૫ અગ્રણીઓનાં ભાષણો યોજવામાં આવ્યાં હતાં, જેમાં પ્રેક્ષક તરીકે બીજા ૧૩૦ આગેવાનો હાજર રહ્યા હતા. તેમાં કોમ્પ્યુટર સિમ્યુલેશન વડે કોરોના વાયરસ કેવી રીતે દુનિયાભરમાં હાહાકાર મચાવશે તેનું દર્શન કરાવવામાં આવ્યું હતું. જે વક્તાઓ હતા તેમાં યુનો ઉપરાંત અમેરિકાની સરકારની ટોચની સંસ્થા સેન્ટર ફોર ડિઝીસ કન્ટ્રોલના પ્રતિનિધિઓ પણ હાજર હતા. તેમાં બેન્કિંગ, હોટેલ, મીડિયા અને એવિયેશન જેવા મહત્ત્વના ક્ષેત્રો સાથે સંકળાયેલી ખાનગી કંપનીઓના વગદાર પ્રતિનિધિઓ પણ સામેલ હતા.

ઈવેન્ટ ૨૦૧નું આયોજન કરવાનો મુખ્ય હેતુ જો કોરોના પ્રકારની મહામારી ફાટી નીકળે તો સરકારો ઉપરાંત જાહેર આરોગ્ય, ઉદ્યોગો, વિમાની કંપનીઓ, બેન્કો, હોટેલ ઉદ્યોગ, મીડિયા વગેરેએ કેવી ભૂમિકા ભજવવી? તેની તેમને તાલીમ આપવાનો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે જો કોરોના પ્રકારની મહામારી દુનિયામાં ફેલાઈ જાય તો તેનો મુકાબલો કરવા માટે સાત જાતનાં પગલાંઓ લેવાં જોઈએ. હકીકતમાં વર્તમાનમાં તે મુજબનાં પગલાંઓ જ લેવાઈ રહ્યાં છે.

> **શું તેના આયોજકો ત્રિકાળજ્ઞાની હતા? કે પછી તેમણે જ લેબોરેટરીમાં કોરોના વાયરસ પેદા કર્યો હતો અને તેનો ફાયદો ઉઠાવવા કેવાં પગલાંઓ ભરવાં તેનું આગોતરું આયોજન પણ કરી રાખ્યું હતું?**

(૧) જો કોઈ મહામારી ફાટી નીકળે તો તેની સામે લડવા માટે સરકારી સંસ્થાઓએ ખાનગી કંપનીઓની પણ મદદ લેવી જોઈએ અને તેમની સાથે કોન્ટ્રેક્ટો સાઈન કરવા જોઈએ. હાલમાં હોસ્પિટલથી માંડીને ઉપકરણોના ઉત્પાદનમાં ખાનગી કંપનીઓની મદદ લેવાઈ રહી છે.

(૨) જો મહામારી ફાટી નીકળે તો જે કંપનીઓ પાસે દવાઓ તેમ જ વેક્સિનનો જથ્થો હોય તે જથ્થો જરૂરિયાતવાળા દેશો સુધી પહોંચાડવામાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ભૂમિકા ભજવવી જોઈએ. વર્તમાનમાં દવા અને વેક્સિન બાબતમાં તેવી જ ભૂમિકા ભજવાઈ રહી છે.

(૩) જો મહામારી ફાટી નીકળે તો દુનિયામાં આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો જળવાઈ રહે તેની વ્યવસ્થા વિમાની કંપનીઓ તેમ જ ટ્રાન્સપોર્ટ કંપનીઓ દ્વારા કરાવી જોઈએ.

(૪) જો મહામારી ફાટી નીકળે તો દવા તેમ જ વેક્સિન તૈયાર કરવાની બાબતમાં સરકારોએ ખાનગી કંપનીઓની મદદ કરવી જોઈએ; જે હાલમાં પણ કરવામાં આવી રહી છે.

(૫) જો કોઈ મહામારી ફાટી નીકળે તો દુનિયાના ઉદ્યોગોને તેમ જ વેપારધંધાને મોટું નુકસાન થવાની સંભાવના છે. તેમણે તેને પહોંચી વળવાની તૈયારી રાખવી જોઈએ.

(૬) મહામારીને કારણે દુનિયાના અર્થતંત્રને ભારે નુકસાન જવાની સંભાવના છે. આ નુકસાનમાં મદદ કરવા વિશ્વ બેન્ક, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ વગેરેએ તૈયાર રહેવું જોઈએ.

(૭) મહામારીના સમયે મીડિયામાં ઘણી ખોટી વાતો ફેલાવાની સંભાવના છે. તેનો મુકાબલો કરવા માટે સાચી વાતો દુનિયા સુધી પહોંચે તેનું આયોજન કરવું પણ જરૂરી છે. હકીકતમાં વર્તમાન મહામારીમાં તો મીડિયા દ્વારા જ જૂઠી વાતોનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે.

આ હાઈટેક ઈવેન્ટ દ્વારા ખ્યાલ આવે છે કે ત્રણ મહિના પછી આવનારી મહામારીનો સંકેત દુનિયાના સૌથી શક્તિશાળી લોકોને કદાચ મળી ગયો હતો. જોકે બીજી સંભાવના એવી છે કે તેમણે જ મહામારી પેદા કરી હતી અને તેનો મુકાબલો કરવાની વર્તમાન રણનીતિ પણ ઘડી હતી.

# કોરોના વાયરસનું ટેસ્ટિંગ કરવાની RT- PCR કિટ જરાય ભરોસાપાત્ર નથી




નોવેલ કોરોના વાયરસ મિસ્ટર ઈન્ડિયાની જેમ અદૃશ્ય છે. તેને કોઈએ જોયો નથી. કોઈ વ્યક્તિના શરીરમાં કોરોના વાયરસની હાજરી છે કે નહીં? તે જાણવા માટે કોરોના ટેસ્ટ કરવામાં આવે છે. આ ટેસ્ટને આર.ટી.પી.સી.આર. (રિવર્સ ટ્રાન્સ્ક્રિપ્શન પોલિમરેઝ ચેઈન રિએક્શન) ટેસ્ટ તરીકે ઓળખવામાં આવે છે. આ ટેસ્ટ કરવાની કિટની વિદેશમાંથી આયાત કરવામાં આવે છે. આ ટેસ્ટના આધારે જ કોઈ પણ દર્દીને કોરોના પોઝિટિવ જાહેર કરવામાં આવે છે અને સારવાર માટે હોસ્પિટલમાં ભરતી કરવામાં આવે છે. પરંતુ આ ટેસ્ટ જ ખામીયુક્ત હોય તો શું થાય? જે વ્યક્તિના શરીરમાં કોરોના વાયરસ ન હોય તેને પણ કોરોના પોઝિટિવ જાહેર કરીને હોસ્પિટલમાં ધકેલી દેવામાં આવે. હકીકતમાં આર.ટી.પી.સી.આર. કિટના યુઝર મેન્યુઅલમાં લખવામાં આવ્યું છે કે તેનો ઉપયોગ નિદાન માટે નહીં પણ સંશોધન માટે જ કરવાનો છે. તેમ છતાં તેનો ઉપયોગ નિદાન માટે કરવામાં આવે છે તેને કારણે અનેક સમસ્યાઓ પેદા થઈ છે. તેમાં એમ પણ લખવામાં આવ્યું છે કે જો તેનો ઉપયોગ નાના સમૂહ પર કરવામાં આવે તો તેમાં ફોલ્સ પોઝિટિવ રિઝલ્ટ આવવાની પણ સંભાવના છે. ફોલ્સ પોઝિટિવનો અર્થ થાય છે જે વ્યક્તિ કોરોના નેગેટિવ હોય તેને ટેસ્ટ દ્વારા કોરોના પોઝિટિવ જાહેર કરવો. હજારો દર્દીઓ આ ખામીયુક્ત કિટનો ભોગ બન્યા હોવાની સંભાવના છે.

નોવેલ કોરોના વાયરસ એક જાતનો આર.એન.એ. (આનુવાંશિક પદાર્થ) છે. આર.એન.એ. જેવું સ્વરૂપ ધરાવતા કોઈ પણ વાયરસનું ટેસ્ટિંગ કરવા માટેની આર.ટી. પી.સી.આર. ટેસ્ટની શોધ ૧૯૮૪માં કેરી મુલીસ નામના વિજ્ઞાનીએ કરી હતી, જેના માટે તેમને નોબેલ પારિતોષિક મળ્યું હતું. કેરી મુલીસે કહ્યું હતું કે તેમની ટેસ્ટનો ઉપયોગ નિદાન માટે નહીં પણ સંશોધન માટે જ થવો જોઈએ. ચીનની એકેડેમી ઓફ મેડિકલ સાયન્સના પ્રમુખ વાંગ ચેને તો ત્યાં સુધી કહ્યું હતું કે આર.ટી. પી.સી.આર. ટેસ્ટ ૩૦થી ૫૦ ટકા જેટલી જ સચોટતા ધરાવે છે.

ભારતમાં અને વિશ્વભરમાં જેટલા લોકોને કોરોના પોઝિટિવ જાહેર કરવામાં આવ્યા છે તે આર.ટી.પી.સી.આર. ટેસ્ટના આધારે જ જાહેર કરવામાં આવ્યા છે. વિશ્વમાં કોરોના પોઝિટિવ મનુષ્યોની સંખ્યા ૩૦ લાખ ઉપર અને ભારતમાં ૩૦ હજાર પર પહોંચી ગઈ છે. જો કોરોના ટેસ્ટિંગ કિટને કારણે એક ટકા પરિણામ પણ ફોલ્સ પોઝિટિવ આવતું હોય તો વિશ્વમાં ૩૦ હજાર અને ભારતમાં ૩૦૦ મનુષ્યો કોરોના નેગેટિવ હોવા છતાં તેમને પોઝિટિવ જાહેર કરી દેવામાં આવ્યા હશે. જે મનુષ્યના શરીરમાં કોરોના વાયરસની હાજરી ન હોય તેને કોરોના પોઝિટિવ જાહેર કરી દેવામાં આવે ત્યારે તેના જીવનમાં કેવા ઝંઝાવાતો આવતા હશે? તેનો કોઈ પણ વાંક ન હોવા છતાં તેને ફરજિયાત હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં દાખલ થઈ જવું પડે છે. તેના સંપર્કમાં જે કોઈ આવ્યા હોય તેમને પણ કોરોના ટેસ્ટ કરાવવી પડે છે અને

ક્વોરન્ટાઈનમાં ચાલ્યા જવું પડે છે. જે કિટનો ઉપયોગ સંશોધન માટે કરવાનો હતો તેનો ઉપયોગ નિદાન માટે કરવાની છૂટ આપીને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને મોટી ગરબડ કરી છે. આ ગરબડનો ભોગ હજારો લોકો બની રહ્યા છે.

કોરોના વાયરસનું ટેસ્ટિંગ કરવા માટેની આર.ટી.પી.સી.આર. કિટ દુનિયાની બે જ કંપનીઓ બનાવે છે. તેનો પૂરતો જથ્થો બજારમાં ઉપલબ્ધ ન હોવાથી સરકારે ઝડપી ટેસ્ટિંગ માટે રેપિડ એન્ટીબોડી ટેસ્ટની પરવાનગી આપી તેમાં પણ મોટું કૌભાંડ થયું છે. આ ટેસ્ટ દ્વારા શરીરમાં કોરોના વાયરસની હાજરી નથી પારખી શકાતી પણ કોઈ પણ એન્ટીબોડીની હાજરી પારખી શકાય છે. તેમાં મનુષ્યના રક્તનું પરીક્ષણ કરવામાં આવે છે. જો કોઈ મનુષ્યના શરીરમાં એન્ટીબોડીની હાજરી હોય તો તે કોરોના પોઝિટિવ હોવાની સંભાવના રહે છે. જો કોઈ વ્યક્તિ રેપિડ એન્ટીબોડી ટેસ્ટમાં પોઝિટિવ જણાય તો તેની ખાતરી કરવા માટે આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવે છે. જો કોઇ વ્યક્તિ રેપિડ એન્ટીબોડી ટેસ્ટમાં નેગેટિવ જણાય તો તે કોરોના પોઝિટિવ નથી તેમ માની લેવામાં આવે છે. આ ટેસ્ટનો ઉપયોગ પ્રાથમિક ટેસ્ટ તરીકે કરવાની સરકારની ગણતરી હતી.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા ચીનથી રેપિડ એન્ટીબોડી ટેસ્ટની પાંચ લાખ કિટ મંગાવવામાં આવી હતી, જેમાંની ૨.૭૬ લાખ કિટ ભારતમાં આવી પણ ગઈ હતી. આ કિટનો ઉપયોગ કરવામાં આવ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે તે તદ્દન બિનભરોસાપાત્ર હતી. રાજસ્થાન સરકાર દ્વારા ૧૭૦ કોરોના પોઝિટિવ દર્દીનો તેના વડે ટેસ્ટ કરવામાં આવ્યો ત્યારે તેમાંના મોટા ભાગનાને નેગેટિવ જાહેર કરવામાં આવ્યા હતા. સરકારે આ કિટ ચીન પાછી મોકલવાનો આદેશ કર્યો છે.

કોરોના રેપિડ એન્ટીબોડી કિટની ખરીદીમાં પણ મોટું કૌભાંડ થયું હોવાની સંભાવના છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા આ કિટની સીધી આયાત કરવાને બદલે બે વચેટિયાઓ રાખવામાં આવ્યા હતા. મેટ્રિક્સ લેબ નામની કંપનીએ ત્રણ ડોલરના ભાવે આ કિટની ચીનથી આયાત કરી હતી. તેને ભારતમાં આ કિટ ૨૪૫ રૂપિયામાં પડી હતી. તેણે રેર મેટાબોલિક્સ નામની કંપનીને આ કિટ

**આર.ટી.પી.સી.આર. કિટના યુઝર મેન્યુઅલમાં લખવામાં આવ્યું છે કે તેનો ઉપયોગ નિદાન માટે નહીં પણ સંશોધન માટે જ કરવાનો છે. તેમ છતાં તેનો ઉપયોગ નિદાન માટે કરવામાં આવે છે.**

૪૦૦ રૂપિયામાં વેચી હતી. તેણે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચને આ કિટ ૬૦૦ રૂપિયામાં વેચી હતી. આ રીતે ચીનની કંપનીએ જે કિટ માત્ર ત્રણ ડોલરમાં વેચી હતી તેને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે ૬૦૦ રૂપિયામાં ખરીદી હતી. બીજા શબ્દોમાં ૨૪૫ રૂપિયાની કિટ ઉપર ૩૫૫ રૂપિયા નફો ચડાવીને તે કિટ સરકારને વેચવામાં આવી હતી. સરકારે ચીનથી કિટની સીધી આયાત ન કરી તેને કારણે તેને ૧૭.૭૫ કરોડ રૂપિયાની ખોટ જવાની હતી.

ચીનથી આયાત કરવામાં આવેલી કિટ પરીક્ષણમાં નિષ્ફળ ગઈ તેને કારણે આખું કૌભાંડ બહાર આવ્યું હતું. કિટ નિષ્ફળ જવાથી ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે રેર મેટાબોલિક્સ કંપનીને રકમ ચૂકવવાનો ઈનકાર કરી દીધો હતો. રેર મેટાબોલિક્સે કિટની આયાત કરનારી કંપની મેટ્રિક્સ લેબને ૧૨.૭૫ કરોડ રૂપિયા ચૂકવી દીધા હતા; પણ બાકીના રૂપિયા ચૂકવવાના બાકી હતા. આ દરમિયાન કિટ નિષ્ફળ જતાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે રકમ ચૂકવવાનો ઈનકાર કરી દીધો હતો. મેટ્રિક્સ લેબે બાકીની રકમ માગી હતી, પણ રેર મેટાબોલિક્સ તે ચૂકવી શકે તેમ નહોતી. તેને કારણે મેટ્રિક્સ લેબે બાકીની ૨.૨૪ લાખ કિટની ડિલિવરી અટકાવી હતી. મામલો દિલ્હી હાઈ કોર્ટમાં પહોંચ્યો હતો. દિલ્હી હાઈ કોર્ટે સરકારનો ઉધડો લીધો હતો કે ૨૪૫ રૂપિયાની કિટના તમે ૬૦૦ રૂપિયા ચૂકવવા તૈયાર કેમ થયા? દિલ્હી હાઈ કોર્ટ આદેશ કર્યો છે કે હવે ભવિષ્યમાં રેપિડ એન્ટીબોડી ટેસ્ટની કિટના ૪૦૦ રૂપિયાથી વધુ નંગદીઠ ચૂકવવા નહીં. અહીં સવાલ એ ઊભો થાય છે કે જે કિટની કિંમત ૨૪૫ રૂપિયા હતી તેના ૬૦૦ રૂપિયા ચૂકવવા સરકાર કેમ તૈયાર થઈ?

રેપિડ એન્ટીબોડી ટેસ્ટની ખરીદીમાં કૌભાંડ થયું તેવું કૌભાંડ આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કિટની ખરીદીમાં પણ થયું હોવાની સંભાવના છે. કોંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે આ કિટની મૂળ કિંમત ૫૦૦ રૂપિયા છે; પણ સરકાર દ્વારા તે ૪,૫૦૦ રૂપિયામાં ખરીદવામાં આવે છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે ખુલાસો કર્યો છે કે સરકાર કિટના ૧,૨૦૦ રૂપિયા જ ચૂકવે છે. તો પ્રાઈવેટ લેબોરેટરીઓને ૪,૫૦૦ રૂપિયા વસૂલ કરવાની છૂટ કેમ આપવામાં આવી છે?

# સોશિયલ મીડિયા પર બહુચર્ચિત બિલ ગેટ્સનો ID 2020 PROJECT શું છે?




માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સની ગણતરી દુનિયાના ધનકુબેરોમાં થાય છે. બિલ ગેટ્સે તેમની માતબર સંપત્તિનું દાન કરીને બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશનની રચના કરી છે. આ ફાઉન્ડેશન દ્વારા વિવિધ રોગોની રસી બનાવતી મલ્ટિનેશનલ કંપનીઓને દાન આપવામાં આવે છે. તેમાંની કેટલીક કંપનીઓમાં બિલ ગેટ્સનું માતબર રોકાણ પણ છે. ૨૦૧૫માં બિલ ગેટ્સે ન્યુ યોર્કમાં એક ભાષણ આપ્યું હતું; જેમાં તેમણે કોરોના પ્રકારની મહામારીની આગાહી કરી હતી અને ચેતવણી આપી હતી કે આજની દુનિયા આ પ્રકારની મહામારીનો સામનો કરવા માટે તૈયાર નથી.

સોશિયલ મીડિયામાં બિલ ગેટ્સ પર આક્ષેપ કરવામાં આવે છે કે કોવિદ-૧૯ની વર્તમાન બીમારીનો ફાયદો ઉઠાવીને તેઓ દુનિયામાં પોતાની વેક્સિન વેચવા માગે છે. વધુમાં આક્ષેપ કરવામાં આવે છે કે વેક્સિન લેનારા તમામ મનુષ્યોના શરીરમાં એક માઈક્રોચીપ બેસાડી દેવામાં આવશે, જેના વડે વેક્સિન લેનારની તમામ હિલચાલ પર નજર રાખી શકાશે. હકીકતમાં બિલ ગેટ્સ દ્વારા મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (એમઆઈટી) અને રાઈસ યુનિવર્સિટીને દાન આપીને તેમની પાસે એક પાઈલોટ સ્ટડી કરાવ્યો હતો, જેમાં વેક્સિન લેનારા મનુષ્યના શરીર પર એક નિશાની કરવાની વાત હતી, જેને સ્માર્ટ ફોન વડે જ પારખી શકાય તેમ હશે. કેટલાક લોકો તેને બિલ ગેટ્સ દ્વારા પ્રાયોજિત આઈડી ૨૦૨૦ પ્રોજેક્ટ સાથે જોડીને ગૂંચવાડો પેદા કરી રહ્યા છે.

વર્તમાનમાં જે કોવિદ-૧૯ની મહામારી પેદા થઈ છે તે બાબતમાં બિલ ગેટ્સ દ્વારા જાહેરમાં અનેક નિવેદનો કરવામાં આવ્યાં છે. ટેડ ટોક્સ નામના ટીવી શોના સંચાલક ક્રિસ એન્ડર્સનને આપેલા ઈન્ટરવ્યૂમાં બિલ ગેટ્સે કહ્યું હતું કે '' જે લોકો કોવિદ-૧૯માંથી સાજા થયા હોય અથવા જેમણે તેમની વેક્સિન લીધી હોય તેમને એક જાતનું *ઈમ્યુનિટી સર્ટિફિકેટ* આપવું જોઈએ.'' તેનો અર્થ એવો થાય છે કે જેમની પાસે આ સર્ટિફિકેટ હોય તેમને જ લોકડાઉનમાંથી બહાર કાઢવામાં આવશે.

હકીકતમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા તાજેતરમાં જે રેપિડ એન્ટીબોડી ટેસ્ટ શરૂ કરવામાં આવી તેનો મુખ્ય ઉદ્દેશ જ ઈમ્યુનિટી સર્ટિફિકેટ આપવાનો હતો. આ ટેસ્ટ કરોડો નાગરિકો પરકરવાની સરકારની ગણતરી હતી. જેમના પર ટેસ્ટ નેગેટિવ આવે તેમને ઈમ્યુનિટી સર્ટિફિકેટ આપી દેવામાં આવશે કે તેઓ કોરોના વાયરસથી મુક્ત છે. તેવી જ રીતે જેઓ કોરોના વાયરસનો ભોગ બનીને તેમાંથી મુક્ત થયા હોય તેમને પણ ઈમ્યુનિટી સર્ટિફિકેટ આપવામાં આવશે. જેમની પાસે આ સર્ટિફિકેટ હોય તેમને જ પોતાના ઘરની બહાર નીકળવાની કે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવશે. જેઓ પોઝિટિવ જણાય તેમને કોરોના ટેસ્ટ કરવાની ફરજ પાડવામાં આવશે. દિલ્હી સરકાર દ્વારા તો આ ટેસ્ટ મફતમાં કરી આપવાની જાહેરાત પણ કરવામાં આવી હતી; પરંતુ ચીનથી આયાત કરવામાં આવેલી રેપિડ એન્ટીબોડી ટેસ્ટ કિટ

ખામીભરેલી જણાતા દેશભરમાં તેનો ઉપયોગ અટકાવી દેવાની ફરજ પડી હતી.

કેન્દ્ર સરકાર દ્વારા જે આરોગ્ય સેતુ એપ લોન્ચ કરવામાં આવી છે તે પણ હકીકતમાં કોવિદ-૧૯ના દર્દીની ટ્રેકિંગ સિસ્ટમનો એક પ્રકાર છે. જેઓ પોતાના મોબાઈલમાં આ એપ ડાઉનલોડ કરે તેમણે પોતાના ટેસ્ટિંગ બાબતની તમામ વિગતો આપવાની રહે છે. જો તેમણે રેપિડ એન્ટીબોડી ટેસ્ટ કરાવી હોય તો તે પણ તેમાં નોંધવાની રહે છે. જો તે પોઝિટિવ કે નેગેટિવ હોય તો તેની પણ નોંધ કરવાની હોય છે. જે નાગરિકો કોરોના પોઝિટિવ જાહેર થયા છે તેમના મોબાઈલ નંબર સહિતની વિગતો પણ તેમાં સંગ્રહિત કરવામાં આવી હોય છે. જો કોઈ કોરોના પોઝિટિવ વ્યક્તિ તમારી આજુબાજુ હોય તો તેના મોબાઈલ ટ્રેકિંગ દ્વારા એપ તમને તે વાતની જાણ કરી દે છે. આ રીતે કોરોના પોઝિટિવ નાગરિકોની પ્રાઈવસી પર આક્રમણ કરવાનું સાધન શોધવામાં આવ્યું છે.

દક્ષિણ કોરિયાએ કોરોના પોઝિટિવ નાગરિકો ઉપરાંત તેમના સંપર્કમાં આવેલા નાગરિકોને શોધી કાઢવાની જાસૂસી જાળ તૈયાર કરી છે, જેમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. દક્ષિણ કોરિયામાં લગભગ દરેક નાગરિક સ્માર્ટ ફોનનો અને ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરે છે. જ્યારે કોઈ નાગરિક કોરોના પોઝિટિવ જણાય ત્યારે સરકાર તેમના સ્માર્ટ ફોનનો ઉપયોગ કરીને શોધી કાઢે છે કે તેઓ ક્યાં ગયા હતા. પછી તેઓ તે સ્થળના સીસીટીવી ફૂટેજનો ઉપયોગ કરીને શોધી કાઢે છે કે તેઓ કોને કોને મળ્યા હતા? તે તમામને કોરોનાનો ટેસ્ટ કરવાનું કહેવામાં આવે છે. જો કોઈ તેમના પરોક્ષ સંપર્કમાં આવ્યું હોય તો સરકાર તેને ૧૪ દિવસ માટે ક્વોરન્ટાઇનમાં મોકલી આપે છે.

બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા દાન આપીને એક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં વેક્સિન લેનારા મનુષ્યને ઈન્જેક્શન આપીને તેના શરીરમાં ક્વોન્ટમ ડોટ નામના દ્રવ્યનું આરોપણ કરવામાં આવશે. આ દ્રવ્ય નરી આંખે જોઈ શકાય તેવું નહીં હોય પણ ઈન્ફ્રા રેડ લાઈટ દ્વારા જોઈ શકાય તેવું હશે. કોઈ પણ સ્માર્ટ ફોનમાં થોડા ફેરફાર કરવામાં આવે તો તેનો ઉપયોગ આ ક્વોન્ટમ ડોટને ઓળખી કાઢવા માટે કરી શકાશે. જે મનુષ્યના શરીરમાં આ ક્વોન્ટમ ડોટ નામનાં છૂંદણાનું આરોપણ કરવામાં આવ્યું હશે તેમણે ઈમ્યુનિટી સર્ટિફિકેટ પોતાની સાથે રાખવાની જરૂર નહીં પડે. આ જાતના પ્રયોગો ઉંદરો પર કરવામાં આવ્યા હતા.


**બિલ ગેટ્સ દ્વારા ફંડ આપીને ડિજિટલ આઈડેન્ટિટી એલાયન્સ નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ દુનિયાના દરેક નાગરિકને ડિજિટલ ઓળખ કાર્ડ આપવાનો છે.**

બિલ ગેટ્સ પર આક્ષેપ કરવામાં આવે છે કે તેઓ વેક્સિન લેનારા દરેક મનુષ્યના શરીરમાં એક ચીપ બેસાડવા માગે છે, જે ચીપ વડે તેમનું લોકેશન જાણી શકાય અને તેમની જાસૂસી પણ કરી શકાય. હકીકતમાં તેવી ચીપ બેસાડવાની કોઈ જરૂર નથી. દરેક વ્યક્તિના સ્માર્ટ ફોન દ્વારા તેનું ટ્રેકિંગ કરી જ શકાય છે. હકીકતમાં બિલ ગેટ્સ તેમ જ બીજા ઉદ્યોગપતિઓ દ્વારા આઈડી ૨૦૨૦ નામનો પ્રોજેક્ટ પણ પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકવામાં આવ્યો છે, જેની વેક્સિન લેનારા મનુષ્યોના શરીરમાં જેનું આરોપણ થનાર છે તે ક્વોન્ટમ ડોટ સાથે ભેળસેળ કરવામાં આવી છે.

હકીકતમાં બિલ ગેટ્સ તેમ જ બીજા ફાઉન્ડેશનો દ્વારા ફંડ આપીને ડિજિટલ આઈડેન્ટિટી એલાયન્સ નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ દુનિયાના દરેક નાગરિકને ડિજિટલ ઓળખ આપવાનો છે. આ યોજના આપણા આધાર કાર્ડ જેવી છે. તેમાં દુનિયાના કોઈ પણ દેશના નાગરિકની આરોગ્ય ઉપરાંત નાણાં સંબંધી વિગતોનો સંગ્રહ ક્લાઉડમાં કરવામાં આવશે. તેમને એક કાર્ડ આપવામાં આવશે, જેમાં ક્યુઆર કોડ હશે. આ કોડને સ્માર્ટ ફોન વડે સ્કેન કરવાથી તેમની તમામ વિગતો બહાર આવશે. ભવિષ્યમાં કાર્ડને બદલે ફિંગરપ્રિન્ટ પણ વાપરવામાં આવશે. આ રીતે કોઈ નાગરિકે રસી લીધી છે કે નહીં? તેની માહિતી પણ તેમાં સંગ્રહિત હશે.

બિલ ગેટ્સ દ્વારા જે ક્વોન્ટમ ડોટની યોજના બનાવવામાં આવી હતી તેનો સંબંધ આરએફઆઈડી ચીપ સાથે પણ ખોટી રીતે જોડવામાં આવે છે. આ માઈક્રો ચીપ મનુષ્યની હથેળીમાં બેસાડવામાં આવે છે, જે એક જાતના રેડિયો તરંગો છોડે છે. આ તરંગો ખાસ સાધન દ્વારા પારખી શકાય છે. આ ચીપનો ઉપયોગ આઈકાર્ડ તરીકે કે ક્રેડિટ કાર્ડ તરીકે પણ કરી શકાય છે. ભવિષ્યમાં તેની સાથે ટ્રેકિંગ ચીપ પણ જોડી શકાશે. આ બધાં સાધનો મનુષ્યને ગુલામ બનાવનારાં છે.

# એક મનુષ્યની જિંદગી બચાવવા માટે સરકારે વધુમાં વધુ કેટલો ખર્ચ કરવો જોઈએ?




સવાલ બહુ અટપટો છે. મનુષ્યની જિંદગીને ક્યારેય રૂપિયા, આના, પૈસામાં તોળી શકાય નહીં. આપણા કોઈ નિકટના સ્વજનની જિંદગી જોખમમાં હોય ત્યારે તેને તબીબી સારવાર આપવા માટે ક્યારેક આપણે રૂપિયાની કોથળી પણ ખુલ્લી મૂકી દેતા હોઈએ છીએ. જો આપણે લાગણીના આવેશમાંથી બહાર નીકળીને વિચાર કરીએ તો મનુષ્યની જિંદગી બચાવવા માટે કરવામાં આવતા ખર્ચની પણ કોઈ મર્યાદા તો હોવી જોઈએ. કોઈ પરિવારના વડીલને બ્રેઈન ટ્યૂમર હોય અને તેમને બચાવવા માટે પરિવારની બધી સંપત્તિનો વ્યાય કરવાનું ડોક્ટર કહે તો પરિવારના સભ્યો જરૂર વિચાર કરશે કે વડીલ તો કદાચ જીવી જશે; પણ પરિવાર પાયમાલ થઈ જશે તેનું શું?

જ્યારે આપણે કોરોનાને કારણે દેશને અને સરકારને વેઠવા પડતાં આર્થિક નુકસાનની વાત કરીએ છીએ ત્યારે આપણને કહેવામાં આવે છે કે મનુષ્યની જિંદગી બચાવવા માટે રૂપિયાની ગણતરી કરવી જોઈએ નહીં. પરંતુ કોરોનાને કારણે સંભવિત મરણ પામનારા કેટલાક હજાર કે લાખ મનુષ્યોને બચાવવા માટે બાકી રહેલા કરોડો લોકો પાયમાલ થઈ જવાના હોય તો તેનો પણ વિચાર તો કરવો જોઈએ. સરકાર દ્વારા જ આપવામાં આવતા આંકડાઓ મુજબ કોરોનાને કારણે નહીં પણ લોકડાઉનને કારણે દેશના અર્થતંત્રને આશરે ૧૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. જો માની પણ લઈએ કે લોકડાઉન કરવામાં ન આવ્યું હોત તો ભારતના આશરે દસ લાખ નાગરિકોનાં મરણ થયાં હોત; તો પણ એક નાગરિકને બચાવવા માટે આપણે એક કરોડ રૂપિયાનો ખર્ચો કર્યો છે.

સરકાર જો કોરોનાના એક સંભવિત દર્દીને બચાવવા માટે એક કરોડ રૂપિયા ખર્ચવા તૈયાર થઈ જતી હોય તો દેશમાં પ્રવર્તમાન અન્ય બીમારીઓ સામે લડવા માટે પણ તે ગણિતનો ઉપયોગ કેમ કરવામાં નથી આવતો? દેશમાં દર વર્ષે આઠ લાખ બાળકો કુપોષણને કારણે મોત પામે છે. જો તેમને પૂરતો ખોરાક મળે તો પણ તેમાંથી બે લાખ બાળકોની જિંદગી બચાવી શકાય તેમ છે.

ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના આંકડાઓ કહે છે કે લોકડાઉનને કારણે દેશના ધંધાઉદ્યોગોને જે નુકસાન થયું છે, તેને કારણે ભારતના આશરે ૪૦ કરોડ લોકો ગરીબી રેખાની નીચે ધકેલાઈ જશે. જો તેમાંના ૦.૧ ટકા લોકો પણ ભૂખમરાને કારણે મરણ પામે તો આશરે ચાર લાખ લોકો મરણ પામશે. યુનાઈટેડ નેશન્સના વર્લ્ડ ફૂડ પ્રોગ્રામના જણાવ્યા મુજબ દુનિયાના ૫૫ દેશોના ૧૩.૫ કરોડ લોકો ભૂખમરાથી પીડાઈ રહ્યા છે. કોવિદ-૧૯ને કારણે જે કટોકટી પેદા થઈ છે તેમાં બીજા ૧૩ કરોડ લોકો ભૂખમરાનો ભોગ બનશે. જો તેમાંના ૨૫ ટકા પણ ભૂખમરાથી મરણ પામે તો જગતમાં કોવિદથી મરણ પામનારા લોકોની સંખ્યા કરતાં તેમની સંખ્યા વધી જાશે.

ટી.બી.નો રોગ કુપોષણને તેમ જ ગંદકીને કારણે થાય છે, જેનો ઈલાજ લોકોને પૂરતો આહાર મળી રહે અને તેઓ

ગંદકીમાંથી બહાર આવે તેમાં છે. ૨૦૧૭માં ભારતના ૪.૨૧ લાખ નાગરિકો ટી.બી.ને કારણે મરણ પામ્યા હતા. જો તેમને પૂરતું પોષણ મળ્યું હોત તો તેમાંના બે લાખ લોકોની જિંદગી બચાવી શકાઈ હોત. ભારત સરકાર ટી.બી.ના ઈલાજ પાછળ વર્ષે આશરે ૪,૦૦૦ કરોડ રૂપિયાનો જ ખર્ચો કરે છે. તેની સરખામણીમાં કોરોનાને કારણે દેશને ૧૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થઈ ચૂક્યું છે. હજુ વધુ નુકસાન થવાની સંભાવના છે. જો કોરોના પાછળ ૧૦ લાખ કરોડ રૂપિયાની કિંમત ચૂકવી શકાતી હોય તો તેવો ખર્ચો ટી.બી.પાછળ કેમ કરવામાં નથી આવતો?

સરકાર જ્યારે કહે કે મનુષ્યની જિંદગી બચાવવા માટે રૂપિયા પાછળ જોવું ન જોઈએ; ત્યારે વિસ્મય થાય છે. મુંબઈમાં દર વર્ષે આશરે ૩,૬૦૦ નાગરિકો ટ્રેનના પાટા હેઠળ કચડાઈને મરી જતા હોય છે. કોરોનાને કારણે હજુ તેના ચોથા ભાગના નાગરિકો પણ મર્યા નથી. ટ્રેનના પાટા હેઠળ કચડાઈ જતા નાગરિકોની જિંદગી બચાવવી હોય તો ઉપાય સરળ છે. દરેક પ્લેટફોર્મની ઊંચાઈ વધારવી જોઈએ અને જ્યાં જરૂર હોય ત્યાં ફૂટઓવર બ્રિજો બાંધવા જોઈએ. ત્યાં સરકાર દલીલ કરશે કે તેની પાસે પૈસા નથી. શું લોકલ ટ્રેનમાં કપાઈ જતા નાગરિકોની જિંદગીની કિંમત નથી?

ગોરખપુરની સરકારી હોસ્પિટલમાં ઓક્સિજનના સિલિન્ડર સપ્લાય કરતા કોન્ટ્રેક્ટરને ૬૦ લાખ રૂપિયા ચૂકવવાના બાકી હોવાથી તેણે સિલિન્ડર મોકલવાના બંધ કરી દીધા હતા. તેને કારણે હોસ્પિટલમાં સારવાર લેવા આવેલાં આશરે ૩૦ બાળકોનાં ૨૪ કલાકમાં મોત થયાં હતાં. દેશભરમાં હાહાકાર મચી ગયો હતો. જો ૬૦ લાખ રૂપિયાનો ખર્ચો કરવામાં આવ્યો હોત તો ૬૦ બાળકો બચી ગયાં હોત; પણ ત્યાં બાળકની જિંદગીની કિંમત બે લાખ રૂપિયા પણ નહોતી.

આપણા દેશમાં આશરે ૧૦,૦૦૦ જેટલી સરકારી હોસ્પિટલો છે. તેમાં કંગાળ સુવિધાઓને કારણે ગરીબોને યોગ્ય સારવાર મળતી નથી; જેને કારણે દર વર્ષે લાખો ગરીબો મોત પામે છે. ધારો કે સરકાર દ્વારા દરેક હોસ્પિટલને ૧૦-૧૦ કરોડ રૂપિયા આપી દેવામાં આવે તો પણ તેની પાછળ એક લાખ કરોડ રૂપિયાનો ખર્ચો થાય. તેને કારણે દરેક હોસ્પિટલમાં દર સપ્તાહે માત્ર બે દર્દીની જિંદગી પણ બચાવી શકાય તો દરેક હોસ્પિટલમાં વર્ષે ૧૦૦

**ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના આંકડાઓ કહે છે કે લોકડાઉનને કારણે ધંધાઉદ્યોગોને જે નુકસાન થયું છે, તેને કારણે ભારતના આશરે ૪૦ કરોડ લોકો ગરીબી રેખાની નીચે ધકેલાઈ જશે.**

દર્દીઓની જિંદગી બચે. આ હિસાબે ૧૦,૦૦૦ હોસ્પિટલો વર્ષે ૧૦ લાખ લોકોની જિંદગી બચાવી શકે. કોરોના પાછળ ૧૦ લાખ કરોડ રૂપિયાનો ખર્ચો વાજબી ગણાવતી સરકાર હોસ્પિટલોને સુધારવા પાછળ એક લાખ કરોડ રૂપિયાનો ખર્ચો કરવા તૈયાર નથી. શું સરકારને ગરીબોની જિંદગીની કોઈ કિંમત નથી?

કોરોનાને કારણે નહીં પણ લોકડાઉનને કારણે દેશના અર્થતંત્રને આશરે ૧૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન ગયું છે. આ રૂપિયા સરકારની તિજોરીમાંથી નથી ગયા પણ લોકોના ગજવામાંથી ગયા છે. શું સરકારે લોકડાઉનનો નિર્ણય લેતા પહેલાં પ્રજાનો મત પૂછ્યો હતો કે કેટલાક લોકોની જિંદગી બચાવવા માટે તમને આટલું નુકસાન જશે તે મંજૂર છે? જો લોકડાઉનનો નિર્ણય સરકારે લીધો હોય તો તેને કારણે થયેલું નુકસાન ભરપાઈ કરવાની જવાબદારી પણ સરકારની છે. સરકાર લોકોને ગુમાઈ ગયેલી રોજી પાછી આપવાને મફત અનાજ આપીને બદલે ભિખારી બનાવી રહી છે.

લોકડાઉનને કારણે કરોડો મજૂરો તેમના પરિવારથી વિખૂટા પડી ગયા છે. તેમાંના લાખો સેંકડો કિલોમીટર ચાલીને તેમના ઘરે પહોંચ્યા છે. કેટલાય મજૂરો રસ્તામાં ભૂખથી મરી ગયા છે. લોકડાઉનને કારણે હતાશામાં સેંકડો લોકોએ આપઘાત કર્યા છે. લાખો લોકો માનસિક રોગોનો ભોગ બન્યા છે. ઘરેલું હિંસાના બનાવો વધી ગયા છે. પતિ-પત્ની વચ્ચે અણબનાવ વધી ગયા છે. પોલિસો દ્વારા લાખો લોકો પર કેસો ફાઈલ કરીને તેમના સ્વમાન પર ઘા કરવામાં આવ્યો છે. લોકોની આઝાદી છીનવી લેવામાં આવી છે. શું લોકોની જિંદગી બચાવવા તેમની આઝાદી છીનવી શકાય?

સરકાર દલીલ કરે છે કે કોરોનાથી બચવાનો એકમાત્ર ઉપાય લોકડાઉન હતો; પણ સ્વીડને લોકડાઉન કર્યા વિના પણ કોરોના સામે સફળ લડત આપી છે. સ્વીડનમાં આજની તારીખમાં પણ પબ્લિક ટ્રાન્સપોર્ટ ચાલુ છે, સ્કૂલો ચાલુ છે અને દુકાનો પણ ચાલુ છે. સરકારે લોકડાઉનને બદલે હર્ડ ઈમ્યુનિટી વધારવાનો રસ્તો લીધો હતો. આજે સ્ટોકહોમમાં હર્ડ ઈમ્યુનિટી ૬૦ ટકા પર પહોંચી ગઈ છે. હવે વાયરસ તેમનું કાંઈ બગાડી શકે તેમ નથી. ભારતે પણ તેમાંથી બોધપાઠ લેવો જોઈએ.

# કોરોના વાયરસનો ભય પદ્ધતિસર રીતે સાત તબક્કામાં ફેલાવવામાં આવી રહ્યો છે

કોરોના વાયરસને કારણે આપણને જેટલું નુકસાન થયું છે તેના કરતાં વધુ નુકસાન વાયરસના ભયને કારણે થયું છે. આ વાયરસ ગોડમેડ નથી પણ મેનમેડ છે. ચીનનાં વુહાન શહેરની લેબોરેટરીમાં બનાવીને તેને છૂટો મૂકવામાં આવ્યો હતો. જગતમાં આવો વાયરસ છૂટો મૂકવાની યોજના ઓછામાં ઓછાં ૧૦ વર્ષ પહેલાં તૈયાર કરવામાં આવી હતી. ૨૦૧૦માં આવેલી હોલિવૂડની ફિલ્મ 'કોન્ટેજિયન'માં વર્તમાનમાં કોરોના વાયરસને કારણે જે પરિસ્થિતિ જગતમાં પેદા થઈ છે તેનું તાદૃશ્ય વર્ણન કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં વાયરસ ચામાચિડિયાના શરીરમાં પેદા થઈને ડુક્કરના શરીર વાટે માનવશરીરમાં દાખલ થતો દેખાડવામાં આવ્યો હતો. હોંગકોંગની હોટેલમાં તે પહેલવહેલી વખત માનવશરીરમાં દાખલ થયો હતો અને જગતમાં ફેલાઈ ગયો હતો.




કોરોના જેવો કોઈ ચેપી વાયરસ જગતમાં ફેલાઈ જાય તો તેની સામે લડવા માટે લોકડાઉનથી લઈને સોશિયલ ડિસ્ટન્સિંગના ક્યા ઉપાયો અજમાવવા જોઈએ? તેનું માર્ગદર્શન પણ કોન્ટેજિયન ફિલ્મમાં આપવામાં આવ્યું હતું. અત્યારે હેલ્થ વર્કરો જે બ્લુ રંગના ફુલ બોડી સૂટ પહેરે છે તેનાં દર્શન પણ દસ વર્ષ પહેલાં બનેલી આ ફિલ્મમાં થાય છે. માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સે ૨૦૧૫માં ન્યુ યોર્કના સભાગૃહમાં એક ભાષણ આપ્યું હતું; જેમાં તેમણે આગાહી કરી હતી કે આગામી વિશ્વયુદ્ધ અણુબોમ્બથી નહીં પણ વાયરસથી લડાશે, જેમાં લાખોનાં મોત થશે.

જો જગતમાં કોઈ ભયંકર ચેપી વાયરસ ફેલાઈ જાય તો શું કરવું? સરકારે, તબીબી જગતે, ઉદ્યોગોએ, બેન્કોએ, ટુરિઝમ સેક્ટરે, નાગરિક ઉડ્ડયન સેક્ટરે કે મીડિયાએ કેવી ભૂમિકા ભજવવી? તેનું ડ્રેસ રિહર્સલ ૨૦૧૯ની ૧૮ ઓક્ટોબરે ન્યુ યોર્કની ફાઈવ સ્ટાર હોટેલમાં બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું, જેને ઈવેન્ટ ૨૦૧નું નામ આપવામાં આવ્યું હતું. આ બધાનો તાળો મેળવતા ખ્યાલ આવે છે કે કોરોના વાયરસની તૈયારી દાયકાથી ચાલતી હતી.

કોરોના વાયરસ સામે લડવા માટે દુનિયાભરમાં એક સરખા ઉપાયો અજમાવાઈ રહ્યા છે, જેમાં લોકડાઉનથી માંડીને સોશિયલ ડિસ્ટન્સિંગ જેવા ઉપાયોનો સમાવેશ થાય છે. જગતના તમામ દેશોને આવા ઉપાયો કરવાની પ્રેરણા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન આપી રહ્યું છે. આ સંસ્થા એટલી પાવરફુલ કેવી રીતે બની ગઈ કે દુનિયાના લગભગ તમામ દેશોની સરકારો તેનો આદેશ માનીને લોકડાઉનનો અમલ કરાવી રહી છે અને પોતાના અર્થતંત્રને ખાડામાં નાખી રહી છે? કોરોના વાયરસ જગતમાં ફેલાઈ જાય તે પછી તેની સામે કેવી પ્રતિક્રિયા આપવી? તેનો એક્શન પ્લાન પણ એડવાન્સમાં તૈયાર કરવામાં આવ્યો હતો અને તેનો સાત તબક્કામાં અમલ કરવામાં આવ્યો હતો.

(૧) વુહાનની લેબોરેટરીમાંથી જગતભરમાં નોવેલ કોરોના વાયરસ ફેલાઈ જાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા તેને મહામારી જાહેર કરવામાં આવે છે. વિવિધ દેશોની સરકારો, ઈન્ટરનેશનલ એજન્સીઓ, મીડિયા અને તબીબી જગત તેને વિનાશક જાહેર કરીને પ્રજામાં તેનો ભય ફેલાવવાનો પ્રારંભ કરે છે. જગતની સરકારો

ગભરાઈ જઈને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનો આદેશ માથે ચડાવે છે અને પોતપોતાના દેશોમાં લોકડાઉન જાહેર કરે છે. વિશ્વના શેરબજારો ગબડે છે. લોકો તો ભયભીત થઈને પોતાનાં ઘરોમાં ભરાઈ જાય છે. અમેરિકાની કેટલીક સંસ્થાઓ દ્વારા આ વાયરસ સામે કેમ કામ પાડવું? તે બાબતમાં પહેલો ઈન્ટરનેટ વર્ગ યોજવામાં આવે છે, જેમાં દુનિયાભરના રાજકારણીઓ ઉપરાંત બિલ ગેટ્સ પણ હાજરી પુરાવે છે. આ વર્ગ દ્વારા હકીકતમાં રાજકીય નેતાઓને લોકડાઉનનો કડક અમલ કરવાની તાલીમ આપવામાં આવે છે.

(૨) દેશના અને રાજ્યોના રાજકારણીઓ, ડોક્ટરો અને આરોગ્ય વિભાગના સચિવો દ્વારા દૈનિક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરીને લોકો ગભરાઈ જાય તેવી વિગતો આપવામાં આવે છે. મીડિયાના પત્રકારો આંખો બંધ કરીને તે વિગતો પ્રગટ કરે છે. જો કોઈ મીડિયામાં સાચી વિગતો પ્રકાશિત કરવામાં આવી હોય તો તેને ફેક ન્યૂઝ ગણીને ઊતારી પાડવામાં આવે છે. મીડિયા દ્વારા ભય ફેલાવવામાં આવે છે કે આ વાયરસ જગતના લાખો લોકોનાં મોત નિપજાવી શકે તેવો છે.

(૩) લોકડાઉનને કારણે ઉદ્યોગો બંધ થઈ જાય છે અને કરોડો લોકો બેકાર થઈ જાય છે. આ લોકો સરકારો સામે બળવો ન પોકારે તે માટે તેમને સાંત્વન આપવા રિઝર્વ બેન્કો દ્વારા અબજો રૂપિયાના પેકેજો બહાર પાડવામાં આવે છે. આ પેકેજોનો વધુ લાભ બેન્કોને જ થાય છે. સ્વમાનથી રોટલો રળી લેતી પ્રજાને મફતનું અનાજ આપીને ભિખારી બનાવી દેવામાં આવે છે.

(૪) વિપક્ષો અને મીડિયા દ્વારા કોરોના ટેસ્ટિંગની સંખ્યા વધારવા માટે માગણી કરવામાં આવે છે. સરકાર તે માગણીને તાબે થાય છે. લાખો ટેસ્ટિંગ કીટની આયાત કરવામાં આવે છે. જેમ ટેસ્ટિંગની સંખ્યા વધે છે તેમ પોઝિટિવ લોકોની સંખ્યા વધે છે. જે મોત કોરોનાને કારણે નહોતાં થયાં તેનો સમાવેશ પણ કોરોના મરણમાં કરીને ગોલમાલ કરવામાં આવે છે; પણ ભયભીત પ્રજા તે રમત સમજી શકતી નથી. સરકાર દ્વારા લોકડાઉનનો ભંગ કરવા માટે આકરી સજાનો અમલ કરવામાં આવે છે. તેને કારણે પ્રજાની સ્વતંત્રતા છીનવાઈ જાય છે; પણ પ્રજા એટલી ભયભીત છે કે તેનો વિરોધ કરવાની કલ્પના પણ તે કરી શકતી નથી. જો વિરોધ કરે તો પોલિસ અને અર્ધ લશ્કરી બળો દ્વારા તેને કચડી નાખવામાં આવે છે. ભયભીત પ્રજા સામે ચાલીને ગુલામ બની જાય છે.

> **કોરોના વાયરસ ફેલાઈ જાય તે પછી તેની સામે કેવી પ્રતિક્રિયા આપવી? તેનો એક્શન પ્લાન પણ એડવાન્સમાં તૈયાર કરવામાં આવ્યો હતો અને તેનો સાત તબક્કામાં અમલ કરવામાં આવશે.**

(૫) થોડા સમય પછી વાયરસના કેસો વધતા અટકી જાય છે ત્યારે પ્રજા તરફથી લોકડાઉન ઉઠાવી લેવાની માગણી પ્રબળ બને છે. ત્યારે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન તેમ જ બીજી સંસ્થાઓ દ્વારા ચેતવણી આપવામાં આવે છે કે વાયરસનો બીજો તબક્કો આવી રહ્યો છે, જે વધુ ખતરનાક હશે. મીડિયા દ્વારા પણ સતત ભય ફેલાવાય છે. તેનો લાભ લઈને સરકાર લોકડાઉન લંબાવે છે. સરકાર દ્વારા કહેવામાં આવે છે કે લોકડાઉનનો અંત આણવાનો શ્રેષ્ઠ માર્ગ કોરોના વેક્સિન છે. આ કારણે લોકો વેક્સિનની કાગડોળે રાહ જોયા કરે છે. દરમિયાન જેઓ માત્ર કોરોના પોઝિટિવ હોય તેમની સાથે અસ્પૃશ્ય જેવું વર્તન કરીને કોરોનાનો ભય વધુને વધુ ફેલાવી દેવામાં આવે છે.

(૬) બિલ ગેટ્સની કંપનીઓ ઉપરાંત બીજી અનેક મલ્ટિનેશનલ ફાર્મા કંપનીઓ દ્વારા વેક્સિન બનાવવાના પ્રયત્નો યુદ્ધના ધોરણે આરંભી દેવામાં આવે છે. વેક્સિન બનાવવાની ઉતાવળમાં પ્રાણીઓ પર પ્રયોગો કરવાને બદલે સીધા મનુષ્યો પર પ્રયોગો શરૂ કરવામાં આવે છે. મનુષ્યો પરના પ્રયોગોનાં પરિણામોની એક વર્ષ રાહ જોવાને બદલે ચાર મહિનામાં વેક્સિન બજારમાં મૂકી દેવામાં આવે છે. વેક્સિન બજારમાં આવતાં જ લોકો તે લેવા પડાપડી કરે છે. જે લોકો વેક્સિન લે તેમના શરીરમાં ચીપ બેસાડવામાં આવે છે. તેઓ જ પબ્લિક ટ્રાન્સપોર્ટમાં બેસી શકે છે.

(૭) વિવિધ દેશોની સરકારો કોરોના વાયરસને કારણે નહીં પણ લોકડાઉનને કારણે દેવાળું કાઢવાની અણી પર આવી ગઈ હોય છે. તેમના ધંધાઉદ્યોગો પાયમાલ થઈ ગયા હોય છે. તેમને વિશ્વ બેન્ક તથા આઈએમએફ દ્વારા જંગી સહાય કરવામાં આવે છે. તેની સામે તેમની કરન્સીનું ડિમોનેટાઈઝેશન કરવાની શરત કરવામાં આવે છે, જેને કારણે આર્થિક ગુલામી આવે છે.

# કોરોના વાયરસની રસી ઉતાવળે બનાવવાથી કરોડો લોકોનાં મોત થઈ શકે છે



મીડિયા દ્વારા કોરોના વાયરસનો ભય એટલો બધો ફેલાવી દેવામાં આવ્યો છે કે જગતના લોકો તેની રસી ક્યારે બજારમાં આવે? તેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. રસી બનાવતી કંપનીઓને કરોડો ડોલરનું દાન આપનારા બિલ ગેટ્સ કહે છે કે જ્યાં સુધી બજારમાં રસી નહીં આવે ત્યાં સુધી લોકડાઉન ચાલુ રાખવું પડશે. ભારતના આરોગ્ય પ્રધાન ડો. હર્ષવર્ધન પણ તેમની વાત સાથે સંમત થતાં કહે છે કે જ્યાં સુધી બજારમાં રસી ન આવે ત્યાં સુધી લોકડાઉન અને સોશિયલ ડિસ્ટન્સિંગ ચાલુ રાખવું પડશે. અમેરિકા પછી બ્રિટનમાં ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં કોરોનાની રસીના માનવ પરના પ્રયોગો ચાલુ થઈ ગયા છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓ કહે છે કે તેઓ ચાર મહિનામાં રસી બજારમાં મૂકવાના પ્રયાસો કરી રહ્યા છે. તેમના જણાવ્યા મુજબ તેઓ આઠ મહિનામાં રસીના ૧૦ કરોડ ડોઝ તૈયાર કરવાની ક્ષમતા ધરાવે છે. અમેરિકાના અને યુરોપના વર્તમાન કાયદાઓ મુજબ કોઈ પણ રસી મનુષ્યોને કરોડોની સંખ્યામાં આપવાની હોય તો તેના પ્રાણીઓ પર ૬ મહિના માટે અને મનુષ્યો પર ઓછામાં ઓછા ૧૨ મહિના માટે પ્રયોગો કરવા જોઈએ. આ પ્રયોગોમાં રસી ૧૦૦ ટકા સલામત જણાય તો જ તે મોટી સંખ્યામાં મનુષ્યોને આપવી જોઈએ. માત્ર ચાર મહિનાના પ્રયોગોમાં કોઈ પણ રસી ૧૦૦ ટકા સલામત છે, તેવી ખાતરી કરી શકાય નહીં. જો ઉતાવળે તૈયાર કરવામાં આવેલી રસી જગતના મનુષ્યોને મોટી સંખ્યામાં આપવામાં આવે તો તે ઘાતક પુરવાર થઈ શકે છે. ઈ.સ. ૨૦૧૫માં અમેરિકામાં દુનિયાના ટોચના ધનિકો અને બેન્કરોની એક પરિષદ મળી હતી, જેને આઈડી ૨૦૨૦ નામ આપવામાં આવ્યું હતું. આ પરિષદમાં બોલતા બિલ ગેટ્સે કહ્યું હતું કે વેક્સિનેશનના કાર્યક્રમ દ્વારા દુનિયાની વસતિ ઘટાડી શકાય તેમ છે. હકીકતમાં બિલ ગેટ્સ પ્રદૂષણ ઘટાડવા લાંબા સમયથી દુનિયાની વસતિ ઘટાડવાનું સમર્થન કરી રહ્યા છે. વર્તમાનમાં ફેલાવવામાં આવેલો વાયરસ અને તેની સૂચિત રસી આ હેતુ સિદ્ધ કરી શકે તેમ છે.

દુનિયામાં જ્યારથી રસીની શોધ થઈ ત્યારથી તેની સલામી બાબતમાં વિવાદો ચાલી રહ્યા છે. ઈ.સ. ૧૭૯૬માં ઈંગ્લેન્ડના ડોક્ટર એડવર્ડ જેનરે શીતળાની રસીની શોધ કરી. તેણે તે રસી પહેલા પોતાના પુત્રને આપી, જેનું નામ રોબર્ટ હતું. રસી લેવાને કારણે રોબર્ટના મગજને નુકસાન થયું અને તે મંદ બુદ્ધિનો થઈ ગયો. રોબર્ટ માત્ર ૨૧ વર્ષની ઉંમરે ટી.બી.નો ભોગ બનીને મરી ગયો. ઈંગ્લેન્ડના લોકોને જ્યારે જાણ થઈ કે જેનરનો પુત્ર રસીના ઝેરનો ભોગ બન્યો છે, ત્યારથી ઈંગ્લેન્ડમાં રસીવિરોધી ઝુંબેશ થરૂ થઈ હતી. આજે તે ઝુંબેશ દુનિયાના અનેક દેશોમાં પહોંચી ગઈ છે.

અમેરિકાના કરોડો લોકો સામાન્ય ફ્લુની રસી લે છે, જેમાં ગર્ભવતી મહિલાઓનો પણ સમાવેશ થતો હોય છે. અમેરિકાના સેન્ટર ફોર ડિઝીસ કન્ટ્રોલ દ્વારા આ રસીને પરવાનગી આપવામાં આવી

ત્યારે તેની ગર્ભ પર શું અસર થશે? તેનો અભ્યાસ જ કર્યો નહોતો. ફ્લુની રસી લીધા પછી ઘણી મહિલાઓને ગર્ભપાત થવા લાગ્યા કે મરેલાં બાળકો જન્મવા લાગ્યાં ત્યારે ખબર પડી કે તેનું કારણ ફ્લુની રસી છે. જ્યારે એક સ્વૈચ્છિક સંસ્થા દ્વારા સર્વે કરવામાં આવ્યો ત્યારે જાણ થઈ કે જો કોઈ ગર્ભવતી મહિલા ફ્લુની રસી લે તો ગર્ભપાતની સંભાવના ૪,૨૫૦ ટકા વધી જાય છે. કોવિદ-૧૯ પણ એક જાતનો ફ્લુ છે. હવે તો સાબિત થયું છે કે તેનો મરણદર પણ ફ્લુ જેટલો છે. જો ગર્ભવતી મહિલાઓ કોરોના વાયરસની રસી પણ લેશે તો તેમના ગર્ભને નુકસાન થયા વિના રહેશે નહીં.

બિલ ગેટ્સના ફાઉન્ડેશન દ્વારા આફ્રિકા અને એશિયાના ગરીબ બાળકોને જે મફતમાં રસી આપવામાં આવે છે તે હકીકતમાં ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલી રસીની ટ્રાયલ હોય છે. તેમને જાણ નથી હોતી કે તેમનો ઉપયોગ પ્રયોગશાળાનાં પ્રાણી તરીકે થઈ રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા કેનિયાની ૨૩ લાખ મહિલાઓને ધનુરની રસી આપવામાં આવી હતી. આ રસીની શું અસર થઈ? તે નક્કી કરવાનું કામ ડો. વાહોમ નગારે નામના પ્રામાણિક તબીબને સોંપવામાં આવ્યું હતું. તેમણે શોધી કાઢ્યું કે રસીમાં મહિલાઓની ફળદ્રુપતા ઘટાડતો હોર્મોન ઉમેરવામાં આવ્યો હતો.

અમેરિકાના કાયદાઓ મુજબ દરેક બાળકે તેની પાંચ વર્ષની ઉંમર સુધીમાં ૨૭ પ્રકારની રસી ફરજિયાત લેવી પડે છે. ૧૯૬૨માં તેમણે ત્રણ પ્રકારની અને ૧૯૮૩માં ૧૨ પ્રકારની રસી જ લેવી પડતી હતી. બાળકોમાં રસીનું પ્રમાણ વધ્યું છે તેમ ગંભીર રોગોનું પ્રમાણ પણ વધ્યું છે. ૧૯૮૦માં અમેરિકામાં દર દસ હજારે એક બાળક ઓટિઝમનો ભોગ બનતું હતું. ૨૦૧૭માં દર ૩૬ બાળકે એક બાળક ઓટિઝમનો ભોગ બનતું હતું, જેના માટે રસીઓ જવાબદાર હતી.

વિવિધ રોગોની રસી બનાવવા માટે જે પદાર્થોનો ઉપયોગ કરવામાં આવે છે તેની યાદી વાંચતા ખ્યાલ આવે છે કે આ ઝેરી પદાર્થો આપણા શરીરમાં નાખવા આપણે ક્યારેય પણ તૈયાર થઈએ નહીં. એચઆઈવીની સારવારમાં વપરાતી રોટોવાયરસ નામની રસીમાં કતલ કરવામાં આવેલી ગાયના ગર્ભાશયમાં મારી નાખવામાં આવેલા વાછરડાંનું લોહી વાપરવામાં આવે છે. ઓરી અને રૂબેલાની રસી તૈયાર કરવા માટે માનવ ગર્ભનો ઉપયોગ કરવામાં આવે છે. ગર્ભપાત કરતી ક્લિનિકો દ્વારા રસી બનાવતી કંપનીઓને કુમળા ગર્ભ વેચી મારવામાં આવે છે. રસીમાં મર્ક્યુરી, હાડકાંમાંથી બનતું જિલેટિન, એલ્યુમિનિયમ, ફોર્મલડિહાઇડ, મિથિલ બ્રોમાઇડ, જેન્ટામાઈસીન સલ્ફેટ, પોલિસોર્બેટ, બેટા પ્રોપિયોલેક્ટોન, સોડિયમ ડિયોક્સિકોલેટ, કૂતરાંની કિડનીના કોષો અને માનવનું ડીએનએ પણ ઉમેરવામાં આવે છે. સેવાભાવી લોકો પોતાના રક્તનું દાન કરે છે, તેમાંથી પ્લાઝમા છૂટું પાડીને બ્લડ બેન્કો વેક્સિન બનાવતી કંપનીઓને વેચીને કમાણી કરે છે.

**રસી બનાવવા માટે જે પદાર્થોનો ઉપયોગ કરવામાં આવે છે તેની યાદી વાંચતા ખ્યાલ આવે છે કે આ ઝેરી પદાર્થો આપણા શરીરમાં નાખવા આપણે ક્યારેય પણ તૈયાર થઈએ નહીં.**

વિશ્વના કરોડો લોકોને વિવધ રોગોની રસીઓ આપવામાં આવે છે; પણ કોઈ રસીથી કેન્સર થશે કે નહીં? તે બાબતનું પરીક્ષણ કરવામાં આવતું નથી. શરીરમાં રસી દાખલ કરતી વખતે તેમાં સાથે મનુષ્યના ડીએનએ પણ દાખલ થઈ જાય છે. તેને કારણે રસી લેનારા મનુષ્યના શરીરમાં કોઈ આનુવાંશિક ફેરફારો થશે કે નહીં? તે બાબતમાં કોઈ સંશોધન કરવામાં આવતું નથી. તેને કારણે ઓટો ઇમ્યુન પ્રકારના રોગો થઈ શકે છે. કોઈ રસી લેવાથી રસી લેનારની ફળદ્રુપતા પર અસર થશે કે નહીં? તે બાબતમાં કોઈ અભ્યાસ કરવામાં આવતો નથી. પોલિયોની રસી લેવાને કારણે રસી લેનારની ફળદ્રુપતા ઘટી જાય છે, તેવી જોરદાર અફવા મુસ્લિમ કોમમાં ફેલાયેલી છે.

આપણા બધામાં મોટી ગેરસમજ છે કે કોઈ પણ રોગની રસી લેવાથી તે રોગ સામે કાયમી સંરક્ષણ મળે છે. હકીકત કાંઈક અલગ છે. ભારતમાં પોલિયોની રસી લેવાને કારણે આશરે ૪૭,૦૦૦ બાળકો પોલિયોનો ભોગ બન્યાં હતાં, જેને કોઈ વિચિત્ર નામ આપી દેવામાં આવ્યું હતું. ફ્લુ માટે જે ફ્લુલાવાલ નામની રસી વેચવામાં આવે છે તેના પેકિંગ પર જ લખ્યું હોય છે કે આ રસી લેવાથી ફ્લુ નહીં જ થાય તેવી કોઈ ગેરન્ટી નથી. હકીકતમાં ફાર્માસ્યુટિકલ ઉદ્યોગની કમાણીનું મુખ્ય સાધન જ રસીઓ છે. બિલ ગેટ્સ જેવા ધનિકો તેના માર્કેટિંગનું કામ કરે છે. રસીનું માર્કેટ તૈયાર કરવા માટે જ તેઓ મીડિયાનો ઉપયોગ કરીને સ્વાઇન ફ્લુ, બર્ડ ફ્લુ, ડેન્ગ્યુ વગેરે રોગોનો ભય ફેલાવે છે. હવે કોરોનાનો ભય ફેલાવીને તેઓ અબજો ડોલરની કમાણી કરી લેવા ધારે છે.

# કોરોના વાયરસ કરતાં વધુ જોખમી અને હિંસક તેની સૂચિત રસી હશે



કોરોના વાયરસ સામે લડવાનો શ્રેષ્ઠ ઉપાય તેની રસી હશે, તેવો દાવો કેટલાક લોકો કરી રહ્યા છે. બિલ ગેટ્સ જેવા રસીના પ્રચારકો તો કહી રહ્યા છે કે જ્યાં સુધી કોરોના વાયરસની રસી બજારમાં ન આવે ત્યાં સુધી દુનિયાને લોકડાઉનમાં જ રાખવી જોઈએ. ચીન, અમેરિકા અને ઈઝરાયલમાં પણ કોરોનાની રસીના પ્રયોગો ચાલુ થઈ ગયા છે. અમેરિકાની એક કંપનીએ તો રસી તૈયાર કરીને તેના પ્રાણીઓ પર પ્રયોગો કરવાને બદલે સીધા મનુષ્યો પર પ્રયોગો શરૂ કરી દીધા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ આ પ્રયાસોની સરાહના કરી છે. જો કોરોનાની રસી બજારમાં આવી જાય તો ભારત સહિતના દેશોની સરકારો તે રસીને ફરજિયાત કરવાના કાયદાઓ કરી શકે છે. આ કાયદામાં રસી ન મૂકાવનારને સરકારની તમામ સહાયો બંધ કરી દેવામાં આવશે અને કદાચ જેલમાં મોકલવાની જોગવાઈ પણ હશે. વર્તમાનમાં ટ્રિપલ, પોલિયો, ઓરી, અછબડાં, નૂરબીબી વગેરેની રસી જે રીતે તૈયાર કરવામાં આવે છે તે જોતાં ફરજિયાત રસીનો કાયદો ભારતના હિન્દુઓ તેમ જ જૈનોની ધાર્મિક આસ્થા પરનું આક્રમણ હશે; કારણ કે બધી રસીમાં કેટલાક માંસાહારી પદાર્થો વાપરવામાં આવે છે અને કેટલીક રસી તો ગર્ભપાત કરેલા શિશુના શરીરમાંથી બનાવાય છે.

કોઈ પણ રોગની રસી તે રોગના જીવંત વાયરસનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. લેબોરેટરીમાં વાયરસનો ઉછેર કરવા તેને કોઈ માધ્યમની જરૂર પડે છે. કેટલીક રસીઓ પ્રાણીઓના લોહીનો માધ્યમ તરીકે ઉપયોગ કરીને બનાવવામાં આવે છે તો કેટલીક રસીઓ ગર્ભપાત કરેલાં શિશુના શરીરનો માધ્યમ તરીકે ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. પોલિયોની રસી બનાવવા માટે એમઆરસી-૫ નામની હ્યુમન સેલ લાઇનનો ઉપયોગ કરવામાં આવે છે તો એમઆરની રસી બનાવવા માટે આરએ૨૭/૩નો તેમ જ ડબલ્યુઆઈ-૧૩ હ્યુમન સેલ લાઇનનો ઉપયોગ કરવામાં આવે છે. હડકવાની રસી બનાવવા માટે પણ એમઆરસી-૫નો ઉપયોગ કરવામાં આવે છે.

થોડા સમય પહેલાં ભારતમાં હિપેટાઈટિસ-એ અને બીની રસીનો બહુ પ્રચાર ચાલ્યો હતો. આ રસીના પેકિંગ સાથે જે ઇન્સર્ટ આવે છે તેમાં તેના ઘટકોની યાદી આપવામાં આવી છે. તેમાં ફોર્મેલિન, યિસ્ટ પ્રોટિન, એલ્યુમિનિયમ ફોસ્ફેટ, એલ્યુમિનિયમ હાઈડ્રોક્સાઈડ, અમાઈનો એસિડ, ફોસ્ફેટ બફર, પોલિસોર્બેટ અને નિયોમાઈસિન સલ્ફેટ ઉપરાંત હ્યુમન ડિપ્લોઈડ સેલ્સનો પણ સમાવેશ થાય છે, જેને મનુષ્યના શરીરમાંથી મેળવવામાં આવે છે. રસી બનાવતી કંપનીઓ ગર્ભપાત કરનારી ક્લિનિકોના સંપર્કમાં હોય છે. તેઓ જે શિશુનો ગર્ભપાત કરે તેના શરીરને આઇસ બોક્સમાં મૂકીને રસી બનાવતી લેબોરેટરીમાં પહોંચાડી દેવામાં આવે છે. તેનો ઉપયોગ વાયરસનો ઉછેર કરવાના માધ્યમ તરીકે કરવામાં આવે છે. ગર્ભપાત કરનારી ક્લિનિકોની કમાણીનું મુખ્ય સાધન

આ મૃતદેહોનો વેપાર છે. ચીનમાં તો જે કેદીઓને જન્મટીપની અથવા ફાંસીની સજા ફરમાવવામાં આવી હોય તેમના શરીરમાં વાયરસનો ઉછેર કરીને તેમાંથી રસી બનાવવામાં આવે છે.

ગુજરાતમાં થોડા સમય પહેલાં શાળામાં ભણતાં તમામ બાળકોને એમઆર વેક્સિન ફરજિયાત કહીને આપવામાં આવી હતી; પણ હકીકતમાં તે મરજિયાત હતી. સરકારની યંત્રણાનો ઉપયોગ શાળાઓમાં જઈને કરોડો બાળકોને રસી આપવા માટે કરવામાં આવ્યો હતો. ગાંધીનગર નજીક આવેલી એક જૈન બોર્ડિંગ સ્કૂલમાં આરોગ્ય ખાતાંના અધિકારીઓ રસી આપવા પોતાના કાફલા સાથે પહોંચી ગયા હતા. આ બોર્ડિંગ સ્કૂલમાં બાળકોને વ્યાખ્યાન આપવા માટે પધારેલા જૈનાચાર્યને ખબર હતી કે આ રસી બનાવવા માટે માનવ ગર્ભનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ રસીના પેકિંગ પર જ તેનો ઉલ્લેખ કરવામાં આવે છે. જૈનાચાર્યે આરોગ્ય ખાતાંના અધિકારીને કહ્યું કે અમે ધાર્મિક કારણે બાળકોને આ રસી આપવા માગતા નથી. અધિકારીએ બહુ આગ્રહ કર્યો ત્યારે આચાર્ય ભગવંતે કહ્યું કે તમે લેખિત આપો કે આ રસીમાં કોઈ પણ હિંસક પદાર્થનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. આરોગ્ય ખાતાંના અધિકારી રસી આપ્યા વગર જ વિદાય થઈ ગયા હતા.

બાળકોના કે પુખ્ત વયના લોકોના પણ શરીરમાં રસીના માધ્યમથી અન્ય મનુષ્યોના ડીએનએ દાખલ કરવામાં આવે તેને કારણે અનેક વિકૃતિઓ પેદા થઈ શકે છે. એક મનુષ્યના શરીરમાં બીજા મનુષ્યના ડીએનએ દાખલ કરવાથી તેનું મ્યુટેશન થાય છે, જેને કારણે રસી લેનાર મનુષ્યને કેન્સર જેવા રોગો થવાની સંભાવના વધી જાય છે. તેને કારણે બાળકની જે રોગપ્રતિકારક યંત્રણા (ઇમ્યુન સિસ્ટમ) હોય છે તે ઓટો ઇમ્યુન પ્રકારના રોગો પણ પેદા કરી શકે છે.

જૂના જમાનામાં શીતળાની રસી બનાવવા માટે જીવતી ગાયને અસહ્ય પીડા આપવામાં આવતી હતી. જે મનુષ્યનું શીતળાથી મોત થયું હોય તેના શરીરમાંથી વાયરસ મેળવવામાં આવતા હતા અને તેનો ઉછેર ગાયના આંચળમાં કરવામાં આવતો હતો. ગાયના શરીરમાં વાયરસનો ઉછેર કરવા માટે તેના આંચળમાં ચાંદું પાડવામાં આવતું હતું. તેમાં જે રસી ભરાઇ જાય તેમાં શીતળાના વાયરસનો ઉછેર કરવામાં આવતો હતો. ત્યાર બાદ ઇન્જેક્શન વડે તે રસી ખેંચીને તેને વાછરડાંના પેટ ઉપર મૂકવામાં આવતા હતા. ત્યાં તેનો વધુ વિકાસ થાય તે પછી તેમાંથી રસી બનાવવામાં આવતી હતી. રસી બની જાય તે પછી ગાય અને વાછરડાંને મારી નાખવામાં આવતા હતા.

**કેટલીક રસીઓ પ્રાણીઓના લોહીનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે તો કેટલીક રસીઓ ગર્ભપાત કરેલાં શિશુના શરીરનો માધ્યમ તરીકે ઉપયોગ કરીને બનાવવામાં આવે છે.**

એમએમઆર વેક્સિનમાં ફિટલ બોવાઇન સિરમ નામના પદાર્થનો પણ ઉપયોગ કરવામાં આવે છે. આ પદાર્થ કતલખાનાંમાંથી પ્રાપ્ત કરવામાં આવે છે. કતલખાનાંઓમાં કાયદાનો ભંગ કરીને કેટલીક સગર્ભા ગાયોની પણ કતલ કરવામાં આવે છે. કતલ કરેલી ગાયનું ગર્ભાશય કાઢીને તેને બ્લડ કલેક્શન રૂમમાં લઈ જવામાં આવે છે. ત્યાર બાદ ગર્ભાશયમાં સોઇ દાખલ કરીને ગર્ભનાં વાછરડાંના હૃદયમાં કાણું કરવામાં આવે છે અને તેનું લોહી ખેંચી લેવામાં આવે છે. આ કાર્ય માટે ત્રણ મહિનાથી વધુ ઉંમરના વાછરડાંનો ગર્ભ જ કામ લાગે છે; કારણ કે તેના હૃદયનો વિકાસ થયો હોય છે. લોહીમાં અશુદ્ધિ ન ભળી જાય તે માટે સીધું ગર્ભાશયમાંથી લોહી કાઢવામાં આવે છે. ત્યાર બાદ તેને રૂમ ટેમ્પરેચર પર જામવા દેવામાં આવે છે અને તેમાંથી સિરમ છૂટું પાડવામાં આવે છે.

અમેરિકામાં ફ્લુનો રોગચાળો બહુ વ્યાપક હોવાથી કરોડો અમેરિકનો ફ્લુની રસી લે છે. તેમાં મર્ક્યુરી (પારો) અને ફોર્મલડિહાઇડ જેવા ઝેરી પદાર્થો વાપરવામાં આવે છે. તદુપરાંત તેમાં કતલ કરવામાં આવેલાં કૂતરાંની કિડનીના કોષોનો અને ઇંડાંના પ્રોટિનનો ઉપયોગ પણ કરવામાં આવે છે. હડકવાની રસી બનાવવા માટે પહેલા ઘોડાના શરીરમાં હડકવાના વાયરસ દાખલ કરવામાં આવે છે. તેને કારણે ઘોડાના શરીરમાં વાયરસ સામે લડવાના એન્ટીબોડી પેદા થાય છે. આ ઘોડાના શરીરનું લોહી ઇન્જેક્શન વડે ખેંચીને તેમાંથી રસી બનાવવામાં આવે છે.

વર્તમાનમાં કોરોના વાયરસની રસી બનાવવા માટે જે પ્રયોગો ચાલી રહ્યા છે તેમાં પણ પહેલા રસી બનાવવા માટે ગર્ભનાં બાળકનો, કૂતરાંનો કે ઘોડાનો ઉપયોગ કરવામાં આવશે. તેમના લોહીમાં રસી બનાવ્યા પછી તેનું ઉંદરો કે વાંદરાઓ ઉપર પરીક્ષણ કરવામાં આવશે. જો શાકાહારી લોકોને આ રસી લેવાની ફરજ પાડવામાં આવશે તો તેઓ ધર્મભ્રષ્ટ થઈ જાય તેવું બની શકે છે.

# અમેરિકાના હજારો લોકો કેમ લોકડાઉનના વિરોધમાં રસ્તાઓ પર ઊતરી આવ્યા છે?

**લો**કડાઉનને કારણે આપણી આઝાદી પર જે સરકારી અતિક્રમણ થયું છે તેને ભારતની પ્રજાએ ચૂપચાપ સ્વીકારી લીધું છે, પણ સ્વતંત્રતાને સર્વોચ્ચ મહત્ત્વ આપતા હજારો અમેરિકનો લોકડાઉનના વિરોધમાં પોલિસની પરવા કર્યા વિના રસ્તા પર ઊતરી આવ્યા છે. નવાઈની વાત એ છે કે ખુદ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વિટ કરીને લોકડાઉનના વિરોધનું સમર્થન કર્યું છે. અમેરિકાનાં મિશિગન, મિનેસોટા અને વર્જીનિયા રાજ્યોમાં ડેમોક્રેટિક પક્ષની સરકારો છે, જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ રિપબ્લિકન પક્ષના છે. ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વિટ કરીને આ ત્રણ રાજ્યોની પ્રજાને આઝાદીનું આહ્વાન કર્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ આખા અમેરિકાને ત્રણ તબક્કામાં લોકડાઉનમાંથી બહાર કાઢવાની યોજના તૈયાર કરી રહ્યા છે; પણ અધીરા બનેલા કેટલાક લોકોએ આંદોલન શરૂ કર્યું છે.




અમેરિકામાં કોવિદ-૧૯ના આશરે ૭.૬૧લાખ કેસો નોંધાયા છે, જેમાં આશરે ૪૦,૦૦૦ નાગરિકોનાં મરણ થયાં છે. જોકે અમેરિકાના કેટલાક તબીબી નિષ્ણાતો આક્ષેપ કરી રહ્યા છે કે વર્તમાનમાં અમેરિકામાં કોઈ પણ કારણે મરણ થાય તો તેને કોરોનાનાં મરણમાં ખપાવી દેવામાં આવે છે. એટલે સુધી કે ડોક્ટરો દ્વારા અગાઉ બીજાં કોઈ કારણથી મરણનું સર્ટિફિકેટ આપવામાં આવ્યું હોય તેને પણ બદલીને કોવિદ-૧૯નું સર્ટિફિકેટ આપવામાં આવે છે. ન્યુ યોર્કમાં તો કોવિદ-૧૯નું ટેસ્ટિંગ ન કરાવ્યું હોય તેવા નાગરિકનું મરણ થાય તેને પણ કોરોના મરણમાં ગણવામાં આવે છે.

જોકે અમેરિકામાં હવે કોવિદ-૧૯ના નવા કેસો ઘટી રહ્યા હોવાથી કેટલાંક રાજ્યોમાં બગીચાઓ અને બીચો ખુલ્લા મૂકવામાં આવ્યા છે; પણ મોટા ભાગના અમેરિકામાં લોકડાઉન ચાલુ છે. લોકડાઉનનો વિરોધ કરવા માટે રસ્તા પર ઊતરી આવેલા લોકો કહે છે કે વેપારધંધા પરનાં નિયંત્રણોને કારણે તેઓ પારાવાર હાડમારીઓ ભોગવી રહ્યા છે. કેટલાક લોકો તો નાગરિક સ્વતંત્રતા પરના આક્રમણનો વિરોધ કરવા લાઈસન્સવાળી બંદૂકો લઈને રસ્તા પર ઊતરી આવ્યા છે.

લોકડાઉનને કારણે અમેરિકામાં બેકારીનો આંકડો ઓલ ટાઈમ હાઈ થઈ ગયો છે. ગયા સપ્તાહે અમેરિકાના ૨.૨ કરોડ નાગરિકો દ્વારા બેકારી ભથ્થું માગવામાં આવ્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પના સાડા ત્રણ વર્ષના શાસનકાળ દરમિયાન અમેરિકામાં જે કોઈ નવી નોકરીઓ પેદા થઈ હતી તે બધી લોકડાઉનને કારણે નાશ પામી છે. અમેરિકામાં લોકડાઉન શરૂ કરવામાં આવ્યું ત્યારે ડોનાલ્ડ ટ્રમ્પે વિધાન કર્યું હતું કે ''રોગ કરતાં તેનો ઉપચાર વધુ નુકસાનકારક ન હોવો જોઈએ.'' હવે લોકડાઉનના વિરોધમાં દેખાવો કરનારાઓ આ વિધાન ટાંકી રહ્યા છે. વિરોધ કરનારા બધાની માગણી એવી નથી કે તમામ પ્રકારનાં નિયંત્રણો તાત્કાલિક દૂર કરવા જોઈએ. તેમની માગણી એવી છે કે મોટી ઉંમરના નાગરિકો પર કોવિદ-૧૯નું વધુ જોખમ હોવાથી તેમને ઘરે રાખવા જોઈએ; પણ યુવાનોને નોકરીધંધા પર જવાની છૂટ આપવી જોઈએ. અમેરિકાની સરકાર દ્વારા 'આવશ્યક વેપાર'ની જે વ્યાખ્યા કરવામાં આવી છે તેમાં બીજી કેટલીક ચીજોનો સમાવેશ કરવાની તેઓ માગણી કરી રહ્યા છે.

અમેરિકાનાં ૫૦ રાજ્યો પૈકી આશરે ૨૦ રાજ્યોમાં લોકડાઉનનો જાહેર વિરોધ ચાલી રહ્યો છે. વર્જીનિયા અને ઓરેગોન જેવાં રાજ્યોમાં રેલીમાં બહુ પાંખી હાજરી જોવા મળી હતી; પણ મિશિગન તેમ જ વોશિંગ્ટન જેવાં રાજ્યોમાં હજારો લોકો સોશિયલ ડિસ્ટન્સિંગની પરવા કર્યા વિના રેલીમાં જોડાયા હતા. રવિવારે વોશિંગ્ટનના ઓલિમ્પિયામાં આશરે ૨,૫૦૦ અમેરિકનો લોકડાઉનનો વિરોધ કરવા ભેગા થયા હતા. કોલોરોડોમાં લોકડાઉનનો વિરોધ કરનારા લોકો અને આરોગ્ય સેવાના કર્મચારીઓ સામસામે આવી ગયા હતા. લોકડાઉનનો વિરોધ કરનારાઓ પોતાનાં વાહનો લઈને રસ્તા પર ઊતરી આવ્યા હતા; પણ આરોગ્ય સેવાના કર્મચારીઓ તેમને રોકવા ટ્રાફિક જન્ક્શનો પર ઊભા રહી ગયા હતા. વાહનો લઈને રસ્તા પર નીકળેલા લોકો હાથમાં અમેરિકાનો ઝંડો ફરકાવી રહ્યા હતા. તેને કારણે કલાકો સુધી મુખ્ય રસ્તા પર ટ્રાફિક જામ થઈ ગયો હતો.

લોકડાઉન સામેના વિરોધનું નેતૃત્વ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થક રૂઢિચુસ્ત કાર્યકરો કરી રહ્યા છે. તેઓ અમેરિકામાં ગનકલ્ચરના પણ સમર્થકો છે. ડોનાલ્ડ ટ્રમ્પની ચૂંટણી ઝુંબેશ વખતે તેઓ ટ્રમ્પના ફોટો ધરાવતાં ટીશર્ટ પહેરીને આવતા હતા તેવું અત્યારે પણ જોવા મળી રહ્યું છે. તેઓ કોરોનાને લઈને સરકારની જોહુકમીનો વિરોધ કરતાં અને આઝાદીની માગણી કરતા નારા પોકારી રહ્યા છે. અમેરિકામાં આઝાદીની લડત દરમિયાન ''અમને આઝાદી આપો કે મોત આપો'' જેવા નારાઓ પોકારવામાં આવતા હતા તે નારાઓ હવે લોકડાઉનના વિરોધમાં પોકારાઈ રહ્યા છે.

ટેક્સાસમાં લોકડાઉનના વિરોધમાં અલેક્સ જોન્સ નામનો કોન્સપિરસી થિયરિસ્ટ પણ વિરોધ પ્રદર્શન દરમિયાન લોકો સાથે હાથ મિલાવતો જોવા મળ્યો હતો. તેનો આક્ષેપ છે કે બેન્કરો દ્વારા અમેરિકાની પ્રજાને ગુલામ બનાવવા કોવિદ-૧૯ની મદદ લેવાઈ રહી છે. તેના ફેસબુક તેમ જ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટને પણ ડિલિટ કરી નાખવામાં આવ્યા છે. તેઓ કોવિદ-૧૯ સામે લડવા માટેના જૂથના વડા ડો. એન્થની ફોસીને પાણીચું આપવાની માગણી કરી રહ્યા છે. ઈલ્લિનોઈસ રાજ્યમાં જોન રોલાન્ડ નામનો ઉગ્રવાદી નેતા કહે છે કે જો સરકાર તેમનાં રાજ્યને ખોલવાની પરવાનગી નહીં આપે તો તેઓ જાતે બધું ખોલી કાઢશે. ટેક્સાસની રેલીમાં એક મહિલા પોતાની સાત વર્ષની પુત્રી સાથે રેલીમાં ભાગ લેવા આવી હતી. તે મહિલા કહેતી હતી કે મને કોરોના વાયરસનો ડર નથી. જો તે વાયરસ મારા શરીરમાં પ્રવેશ કરશે તો હું તેની સામે લડવાની તાકાત ધરાવું છું. તેની પુત્રીના હાથમાં જે પ્લેકાર્ડ હતું તેમાં લખવામાં આવ્યું હતું કે '' બિલ ગેટ્સ પોતાનું ઝેર પોતાની પાસે રાખે. હું ઘરે રહીને ભણું છું. મને ફરજિયાત રસીની જરૂર નથી.'' અમેરિકામાં વિરોધ કરનારાઓનો આક્ષેપ છે કે બિલ ગેટ્સે કોરોનાની સૂચિત રસી વેચવા માટે દુનિયા પર લોકડાઉન ઠોકી બેસાડ્યું છે.

**અમેરિકામાં આઝાદીની લડત દરમિયાન ''અમને આઝાદી આપો કે મોત આપો'' જેવા નારાઓ પોકારવામાં આવતા હતા તે નારાઓ હવે લોકડાઉનના વિરોધમાં પોકારાઈ રહ્યા છે.**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના વહીવટીતંત્ર વચ્ચે લોકડાઉનના કડક અમલ બાબતમાં મતભેદો ચાલી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ પોતે પણ આકરા લોકડાઉનના વિરોધમાં હોવાથી તેમણે પ્રારંભમાં લોકડાઉનનો કડક અમલ કરાવ્યો નહોતો. અમેરિકાની સરકાર દ્વારા કોવિદ-૧૯નો મુકાબલો કરવા માટે જે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે તેના વડા ડો. ફોસી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના સમર્થક છે, જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ તેના વિરોધમાં છે. ડોનાલ્ડ ટ્રમ્પે તેની પર ચીનની તરફેણ કરવાનો આક્ષેપ કરીને અમેરિકાની મદદ અટકાવી દીધી છે. અમેરિકાની સરકારે ત્રણ તબક્કામાં લોકડાઉનમાંથી બહાર આવવાનો પ્લાન જાહેર કર્યો છે. આ દરેક તબક્કો બે-બે સપ્તાહ ચાલવાનો છે. આ પ્લાન જાહેર થયો કે તરત જ ટ્રમ્પે ત્રણ રાજ્યોમાં ચાલી રહેલા લોકડાઉનવિરોધી આંદોલનને સમર્થન જાહેર કર્યું હતું. લોકડાઉન બાબતમાં ટ્રમ્પના વિચારો બદલાયા કરે છે.

ડોનાલ્ડ ટ્રમ્પની સહાનુભૂતિ લોકડાઉનનો વિરોધ કરી રહેલા લોકો સાથે છે. તેઓ કહે છે કે ''આ લોકોની જિંદગી તેમની પાસેથી ઝૂંટવી લેવામાં આવી છે. તેઓ આપણા દેશને પ્રેમ કરે છે, પણ તેઓ કામ પર પાછા જવા માગે છે.'' તાજેતરમાં અમેરિકામાં લોકડાઉન બાબતમાં જનમત લેવામાં આવ્યો ત્યારે ૬૬ ટકાએ તેનું સમર્થન કર્યું હતું; જ્યારે ૩૨ ટકાએ તેનો વિરોધ કર્યો હતો.

# ડો. બિશ્વરૂપ રોય ચૌધરી કોરોના બાબતમાં ચોંકાવનારી વાતો કરે છે




મીડિયામાં કોરોના બાબતમાં જે માહિતીનો ધોધ ઠાલવવામાં આવી રહ્યો છે તેને કારણે તેની ગંભીરતા જેટલી છે તેના કરતાં કદાચ આપણને વધુ ગભરાવી દેવામાં આવ્યા છે. તા. ૧૬ એપ્રિલના ટાઈમ્સ ઓફ ઈન્ડિયાની મુંબઇ આવૃત્તિમાં મોટા હેડિંગ સાથે સમાચાર છપાયા છે કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા કોરોનાને જેટલો ઘાતક માનવામાં આવતો હતો તેટલો ઘાતક તે પુરવાર થયો નથી. આ વાત ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનો પત્રકાર નથી કહેતો પણ અમેરિકા જઈને વસેલા મૂળ ભારતના નામાંકિત તબીબ અને પ્રતિષ્ઠિત સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર ડો. જય ભટ્ટાચાર્ય કહે છે.

ફોક્સ ન્યૂઝને આપેલા એક ઈન્ટરવ્યૂમાં ડો. જય ભટ્ટાચાર્ય કહે છે કે '' ડબલ્યુ. એચ.ઓ. દ્વારા પ્રારંભમાં અંદાજ મૂકવામાં આવ્યો હતો કે કોરોનાનો મરણદર ૩.૪ ટકા જેટલો રહેશે; પણ તે તેની નજીક આવે તેવી કોઈ સંભાવના નથી. તમે સામાન્ય ફલુમાં જે મરણદર જુઓ છો તેટલો જ મરણદર કોરોના વાયરસનો પણ છે.'' જો કોરોના વાયરસથી થતાં મરણનો દર સામાન્ય સિઝનલ ફલુથી થતાં મરણદર જેટલો જ હોય તો તેનાથી ડરીને દેશને લોકડાઉનમાં નાખવાની જરૂર હતી ખરી? આ સવાલ દેશની તમામ બુદ્ધિશાળી વ્યક્તિને થવો જોઈએ અને હકીકતમાં થઈ પણ રહ્યો છે.

ડો. જય ભટ્ટાચાર્યના સહકાર્યકર અને અમેરિકાના સેન્ટર ફોર હેલ્થ પોલિસીના ફેકલ્ટી મેમ્બર ડો. એરાન બેન્ડાવિડ વોલ સ્ટ્રીટ જર્નલમાં લખે છે કે '' કોરોના વાયરસને કારણે થનારાં મરણના પ્રારંભિક દરો બહુ ખામીભર્યા હતા, કારણ કે તેમાં જેટલા લોકોનો ટેસ્ટ કરવામાં આવ્યો છે તેના આધારે મરણદર નક્કી કરવામાં આવતો હતો. હકીકતમાં જેટલા લોકોનો ટેસ્ટ કરવામાં આવ્યો છે તેમાં જેટલા લોકોનો ટેસ્ટ નથી કરવામાં આવ્યો છે તેનો પણ સમાવેશ કરવામાં આવે તો મરણના દરમાં ધરખમ ઘટાડો થઈ શકે છે. '' તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પણ સ્વીકાર્યું છે કે જો ટેસ્ટ નથી કરાયો તેવા કોરોના દર્દીઓનો સમાવેશ કરવામાં આવે તો મરણદર ઘટી શકે છે.

હમણાં હમણાં યુટ્યૂબ પર નામાંકિત તબીબ ડો. બિશ્વરૂપ રોય ચૌધરીનો વીડિયો ધૂમ મચાવી રહ્યો છે, જેમાં તેઓ કેટલાક તથ્યો અને આંકડાઓના આધારે દાવો કરે છે કે કોરોનાનો જે રીતે ગભરાટ ફેલાવાઈ રહ્યો છે, તે આપણા કાળનું મોટામાં મોટું કૌભાંડ છે. ડો. ચૌધરીના વીડિયોના આધારે સ્વ. રાજીવ દીક્ષિતના સાથીઓ દ્વારા એક નાનકડી પુસ્તિકા પણ પ્રગટ કરવામાં આવી છે. આ પુસ્તિકાના કેટલાક ચોંકાવનારા પણ વિચારણીય મુદ્દાઓ આ લેખમાં ટાંકવામાં આવ્યા છે.

(૧) કોઈ પણ વ્યક્તિના શરીરમાં કોરોના વાયરસ છે કે નહીં? તે જાણવા માટે દુનિયાભરમાં એક જ કિટ વપરાય છે, જેને આર.ટી.પી.સી.આર. તરીકે ઓળખવામાં આવે છે. આ કિટની સાથે જે યુઝર મેન્યુઅલ આવે છે તેમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે તેનો ઉપયોગ નિદાન માટે કરવાનો નથી પણ માત્ર સંશોધનના હેતુ માટે જ કરવાનો છે. ડો. બિશ્વરૂપ રોય ચૌધરીના જણાવ્યા મુજબ દુનિયાભરમાં આ કિટનો ઉપયોગ નિદાન

માટે કરવામાં આવે છે તે ગેરકાયદે અને અનૈતિક પણ છે.

(૨) કોરોના ટેસ્ટ કરવાની જે કિટ આવે છે તેમાં જે ૧૦૦ વ્યક્તિનો ટેસ્ટ કરવામાં આવે છે, તેમાં સરેરાશ એકનો ટેસ્ટ પોઝિટિવ ન હોય તો પણ પોઝિટિવ આવે છે. તા. ૧૮ માર્ચ, ૨૦૨૦ના આઈસલેન્ડમાં ૧,૮૦૦ સ્વસ્થ નાગરિકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો તો તેમાંના ૧૯ નેગેટિવ હતાં તો પણ તેમનો ટેસ્ટ ખોટી રીતે પોઝિટિવ (ફોલ્સ પોઝિટિવ) આવ્યો હતો. આ ગણતરી મુજબ ભારતમાં અત્યાર સુધીમાં આશરે બે લાખ ટેસ્ટ કરવામાં આવ્યા છે. તેમાંના બે હજાર ફોલ્સ પોઝિટિવ હોવાની સંભાવના છે. વિચાર કરો કે બે હજાર નાગરિકોના શરીરમાં કોરોના વાયરસ ન હોય અને તેમને પોઝિટિવ જાહેર કરવામાં આવે ત્યારે તેમની ઉપર શું વીતતું હશે?

(૩) ઈટાલીમાં ૩૧ માર્ચ, ૨૦૨૦ સુધીમાં ૧૧,૫૦૦ નાગરિકો કોરોનાથી મર્યા હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. ડો. ચૌધરીએ ઈટાલીના આરોગ્ય ખાતાંનો સંપર્ક સાધીને સત્ય હકીકત જાણવાનો પ્રયાસ કર્યો તો તેમને કહેવામાં આવ્યું કે કોરોનાથી મરનારા ૯૯ ટકા નાગરિકો બીજા કોઈ રોગોથી પણ પીડાતા હતા. આરોગ્ય ખાતાંના જ આંકડાઓ મુજબ ઈટાલીમાં મરણ પામેલા માત્ર૧,૩૮૦ના કે ૧૨ ટકાના જ ડેથ સર્ટિફિકેટમાં મરણનું કારણ કોરોના હોવાનું જણાવાયું છે.

(૪) બ્રિટનની સરકારે તા. ૧૯ જાન્યુઆરીના કોરોના વાયરસને એચ.સી.આઈ.ડી. (ભારે ચેપી રોગ) નો દરજ્જો આપ્યો હતો. બે મહિનાના અનુભવ પછી તેણે ૧૯ માર્ચના ચૂપચાપ કોરોનાનો દરજ્જો બદલીને તેને સામાન્ય ફ્લુ જેટલી ગંભીરબીમારીના દરજ્જામાં નાખી દીધો હતો.

(૫) તા. ૨૬ માર્ચના ન્યુ ઇંગ્લેન્ડ જર્નલ ઓફ મેડિસિનમાં પ્રકાશિત થયેલા સંશોધનપત્ર મુજબ કોરોના વાયરસનો વાસ્તવિક મરણદર માત્ર ૦.૧ ટકા છે, જે સામાન્ય ફ્લુ જેટલો જ છે. બીજા શબ્દોમાં જે ૧,૦૦૦ નાગરિકોના શરીરમાં કોરોના વાયરસ હોય છે, તેમાંના માત્ર એકનું જ મરણ થવાની સંભાવના છે. અર્થાત દુનિયામાં સામાન્ય ફ્લુથી જેટલાં મરણ થાય છે, તેટલાં જ મરણ કોરોના વાયરસને કારણે થવાની સંભાવના છે. જો કોરોના વાયરસ સામાન્ય ફ્લુ જેટલો જ ઘાતક હોય તો તેનાથી ડરીને દેશના અર્થતંત્રને ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન કરવાની શું જરૂર છે?

**જો કોરોના વાયરસથી થતાં મરણનો દર સામાન્ય ફ્લુથી થતાં મરણદર જેટલો જ હોય તો દેશને લોકડાઉનમાં નાખવાની શું જરૂર હતી ? આ સવાલ દેશની તમામ બુદ્ધિશાળી વ્યક્તિને થવો જોઈએ.**

(૬) અમેરિકાના સેન્ટર ફોર ડિઝીસ કન્ટ્રોલના આંકડાઓ મુજબ દર વર્ષે શિયાળાની ઋતુમાં અમેરિકામાં ૩.૮૦ કરોડ નાગરિકો સામાન્ય ફ્લુનો ભોગ બને છે, જેમાંના આશરે ૫૦ હજાર મરણ પામે છે. આ વર્ષે સામાન્ય ફ્લુથી થયેલાં મોટાં ભાગનાં મરણને કોરોના વાયરસને કારણે થયેલાં મરણમાં ખપાવી દેવામાં આવ્યાં છે, જેને કારણે કોરોનાથી થતાં મરણનો આંકડો મોટો લાગે છે. હકીકતમાં આ ઋતુમાં ફ્લુથી થતાં મરણની સંખ્યામાં ધરખમ ઘટાડો જોવા મળ્યો છે.

(૭) ભારતમાં પણ જેટલા નાગરિકો કોરોના વાયરસથી મર્યા હોવાનું કહેવામાં આવે છે તેમાંના ૯૦ ટકા બીજી બીમારીઓથી મર્યા છે, જેમાં બ્લડ પ્રેશર, ડાયાબિટિસ, કિડનીના રોગો અને હૃદયરોગનો પણ સમાવેશ થાય છે. સામાન્ય ફ્લુના અને કોવિદ-૧૯નાં લક્ષણો સરખા હોવાથી જે નાગરિકો સામાન્ય ફ્લુથી મરે છે તેને પણ કોરોના મરણ તરીકે ખપાવી દેવામાં આવે છે.

(૮) હકીકતમાં ભારતમાં દર વર્ષે સામાન્ય ફ્લુથી આશરે ૧.૨૫ લાખ મરણ થાય છે, તેની ઘણા લોકોને જાણ નથી. રોજના આશરે ૩૦૦ નાગરિકો ફ્લુથી મરે છે. કોરોના વાયરસ સાથે મરનારાનું પોસ્ટમોર્ટમ પણ કરવામાં આવતું નથી; જેને કારણે મરણનું સાચું કારણ બહાર આવતું નથી. કોઈ દર્દી કોરોના વાયરસ સાથે મરે તેમાં અને તે કોરોના વાયરસથી મરે તેમાં ફરક હોય છે. ભારતમાં તો કોરોના વાયરસ સાથે થતાં દરેક મરણને કોરોનાથી થતાં મરણમાં ખપાવી દેવાય છે.

(૯) જો કોરોના વાયરસથી ૦.૧ ટકા જેટલાં જ મરણ થતાં હોય તો તેને મહામારિનો દરજ્જો આપીને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને દુનિયા સાથે બહુ મોટી છેતરપિંડી કરી છે. આ છેતરપિંડી કદાચ કોરોનાનો ભય ફેલાવીને તેની સંભવિત રસી વેચવા માટે કરવામાં આવી છે. આ ભય ફેલાવવામાં નેશનલ અને ઈન્ટરનેશનલ મીડિયા પણ અજાણતા સહાયક બન્યું છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની જૂઠી વાતને સાચી માનીને દુનિયાની સરકારોએ પણ બહુ મોટી ભૂલ કરી હોય તેવું લાગે છે.

# લોકડાઉનમાંથી બહાર આવવાનો શ્રેષ્ઠ રસ્તો પ્રજાની હર્ડ ઈમ્યુનિટી વધારવાનો છે



આપણા શરીરમાં દુનિયાના કોઈ પણ બેક્ટેરિયાનો કે વાયરસનો મુકાબલો કરીને તેને ખતમ કરવાની કુદરતી શક્તિ છે, જેને ઈમ્યુનિટી (રોગપ્રતિકારક શક્તિ) તરીકે ઓળખવામાં આવે છે. આપણા બધાનો અનુભવ છે કે જેને જિંદગીમાં એક વખત ગાલ પચોળિયા થાય છે તેને જિંદગીભર ફરી ગાલ પચોળિયા થતા નથી; કારણ કે તેના શરીરમાં ગાલ પચોળિયાના વાયરસ સામે લડવાની એન્ટીબોડી તૈયાર થઈગઈ હોય છે, જે તેને કુદરતી રીતે સંરક્ષણ આપે છે. કોઈ પણ રોગની જે રસી બનાવવામાં આવે છે, તે પણ આ ઈમ્યુનિટીનો ઉપયોગ કરીને જ બનાવવામાં આવે છે. મનુષ્યના કે પશુના શરીરમાં નબળો પાડી દેવામાં આવેલો વાયરસ દાખલ કરવામાં આવે છે. આ વાયરસ સામે લડવા શરીર એન્ટીબોડી પેદા કરે છે, જે વાયરસનો નાશ કરી નાખે છે. જો પ્રજાનો આશરે ૮૦ ટકા હિસ્સો આ રીતે વાયરસ સામે લડવાની શક્તિ હાંસલ કરી લે તેને હર્ડ ઈમ્યુનિટી (સામૂહિક રોગપ્રતિકારક શક્તિ) તરીકે ઓળખવામાં આવે છે. જો ભારતે વર્તમાન લોકડાઉનમાંથી બહાર નીકળવું હોય તો રસીની રાહ જોવાને બદલે હર્ડ ઈમ્યુનિટીનો ઉપયોગ કરવો જોઈએ.

તાજેતરમાં રસીનું ઉત્પાદન કરતી કંપનીઓના શેરહોલ્ડર બિલ ગેટ્સે નિવેદન કર્યું હતું કે જ્યાં સુધી કોરોના વાયરસ સામે લડવાની રસી બજારમાં નહીં આવે ત્યાં સુધી લોકડાઉન ચાલુ રાખવું પડશે. રસીનું ઉત્પાદન ગમે તેટલું ઝડપી કરવામાં આવે તો પણ કોઈ રસી ૧૮ મહિના પહેલાં બજારમાં મૂકી શકાય તે સંભવિત નથી. આ સંયોગોમાં કોઈ પણ દેશને ૧૮ મહિના સુધી લોકડાઉનમાં રાખવાનું આર્થિક, સામાજીક અને ધાર્મિક રીતે આપઘાતક સાબિત થઈ શકે છે. ભારતના ટોચના મહામારી નિષ્ણાત (એપિડેમિયોલોજિસ્ટ) ડો. જયપ્રકાશ કહે છે કે ભારતે લોકડાઉનમાંથી ધીમે ધીમે બહાર આવવું જોઈએ, જેથી તે દરમિયાન લોકોમાં હર્ડ ઈમ્યુનિટી પેદા થશે, જેનો ઉપયોગ કોરોના વાયરસનો અસરકારક મુકાબલો કરવા માટે કરી શકાય તેમ છે.

વેલોરની ક્રિશ્ચિયન મેડિકલ કોલેજના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ ડો. જયપ્રકાશ કહે છે કે યુવાનોને લોકડાઉનમાંથી બહાર કાઢીને ઉત્પાદક કાર્ય કરવા દેવું જોઈએ અને વડીલોને ઘરના વાતાવરણમાં સુરક્ષિત રાખવા જોઈએ. આ યુવાનોના શરીરમાં જેમ વાયરસ દાખલ થશે તેમ તેમની અંદર વાયરસ સામે લડવાની પ્રતિકારક શક્તિ પણ પેદા થશે. ભારતની ૯૦ ટકા વસતિ ૬૦ વર્ષથી ઓછી ઉંમરની હોવાથી તેઓ વાયરસના સંપર્કમાં આવશે તો પણ મરી નહીં જાય પણ વાયરસ સામે લડીને સાજા થઈ જશે. આ યુવાનોને પછી કોરોના વાયરસથી ડરવાની જરૂર નહીં રહે. કોઈ પણ જાતની રસી લીધા વગર તેમના શરીરમાં કોરોના વાયરસ સામે લડવાની તાકાત આવી જશે.

કોઈ પણ વાયરસ જ્યાં સુધી ઓછા લોકોના શરીરમાં મોજૂદ હોય ત્યાં સુધી જ તે હાનિકારક બને છે. જેમ જેમ વધુ

લોકો વાયરસથી ગ્રસિત બનતા જાય છે તેમ તેમ તેમની અંદર વાયરસ સામે લડવાની એન્ટીબોડી પેદા થતી જાય છે. આ એન્ટીબોડી પણ એક જાતનાં પ્રોટિન છે, જેનું નિર્માણ શરીરની ગ્રંથિઓ વાયરસ સામે લડવા માટે કરતી હોય છે. જો કોઈ પણ પ્રજાના ૫૦ ટકામાં વાયરસ દાખલ થઈ ગયા હોય અને તેમના શરીરમાં એન્ટીબોડી પેદા થઈ ગઈ હોય તો તે ૫૦ ટકા લોકો બાકીના ૫૦ ટકા લોકોને પણ વાયરસ સામે સંરક્ષણ આપી શકે છે. જો કોઈ પ્રજાના ૮૦ ટકામાં વાયરસ પેસી ગયો હોય તો તેની સંહારકશક્તિ ખતમ થઈ જાય છે. ભારતે ભૂતકાળમાં શીતળા, ઓરી, અછબડાં, નૂરબીબી વગેરે વાયરસો પર આ રીતે જ નિયંત્રણ મેળવ્યું હતું.

ડૉ. જયપ્રકાશ કહે છે કે જો તમે ૪૦ દિવસ માટે લોકડાઉન ચાલુ રાખો અને પછી બધું ખોલી કાઢો તો વાયરસ ફેલાઈ જશે અને નુકસાન કરી શકશે. તેને બદલે વર્તમાન લોકડાઉનની મુદ્દત પૂરી થાય તે પછી યુવાનોને બહાર નીકળવાની, હરવાફરવાની અને લોકોને મળવાની છૂટ આપવામાં આવે તો તેમના શરીરમાં વાયરસ પ્રવેશતા તેઓ માંદા પડશે, પણ તેમની રોગપ્રતિકારક શક્તિ વધુ હોવાથી ઝડપથી સાજા પણ થઈ જશે. આ યુવાનો માંદા અને વૃદ્ધ નાગરિકોના સંપર્કમાં ન આવે તેની તકેદારી રાખવી જોઈએ. તો થોડા સમયમાં વાયરસ બિનહાનિકારક બની જશે. ડૉ. જયપ્રકાશના કહેવા મુજબ સ્વિડને અને ઈઝરાયલે હર્ડ ઈમ્યુનિટીની ટેકનિકનો ઉપયોગ કર્યો હતો, જેને કારણે તેઓ લોકડાઉન કર્યા વિના પણ કોરોના વાયરસને મહાત કરી શક્યા હતા. બ્રિટને પણ આ કારણે પ્રારંભમાં લોકડાઉન નહોતું કર્યું; પણ તેની હોસ્પિટલો કોવિદ-૧૯ના દર્દીઓથી ઊભરાવા માંડતા તેને લોકડાઉન કરવાની ફરજ પડી હતી. હવે બ્રિટનમાં પણ હર્ડ ઈમ્યુનિટી અજમાવાઈ રહી છે.

અમેરિકાની રોકફેલર યુનિવર્સિટીમાં બે દાયકા સુધી શિક્ષણકાર્ય કરનારા ડૉ. નટ વિટ્ટકોવસ્કી કહે છે કે જો હર્ડ ઈમ્યુનિટી વિકસવા દેવામાં આવે તો વાયરસ ત્રણથી ચાર સપ્તાહમાં જ તેની હાનિકારકતા ગુમાવી બેસે છે, પણ જો યુવાનોને લોકડાઉનમાં રાખવામાં આવે તો તેનું આયુષ્ય વધી જાય છે. તેમના કહેવા મુજબ વસંત ઋતુમાં જો લોકો બહાર નીકળે અને તડકામાં હરેફરે તો વાયરસ ગરમીને કારણે જ મરી જાય છે. તેને બદલે તેમને ઘરોમાં પૂરી રાખવાને કારણે વાયરસને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાની તક મળી ગઈ હતી. સંશોધકો કહે છે કે જો અમેરિકામાં લોકડાઉન લાદવામાં ન આવ્યું હોત તો મરણાંક ૧૦,૦૦૦ થી વધ્યો નહોત. અત્યારે અમેરિકામાં કોરોના વાયરસને કારણે મરણનો આંકડો એક લાખ ઉપર પહોંચવાનો ભય સેવાઈ રહ્યો છે.

**ડૉ. જયપ્રકાશના કહેવા મુજબ સ્વિડને અને ઈઝરાયલે હર્ડ ઈમ્યુનિટીની ટેકનિકનો ઉપયોગ કર્યો હતો, જેને કારણે તેઓ લોકડાઉન કર્યા વિના પણ કોરોના વાયરસને મહાત કરી શક્યા હતા.**

ડૉ. જયપ્રકાશ ઉદાહરણ આપતાં કહે છે કે ૨૦૦૯માં ભારતમાં સ્વાઈન ફ્લુ નામનો વાયરસ આવ્યો હતો. તેને કારણે લોકો જાહેરમાં માસ્ક પહેરતાં થઈ ગયા હતા; પણ સરકાર દ્વારા લોકડાઉન લાદવામાં આવ્યું નહોતું. તેને કારણે સ્વાઈન ફ્લુનો વાયરસ ઝડપથી ફેલાઈ ગયો હતો અને લોકોમાં હર્ડ ઈમ્યુનિટી પેદા થતાં તે બિનઅસરકારક બની ગયો હતો. જો આપણે કોરોના વાયરસ સાથે પણ તેવી જ રીતે કામ પાડીએ તો તે પણ ઝાઝું નુકસાન કર્યા વિના ગાયબ થઈ જશે. ભારતમાં ચિકનગૂનિયા, ડેંગ્યુ, બર્ડ ફ્લુ વગેરે વાયરસો વગર લોકડાઉને જ ગાયબ થઈ ગયા હતા. તેનું કારણ પણ હર્ડ ઈમ્યુનિટી હતું. કોરોના વાયરસનો પ્રતિકાર પણ આ જ પદ્ધતિથી કરવો જોઈએ.

કેટલાક લોકો કહે છે કે હર્ડ ઈમ્યુનિટીથી વાયરસ ખતમ થાય તેની રાહ જોઇને બેસી રહેવાને બદલે રસી બનાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવી જોઈએ. કોરોના વાયરસની રસી પણ જ્યારે લોકોને મોટા પ્રમાણમાં આપવામાં આવશે ત્યારે લોકોના શરીરમાં વાયરસ દાખલ થશે અને પ્રજામાં હર્ડ ઈમ્યુનિટી આવી જ જશે. આ દલીલ કરનારા મોટા ભાગના નિષ્ણાતો રસી બનાવતી મલ્ટિનેશનલ કંપનીઓ વતી વકીલાત કરતા હોય છે. તેમને ડર છે કે જો પ્રજા હર્ડ ઈમ્યુનિટી પર આધાર રાખતી થઈ જશે તો તેમની રસી કોઈ ખરીદશે નહીં. આ કારણે તેઓ હર્ડ ઈમ્યુનિટીથી લાખો લોકો મરી જશે તેવો ભય દેખાડી રહ્યા છે. હકીકત એ છે કે કોઈ પણ રસીને બજારમાં આવતાં ઓછામાં ઓછા ૧૮ મહિનાનો સમય લાગશે. ત્યાં સુધી પ્રજામાં હર્ડ ઈમ્યુનિટી પેદા થઈ ગઈ હશે તો રસીની જરૂર જ નહીં પડે. આજે ફ્લુની રસી બજારમાં છે, પણ તેનો કોઈ લેવાલ નથી; કારણ કે ફ્લુ સામે પણ હર્ડ ઈમ્યુનિટી પેદા થઈ ગઈ છે. કોરોના વાયરસની રસીના પણ તેવા જ હાલ થઈ શકે છે.

# કેશલેસ ઈકોનોમીમાં નેગેટિવ વ્યાજના દરોની સંભાવના વધી જશે




જે વરિષ્ઠ નાગરિકો પોતાની મૂડી ફિક્સ્ડ ડિપોઝિટમાં રાખીને વ્યાજની આવક પર ગુજરાન ચલાવતા હોય તેમના માટે કપરો કાળ આવ્યો છે. આજથી ૨૫ વર્ષ પહેલાં ભારતની બેન્કો ફિક્સ્ડ ડિપોઝિટ પર ૧૪થી ૧૬ ટકા વ્યાજ આપતી હતી. કોઈ વરિષ્ઠ નાગરિકે બેન્કમાં ૧૦ લાખ રૂપિયા મૂક્યા હોય તો તેમને મહિને કમ સે કમ ૧૦,૦૦૦ રૂપિયા વ્યાજ મળતું હતું; જેમાંથી તેમના પરિવારનું ગુજરાન ચાલી જતું હતું. ૨૫ વર્ષમાં ભાવો ચાર ગણા થયા છે, પણ વ્યાજની આવક અડધા કરતાં પણ ઓછી થઈ ગઈ છે. આજની તારીખમાં ૧૦ લાખ રૂપિયા ઉપર માંડ મહિને ૫,૦૦૦ રૂપિયા મળે છે, પણ ખર્ચો ૪૦,૦૦૦ રૂપિયા પર પહોંચી ગયો છે. જે નાગરિકોએ પોતાની બચત બેન્કોમાં મૂકી છે તેમના માટે હજુ વધુ કપરો કાળ આવી રહ્યો છે. બચત ખાતાંની જેમ ફિક્સ્ડ ડિપોઝિટ માટે વ્યાજનો દર સતત ઘટી રહ્યો છે. અમેરિકામાં તો બચત ખાતાં પર વ્યાજનો દર ઘટીને એક ટકા પર પહોંચી ગયો છે. ફેડરલ રિઝર્વ રેપો રેટ ઘટાડીને એક ટકા કરી નાખ્યો છે. અમેરિકામાં ટૂંક સમયમાં નેગેટિવ ઈન્ટરેસ્ટ રેટ જોવા મળશે. બેન્કમાં રૂપિયા રાખવા માટે સામેથી વ્યાજ ચૂકવવું પડશે. જો ઈકોનોમી કેશલેસ બની જાય અને નેગેટિવ ઈન્ટરેસ્ટ હોય તો મધ્યમ વર્ગનો મરો થઈ જશે.

ભારતની સૌથી મોટી બેન્ક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ તાજેતરમાં ૭ થી ૪૫ દિવસની ટૂંકી મુદ્દત માટેની ફિક્સ્ડ ડિપોઝિટ માટે વ્યાજનો દર ઘટાડીને ૨.૯ ટકા કર્યો છે. સ્ટેટ બેન્ક બચત ખાતાં પર ૨.૭૦ ટકા વ્યાજ આપે છે. ફિક્સ્ડ ડિપોઝિટ પર તેના કરતાં ૦.૨ ટકા જ વધુ વ્યાજ મળે છે. કોટક મહિન્દ્રા બેન્ક તો બચત ખાતાં પર ૩.૫ ટકાની સામે સાતથી ૪૫ દિવસની ફિક્સ્ડ ડિપોઝિટ પર માત્ર ૩ ટકા વ્યાજ આપે છે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા એક વર્ષની ફિક્સ્ડ ડિપોઝિટ પર ૫.૧ ટકા વ્યાજ આપે છે તો કોટક મહિન્દ્રા બેન્ક ૫.૨૫ ટકા વ્યાજ આપે છે. વરિષ્ઠ નાગરિકોને ૦.૫૦ ટકા વ્યાજ વધુ મળે છે. સરકાર આપણને કહી રહી છે કે બચત કરવાને બદલે રૂપિયા વાપરવામાં ફાયદો છે.

ભારતની બેન્કો દ્વારા વ્યાજના દરોમાં સતત ઘટાડો કરવામાં આવી રહ્યો છે, તેની પાછળ રિઝર્વ બેન્કની અને સરકારની ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની નીતિ જવાબદાર છે. ૨૫ વર્ષ પહેલાં ફિક્સ્ડ ડિપોઝિટ પર ૧૪થી ૧૬ ટકા વ્યાજ મળતું હતું ત્યારે બેન્કો દ્વારા ઉદ્યોગોને તેમ જ લોન પર ઘર ખરીદનારને વાર્ષિક ૧૮થી ૨૪ ટકા વ્યાજ ચૂકવવું પડતું હતું. રિઝર્વ બેન્ક દ્વારા રેપો રેટ ઘટાડવામાં આવે ત્યારે બેન્કોને પોતાના વ્યાજના દરો ઘટાડવાનો મોકો મળે છે. તેને કારણે તેઓ ઉદ્યોગપતિઓને સસ્તા ભાવે લોન આપી શકે છે. આજની તારીખમાં ઉદ્યોગોને ૮થી ૧૨ ટકાના દરે લોન મળે છે. આ રીતે ઉદ્યોગોને સસ્તી લોન આપવા માટે બચત ખાતાં ઉપર અને ફિક્સ્ડ ડિપોઝિટ પર વ્યાજના દરો ઘટાડવામાં આવી રહ્યા છે. બીજા શબ્દોમાં મધ્યમ વર્ગના અને ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોનાં ખિસ્સાં પર કાતર ચલાવીને સરકાર ઉદ્યોગપતિઓનાં ગજવાં ભરી રહી છે. ઉદ્યોગપતિઓ રાજકીય પક્ષોને ચૂંટણીમાં કરોડો રૂપિયાનું ભંડોળ આપે છે, માટે તેમનો ફાયદો જોવામાં આવે છે. મધ્યમ

વર્ગ અને વરિષ્ઠ નાગરિકો સંગઠિત નથી માટે તેમને ખોટના ખાડામાં ઊતારવામાં આવે છે.

અમેરિકાની બેન્કોએ તો બચત ખાતાંની જેમ ફિક્સ્ડ ડિપોઝિટ ઉપર પણ વ્યાજ ઘટાડીને એક ટકા જેટલું કરી નાખ્યું છે. ફેડરલ રિઝર્વે રેપો રેટ ઘટાડીને લગભગ શૂન્ય પર પહોંચાડી દીધો છે. અમેરિકાની કોઈ પણ બેન્કને ફેડરલ રિઝર્વ પાસેથી લોન જોઈતી હોય તો ઝીરો વ્યાજ પર મળે છે. આ કારણે બેન્કો વ્યાજના દરો ઘટાડી રહી છે. કહેવાય છે કે અમેરિકામાં ટૂંક સમયમાં બેન્કો નેગેટિવ ઈન્ટરેસ્ટ રેટનો અમલ શરૂ કરશે. અર્થાત્ કોઈ વ્યક્તિએ જો બેન્કમાં પોતાના ડોલર મૂકવા હોય તો તેણે બેન્કને સામેથી વ્યાજ ચૂકવવું પડશે. આ વ્યાજ બે ટકા હોઈ શકે કે ચાર ટકા પણ હોઈ શકે. સરકાર નાગરિકોને સંદેશો આપવા માગે છે કે તમે બચત કરશો તો અર્થતંત્ર બંધિયાર થઈ જશે. તેને બદલે તમે આવક કરતાં વધુ ખર્ચ કરવાની ટેવ પાડશો તો અર્થતંત્રમાં પણ તેજી આવશે.

બેન્કો દ્વારા વ્યાજના દરો સતત ઘટાડવામાં આવે છે તેનું એક કારણ એ પણ છે કે સરકાર ચાહે છે કે નાગરિકો બેન્કમાંથી રૂપિયા ઉપાડીને તેનું શેરબજારમાં રોકાણ કરે. નાણાંકીય સલાહકારો પણ આપણને સમજાવી રહ્યા છે કે બેન્કમાં રૂપિયા રાખી મૂકવામાં મૂર્ખાઈ છે. ફુગાવો સતત વધી રહ્યો છે અને વ્યાજનો દર ઘટી રહ્યો છે. માટે બેન્કમાં મૂકેલી મૂડી હકીકતમાં ઘસાઈ રહી છે. મધ્યમ વર્ગના બધા લોકો શેરબજારમાં રોકાણ કરી શકે નહીં; માટે મ્યુચવલ ફંડ અને સિપ જેવા વિકલ્પો તૈયાર કરવામાં આવ્યા છે. પરંતુ તેમાં ફાયદો તો મોટા ઉદ્યોગપતિઓને જ થાય છે.

આપણી સરકારની લાંબા ગાળાની નીતિ અર્થતંત્રને કેશલેસ કરવાની છે. ૨૦૧૬માં સરકારે નોટબંધી કરી તેનો ઉદ્દેશ પણ ચલણમાંથી રોકડ રકમની બાદબાકી કરવાનો હતો. સરકારને તેમાં સફળતા મળી નહોતી. નોટબંધી પછી ચલણી નોટો વધી ગઈ હતી. ત્યાર બાદ પણ સરકાર રોકડ રકમના વ્યવહારો પર નિયમન લાવવા સતત કાયદાઓ ઘડી રહી છે. હવે કોઈ પણ મિલકત ખરીદવી હોય તો અમુક રકમથી વધુ ચૂકવણી ચેકથી જ કરવી પડે છે. તાજેતરમાં કોરોનાના કાળમાં ચલણી નોટોથી કોરોના ફેલાય છે, તેવો પ્રચાર પણ જોર પકડી રહ્યો છે. તેનો લાભ લઈને સરકાર તમામ ચલણી નોટો રદ્દ કરી નાખે અથવા તેને બેન્કમાં જમા કરવાની ફરજ પાડે તેવું બની શકે છે. જો તેવું થાય તો પ્રજાને તમામ વ્યવહારો કાર્ડથી કે મોબાઈલ એપથી કરવાની ફરજ પડશે.

> **જો સરકાર ચલણી નોટોને કેન્સલ કરીને આપણા બધા રૂપિયા બેન્કમાં જમા કરવાની ફરજ પાડે તો આપણે સરકારના ગુલામ થઈ જાશું. સરકારે પછી જીએસટી વગેરે કોઈ ટેક્સ ઉઘરાવવો નહીં પડે.**


જો સરકાર દ્વારા ચલણી નોટો નાબુદ કરવામાં આવે તો પ્રજાને પોતાની તમામ મૂડી ફરજિયાત બેન્કમાં જમા કરી દેવી પડશે. પછી અનાજ, કરિયાણું અને શાકભાજી ખરીદવા માટે પણ તેણે ડિજિટલ રૂપિયાનો જ ઉપયોગ કરવો પડશે. આજકાલ બેન્કો ઉઠી જવાનો જે ડર પેદા થયો છે તે ડર ટળી જશે; કારણ કે લોકો બેન્કોમાંથી રૂપિયા કઢાવી નહીં શકે. તેમની બધી મૂડી ફરજિયાત બેન્કમાં જ રાખવી પડશે. ત્યાર પછી બેન્કો વ્યાજનો દર ઘટાડે તો પણ આપણે કાંઈ કરી નહીં શકીએ; કારણ કે બેન્કમાંથી રૂપિયા ઉપાડવાનો વિકલ્પ જ આપણી પાસે નહીં હોય. હા, આપણે શેર બજારમાં રૂપિયાનું રોકાણ કરી શકીશું; પણ તે રૂપિયા સલામત રહેશે તેની કોઈ ગેરન્ટી નહીં હોય. જો તે રૂપિયાનો ઉપયોગ કરીને આપણે સોનું ખરીદી લઈએ તો તેને સાચવવાની ચિંતા રહેશે.

જો સરકાર ચલણી નોટોને કેન્સલ કરીને આપણા બધા રૂપિયા બેન્કમાં જમા કરવાની ફરજ પાડે તો આપણે સરકારના ગુલામ થઈ જાશું. સરકારે પછી ઈન્કમ ટેક્સ કે જીએસટી વગેરે કોઈ ટેક્સ ઉઘરાવવો નહીં પડે. બેન્કમાં આપણી જે કોઈ રકમ પડી હોય તેમાંથી એકાદ બે ટકા ટેક્સ સરકાર સીધો ઉઘરાવી લેશે. તે માટે આપણી સંમતિની તેને જરૂર પણ નહીં પડે. જો આપણે ટ્રાફિકના નિયમનો ભંગ કરીએ તો તેનો દંડ આપણા બેન્કનાં ખાતાંમાંથી કપાઈ જશે. જો આપણે સરકારનો વિરોધ કરીએ કે કોઈ વિરોધનો લેખ પણ લખીએ તો આપણું બેન્કનું ખાતું બ્લોક કરી દેવામાં આવશે. આપણા હાથમાં રોકડા રૂપિયા હશે નહીં. બેન્ક બેલેન્સ વગર આપણે જીવી પણ નહીં શકીએ. સરકાર કાયદો કરે કે કોરોનાની રસી ન લેનાર નાગરિકનું બેન્ક ખાતું સિલ કરી દેવામાં આવશે તો આપણે મરજીથી વિરુદ્ધ રસી લેવી પડશે. સરકાર તેના થકી સર્વસત્તાધીશ બની જશે.

# મહારાષ્ટ્ર સરકાર ધારાવીના ગરીબોનો ઉપયોગ પ્રયોગશાળાના પ્રાણીઓ તરીકે કરવા માગે છે?

એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી તરીકે વિખ્યાત મુંબઈનું ધારાવી ફરી એક વખત સમાચારોમાં ચમકી રહ્યું છે. આશરે દસ લાખની વસતિ ધરાવતા ધારાવીમાં કોવિદ-૧૯ના માંડ ૪૩ કેસો થયા છે તો પણ તેને સિલ કરી દેવામાં આવ્યું છે. મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ધારાવીના સાત લાખ લોકોનો ડોર ટુ ડોર સર્વે શરૂ કરવામાં આવ્યો છે, જેમાં જો કોઈ પણ રહેવાસીને કોવિદ-૧૯ હશે તો તેને ક્વોરન્ટાઈન કરવામાં આવશે. બિલ ગેટ્સ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે તેમના દાન પર નભનારી સાત કંપનીઓ દ્વારા કોરોના વાયરસની રસી તૈયાર કરવામાં આવી રહી છે. આ રસી તૈયાર થઈ જાય તે પછી તેના પહેલાં પ્રાણીઓ પર અને પછી જીવતા મનુષ્યો પર પ્રયોગો કરવા જરૂરી ગણાય છે. જો રસીનો ઉપયોગ ભારતના નાગરિકો પર કરવાનો હોય તો તેનો પ્રયોગ પણ ભારતના નાગરિકો પર જ કરવો પડે. ભારતના શ્રીમંત કે મધ્યમ વર્ગના લોકો જોખમી પ્રયોગ માટે તૈયાર ન થાય તો ધારાવીના નાગરિકો પર આ પ્રયોગ કરવામાં આવે તેવી તમામ સંભાવનાઓ છે.

મહારાષ્ટ્ર સરકારના એક પ્રવક્તાએ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના પત્રકારને જણાવ્યું હતું કે સરકાર હાઈડ્રોક્સિક્લોરોક્વિન નામની દવા ધારાવીમાં ક્વોરન્ટાઈન કરેલા નાગરિકોને



પ્રાયોગિક ધોરણે આપવાનો વિચાર કરી રહી છે. મહારાષ્ટ્રના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ પણ આ હેવાલને સમર્થન આપતા કહ્યું છે કે ધારાવીના ગરીબોને હાઈડ્રોક્સિક્લોરોક્વિન આપવા માટે કેન્દ્ર સરકારની પરવાનગી માગવામાં આવી છે. નિષ્ણાતો એક બાજુ દાવો કરી રહ્યા છે કે કોવિદ-૧૯ નવી બીમારી હોવાથી તેની કોઈ દવા નથી કે કોઈ રસી નથી. બીજી બાજુ મહારાષ્ટ્ર સરકાર ધારાવીના હજારો નાગરિકોને પ્રાયોગિક ધોરણે આ દવા આપવા માગે છે. હાલમાં આ દવા મેલેરિયા, રુમેટિડ આર્થરાઈટિસ અને ડાયાબિટિસની સારવાર માટે વપરાઈ રહી છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા માત્ર આરોગ્ય સેવાઓમાં કામ કરતા કાર્યકરોને જ આ દવા આપવામાં આવી રહી છે.

થોડા સમય પહેલાં ભારતમાં ઉત્પાદિત હાઈડ્રોક્સિક્લોરોક્વિન દવા મોકલવા બાબતમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર દબાણ કર્યું તે પછી ભારતને તેની નિકાસ ન કરવાની નીતિ બદલવાની ફરજ પડી હતી. આ દવા ભારતના રસાયણશાસ્ત્રના પિતામહ ગણાતા આચાર્ય પ્રફુલચંદ્ર રોયે છેક ૧૮૯૬ની સાલમાં કરી હતી. તેમણે મર્ક્યુરસ નાઈટ્રેટ નામના કેમિકલનો ઉપયોગ કરીને આ દવા બનાવી હતી. તેમણે ૧૯૦૧માં બેંગાલ કેમિકલ નામની કંપનીની સ્થાપના કરી હતી, જેણે હાઈડ્રોક્સિક્લોરોક્વિનનું વ્યાપારી ઉત્પાદન શરૂ કર્યું હતું. આજે પણ બેંગાલ કેમિકલ કંપની મોટા પાયે આ દવાનું ઉત્પાદન કરી રહી છે. ભારત આ જેનેરિક દવાનું ઉત્પાદન કરીને વિશ્વના ૩૦ દેશોમાં તેની નિકાસ કરતું હતું. વિશ્વભરમાં કોરોના વાયરસ જોવા મળ્યો તેને પગલે ભારતે તેની નિકાસ પર પ્રતિબંધ ફરમાવી દીધો હતો, પણ ડોનાલ્ડ ટ્રમ્પના દબાણને પગલે ભારતે તે પ્રતિબંધમાં છૂટછાટ મૂકવી પડી હતી. અમેરિકાની ઘણી

મલ્ટિનેશનલ કંપનીઓ હાઈડ્રોક્સિક્લોરોક્વિનમાંથી અનેક બ્રાન્ડેડ દવાઓ બનાવે છે અને દસ ગણી કિંમતે દુનિયાભરમાં તેનું વેચાણ કરે છે.

ફાયર્સ ફાર્મા નામની મેડિકલ વેબસાઇટના જણાવ્યા પ્રમાણે યુરોપના દેશોના રેગ્યુલેટરો હાઈડ્રોક્સિક્લોરોક્વિનનો ઉપયોગ ક્લિનિકલ ટ્રાયલ પૂરતો કરવાની જ છૂટ આપે છે. ચીનમાં અને ફ્રાન્સમાં પણ આ દવા પર પ્રયોગો કરવામાં આવ્યા હતા; પણ તેનાં કોઈ નિર્ણાયક પરિણામો બહાર આવ્યાં નથી. યુરોપિયન મેડિસિન એજન્સી કહે છે કે આ દવા કોવિદ-૧૯ની સારવારમાં ફાયદાકારક છે, તેવું હજુ પુરવાર થયું નથી. ઇન્ટરનેશનલ જર્નલ ઓફ એન્ટીમાઇક્રોબિયલ એજન્ટ્સમાં ગયા મહિને પ્રકાશિત થયેલા હેવાલ મુજબ ફ્રાન્સના સંશોધકો દ્વારા કોવિદ-૧૯ના ૨૦ દર્દીઓને આ દવા આપવામાં આવી હતી, જેનો આંશિક ફાયદો થયો હતો, પણ આટલા નાના સેમ્પલના આધારે કોઈ નિર્ણય પર આવી શકાય નહીં. વર્તમાનમાં આ દવાની બે ટ્રાયલો ચાલી રહી છે. તેમાંની એક ટ્રાયલ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન કરી રહ્યું છે તો બીજી બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન કરી રહ્યું છે.

અમેરિકામાં થયેલા એક અભ્યાસમાં જણાયું હતું કે હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા કોવિદ-૧૯ના દર્દીઓને હાઈડ્રોક્સિક્લોરોક્વિન આપવાથી તેમનાં મરણના પ્રમાણમાં કોઈ ઘટાડો જોવા મળ્યો નહોતો. ઊલટાનું જે દર્દીઓને આ દવા આપવામાં આવી હતી તેમને શ્વસનની સમસ્યા થતાં તેમને સપોર્ટની જરૂર પડી હતી. અમેરિકાની સરકારે કોવિદ-૧૯ સામે લડવા માટે જે જૂથની રચના કરી છે તેના અધ્યક્ષ એન્થની ફોસી પણ કહે છે કે આ દવાની અસરકારકતા શંકાજનક છે.

બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશને માતબર ફંડ આપીને ગ્લોબલ એલાયન્સ ફોર વેક્સિન એન્ડ ઈમ્યુનાઈઝેશન (ગાવી) નામની સંસ્થા શરૂ કરી છે, જેનું કામ દુનિયાના ગરીબ દેશોની સરકારો સાથે મળીને રસીઓનો પ્રચાર કરવાનું છે. તે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનેઈઝેશન અને યુનિસેફ જેવી સંસ્થાઓ સાથે મળીને દુનિયાના ગરીબ દેશોમાં રસીની ટ્રાયલો પણ યોજે છે. આ ટ્રાયલમાં એશિયા તેમ જ આફ્રિકા ખંડનાં બાળકોનો ઉપયોગ પ્રયોગશાળાનાં પ્રાણીઓ તરીકે કરવામાં આવે છે. આ ટ્રાયલ દરમિયાન રસીઓ સલામત જણાય તો તે શ્રીમંત દેશોનાં બાળકોને આપવામાં આવે છે.

> **મુંબઈના ડોક્ટરો કહે છે કે હાઈડ્રોક્સિક્લોરોક્વિનનો ઉપયોગ તબીબી નિરીક્ષણ હેઠળ જ કરવો જોઈએ; કારણ કે તેને કારણે હૃદય અને રેટિનાને નુકસાન થવાની સંભાવના છે.**

બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા રસીનો પ્રચાર કરવા માટે પ્રોગ્રામ ફોર એપ્રોપ્રિયેટ ટેકનોલોજી ઈન હેલ્થ (પાથ) નામની સંસ્થાને પણ માતબર ભંડોળ આપવામાં આવે છે. આ સંસ્થા દ્વારા ઈ.સ.૨૦૧૦માં તેલંગાણાના ખમમ જિલ્લાની ૧૬,૦૦૦ ગરીબ કન્યાઓ પર મર્ક કંપની દ્વારા ઉત્પાદિત ગાર્ડાસિલ નામની વેક્સિનના પ્રયોગો કરવામાં આવ્યા હતા. તેમાંની ઘણી કન્યાઓ બીમાર પડી ગઈ હતી અને પાંચ કન્યાઓ મરી ગઈ હતી. થોડા સમય પછી વડોદરા જિલ્લાની આશ્રમશાળાઓમાં ભણતી ૧૪,૦૦૦ ગરીબ કન્યાઓને ગ્લેક્સો સ્મિથ ક્લિન કંપની દ્વારા ઉત્પાદિત સર્વેરિક્સ નામની રસી આપવામાં આવી હતી. તેમાંની બે કન્યાઓ મરી ગઈ હતી. આ ગરીબ કન્યાઓ પર રસીના પ્રયોગો કરવા માટે તેમના માતાપિતાની સંમતિ પણ લેવામાં આવી નહોતી. રસી માટે સંમતિના ફોર્મ પર હોસ્ટેલના વોર્ડનની સહી લેવામાં આવી હતી. કલ્પના મહેતા, નલિની ભાણોત અને ડો. રૂકમણિ રાવ નામની સમાજસેવિકાઓના ધ્યાનમાં આ કૌભાંડ આવ્યું ત્યારે તેમણે પાથ સંસ્થા સામે સુપ્રિમ કોર્ટમાં જાહેર હિતની અરજી કરી છે, જેનો ચુકાદો આવ્યો નથી.

મુંબઈના ડોક્ટરો કહે છે કે હાઈડ્રોક્સિક્લોરોક્વિનનો ઉપયોગ તબીબી નિરીક્ષણ હેઠળ જ કરવો જોઈએ; કારણ કે તેને કારણે હૃદય અને રેટિનાને નુકસાન થવાની સંભાવના છે. આ દવા લેવાથી તાત્કાલિક માથાનો દુખાવો, ઝાડા અને ગભરામણ જેવી તકલીફો પણ થઈ શકે છે. આ દવાનાં આટલાં ભયસ્થાનો હોવા છતાં ધારાવીના ગરીબ નાગરિકોને કહેવામાં આવશે કે આ દવા લેવાથી તેમનો કોવિદ-૧૯ દૂર થશે અને તેમને ફરજિયાત આ દવા આપવામાં આવશે. આ નાગરિકોને આ દવાનાં ભયસ્થાનો બાબતમાં માહિતી આપવામાં આવે તેવી સંભાવના બહુ ઓછી છે. હકીકતમાં તેમનો ઉપયોગ પ્રયોગશાળાનાં પ્રાણીઓ તરીકે જ કરવામાં આવશે. કોવિદ-૧૯ની દવા પછી તેની રસીના પ્રયોગો પણ કદાચ મુંબઈની ઝૂંપડપટ્ટીઓમાં કરવામાં આવશે.

# સરકારે લોકડાઉનમાંથી સલામતીપૂર્વક બહાર આવવાનો રસ્તો શોધવો જ પડશે

કોરોના વાયરસને કારણે સમગ્ર દેશમાં ૨૧ દિવસના લોકડાઉનનો આદેશ આપનારી કેન્દ્ર સરકાર હવે તેમાંથી બહાર કેવી રીતે નીકળવું? તે બાબતમાં મૂંઝાઈ ગઈ છે. દેશમાં કોવિદ-૧૯નો પહેલો કેસ જોવા મળ્યો તેના ૪૦ દિવસ પછી પણ ૧૩૦ કરોડની વસતિમાં કોરોના વાયરસના માત્ર ૮,૦૦૦ જેટલા જ કેસો જોવા મળ્યા છે. તેમાં પણ માત્ર ૨૭૩નાં મોત થયાં છે. ૧૩૦ કરોડની વસતિમાં જ્યાં રોજનાં ૨૫,૦૦૦થી વધુ મરણ થતાં હોય ત્યાં ૪૦ દિવસમાં ૨૭૩ મરણની કોઈ વિસાત નથી. આ ૪૦ દિવસ દરમિયાન વિવિધ કારણે દેશમાં કોરોના સિવાયનાં આશરે ૧૦ લાખ મરણ થઈ ચૂક્યાં હતાં. લોકડાઉન પહેલાં જે ભય દર્શાવવામાં આવતો હતો કે ભારતમાં લાખો કેસો બહાર આવી શકે છે અને હજારોનાં મોત થઈ શકે છે; તે ભય પણ ખોટો પુરવાર થયો છે. કદાચ તેમાં લોકડાઉન કારણરૂપ બન્યો હોય તો પણ હવે આખા દેશમાં લોકડાઉન ચાલુ રાખવાની જરૂર નથી. આ કારણે જ સરકારે દેશને રેડ, ઓરન્જ અને ગ્રીન ઝોનમાં વહેંચવાનો નિર્ણય કર્યો જણાય છે.




ભારતમાં લોકડાઉન ચાલુ રાખવું કે નહીં? તે બાબતમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી જબરદસ્ત મૂંઝવણ અનુભવી રહ્યા હોય તેમ જણાય છે. ભારતના ઉદ્યોગોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા ફિક્કીએ તો અખબારી નિવેદન બહાર પાડીને લોકડાઉનને તબક્કાવાર ઉઠાવી લેવાનું સૂચન કર્યું છે. લોકડાઉનને કારણે મજૂરો પલાયન કરી ગયા છે, બેન્કોનો એનપીએ વધી રહ્યો છે અને અર્થતંત્રને ભરપાઈ ન કરી શકાય તેવું નુકસાન થઈ ચૂક્યું છે. શનિવારે વડા પ્રધાને રાજ્યોના મુખ્ય મંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સ કરી તેમાં પણ ચાર રાજ્યોના મુખ્ય મંત્રીઓને બાદ કરતાં કોઈએ પણ લોકડાઉનની તરફેણ કરી નહોતી; પણ નિર્ણય વડા પ્રધાન પર છોડ્યો હતો. આ કારણે વડા પ્રધાનની જવાબદારી વધી ગઈ છે. જો લોકડાઉનને કારણે સુરતમાં અને નોઇડામાં મજૂરોનાં તોફાનો ફાટી નીકળ્યાં તેવાં તોફાનો ફાટી નીકળે તો તેને કાબૂમાં કરવાનું કામ મુશ્કેલ બની જાય તેમ છે.

સરકાર સમક્ષ હવે ગંભીર સવાલ છે કે કોરોના વાયરસને કારણે મરનારા સેંકડો લોકોના જીવ બચાવવા દેશ આખામાં લોકડાઉન કરીને કરોડો લોકોને બેરોજગાર બનાવવામાં કેટલું ડહાપણ છે? લોકડાઉનને કારણે શહેરો છોડીને આશરે ચાર કરોડ કામદારો પોતાના વતન જવા નીકળ્યા છે. તેમાંના કેટલાક વતન પહોંચી ગયા છે, પણ કેટલાક રસ્તામાં જ અટવાઈ ગયા છે. તેમાંના કેટલા લોકો ભૂખમરાને કે અતિશ્રમને કારણે મરી ગયા? તેનો સરકાર પાસે કોઈ રેકોર્ડ નથી. તેમને સરકારે શેલ્ટર હોમમાં રાખ્યા છે. આ શેલ્ટર હોમમાં કોઈ સોશિયલ ડિસ્ટન્સિંગ સરકાર જાળવી શકી નથી. સરકાર તેમને એક ટંકનું ભોજન અને ટોઈલેટની સવલત પણ આપી શકે તેમ નથી.

સેવાભાવી સંસ્થા દ્વારા તેમને ભોજન પૂરું પાડવામાં આવે છે; પણ તેના કાર્યકરોને પણ પોલિસ દંડા મારીને અટકાવે છે. સામાન્ય નાગરિકો સાથે તેઓ રીઢા ગુનેગાર હોય તેવો વર્તાવ થઈ રહ્યો છે. જો આ પરિસ્થિતિ ચાલુ રહી તો સમગ્ર દેશ લશ્કરને હવાલે કરી દેવો પડે તેવી કટોકટી પણ પેદા થઈ શકે છે.

ભારતમાં જે ૨૧ દિવસનું લોકડાઉન કરવામાં આવ્યું તે ૧૦૦ ટકા લિકપ્રૂફ હતું તેવું પણ કહી શકાય તેમ નથી. લોકડાઉન દરમિયાન લોકોને દૂધ, શાકભાજી, કરિયાણું, દવાઓ વગેરે લાવવા માટે ઘરમાંથી બહાર નીકળવાની છૂટ આપવામાં આવી હતી, જેને કારણે દુકાનોની બહાર લાંબી લાઈનો લાગતી હતી, જેમાં સોશિયલ ડિસ્ટન્સિંગનું ભાગ્યે જ પાલન થતું હતું. સરકાર દ્વારા રેશનિંગમાં મફત અનાજ આપવામાં આવતું હતું તે લેવા માટે પણ કરોડો લોકો ઘરની બહાર નીકળ્યા હતા. ત્યાર બાદ કેન્દ્ર સરકાર દ્વારા જનધન ખાતાંમાં ૫૦૦-૫૦૦ રૂપિયા જમા કરાવવામાં આવ્યા હતા, જે કઢાવવા માટે કરોડો ગરીબો પાછા બેન્કોની બહાર લાઈનમાં ઊભા રહી ગયા હતા. જે કરોડો મજૂરો પોતાના વતન જવા નીકળ્યા તેમાં પણ લોકડાઉનના ધજાગરા થયા હતા, જેને સરકાર રોકી શકી નહોતી.

હવે સવાલ એ છે કે લોકડાઉનમાં આટઆટલી છૂટ હોવા છતાં મરણનો આંકડો ૩૦૦થી વધ્યો નથી તો કોરોના વાયરસનો ભય રાખવાની જરૂર છે ખરી? વળી દેશના ૫૪૮ જિલ્લાઓ પૈકી ૪૦૦માં તો કોરોના વાયરસનો એક પણ કેસ નોંધાયો નથી. તો પછી તેની જનતાને લોકડાઉનમાં રાખવાની કેટલી જરૂર છે? જો મુંબઈ, દિલ્હી, સુરત, અમદાવાદ, પુણે વગેરે મોટાં શહેરોમાં જ કોરોના વાયરસના મહત્તમ કેસો નોંધાતા હોય તો તેમના વાંકે દેશના લાખો ગામડાંના કરોડો લોકોને લોકડાઉનમાં રાખવાની શું જરૂર છે? કદાચ આ સવાલોના જવાબ તરીકે જ સરકારે દેશને રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં વહેંચીને લોકડાઉનમાં ફેરફાર કરવાનો વિચાર કર્યો હશે.

મહારાષ્ટ્ર સરકારે જે જાહેરાત કરી છે તેના પરથી ખ્યાલ આવે છે કે ક્યા જિલ્લાઓને ક્યા ઝોનમાં રાખવામાં આવશે? મીડિયા રિપોર્ટ મુજબ મુંબઈ, પુણે, નાગપુર, થાણે, રાયગઢ, સાંગલી અને ઔરંગાબાદ જિલ્લાઓમાં કોરોનાના સૌથી વધુ કેસો હોવાથી તેમને રેડ ઝોનમાં રાખવામાં આવશે, જેમાં લોકડાઉનનો સખત અમલ ચાલુ રાખવામાં આવશે. જે જિલ્લાઓમાં કોરોનાના ૧૫ કરતાં ઓછા કેસો નોંધાયા હોય તેને ઓરેન્જ ઝોનમાં રાખવામાં આવશે. તેમાં અમુક શરતો સાથે ઉદ્યોગો ચાલુ કરવાની છૂટ આપવામાં આવશે. જે જિલ્લાઓમાં કોરોના વાયરસનો એક પણ કેસ નથી નોંધાયો તેમાં લોકોને હરફરની પણ મર્યાદિત છૂટ આપવામાં આવશે. જોકે સ્કૂલો અને કોલેજો તો બંધ જ રહેશે. પબ્લિક ટ્રાન્સપોર્ટ અમુક નિયમો સાથે શરૂ કરવામાં આવશે. મહારાષ્ટ્રના ગ્રીન ઝોનમાં ધુળે, નંદરબાર, પરભણી, સોલાપુર, નાંદેડ, વર્ધા, ચંદ્રપુર, ભંડારા અને ગઢચિરોલીનો સમાવેશ થાય છે. આ યાદી પરથી ખ્યાલ આવે છે જે જેને આપણે પછાત જિલ્લાઓ માનતા હતા તેઓ કોરોનાથી મુક્ત રહ્યા છે; જ્યારે વિકસિત જિલ્લાઓ તેનો ભોગ બન્યા છે.

**લોકડાઉન દરમિયાન આપણો બધાનો અનુભવ કહી રહ્યો છે કે આપણું સરકારી તંત્ર નાગરિકોની સેવા કરવા માટે નથી બન્યું પણ તેમની પર શાસન કરવા માટે જ બન્યું છે.**

લોકડાઉન દરમિયાન આપણો બધાનો અનુભવ કહી રહ્યો છે કે આપણું સરકારી તંત્ર નાગરિકોની સેવા કરવા માટે નથી બન્યું પણ તેમની પર શાસન કરવા માટે જ બન્યું છે. લોકડાઉન દરમિયાન બેરોજગારીનો ભોગ બનનારા કરોડો ગરીબોને બે ટંકનો રોટલો આપવાની ફરજમાં વહીવટીતંત્ર સરિયામ નિષ્ફળતાને વર્યું છે. રેશનિંગની દુકાનોમાં સરકાર દ્વારા ગરીબો માટે જે મફતનું અનાજ આપવામાં આવતું હતું તેને હજમ કરી ગયેલા દુકાનદારોને જેલમાં નાખવામાં આવ્યા નથી પણ શાકભાજી ખરીદવા બહાર નીકળનારા નાગરિકોને દંડા મારવામાં આવ્યા છે. સરકાર જેલોના કેદીઓમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવી શકી નથી. પોતાને વતન જવા માગતા કરોડો કામદારોને વતન સુધી પહોંચાડી શકી નથી પણ ભૂખે મરતા જોઈ રહી છે. જો આ ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગી જશે તો તેઓ મરણિયા બનીને વિનાશ વેરી શકે છે તે સરકારે ભૂલવું ન જોઈએ.

ભારત સરકાર પર લોકડાઉન ચાલુ રાખવાનું વિશ્વ આરોગ્ય સંસ્થાનું પ્રચંડ દબાણ છે. તેની વાત સ્પષ્ટ છે કે કોરોના વાયરસની રસી બજારમાં ન આવી જાય ત્યાં સુધી લોકડાઉન ચાલુ રાખવું જોઈએ; પણ જો સરકાર તેનો આદેશ માને તો લોકપ્રિયતા ગુમાવી બેસે તેમ છે. કોઈ પણ લોકશાહી દેશમાં કોઈ સરકારને લોકોનો રોષ સહન કરવાનું પરવડે નહીં. આ કારણે જ વડા પ્રધાન દ્વિધામાં છે. તેઓ જે નિર્ણય કરશે તે દેશની પ્રજાના હિતમાં જ હશે, તેવો વિશ્વાસ આપણે રાખવો જોઈએ.

# ૧૩૦ કંપનીઓ કોરોના વાયરસની રસી બનાવવાની હોડમાં છે




મીડિયાના સતત સંક્રમણને કારણે લોકોમાં કોરોના વાયરસનો ડર વધતો જાય છે તેમ તેની રસીની ડિમાન્ડ પણ વધતી જાય છે. વર્તમાનમાં કોરોના વાયરસની કોઈ રસી ન હોવાથી દુનિયાના ૨૦૦ દેશોની સરકારો દ્વારા જગતની ૭૦૦ કરોડની વસતિને લગભગ લોકડાઉનમાં રાખવામાં આવી છે. કોરોના વાયરસની એક નહીં પણ સાત જાતની રસી પાછળ અબજો ડોલરનું રોકાણ કરનારા બિલ ગેટ્સ કહે છે કે જ્યાં સુધી રસી ન શોધાય ત્યાં સુધી લોકોને લોકડાઉનમાં જ રાખવા પડશે. જોકે કોરોના વાયરસની કોઈ પણ રસી ૧૮ મહિના પહેલાં બજારમાં આવે તેવી સંભાવના નથી. ભારતના આરોગ્ય પ્રધાન હર્ષવર્ધન પણ કહે છે કે જ્યાં સુધી કોરોના વાયરસની રસી નહીં શોધાય ત્યાં સુધી લોકડાઉન અને સોશિયલ ડિસ્ટન્સિંગ જ રસીની ભૂમિકા ભજવશે. આરોગ્ય પ્રધાનનાં આ નિવેદનથી લાગે છે કે આપણે બહુ લાંબા લોકડાઉન માટે તૈયાર રહેવું પડશે.

જગતની કુલ વસતિ હાલમાં આશરે ૭૦૦ કરોડની છે. તેમાંના ૨૦૦ કરોડને કોરોનાની રસી આપવામાં આવે અને રસીના એક ડોઝની કિંમત હજાર રૂપિયા હોય તો રસીમાંથી જ કુલ આશરે બે લાખ કરોડ રૂપિયાની કમાણી રસી બનાવતી કંપનીઓને થઈ શકે છે. આ કારણે જ વર્તમાનમાં જગતની ૧૩૦ કંપનીઓ કોરોના વાયરસની રસી બનાવવા મેદાનમાં ઊતરી છે, જેમાંની સાત કંપનીઓને રસીના પ્રયોગો કરવા બિલ ગેટ્સ તરફથી સહાય કરવામાં આવી છે. તબીબી દુનિયામાં સન્માન ધરાવતું લાન્સેટ મેગેઝિન પણ બિલ ગેટ્સના સૂરમાં સૂર પૂરાવતા કહે છે કે જ્યાં સુધી કોરોના વાયરસની નવી રસી બજારમાં ન આવે ત્યાં સુધી લોકડાઉન સંપૂર્ણપણે પાછો ખેંચી લેવો ન જોઈએ. લાન્સેટ મેગેઝન દ્વારા ચીનના વુહાન શહેરમાં ફેલાયેલા કોરોના વાયરસનો અભ્યાસ કરીને હેવાલ બહાર પાડવામાં આવ્યો હતો. આ હેવાલમાં જણાવાયું હતું કે ચીનની સરકારે લોખંડી હાથે લોકડાઉનનો અમલ કરાવ્યો માટે વાયરસ કાબૂમાં આવ્યો; પણ તેટલું પર્યાપ્ત નથી.

ચીનનાં વુહાન શહેરમાં ૭૬ દિવસના લોકડાઉન પછી નવો એક પણ કેસ ન નોંધાતા લોકડાઉન ઉઠાવી લેવામાં આવ્યું છે, જેને કારણે ટ્રેનોમાં પાછી ભીડ જોવા મળે છે અને પર્યટન સ્થળો પર ટોળાંઓ ઉમટી રહ્યાં છે. લાન્સેટના સંશોધનનું નેતૃત્વ કરનારા હોંગકોંગ યુનિવર્સિટીના પ્રોફેસર જોસેફ ટીવુ કહે છે કે વુહાનમાં સ્કૂલો અને ફેક્ટરીઓ ખોલવામાં આવશે તો કોરોના વાયરસ ફરી માથું ઊંચકી શકે છે; કારણ કે દુનિયાના અનેક દેશોમાં તેના નવા કેસો નોંધાઈ રહ્યા છે. જો સરકાર દ્વારા નિયંત્રણો ધીમે ધીમે ઉઠાવી લેવામાં નહીં આવે તો વુહાનમાં પણ નવા કેસો નોંધાઈ શકે છે. લાન્સેટના હેવાલમાં પણ જણાવાયું હતું કે ૨૦૨૧ પહેલાં કોરોનાની રસી બજારમાં આવી શકે તેમ નથી.

વિશ્વ આરોગ્ય સંસ્થા પણ કહે છે કે કોરોના વાયરસની રસી ૧૮ મહિના પહેલાં બજારમાં આવે તેવી કોઈ સંભાવના નથી. કોરોનાની રસીને બજારમાં મૂકતાં ૧૮ મહિનાનો સમય કેમ લાગે? તેનો જવાબ જાણવા રસી બનાવવાની જટિલ પ્રક્રિયા

સમજવી પડે. કોઈ પણ વાયરસની રસી બનાવવા માટે પહેલા તો તેની આરએનએ સિક્વન્સ સમજવી પડે. ચીનના વિજ્ઞાનીઓએ જાન્યુઆરીના પ્રથમ પખવાડિયામાં જ કોરોના (સાર્સ-કોવ-૨) વાયરસની આરએનએ સિક્વન્સ શોધી કાઢી હતી અને તેને દુનિયાના સંશોધકો સાથે વહેંચી પણ હતી. આ સાથે જ યુરોપ, અમેરિકા અને બીજા કેટલાક દેશોમાં કોરોનાની રસી બનાવવા માટેની પ્રક્રિયા શરૂ થઈ હતી.

જાન્યુઆરીના અંત ભાગમાં મેલબોર્નની ડોહર્ટી ઇન્સ્ટિટ્યૂટમાં ચીનની બહાર પહેલી વખત લેબોરેટરીમાં વાયરસનો ઉછેર કરવામાં આવ્યો હતો, જેને કારણે દુનિયાભરના સંશોધકોને કોરોના વાયરસના જીવંત નમૂનાઓ આપવાનું સંભવિત બન્યું હતું. આ નમૂનાઓનો અભ્યાસ કરીને દુનિયાભરના સંશોધકો વાયરસના સ્વભાવનો અભ્યાસ કરવા લાગ્યા હતા. કોઈ પણ નવા વાયરસની રસી બનાવવા માટે આ પગથિયું અત્યંત જરૂરી હોય છે. ત્યાર બાદ રસીનો નમૂનો તૈયાર કરવામાં આવે છે, જેમાં નબળા પાડી દેવામાં આવેલા જીવંત વાયરસ હોય છે. આ રસી શરીરને હાનિ પહોંચાડ્યા વિના શરીરના યોગ્ય ભાગમાં પ્રતિકારશક્તિ પેદા કરે તે જોવું જરૂરી હોય છે.

કોઈ પણ રસીનું પરીક્ષણ પહેલાં પ્રયોગશાળાના પ્રાણીઓ પર કરવામાં આવે છે. તેમાં તે સલામત જણાય તો જ તેનું મનુષ્ય પર પરીક્ષણ કરવામાં આવે છે. મનુષ્ય પર તેની કોઈ ખતરનાક અસર નથી થતી ને? તેની ખાતરી કરવા માટે એકાદ વર્ષની રાહ જોવી પડે છે. જો ઉતાવળ કરીને કરોડો મનુષ્યોને રસી આપી દેવામાં આવે તો રસીને કારણે તેમાંના લાખોનાં મોત પણ થઈ શકે છે.

કોઈ પણ નવી રસી પ્રયોગો દરમિયાન મનુષ્યો માટે સુરક્ષિત પુરવાર થાય તે પછી તેના ઉત્પાદન માટે સરકારના ફૂડ એન્ડ ડ્રગ્સ ખાતાંની મંજૂરી માગવામાં આવે છે. આ મંજૂરી મળવામાં પણ ત્રણેક મહિના જેટલો સમય લાગી જતો હોય છે; કારણ કે સરકારની જવાબદારી આ રસીની કોઈ હાનિકારક અસરો તો નથી ને? તે જોવાની હોય છે. જો તેમાં ઉતાવળ કરવામાં આવે તો રસી લેનારા કરોડો લોકોના જીવ પર જોખમ આવી શકે છે. રેગ્યુલેટરની પરવાનગી મળી જાય તે પછી રસીના કરોડો ડોઝ ફેક્ટરીમાં તૈયાર કરવાના હોય છે, જેમાં પણ ખાસ્સો સમય લાગી શકે છે. રસીની કિંમત પણ લઘુતમ રાખવી પડે છે, જેને કારણે તેને કરોડો લોકો પર અજમાવી શકાય.

> **કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અદાર પૂનાવાલા કહે છે કે જે રસી તૈયાર થશે તે ૧૦૦ ટકા અસરકારક નહીં હોય. રસી લેનારા ૬૦થી ૭૦ ટકા લોકોને જ કોરોના વાયરસ સામે સંરક્ષણ મળશે.**

કોરોના વાયરસની રસી બનાવીને બજારમાં મૂકવાની એટલી ઉતાવળ છે કે અમેરિકાની મોડર્ના થેરપેટિક્સ નામની ફાર્માસ્યુટિકલ કંપનીએ રસી બનાવીને તેના પ્રાણીઓ પર પ્રયોગો કરવાને બદલે સીધા મનુષ્યો પર પ્રયોગો શરૂ કરી દીધા છે. આ કંપની દ્વારા ૪૫ સ્વયંસેવકોને રસીનો ડોઝ આપવામાં આવ્યો છે. તેમને એક પછી એક ત્રણ ડોઝ આપવામાં આવશે. જો તેમના પર રસીની કોઈ હાનિકારક અસર નહીં જોવા મળે તો સેંકડો સ્વયંસેવકોને તૈયાર કરીને તેમની ઉપર પ્રયોગો કરવામાં આવશે. આ સ્વયંસેવકોને પ્રયોગો કરવા માટે મોટી રકમ ચૂકવવામાં આવશે. જો તેમના પરના પ્રયોગો પણ સફળ થશે તો મુંબઈની ધારાવી જેવી ઝૂંપડપટ્ટીમાં તેની અજમાયશ કરવામાં આવશે.

દુનિયાના અનેક દેશોની જેમ ભારતમાં પણ કોરોના વાયરસની રસી બનાવવા માટેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ રસી પુણેની સિરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયામાં તૈયાર થઈ રહી છે. આ કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અદાર પૂનાવાલા કહે છે કે જે રસી તૈયાર થશે તે ૧૦૦ ટકા અસરકારક નહીં હોય. રસી લેનારા ૬૦થી ૭૦ ટકા લોકોને જ કોરોના વાયરસ સામે સંરક્ષણ મળશે. બાકીના લોકો રસી લીધા પછી પણ કોરોના વાયરસનો ભોગ બની શકે છે. પુણેની કંપની બે રસી પર કામ કરી રહી છે. એક રસી તે અમેરિકાની કોડાજેનિક્સ કંપનીની ભાગીદારીમાં બનાવી રહી છે, જે ૨૦૨૧માં જ બજારમાં આવશે. બીજી રસી ફ્રેન્ચ સહયોગથી બની રહી છે.

પુણેની સિરમ ઇન્સ્ટિટ્યૂટના સીઈઓ અદાર પૂનાવાલા કહે છે કે ''કોરોના વાયરસથી ડરવાની બહુ જરૂર નથી; કારણ કે તે એટલો જીવલેણ નથી. જેટલા લોકોનું પરીક્ષણ કરવામાં આવે છે તેમાંના ૩થી ૪ ટકામાં જ કોરોના વાયરસ હોય છે અને તેમાંના માંડ એક ટકાનાં મોત થાય છે. ભારતમાં જેટલા લોકો કાર અકસ્માતમાં મરી જાય છે તેટલા લોકો વાયરસથી મરવાના નથી.''

# ઈટાલીમાં કોરોનાસંક્રમિત ૯૯ ટકા નાગરિકોનાં મોત બીજી બીમારીઓથી થયાં હતાં

સમગ્ર વિશ્વમાં કોરોનાને કારણે સૌથી વધુ મોત જો કોઈ દેશમાં થયાં હોય તો તે ઈટાલી છે. છેલ્લામાં છેલ્લા આંકડાઓ મુજબ ઈટાલીમાં કુલ ૧,૨૪,૬૩૨ નાગરિકો કોરોનાગ્રસ્ત હતા, જેમાંના ૧૫,૩૬૨ના મોત થયાં હતાં. પહેલી નજરે એમ જ લાગે કે આ તમામ નાગરિકોનાં મોત કોરોનાને કારણે થયાં હતાં; પણ હકીકત કાંઈક અલગ છે. આ નાગરિકોના શરીરમાં કોરોના વાયરસની હાજરી હતી, પણ તેમનાં મોત કોરોનાને કારણે થયાં હોય તેવું જરૂરી નથી. એક સર્વે મુજબ ઈટાલીમાં કોરોનાને કારણે જેટલાં લોકોનાંમોત થયાં તેમાંના ૫૦ ટકા ત્રણ કે વધુ બીમારીઓથી પીડાતા હતા. બાકીના ૫૦ ટકા બે બીમારીથી પીડાતા હતા. માત્ર ત્રણ દર્દીઓ એવા હતા, જેમને અગાઉ કોઈ બીમારી નહોતી, પણ કોરોના સંક્રમણ થયા પછી જ તેમનું મરણ થયું હતું. આ આંકડાઓ પરથી ખ્યાલ આવે છે કે કોરોનાની બાબતમાં ઈટાલીનું ચિત્ર દેખાય છે તેટલું બિહામણું નથી.

ઈટાલીમાં કોરોના સંક્રમિત જેટલા નાગરિકોનાં મોત થયાં તે પૈકી ૭૫ ટકા હાઈ બ્લડ પ્રેશરથી પીડાતા હતા. બીજા ૩૫ ટકા ડાયાબિટિસના રોગી હતા અને ૩૩ ટકા હૃદયરોગથી પીડાતા હતા. આ તમામ નાગરિકોના શરીરમાં કોરોના વાયરસ હાજર હતો, પણ તેઓ કોરોનાથી મર્યા હોય તેવું જરૂરી નથી. તેઓ હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટિસ કે હૃદયરોગથી મર્યા હોય તેવી



પણ સંભાવના છે. કોરોના વાયરસ ધરાવતા કોઈ પણ નાગરિકનું મોત થાય ત્યારે તેનું પોસ્ટ મોર્ટમ કર્યા વિના જ તેને દફનાવી દેવામાં આવે છે,કારણ કે પોસ્ટ મોર્ટમ કરનારા ડોક્ટરને પણ સંક્રમણનો ડર લાગે છે. આ કારણે કોરોના વાયરસ સાથે મરનારા દર્દીનાં મોતનું સાચું કારણ જાણી શકાતું નથી. ઈટાલીમાં કોરોના વાયરસને કારણે જે નાગરિકોનાં મરણ થયાં તેમની સરેરાશ ઉંમર ૭૯.૫ વર્ષની હતી. તેમનાં મરણનું કારણ કોરોના વાયરસ નહીં પણ વૃદ્ધાવસ્થા હોઈ શકે છે. કોરોના વાયરસનો ગભરાટ ફેલાવવા માટે બીજી બીમારીનો ભોગ બનનારાને પણ કોરોનાનો ભોગ દર્શાવાઈ રહ્યા છે.

ઈટાલીનો સાધારણ મરણદર દર હજાર નાગરિકોની વસતિએ ૧૦.૬ નો છે. અર્થાત્ ઈટાલીની વસતિના ૧.૦૬ ટકા લોકો દર વર્ષે વિવિધ બીમારીથી કે કુદરતી રીતે મરણ પામતા હોય છે. ઈટાલીની વસતિ આશરે ૬ કરોડની હોવાથી દર વર્ષે આશરે ૬ લાખ કે દર મહિને ૫૦ હજાર નાગરિકો વિવિધ રોગોથી કે કુદરતી રીતે મરણ પામતા જ હોય છે. આપણે અગાઉ જોયું હતું કે ઈટાલીના વુહાન સાથે ગાઢ વેપારી સંબંધો હોવાથી ઈટાલીના નાગરિકો નિયમિત રીતે વુહાનની મુલાકાતે જતા હતા. વળી ઈટાલીમાં ચીનના આશરે એક લાખ કારીગરો રહેતા હતા, જેઓ નિયમિત ચીનની મુલાકાતે જતા હતા. ઈટાલી અને વુહાન વચ્ચે ડાયરેક્ટ ફ્લાઈટો પણ હતી. ચીનમાં કોરોના વાયરસે દેખા દીધી તે પછી ઈટાલીની સરકારે તેને રોકવાના કોઈ પ્રયાસો કર્યા નહોતા. તેને કારણે ઈટાલીના લાખો નાગરિકોમાં કોરોના વાયરસ ફેલાઈ ગયો હતો. તેમાંના કોઈ પણ નાગરિકોના કોઈ પણ બીમારીથી મોત થયાં ત્યારે તેમના ડેથ સર્ટિફિકેટમાં તે મોત કોરોનાને કારણે થયાં હોય તેમ લખવાનો આદેશ ઈટાલીની સરકાર દ્વારા કરવામાં આવ્યો હતો. આ

કારણે જે મોત કેન્સર કે હાર્ટ એટેકને કારણે થયાં હોય તે પણ કોરોનાને કારણે થતાં મરણમાં ખતવાઈ ગયાં હતાં. આપણે જોયું કે ઇટાલીમાં સાધારણ રીતે દર મહિને આશરે ૫૦,૦૦૦ નાગરિકો વિવિધ રોગોને કારણે મરતા જ હોય છે. તેમાંના ૧૫,૩૬૨ના શરીરમાં કોરોના વાયરસ હતો, માટે તેમનાં મોત કોરોનાને કારણે થયાં હોવાની ખોટી જાહેરાત કરવામાં આવી હતી. હકીકતમાં ઇટાલીમાં જે પહેલાં ૨૫૦૦ મરણ થયાં તે પૈકી હકીકતમાં ત્રણ નાગરિકો જ તંદુરસ્ત હતા અને કોરોનાને કારણે માર્યા ગયા હતા.

ભારતની વાત કરીએ તો તા. ૫ એપ્રિલના બપોરના આંકડા મુજબ ભારતમાં કોરોનાના ૩,૫૮૮ કેસો હતા, જેમાં ૭૭ મરણ થયાં હતાં. ઇટાલીની જેમ ભારતમાં પણ કોરોના વાયરસ ધરાવતા નાગરિકનું કોઈ પણ કારણે મોત થાય તો તેનું પોસ્ટ મોર્ટમ કર્યા વિના જ તે મોત કોરોનાને કારણે થયું હોવાનું જાહેર કરી દેવામાં આવે છે. તેને કારણે કેન્સર, કિડની રોગ, હૃદય રોગ, ડાયાબિટિસ, ટી.બી. વગેરે રોગોને કારણે થતાં મરણ પણ કોરોનાને કારણે થતાં મરણ ગણાઈ જાય છે. જે ૯૯ નાગરિકોનાં કોરોનાને કારણે મરણ થયાં તે પૈકી માત્ર ૬ને જ વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. જો કોઈ દર્દી મરણતોલ કોરોનાનો ભોગ બને તો તેને વેન્ટિલેટર પર રાખવો અનિવાર્ય બની જાય છે. ૬ સિવાયના દર્દીઓને વેન્ટિલેટર પર રાખવામાં નહોતા આવ્યા, જે સૂચવે છે કે તેઓ ઉગ્ર કોરોનાનો ભોગ નહોતા બન્યા અને તેમનાં મરણ માટે પણ કોરોના જવાબદાર નહોતો.

છેલ્લા કેટલાક દિવસોથી ભારતમાં કોરોના વાયરસના કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે તેનું કારણ એ છે કે હમણા હમણા કોરોના ટેસ્ટિંગના પ્રમાણમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. તા. ૧૭ માર્ચ સુધીમાં ભારતમાં ૧૨,૫૧૩ નાગરિકોનું જ ટેસ્ટિંગ થયું હતું; જેમાંના ૧૩૭ પોઝિટિવ જોવા મળ્યા હતા. તા.૩૧ માર્ચ સુધીમાં ભારતમાં ૪૭,૯૫૧ નાગરિકોનું ટેસ્ટિંગ થયું હતું; જેમાં ૧,૮૩૪ પોઝિટિવ જણાયા હતા. જેમ જેમ ભારતમાં ટેસ્ટિંગનું પ્રમાણ વધતું જાય છે તેમ કેસોની સંખ્યા વધતી જાય છે; પણ તેમાં ચિંતા કરવા જેવું કાંઇ નથી. કોરોના ટેસ્ટ પોઝિટિવ આવે તે બીમાર હોય તેવું પણ જરૂરી નથી. સંપૂર્ણપણે તંદુરસ્ત મનુષ્યનો કોરોના ટેસ્ટ પણ પોઝિટિવ આવી શકે છે.

> **છેલ્લા કેટલાક દિવસોથી ભારતમાં કોરોના વાયરસના કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે તેનું કારણ એ છે કે હમણા હમણા કોરોના ટેસ્ટિંગના પ્રમાણમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે.**

ભારતની વસતિ આશરે ૧૩૫ કરોડની છે. તેમાં આશરે એક કરોડ નાગરિકો દર વર્ષ મરણ પામે છે. રોજના આશરે ૨૮,૦૦૦ ભારતીયો વિવિધ કારણે મરણ પામે છે. તેમાં જો એક મહિનામાં આઠ લાખ મરણ પૈકી માત્ર ૭૭ મરણ કોરોનાને કારણે થયાં હોય તો તેમાં ડરવા જેવું શું છે? ધ પ્રિન્ટ નામની સમાચાર સંસ્થા દ્વારા કોરોનાને કારણે મરનારા ૫૦ ભારતીયોનો સર્વે કરવામાં આવ્યો હતો. તેમાં જણાયું હતું કે ભારતમાં કોરોનાને કારણે મરણ પામનારા નાગરિકોની સરેરાશ ઉંમર ૬૧ વર્ષની હતી. જોકે શેખર ગુપ્તાના જણાવ્યા મુજબ આ આંકડો જરા ગેરમાર્ગે દોરનારો હતો. જે ૫૦ મૃતકોનો સર્વે કરવામાં આવ્યો તેમાંના એકની ઉંમર ૨૫ વર્ષની અને બીજાની ૩૮ વર્ષની હતી. જો તેમની ગણતરી ન કરવામાં આવી હોત તો મૃતકોની સરેરાશ ઉંમર ૬૮ વર્ષની હતી. આ ઉપરથી કહી શકાય કે ભારતમાં કોરોનાને કારણે મરણ પામનારા લગભગ વરિષ્ઠ નાગરિકો જ હોય છે. તો પછી ભારતની જે ૬૫ ટકા વસતિ ૩૫ વર્ષથી નીચે છે, તેમને લોકડાઉન કરવાની ક્યાં જરૂર છે?

ભારતમાં કોરોનાને કારણે જે બે યુવાનોનાં મરણ થયાં તેમાં પણ કોરોના કારણરૂપ નહોતું. ઉત્તર પ્રદેશના જે ૨૫ વર્ષના યુવાનનું મોત થયું તેનું લિવર કામ કરતું બંધ થઈ ગયું હતું, જેને કારણે તેનું મરણ થયું હતું. પરંતુ તે કોરોના પોઝિટિવ હોવાથી તેનું મોત કોરોનાને કારણે થયું હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. તેવી જ રીતે બિહારનો જે ૩૮ વર્ષનો યુવાન મરણ પામ્યો તેનું મરણ કિડની ફેઈલ થવાને કારણે થયું હતું; પણ તેના શરીરમાં કોરોના વાયસર હોવાથી તેનું મરણ કોરોનાને કારણે થયું હોવાનું રેકોર્ડ કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં પણ આજ સુધીમાં જેટલાં મરણ કોરોનાને કારણે થયાં હોવાનું રેકોર્ડ કરવામાં આવ્યું છે, તે તમામનાં મરણ કોઈ બીના કારણે જ થયાં હતાં. જો અન્ય કારણે મરણ થયાં હોત તો તેને કોરોના મરણ ગણાવવામાં ક્યો તર્ક કામ કરી રહ્યો છે?

# કોરોનાને કારણે સરકારોના હાથમાં આપખુદ સત્તાઓ આવી ગઈ છે

આજથી એક મહિના પહેલાં કોણે કલ્પના કરી હશે કે આપણે હાથમાં થેલી લઈને બજારમાં શાકભાજી લેવા જવું હશે તો પણ પોલિસના દંડા ખાવાની તૈયારી રાખવી પડશે? જે પોલિસદળનું નિર્માણ ગુનાખોરીને નિયંત્રણમાં રાખવા માટે કરવામાં આવ્યું હતું તેનો ઉપયોગ દેશના ૧૩૦ કરોડ નાગરિકોને જ નહીં પણ દુનિયાના ૭૦૦ કરોડ નાગરિકોને તેમના જ ઘરમાં નજરકેદ કરવા માટે કરવામાં આવી રહ્યો છે. કોવિડ-૧૯ને કારણે નાગરિકોની હલનચલન પર જે નિયંત્રણો લાદવામાં આવ્યા છે તે માટે આપણે ભારત સરકારને જ જવાબદાર માની શકીએ નહીં; કારણ કે આ પ્રકારનાં નિયંત્રણો દુનિયાના ૧૯૮ દેશોમાં વધતા કે ઓછા અંશે લાદવામાં આવ્યા છે.



વિખ્યાત ધ ઈકોનોમિસ્ટ મેગેઝિનના તા.૨૮ માર્ચના ટાઈટલ પર એક રસપ્રદ ચિત્ર દોરવામાં આવ્યું છે, જેમાં મોંઢે માસ્ક પહેરેલો માણસ માસ્ક પહેરાલાં કૂતરાંને સાંકળ વડે કન્ટ્રોલ કરી રહ્યો છે, અને માસ્ક પહેરેલા માણસને સાંકળ વડે કોઈ અદૃશ્ય હાથ કન્ટ્રોલ કરી રહ્યો છે. ધ ઈકોનોમિસ્ટ મેગેઝિનનાં ટાઈટલ પેજ તેમાં આપવામાં આવતા ગૂઢ સંદેશાઓ માટે જાણીતા છે. અમારા મતે ચિત્રમાં જે કૂતરો દોરવામાં આવ્યો છે તે વિવિધ દેશોની પ્રજા છે, જેનું નિયંત્રણ સરકારો કરી રહી છે. આ સરકારોનું ચિત્રણ મોંઢે માસ્ક પહેરેલા મનુષ્યના રૂપમાં કરવામાં આવ્યું છે. આ સરકારોનું નિયંત્રણ કોઈ અદૃશ્ય હાથ દ્વારા સાંકળ વડે કરવામાં આવી રહ્યું છે, જેનો ચહેરો દેખાતો નથી.

કોવિડ-૧૯ના કિસ્સામાં આપણે જોયું કે દુનિયાના લગભગ તમામ દેશોમાં નાગરિકો પર એક સરખાં નિયંત્રણો લાદવામાં આવી રહ્યાં છે. લોકડાઉન અને સોશિયલ ડિસ્ટન્સિંગ જેવા શબ્દોનો પણ એક સરખો ઉપયોગ થઈ રહ્યો છે. આખું વિશ્વ જાણે એક સરકાર હેઠળ હોય તેમ કોરોનાનો દુનિયાભરનો સ્કોર જાણવા મળી રહ્યો છે. ધ ઈકોનોમિસ્ટના ટાઈટલ પેજ પર લખવામાં આવ્યું છે: 'એવરિથીંગ ઈઝ અન્ડર કન્ટ્રોલ'. ક્યા અદૃશ્ય હાથ આપણને કન્ટ્રોલ કરી રહ્યા છે.

ધ ઈકોનોમિસ્ટના ટાઈટલ પેજ પર નાના અક્ષરે લખવામાં આવ્યું છે : 'બીગ ગવર્મેન્ટ, લિબર્ટી એન્ડ ધ વાયરસ.' આ બીગ ગવર્મેન્ટ કઈ છે, જે માત્ર ભારતની સરકારને જ નહીં પણ દુનિયાના અનેક દેશોની સરકારોને કન્ટ્રોલ કરી રહી છે? તેણે દુનિયાના દેશોની પ્રજાની સ્વતંત્રતા પર કઈ રીતે તરાપ મારી છે? તેનો વાયરસ સાથે શો સંબંધ છે? તેનો ખ્યાલ ધ ઈકોનોમિસ્ટ મેગેઝિનની કવર સ્ટોરી બારીકાઈથી વાંચતા આવે છે. તેમાં પહેલા જ ફકરામાં લખવામાં આવ્યું છે કે " બીજાં વિશ્વયુદ્ધ પછી સરકારની સત્તાનું આ સૌથી નાટ્યાત્મક વિસ્તરણ છે." કવર સ્ટોરીનો સૂર એ છે કે કોરોના વાયરસને કારણે દુનિયાભરની સરકારોને સરમુખત્યાર બનવાનો મોકો મળી ગયો છે.

ધ ઈકોનોમિસ્ટની કવર સ્ટોરીમાં સિંગાપોર અને દક્ષિણ કોરિયાનો દાખલો

આપવામાં આવ્યો છે, જેમાં કોરોના સામે લડવા માટે નાગરિકોના તબીબી અને ઈલેક્ટ્રોનિક પ્રાઈવસીના અધિકાર પર તરાપ મારવામાં આવી છે. ભારતમાં પણ પરિસ્થિતિ બહુ અલગ નથી. આજે સુપર માર્કેટમાં દાખલ થતા દરેક ગ્રાહક પર સીસીટીવી કેમેરા વડે નજર રાખવામાં આવે છે. આપણે માનતા હતા કે આ કેમેરા સુપર માર્કેટમાં ચોરો પર નજર રાખવા માટે ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. હવે ખ્યાલ આવે છે કે તેનો ઉપયોગ કોરોના સંદિગ્ધ નાગરિકોની જાસૂસી કરવા માટે પણ વાપરી શકાય છે. તાજેતરમાં સુપર બજારનો એક કર્મચારી કોરોના પોઝિટિવ જણાયો હતો. તરત જ સીસીટીવીના ફૂટેજ વડે તેના સંપર્કમાં આવેલા તમામ ગ્રાહકોને ઓળખી કાઢવામાં આવ્યા હતા. તેમના ઘરે પોલિસોનો અને આરોગ્ય અધિકારીઓનો કાફલો પહોંચી ગયો હતો. તેમને તમામને બળજબરીથી આઈસોલેશન વોર્ડમાં નાખી દેવામાં આવ્યા હતા. સામાન્ય સંયોગોમાં નાગરિકોની પ્રાઈવસી પર તરાપ ન મારતી સરકારે હમણા નાગરિકોની સ્વતંત્રતા જ છીનવી લીધી છે.

કોરોનાનો ડર બતાવી દુનિયાના અનેક દેશોની સરકારોએ જાલિમ સત્તાઓ હાંસલ કરી લીધી છે. સામાન્ય રીતે શહેરની ગલ્લીમાં ફરવા જેવી નિર્દોષ ગણાતી પ્રવૃત્તિને પણ ગુનાઈત માનવામાં આવે છે અને તે કરનારને જેલમાં પૂરી દેવામાં આવે છે. મંદિરોમાં થતી પૂજાને કે મસ્જિદોમાં પઢવામાં આવતી નમાઝને પણ ગુનાઈત જાહેર કરી દેવામાં આવી છે. કોઈ પણ પ્રજા જ્યારે ભયભીત થઈ જાય છે ત્યારે તે પોતાની સલામતી શોધવા માટે સામે ચાલીને રાજ્યના ચરણે પોતાની સ્વતંત્રતા કુરબાન કરી દેતી હોય છે. વર્તમાનમાં તેવું બન્યું છે. ભારત જેવા લોકશાહી દેશમાં સરકારને બંધારણે પણ જે સત્તાઓ નહોતી આપી તે તેણે કોરોનાને કારણે હસ્તગત કરી લીધી છે.

ધ ઈકોનોમિસ્ટની કવર સ્ટોરી ભય બતાડે છે કે કટોકટીના કાળમાં દુનિયાની સરકારો દ્વારા નાગરિકોને નિયંત્રિત બનાવતી જે સત્તાઓ હસ્તગત કરી લેવામાં આવે છે, તેની તેમને આદત પડી જાય છે, જેને કારણે કટોકટી ટળી ગયા પછી પણ તેઓ તેમાંની કેટલીક સત્તા છોડતા નથી. દાખલા તરીકે ઈન્કમ ટેક્સ, કલ્યાણ રાજ્યનો વિચાર અને રાષ્ટ્રીયીકરણનો ખ્યાલ સરકારોને વિશ્વ યુદ્ધ જેવી કટોકટી દરમિયાન જ આવ્યો હતો, જેને

> **ધ ઈકોનોમિસ્ટના ૨૮ માર્ચના કવરપેજ પર પ્રજાને દુનિયાની સરકારો દ્વારા કન્ટ્રોલ થતી બતાડવામાં આવી છે, પણ દુનિયાની સરકારોને કોણ કન્ટ્રોલ કરે છે? તેનો જવાબ અધ્યાર્હ રાખવામાં આવ્યો છે.**


કાયમી બનાવી દેવામાં આવ્યો છે. જે લોકો મુક્ત બજારમાં અને મુક્ત વેપારમાં માને છે, તેમના માટે કોરોના મોટી આપત્તિ છે. કોરોનાને કારણે પેદા થયેલા ભયના માહોલમાં સરકાર જ નક્કી કરી રહી છે કે ક્યો ઉદ્યોગ ચાલુ રાખવો અને ક્યો ન રાખવો? તેમાં પ્રજાને અન્યાય થવાનો પણ સંભવ છે, પણ તેની ફરિયાદ કોઈ સાંભળે તેમ નથી. દાખલા તરીકે સરકાર દ્વારા કારખાનાંઓ બંધ કરાવવામાં આવ્યાં છે, પણ કતલખાનાંઓ ચાલુ રાખવામાં આવ્યાં છે. મંદિરો બંધ કરાવવામાં આવ્યાં છે, પણ શેર બજાર ચાલુ રાખવામાં આવ્યું છે. જો કોઈ અન્યાય થાય તો તેની ફરિયાદ સુપ્રિમ કોર્ટમાં કરવાની હોય; પણ તેને આંશિક જ ચાલુ રાખવામાં આવી છે.

કોરોનાનો લાભ લઈને દુનિયાના ઘણા દેશોના શાસકો લગભગ સરમુખત્યાર બની ગયા છે. હંગેરીના પ્રમુખે કટોકટી જાહેર કરીને સરમુખત્યાર જેવી સત્તા હાંસલ કરી છે. ઈઝરાયલના વડા પ્રધાન નેતાન્યાહુ સામે ભ્રષ્ટાચારનો ખટલો ચાલવાનો હતો. તેમણે કોરોનાને બહાને તે ખટલો ટાળી દીધો છે. ફ્રાન્સની સરકારે કાયદો કરીને લોકોની હલનચલન પર તેમ જ આવશ્યક ચીજોના બજારભાવ પર પણ નિયંત્રણ પ્રાપ્ત કરી લીધું છે. હોંગકોંગની સરકારે નાગરિકોની હિલચાલ પર દેખરેખ રાખવા માટે તેમના મોબાઈલ ફોનના ડેટાનો ઉપયોગ કરવાની સત્તા હસ્તગત કરી છે. ભારત સરકાર દ્વારા એક એપ લોન્ચ કરવામાં આવી છે, જેનો ઉપયોગ કરીને કોઈ પણ નાગરિક તેની નજીક રહેલા કોરોના પોઝિટિવ નાગરિકને ઓળખી શકે છે. તેની સાથે તે પછી કેવો વ્યવહાર કરવામાં આવશે તે કહેવાની જરૂર નથી. આવો વર્તાવ તો હરિજનો સાથે પણ કરવામાં આવતો નહોતો.

ધ ઈકોનોમિસ્ટના કવરપેજ પર પાછા ફરીએ તો તેમાં પ્રજાને દુનિયાની સરકારો દ્વારા કન્ટ્રોલ થતી બતાડવામાં આવી છે, પણ સરકારોને કોણ કન્ટ્રોલ કરે છે? તે જવાબ અધ્યાર્હ રાખવામાં આવ્યો છે. હકીકતમાં વર્તમાનમાં આપણે જોઈ રહ્યા છીએ કે વર્તમાનમાં ક્યા દેશમાં લોકડાઉન કરવું? તે કેટલા દિવસ ચાલુ રાખવું? તેમાં કેટલી છૂટછાટો આપવી? તેનો નિર્ણય આપણી સરકારો નથી કરી રહી પણ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન કરી રહ્યું છે; જે કદાચ પેલો અદ્રશ્ય હાથ હોઈ શકે છે.

# ભારતમાં કોરોના વાયરસ અત્યંત ઘાતક બને તેવી સંભાવના બહુ પાંખી છે

ભારતનું મીડિયા કોરોના વાયરસ બાબતમાં સતત સમાચારો પ્રગટ કરીને પ્રજાનો ભય વધારી રહ્યું છે; પણ ડો. એન.દેવદાસન નામના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત નિષ્ણાત આંકડાઓની મદદથી પુરવાર કરવાની કોશિષ કરે છે કે ઇટાલી અને ચીનમાં કોરોના વાયરસ જેટલો ઘાતક પુરવાર થયો તેટલો ઘાતક ભારતમાં પુરવાર થાય તેવી સંભાવના બહુ પાંખી છે. ડો. દેવદાસને ભારતમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના નેશનલ પ્રોગ્રામ ઓફિસર તરીકે પણ કામ કર્યું છે. તેમણે ભારત સરકારના આરોગ્ય ખાતાંમાં પણ પોતાની સેવાઓ આપી છે. તેમણે ભારતમાં અને બાંગ્લા દેશમાં ત્રણ વખત નિપા વાયરસ ફાટી નીકળ્યો તેનો અભ્યાસ પણ કર્યો હતો. અત્યારે તેઓ બિનસરકારી સંસ્થામાં સલાહકાર તરીકે કામ કરે છે. એક લેખમાં તેમણે ભારતમાં કોરોના વાયરસ બાબતમાં જે વિગતો પ્રાપ્ત છે તેનો અભ્યાસ કરીને તારણ કાઢ્યું છે કે આપણે વધુ પડતી પ્રતિક્રિયા આપી છે.



ભારતમાં તા. ૩ માર્ચ સુધી કોરોનાના માત્ર ત્રણ કેસો હતા, જે કેરળમાં વુહાનથી પાછા ફરેલા વિદ્યાર્થીઓમાં જોવા મળ્યા હતા. ૨૮ દિવસ પછી તા. ૩૧ માર્ચના કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા વધીને ૧,૨૫૧ પર પહોંચી હતી. તેની સરખામણીમાં તા. ૩૧ માર્ચ સુધીમાં અમેરિકામાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા વધીને ૧,૪૩,૦૨૫ ઉપર અને ઇટાલીમાં વધીને એક લાખ ઉપર પહોંચી ગઇ હતી. સ્પેનમાં પણ તે સંખ્યા વધીને ૬૦,૦૦૦ ઉપર પહોંચી ગઈ છે. વિશ્વના જે ૧૯૫ દેશોમાં કોરોના ફેલાઈ ગયો છે તેમાં ભારતનો ક્રમાંક ૪૧મો છે. વસતિની બાબતમાં ભારત વિશ્વનો બીજા નંબરનો મોટો દેશ હોવા છતાં વસતિના પ્રમાણમાં ભારતમાં કોરોના પોઝિટિવની સંખ્યા કમ છે. જો યુરોપ તેમ જ અમેરિકાના દેશોની વસતિના પ્રમાણમાં ભારતમાં કોરોનાના કેસોની સરખામણી કરવામાં આવે તો દર દસ લાખ નાગરિકદીઠ ભારતમાં સંખ્યા ૫૦૦થી ૨,૦૦૦ ગણી કમ છે. ડો. દેવદાસન ભારતમાં કોરોનાના ઓછા કેસો હોવાનાં કારણોનું પણ વિશ્લેષણ કરે છે.

ઘણા લોકો દલીલ કરે છે કે ભારતમાં કોરોનાના પેશન્ટોની સંખ્યા ઓછી દેખાય છે; કારણ કે સરકાર દ્વારા ઘણા ઓછા લોકોની કોરોના ટેસ્ટ કરવામાં આવે છે. તેનું ખંડન કરતાં ડો. દેવદાસન કહે છે કે વર્તમાનમાં ભારત સરકારની નીતિ જેમનામાં પણ કોરોનાના પ્રાથમિક લક્ષણો દેખાય તેમની ઘરમાં જ સારવાર કરવાની છે. જો તેઓ ઘરે સાજા ન થાય તો જ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે અને તેમનો કોરોના ટેસ્ટ કરવામાં આવે છે. આ નીતિને કારણે હોસ્પિટલો પરનું ભારણ ઘટે છે. જો તમામ કોરોના સંદિગ્ધોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે તો પથારીઓ ઓછી પડે. વળી કોરોના પોઝિટિવ જાહેર થયેલા ૮૦ ટકા દર્દીઓ ઘરે રહીને જ સાજા થઈ શકતા હોય છે.

ઘણા લોકો એવી પણ દલીલ કરે છે કે ભારતમાં કોરોનાના દર્દીઓ મોટી

સંખ્યામાં છે, પણ સરકાર દ્વારા તેમનું ટેસ્ટિંગ કરવામાં નથી આવતું; માટે આંકડો નાનો દેખાય છે. તેનો જવાબ આપતાં ડો. દેવદાસન કહે છે કે કોરોનાના લક્ષણો બાબતમાં હવે પૂરતો પ્રચાર થઈ ચૂક્યો છે. જો કોઈ દર્દીમાં કોરોનાના લક્ષણો જણાય તો તેને તેના સગાઓ તરત જ હોસ્પિટલમાં લઈ આવશે. જો હોસ્પિટલમાં કોરોનાના કેસોમાં ઉછાળો આવ્યો હોય તો મીડિયાને તેની જાણ થયા વિના રહે જ નહીં. તેના પરથી એટલો નિષ્કર્ષ જરૂર કાઢી શકાય કે ભારતમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ચિંતાજનક નથી.

ઘણા લોકો ભય પ્રગટ કરે છે કે ભારતમાં ત્રીજાં ચરણમાં કોરોનાના કેસોની સંખ્યા લાખો ઉપર પહોંચી જશે. તે બાબતમાં પણ ભારતનો અનુભવ કાંઈક અલગ જણાય છે. જે દેશોમાં ભારતની જેમ તા.૩ માર્ચના રોજ કોરોનાનો પહેલો કેસ નોંધાયો હતો તેમની સરખામણીમાં ભારતમાં કોરોનાના ફેલાવાની ઝડપ બહુ ઓછી જોવા મળી છે. યુરોપ અને અમેરિકાના ઘણા દેશો તા.૩૧ માર્ચ સુધીમાં ૧૦,૦૦૦નો આંકડો વટાવી ગયા હતા; પણ ભારતનો આંકડો નીચો જ રહ્યો છે. ભારતમાં કોરોનાના કેસો ૧.૪૫ના ગુણાંકમાં વધી રહ્યા છે, જ્યારે ઇટાલીમાં તે ૧૯૮ના ગુણાંકમાં વધી રહ્યા છે.

ભારતમાં જેટલા નાગરિકો કોરોના પોઝિટિવ જણાયા છે તેમનો મરણદર ૩થી પાંચ ટકાની વચ્ચે છે. તેની ત્રિરાશી માંડીને ઘણા લોકો ડર બતાડે છે કે ભારતમાં લાખો લોકો મરી જાય તેમ છે. ભારતમાં કોરોનાના દર ૧૦૦ દર્દીએ મરણનું પ્રમાણ ૪.૫ જોવા મળ્યું છે, પણ તેનો અર્થ એવો ન કરી શકાય કે ભારતમાં કોરોનાથી લાખો લોકો મરી જશે. ટાન્ઝાનિયામાં કોરોનાના ત્રણ દર્દીઓ પૈકી એકનું મરણ થયું હતું. તેનો અર્થ એવો ન કરાય કે ટાન્ઝાનિયાનો મરણદર ૩૩ ટકા છે. જો ભારતમાં જેની માહિતી નથી તેવા કેસોને ગણતરીમાં લેવામાં આવે તો મરણદર ૦.૪ ટકા જેટલો જ છે.

ડો. દેવદાસન કહે છે કે કોરોનાથી થતાં મરણની ગંભીરતા સમજવા માટે સામાન્ય સંયોગોમાં થતાં મરણદર સાથે કોરોનાથી થતાં મરણની સરખામણી પણ કરવી જોઈએ. જો ભારતમાં કોરોનાની બીમારી ન હોય તો પણ ૬ કરોડની વસતિવાળાં (ગુજરાત જેવાં) રાજ્યમાં દર વર્ષે આશરે ૪.૨૦ લાખ કે દૈનિક ધોરણે ૧,૧૫૦ મરણ થતાં જ હોય છે. તેમાં કુદરતી મરણ ઉપરાંત હૃદયરોગ, કેન્સર, ટી.બી.,

**ભારતની આબોહવા અલગ છે, ભારતીય પ્રજાના આનુવાંશિક લક્ષણો અલગ છે અને ભારતની પ્રજામાં રોગપ્રતિકારક શક્તિ પણ વધુ હોવાથી ભારતમાં મરણનું પ્રમાણ કમ છે.**

ન્યુમોનિયા,સામાન્ય ફ્લુ, ડાયેરિયા, રોડ અકસ્માતથી થતાં મરણોનો સમાવેશ થાય છે. ગુજરાતમાં જ્યાં નિયમિત રીતે રોજનાં ૧,૧૫૦ મરણ થતાં હોય ત્યાં એકાદ-બે મરણ કોરોનાને કારણે થાય તો તેને 'કોરોનાનો કહેર' ન કહેવાય. મીડિયા દ્વારા લોકોમાં ગભરાટ ફેલાવાઈ રહ્યો છે.

ઇટાલીમાં કોરોનાને કારણે વધુ સંખ્યામાં મરણ થયાં છે તેનું કારણ તેની વૃદ્ધોની મોટી વસતિ છે. ઇટાલીમાં જેટલાં પણ મરણ થયાં છે તેમાંના મોટા ભાગનાં ૭૦થી વધુ ઉંમર ધરાવતા લોકોનાં થયાં છે. ઇટાલીમાં ૨૩ ટકા લોકો ૭૦ વર્ષથી વધુ ઉંમરના છે. તેની સરખામણીમાં ભારતના ૬.૩ ટકા લોકો જ ૬૫ વર્ષ કરતાં વધુ ઉંમરના છે. તેને કારણે ભારતમાં મરણનો દર કમ છે. ઇટાલીમાં અને વુહાનમાં મરણનું પ્રમાણ વધી ગયું તેને કારણે ભારતમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. હવે એક મહિનાના અનુભવ પરથી કહી શકાય કે ભારતમાં વુહાન કે ઇટાલી જેવી હાલત નથી.


ભારતની આબોહવા અલગ છે, ભારતીય પ્રજાના આનુવાંશિક લક્ષણો અલગ છે અને ભારતની પ્રજામાં રોગપ્રતિકારક શક્તિ પણ વધુ હોવાથી ભારતમાં મરણનું પ્રમાણ કમ છે. તાજેતરમાં એક સંશોધનમાં જણાયું હતું કે ભારતના મોટા ભાગના નાગરિકોએ બચપણમાં બીસીજીની રસી લીધી હોવાથી તેમની રોગપ્રતિકારક શક્તિ વધુ છે. વળી ભારતની બહુમતી પ્રજા શાકાહારી હોવાથી પણ તેની રોગપ્રતિકારક શક્તિ વધુ છે. વળી ભારતમાં તડકો વધુ પડતો હોવાથી કોરોના વાયરસ ઊંચા તાપમાને જીવી શકતો નથી. ડો. દેવદાસન બહુ અગત્યની વાત કરે છે કે ભારતના લોકો ગંદકીમાં રહેવાને ટેવાઈ ગયા હોવાથી પણ તેમના શરીરમાં વાયરસ સામે લડવાની ક્ષમતાનો વિકાસ થયો હોવાથી કોરોના વાયરસને કારણે તેમને બહુ નુકસાન થાય તેમ નથી.

ભારતમાં જો કોરોના વાયરસને કારણે હજારો લોકોનાં મરણ થવાનાં હોત તો અત્યાર સુધીમાં થઈ ચૂક્યા હોત. ભારતના કરોડો મજૂરો લોકડાઉનનો ભંગ કરીને પોતાના વતન ભણી ચાલી નીકળ્યા હતા. ગુજરાતમાં લાખો લોકો રેશનનું અનાજ લેવા કતારમાં ઊભા છે. તેમ છતાં કોરોના વાયરસ ભારતમાં વિનાશ વેરી શક્યો નથી તે તમામ ભારતીયો માટે રાહતના સમાચાર છે.

# કોરોનાને બહાને સરકાર મીડિયા પર સેન્સરશિપ દાખલ કરવા માગે છે?

કોરોના વાયરસને કારણે સરકારે ફરમાવેલા લોકડાઉનને પ્રતાપે પ્રજાના ધાર્મિક અધિકારો ઉપરાંત રોજી રળવાના અધિકાર ઉપર પણ નિયંત્રણ આવી ગયું છે. હવે કેન્દ્ર સરકારે સુપ્રિમ કોર્ટમાં કરેલી રજૂઆત મુજબ તે પ્રજાના અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકાર પર પણ તરાપ મારવા માગે છે. તાજેતરમાં શહેરોમાંથી લાખો શ્રમિકોની હિજરત થઈ તે બાબતમાં સુપ્રિમ કોર્ટમાં બે અરજીઓ થઈ હતી. તેની સુનાવણી વખતે સરકાર તરફથી માગણી કરવામાં આવી હતી કે કોરોના બાબતમાં સરકારની આગોતરી પરવાનગી વિના મીડિયામાં કોઈ પણ હેવાલ કે લેખો પ્રગટ થવા જોઈએ નહીં. સરકારની માગણી મીડિયા પર સેન્સરશિપ લાદવાની હતી, પણ સુપ્રિમ કોર્ટે તે માગણી માન્ય રાખી નહોતી. સુપ્રિમ કોર્ટે તે માગણી માન્ય નહોતી રાખી; પણ કોવિડ-૧૯ બાબતમાં કોઈ પણ રિપોર્ટ પ્રગટ કરતા પહેલાં સરકારના સત્તાવાર સ્રોતમાંથી તેની ચકાસણી કરવાની સલાહ આપી હતી.

તાજેતરમાં સરકાર દ્વારા ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત કરવામાં આવી તેને પગલે દેશના ભાગલા સમયે જોવા મળી હતી તેવી હિજરત ચાલુ થઈ હતી. તેનું કારણ એ હતું કે દાડિયા મજૂરોને તેમના માલિકોએ કહી દીધું હતું કે તેઓ તેમને પગાર ચૂકવી શકે તેમ નથી. મજૂરો જે



ખોલીમાં રહેતા હતા તેના માલિકોએ પણ તેમને ખોલી ખાલી કરવાની નોટિસ આપી દીધી હતી. વળી સોશિયલ મીડિયામાં પણ હેવાલો આવ્યા લાગ્યા હતા કે લોકડાઉન ત્રણ મહિના ચાલવાનું છે. આ કારણે ગભરાટમાં આવેલા મજૂરો સેંકડો કિલોમીટર ચાલતા વતન ભણી નીકળ્યા હતા.

આ બાબતમાં ટિપ્પણ કરતાં સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે ‘‘ મીડિયામાં ફેક ન્યૂઝ આવ્યા હતા કે લોકડાઉન ત્રણ મહિના કરતાં વધુ સમય સુધી ચાલવાનું છે. તેને કારણે મજૂરોમાં બીનજરૂરી ગભરાટ પેદા થયો હતો અને તેઓ શહેરો છોડીને વતન ભણી ચાલી નીકળ્યા હતા. આ કારણે પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક કે સોશિયલ મીડિયામાં ફેક ન્યૂઝનાં દૂષણની ઉપેક્ષા કરી શકાય તેમ નથી.’’

સુપ્રિમ કોર્ટ દ્વારા આ ટિપ્પણ ક્યાં કારણે કરવામાં આવી? તેનો ખ્યાલ આવતો નથી. સરકાર દ્વારા જે લેખિત રજૂઆત કરવામાં આવી તેમાં ક્યાંય જણાવવામાં આવ્યું નથી કે મજૂરોની હિજરતનું કારણ ત્રણ મહિનાના સૂચિત લોકડાઉન બાબતના ફેક ન્યૂઝ હતા. જો સોલિસિટર જનરલે પોતાની મૌખિક રજૂઆતમાં ફેક ન્યૂઝ પર દોષનો ટોપલો ઢોળ્યો હોય તે સંભવિત છે. સરકાર દ્વારા સુપ્રિમ કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે શહેરોમાં આશરે ૪.૧૪ કરોડ લોકો હિજરત કરીને આવ્યા હતા. તેમાંના આશરે પાંચથી છ લાખ ગામડાંમાં પાછા જઈ રહ્યા છે. પોતાની લેખિત રજૂઆતના પેરા ૪૮માં સરકાર કહે છે કે ‘‘ ટૂંક સમયમાં સરકાર એવી સિસ્ટમ ઊભી કરવા માગે છે, જેથી મજૂરોના મનમાં જે મનોવૈજ્ઞાનિક અને સામાજીક કારણે ગભરાટ પેદા થયો છે તેનું નિવારણ કરી શકાય અને તેમને માર્ગદર્શન આપવાની કોઈ વ્યવસ્થા ઊભી કરવામાં આવે.’’ આ રજૂઆત દ્વારા સરકાર પોતે કબૂલે છે કે મજૂરોની હિજરત પાછળ સામાજીક અને મનોવૈજ્ઞાનિક કારણો જવાબદાર હતાં. તો પછી ફેક ન્યૂઝને કારણે

હિજરત થઈ હતી, તેવા સરકારના દાવા સાથે જ વિરોધાભાસ પેદા થાય છે.

સુપ્રિમ કોર્ટે મજૂરોમાં પેદા થયેલા ગભરાટને દૂર કરવા તેમનું કાઉન્સેલિંગ કરવાની સલાહ આપી હતી. કાઉન્સેલિંગ માટે તેણે મજૂરોને જ્યાં રાખવામાં આવ્યા છે ત્યાં પ્રોફેશનલ કાઉન્સેલરો મોકલવા ઉપરાંત દરેક ધર્મના સામાજીક આગેવાનોને મોકલવાની સલાહ પણ આપી હતી. સુપ્રિમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે મજૂરોને જ્યાં રાખવામાં આવ્યા છે ત્યાં ભજન, કીર્તન, નમાઝ વગેરે ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવું જોઈએ, જેથી લોકોના મનને શાંતિ મળે. આ સલાહ દ્વારા સુપ્રિમ કોર્ટે પણ સ્વીકાર્યું હતું કે મૂંઝાયેલા મનને સાંત્વન આપવામાં ભજન, કીર્તન, નમાઝ વગેરે ઉપયોગી સાબિત થાય છે; પણ સરકારે તો કોરોનાનો ડર બતાડી મંદિરો અને મસ્જિદો બંધ કરાવી દીધા છે. બીજી બાજુ શેર બજાર ચાલે છે. શું સરકાર શેર બજારને જીવનજરૂરી પ્રવૃત્તિ માને છે? શું તે ધર્મ જીવન માટે જરૂરી નથી તેમ માને છે? જો દેશમાં કતલખાનાં ચાલતાં હોય, દવાખાનાં ચાલતાં હોય, સુપરમાર્કેટો ચાલતી હોય, સબ્જી મંડી ચાલતી હોય તો ધર્મસ્થાનકો કેમ ન ચાલી શકે?

કેન્દ્ર સરકારે સુપ્રિમ કોર્ટ સમક્ષ માગણી કરી હતી કે '' માનનીય કોર્ટ માર્ગદર્શન આપે કે કેન્દ્ર સરકારની પરવાનગી વિના પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક કે સોશિયલ મીડિયામાં કોરોના વાયરસ બાબતના કોઈ પણ સમાચાર પ્રગટ કરવામાં ન આવે. આ બાબતમાં મીડિયાને અધિકૃત માહિતી આપવા માટે સરકાર દ્વારા બહુ જ ટૂંકા સમયમાં યોગ્ય યંત્રણા ઊભી કરવામાં આવી રહી છે.''

સરકારનો સ્પષ્ટ આગ્રહ હતો કે મીડિયામાં સરકારની પરવાનગી વિના કોરોના બાબતમાં કંઇ પણ પ્રગટ કરવું જોઇએ નહીં. હકીકતમાં તાજેતરમાં મુંબઇના પોલિસ કમિશનર દ્વારા આદેશ બહાર પાડવામાં આવ્યો છે કે સોશિયલ મીડિયામાં કોરોના બાબતમાં કોઈ પણ સંદેશ મૂકનાર કે ફોરવર્ડ કરનાર સામે કાયદેસર પગલાં લેવામાં આવશે. જોકે સુપ્રિમ કોર્ટે સરકારની માગણી નામંજૂર કરતાં જણાવ્યું હતું કે '' અમે તમામ મીડિયા પાસે જવાબદારીની ભાવનાની અપેક્ષા રાખીએ છીએ. તેમણે પ્રજામાં ગભરાટ ફેલાય તેવા સમર્થનવિહોણા હેવાલો પ્રગટ કરવાથી દૂર રહેવું જોઈએ. સરકારે પણ લોકોના મનમાં પેદા થતી શંકાઓનાં નિવારણ માટે દર ૨૪ કલાકે સત્તાવાર બુલેટિન બહાર પાડવું જોઈએ. અમે મીડિયામાં મહામારી બાબતમાં મુક્ત ચર્ચા થાય તે બાબતમાં કોઈ હસ્તક્ષેપ કરવા માગતા નથી; પણ સત્તાવાર માહિતી જ પ્રગટ કરવાની સલાહ આપીએ છીએ.''

> **સુપ્રિમ કોર્ટે તે માગણી માન્ય નહોતી રાખી; પણ કોવિડ-૧૯ બાબતમાં કોઈ પણ રિપોર્ટ પ્રગટ કરતાં પહેલાં સરકારના સત્તાવાર સ્રોતમાંથી તેની ચકાસણી કરવાની સલાહ આપી હતી.**

આ રીતે સરકારની ઈચ્છા કોરોના બાબતમાં તેની પરવાનગી વિના મીડિયામાં કંઈ પણ પ્રગટ ન કરી શકાય તેવો આદેશ મેળવવાની હતી; પણ સુપ્રિમ કોર્ટે કોરોના બાબતમાં મુક્ત ચર્ચા કરવાના મીડિયાના અધિકારને નિયંત્રિત બનાવવાનો ઈનકાર કર્યો હતો. જોકે સુપ્રિમ કોર્ટે એવું પણ કહ્યું હતું કે કોરોના બાબતમાં સરકાર દ્વારા જે કોઈ ગાઇડલાઈન બહાર પાડવામાં આવે તેને અક્ષરશઃ વળગી રહેવાની મીડિયાની જવાબદારી છે. જો સરકાર આ આદેશનું પોતાની મનભાવન રીતે અર્થઘટન કરે તો તેને કોરોના બાબતમાં મીડિયા પર પ્રિસેન્સરશિપ લાદવાનો અધિકાર મળી જાય છે.

સુપ્રિમ કોર્ટે સરકારનું ધ્યાન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની ૫૪મી કલમ તરફ દોર્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે કુદરતી આપત્તિ વખતે જો કોઇ વ્યક્તિ લોકોમાં ખોટો ભય પેદા કરે તેવી માહિતીનું પ્રસારણ કરે તો તેને એક વર્ષ સુધીની જેલની સજા અને દંડ થઈ શકે છે. ઈન્ડિયન પિનલ કોડની ૧૮૮મી કલમ કહે છે કે જાહેર કર્મચારી દ્વારા કોઈ પણ આદેશ બહાર પાડવામાં આવ્યો હોય તેનો ભંગ કરનારને ૬ મહિના સુધીની જેલની સજા થઈ શકે છે. ઈ.સ. ૧૮૯૭ના એપિડેમિક ડિઝીસ એક્ટમાં પણ ઈન્ડિયન પિનલ કોડની ૧૮૮મી કલમ મુજબ સજાની જોગવાઈ કરવામાં આવી છે.

દેશમાં કટોકટીની પરિસ્થિતિ જાહેર કરવામાં આવે ત્યારે કેટલાક મૂળભૂત અધિકારો કામચલાઉ રદ થઈ જતા હોય છે. તાજેતરમાં સરકારે કોરોનાને બહાને કટોકટીની પરિસ્થિતિ જાહેર કર્યા વિના કેટલાક મૂળભૂત અધિકારો મર્યાદિત બનાવી દીધા છે. તેની સામેની ફરિયાદ સુપ્રિમ કોર્ટમાં કરી શકાય; પણ અત્યારે તો સુપ્રિમ કોર્ટમાં પણ આંશિક લોકડાઉન ચાલી રહ્યું છે.

# કોરોના સંક્રમિત નાગરિકોની સંખ્યા ૧ કરોડથી વધી જાય તો પણ ગભરાવું નહીં

કેટલાંક અખબારોના તા. ૨૬ માર્ચના અંકમાં સમાચાર છપાયા હતા કે ૨૦૨૦ના મે મહિના સુધીમાં ભારતમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા ૧૪ લાખ પર પહોંચી શકે છે. અંદર વાંચતા જાણવા મળ્યું કે કોઈ સંસ્થા દ્વારા કરવામાં આવેલા સર્વેમાં કહેવામાં આવ્યું છે કે સપ્ટેમ્બર મહિના સુધીમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા એક કરોડ પર પહોંચી શકે છે. આ લખાઈ રહ્યું છે ત્યારે દેશમાં કોરોના સંક્રમિત નાગરિકોની સંખ્યા ૨૫ લાખ પર પહોંચી છે અને કોરોના સાથે સંલગ્ન મરણની સંખ્યા ૫૦ હજાર પર પહોંચી છે, ત્યારે દેશમાં આટલો ગભરાટ છે, તો કલ્પના કરો કે કોરોના સંક્રમિત નાગરિકોની સંખ્યા ૧ કરોડને વટાવી જશે ત્યારે દેશમાં કેટલો ગભરાટ ફેલાઈ જશે? હું તમને કહેવા માગું છું કે જો ખરેખર કોરોના સંક્રમિત નાગરિકોની સંખ્યા ૧ કરોડ પર પહોંચી જાય તો પણ ગભરાશો નહીં.

ભારતની ૧૪૦ કરોડની વસતિમાં જો ૧ કરોડ લોકો ખરેખર કોરોના પોઝિટીવ જણાય તો પણ ગભરાવું જોઈએ નહીં; કારણ કે તે સંખ્યા દેશની વસતિના ૦.૭ ટકા જેટલી જ હશે. જો સંક્રમિત નાગરિકો પૈકી એક લાખ નાં મરણ થાય તો પણ ગભરાવું જોઈએ નહીં; કારણ કે તે મરણ પ્રાયઃ કોરોનાને કારણે નહીં પણ ફલુને કારણે હશે. તમને કદાચ ખબર નહીં હોય; પણ ભારતના ૧૩૦ કરોડ પૈકી ૯૧ લાખ



નાગરિકો દર વર્ષે મરણ પામે છે, જેમાં કુદરતી મરણ ઉપરાંત અકસ્માત મરણ તેમ જ વિવિધ જીવલેણ બીમારીઓથી થતાં મરણનો પણ સમાવેશ થાય છે. બીજા શબ્દોમાં દર મહિને ભારતના સાડા સાત લાખ નાગરિકો કે રોજના ૨૬,૦૦૦ નાગરિકો મરણ પામે છે. જો ચાર મહિનામાં દેશના ૩૦ લાખ નાગરિકો મરણ પામતા હોય અને તેમાંના એક લાખ લોકો કથિત રીતે કોરોનાને કારણે મરણ પામવાના હોય તો પણ ડરવાની જરૂર નથી; કારણ કે તે કુલ મરણના ચાર ટકાથી ઓછા હશે. તેની સરખામણીમાં દેશમાં વર્ષે ૨૪ ટકા નાગરિકો હૃદયરોગથી મરી જાય છે.

આજની તારીખમાં ભારતમાં કોરોના સંક્રમિત નાગરિકોની સંખ્યા સરકારની જાહેરાત મુજબ ૨૫ લાખ છે; પણ તેનો અર્થ એવો નથી થતો કે ભારતમાં કોરોના સંક્રમિત માત્ર ૨૫ લાખ જ નાગરિકો છે. તેનો અર્થ એવો થાય છે કે ભારતમાં જેટલા નાગરિકોની કોરોના માટે ટેસ્ટ કરવામાં આવી છે, તે પૈકી ૨૫ લાખ નાગરિકોના શરીરમાં કોરોનાના વાયરસ જોવા મળ્યા છે. આ સંખ્યા ઓછી છે, કારણ કે ભારતમાં કોરોનાનો ટેસ્ટ કરવાની મર્યાદિત સગવડ છે. તા. ૨૫ માર્ચ સુધી ભારતની સરકારી લેબોરેટરીઓમાં કુલ ૨૫,૧૪૪ કોરોના ટેસ્ટ જ કરવામાં આવ્યા હતા. હવે સરકાર તે ક્ષમતામાં ૧૫૦૦ ગણો વધારો કરીને ૩.૭ કરોડ નાગરિકોની કોરોના ટેસ્ટ કરવા માગે છે. જો ૨૫,૧૪૪ નાગરિકોની કોરોના ટેસ્ટ કરતાં તેમાંના ૮૭૩ નાગરિકો પોઝિટિવ જાહેર થયા હોય તો જ્યારે ૩.૭ કરોડ નાગરિકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવશે ત્યારે કોરોના પોઝિટિવ નાગરિકોની સંખ્યા ત્રિરાશી માંડતા ૧ કરોડ પર પહોંચી જાય તો તેમાં નવાઈ પામવાની કે ડરવાની જરૂર નથી. સપ્ટેમ્બર મહિનામાં કોરોના સંક્રમિત નાગરિકોની સંખ્યા નહીં વધી હોય પણ તેમનું ટેસ્ટિંગ વધવાને કારણે આપણા મનમાં એવો ભ્રમ પેદા થશે કે દેશમાં કોરોના સંક્રમિત નાગરિકોની સંખ્યા વધી ગઈ છે.

વર્તમાનમાં ભારતમાં દર દસ લાખ નાગરિકે ૧૮ નાગરિકો ઉપર જ કોરોનાનો ટેસ્ટ કરવામાં આવ્યો છે. તેની સરખામણીમાં અમેરિકામાં દર દસ લાખ નાગરિકે ૩૧૪, સ્પેનમાં ૬૪૬, તાઇવાનમાં ૮૯૯, બ્રિટનમાં ૯૬૦, ઇટાલીમાં ૩,૪૯૯, સાઉથ કોરિયામાં ૬,૧૪૮ અને સિંગાપોરમાં ૬,૮૦૦ નાગરિકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવે છે. આપણા દેશમાં કોરોનાની ટેસ્ટ મર્યાદિત પ્રમાણમાં કરવામાં આવે છે, તેનાં ત્રણ મુખ્ય કારણો છે. પહેલું કારણ એ છે કે દેશમાં જેને કોરોનાનો ટેસ્ટ કરવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી લેબોરેટરીઓની સંખ્યા મર્યાદિત છે. આજની તારીખમાં ભારતમાં માત્ર સરકારી લેબોરેટરીમાં જ કોરોનાનો ટેસ્ટ કરવાની પરવાનગી આપવામાં આવી છે. હવે ૩૫ ખાનગી લેબોરેટરીઓને પણ કોરોનાનો ટેસ્ટ કરવાની પરવાનગી આપવામાં આવતાં કોરોનાના ટેસ્ટિંગમાં ઉછાળો આવશે. કોરોના ટેસ્ટિંગનું પ્રમાણ મર્યાદિત રહેવાનું બીજું કારણ છે ટેસ્ટિંગ કિટનો અભાવ. આ કિટની યુરોપ કે અમેરિકાથી આયાત કરવામાં આવે છે. વર્તમાનમાં ભારતની સરકાર પાસે ૧.૫ લાખ જેટલી જ ટેસ્ટિંગ કિટ છે. હવે ભારત સરકારે ૩૭ લાખ ટેસ્ટિંગ કિટનો ઓર્ડર આપ્યો છે. જો સરકારી અને ખાનગી લેબોરેટરીઓ દ્વારા આ ૩.૭ કરોડ કિટનો ઉપયોગ કરવામાં આવશે તો કોરોના પોઝિટિવનો આંકડો કરોડ ઉપર પહોંચી જશે.

કોરોના પોઝિટિવ નાગરિકોની સંખ્યા મર્યાદિત જણાવાનું ત્રીજું કારણ છે ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા પ્રારંભમાં કોરોનાનું ટેસ્ટિંગ કરવા માટે બહાર પાડવામાં આવેલી ગાઇડલાઇન. આ ગાઇડલાઇન મુજબ જે નાગરિકો વિદેશથી ભારતમાં આવ્યા હોય અને શરદી, ખાંસી, તાવ વગેરે બાહ્ય લક્ષણો ધરાવતા હોય તેમનું જ કોરોના માટે ટેસ્ટિંગ કરવામાં આવતું હતું. દેશનો કોઈ પણ નાગરિક શરદી, ખાંસી કે તાવની ફરિયાદ લઈને સરકારી હોસ્પિટલમાં જાય તો તેનો કોરોના ટેસ્ટ કરવામાં આવતો નહોતો; કારણ કે સરકાર પાસે તેટલી સગવડ જ નહોતી.

હવે ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા નવી ગાઇડલાઇન બહાર પાડવામાં આવી છે. આ ગાઇડલાઇન મુજબ કોઈ પણ દર્દીના શરીરમાં ન્યુમોનિયાના કે ફ્લૂના લક્ષણો જણાતા હોય અને તે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો હોય તો તેનો કોરોના ટેસ્ટ કરવામાં આવશે. વળી ત્યાં સુધી સરકાર પાસે કોરોનાની ૩૭ લાખ નવી કિટ ક્રમશઃ આવી ગઈ હશે. સરકારી લેબોરેટરીઓ ઉપરાંત ખાનગી લેબોરેટરીઓને પણ કોરોનાનું ટેસ્ટિંગ કરવાની પરવાનગી આપી દેવામાં આવી છે. કોરોના બાબતમાં પ્રજામાં ગભરાટ એટલો ફેલાઈ ગયો છે કે કોઈ નાગરિકને સામાન્ય તાવ અને શરદી હશે તો પણ તેના સ્વજનો તેને કોરોના ટેસ્ટ કરાવવા લેબોરેટરીમાં લઈ જશે. જોકે સરકારી લેબોરેટરીમાં કોરોનાનો ટેસ્ટ મફત કરવામાં આવે છે. તેની સરખામણીમાં ખાનગી લેબોરેટરીને ટેસ્ટદીઠ ૪,૫૦૦ રૂપિયા લેવાની મંજૂરી આપવામાં આવી છે. એક હેવાલ પ્રમાણે કોરોનાનો ટેસ્ટ કરવાની કિટ માત્ર ૧,૨૦૦ રૂપિયાની આવે છે. આ કારણે કોરોનાની કિટ ખાનગી લેબોરેટરીઓ માટે અને તેમાં ટેસ્ટિંગ કરવાની ભલામણ કરતાં ડોક્ટરો માટે ધીકતી કમાણીનું નવું સાધન બની જશે.


**૨૫ માર્ચ સુધી ભારતની સરકારી લેબોરેટરીઓમાં કુલ ૨૫,૧૪૪ કોરોના ટેસ્ટ જ કરવામાં આવ્યા હતા. હવે સરકાર તે ક્ષમતામાં ૧૫૦ ગણો વધારો કરીને ૩૭ લાખ કોરોના ટેસ્ટ કરવા માગે છે.**

કોરોનાનો ટેસ્ટ કરવાના પ્રમાણમાં ૧૫૦૦ ગણો વધારો થતાં કોરોનાને કારણે થતાં મરણના રિપોર્ટિંગમાં પણ પ્રચંડ વધારો થશે. અહીં રિપોર્ટિંગ શબ્દનો પ્રયોગ હેતુપૂર્વક કરવામાં આવ્યો છે. વર્તમાનમાં દુનિયામાં સામાન્ય ફ્લૂને કારણે વર્ષે ૬.૫ લાખ નાગરિકોનાં મોત થાય છે, જેમાંનાં ૧.૨૭ લાખ મોત ભારતમાં થાય છે. (આ આંકડા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના છે.) બીજા શબ્દોમાં ભારતમાં દર મહિને ૧૦,૫૮૩ કે દૈનિક ઉપર મોત સામાન્ય વાઇરલ ફ્લુને કારણે થાય છે. તેનો આપણને ડર લાગતો નથી; કારણ કે મીડિયામાં તેના આંકડા આવતા નથી. જો ફ્લૂનો ભોગ બનનારા ઉપર પૈકી ૨૦૦ દર્દીઓ કોરોના પોઝિટિવ જાહેર થાય તો ફ્લૂથી થતાં મરણ કોરોનાને કારણે થતાં મરણમાં ખપી જાય અને ગભરાટ વધી જાય. સુજ્ઞ વાચકોને આનો વિચાર કરવાની ભલામણ છે.

# કોરોના સામેની લડાઈમાં ૧૨૩ વર્ષ જૂનો કાયદો અજમાવાઈ રહ્યો છે

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે રાતે રાષ્ટ્રને સંબોધન કર્યું ત્યારે આપણને બધાને ખ્યાલ આવ્યો હતો કે કોરોના સામેની લડાઈમાં સરકાર દ્વારા કેટલા ગંભીર પગલાંઓ લેવાઈ રહ્યાં છે. વડા પ્રધાનના સંબોધન પછી તરત જ વ્હોટ્સ એપ પર એક સંદેશો વાંચવા મળ્યો કે જો તમે તમારાં ઘરની બહાર પગ પણ મૂક્યો તો પોલિસ તમારી ધરપકડ કરીને તમને ૬ મહિના માટે જેલમાં પૂરી શકે છે. આ વાંચી વિચાર આવ્યો કે આપણા દેશમાં એવો ક્યો કાયદો અસ્તિત્વમાં છે, જેના થકી ઘરમાંથી બહાર પગ મૂકનારને પણ જેલની સજા થઈ શકે છે? તપાસ કરતાં ખબર પડી કે ભારતમાં જ્યારે બ્રિટીશ રાજ હતું ત્યારે ઈ.સ.૧૮૯૭માં ધ એપિડેમિક ડિઝીસ એક્ટ ઓફ ૧૮૯૭ નામનો કાયદો પસાર કરવામાં આવ્યો હતો, જેનો હેતુ તે સમયે પ્રવર્તમાન પ્લેગના રોગ સામે લડવાનો હતો. તે સમયે ભારતની પ્રજા ગુલામ હોવાથી તેની મૂળભૂત સ્વતંત્રતા પર પ્રહાર કરનારો આ કાયદો અમલમાં આવીગયો હતો. સ્વતંત્ર ભારતમાં આ કાયદાનું પુનરવલોકન થવું જોઈએ; પણ થયું નથી. કેન્દ્ર સરકાર હવે તેનો ઉપયોગ કોરોનાની મહામારી સામે લડવા માટે કરી રહી છે.

આ કાયદામાં માત્ર ચાર કલમો છે. તેની પહેલી કલમમાં કાયદાનું ટાઈટલ આપવામાં આવ્યું છે અને તે ભારતનાં ક્યાં ક્યાં રાજ્યોમાં લાગુ પડશે? તેની વિગતો




આપવામાં આવી છે. કલમ ૧(૨) માં લખવામાં આવ્યું છે કે આ કાયદો તા. ૧ નવેમ્બર, ૧૯૫૬ પહેલાં જે પાર્ટ બી તરીકે ઓળખાતા પ્રદેશો હતા તેને બાદ કરતાં આખા ભારતમાં લાગુ કરી શકાય છે. તા. ૧ નવેમ્બર ૧૯૫૬ પહેલાં જે આઠ રાજ્યો પાર્ટ બી સ્ટેટ તરીકે ઓળખાતા હતા તેમાં હૈદરાબાદ, જમ્મુ અને કાશ્મીર, મધ્ય ભારત, મૈસૂર, પતિયાલા, પૂર્વ પંજાબ, રાજસ્થાન, સૌરાષ્ટ્ર અને ત્રાવણકોરનો સમાવેશ થતો હતો. તા. ૧ નવેમ્બર ૧૯૫૬ પછી ઉપરનાં આઠ રાજ્યોનું પુનર્ઘડતર કરવામાં આવ્યું હોવાથી તેમનું અસ્તિત્વ ખતમ થઈ ગયું હોવાથી ઉપરોક્ત કાયદાનો તેમાં અમલ કરવામાં આવ્યો નહોતો.

આ કાયદાની કલમ ૨ (૧) કહે છે કે, જ્યારે રાજ્ય સરકારને લાગે કે રાજ્ય અથવા તેના કોઈ પણ ભાગમાં કોઈ ખતરનાક ચેપી રોગચાળો ફાટી નીકળ્યો છે; અથવા ફાટી નીકળવાનો ડર છે; ત્યારે જો રાજ્ય સરકારને લાગે કે જે કાયદો અમલમાં હોય તેની સામાન્ય જોગવાઈઓ પરિસ્થિતિ સાથે કામ પાડવા માટે અપર્યાપ્ત છે ત્યારે તે રોગનો ફેલાવો રોકવા માટે રાજ્ય સરકાર નોટિસ બહાર પાડીને જાહેર જનતાને અથવા કોઈ પણ વ્યક્તિને પાળવા માટેના કામચલાઉ નિયમો બહાર પાડી શકે છે અને તેનો ખર્ચો (વળતર વગેરે સહિતનો)કોણે ભોગવવો? તે બાબતના નિયમો પણ ઘડી શકે છે.

આ કાયદામાં ખતરનાક ચેપી રોગચાળો કોને કહેવાય? તેની કોઈ વ્યાખ્યા બાંધવામાં આવી નથી. તે નક્કી કરવાની અને નોટિસ બહાર પાડવાની સત્તા રાજ્ય સરકારને આપવામાં આવી છે. વળી આ કાયદામાં સરકારને ક્યા નિયમો ઘડવાની સત્તા છે? તેનો કોઇ ફોડ પાડવામાં આવ્યો નથી. અર્થાત્ રાજ્ય સરકારને પોતાની મુનસફી મુજબના નિયમો ઘડવાની સત્તા પણ આપવામાં આવી છે. વળી તેમાં

કામચલાઉ નિયમોની પણ કોઈ વ્યાખ્યા કરવામાં આવી નથી. આ કામચલાઉ નિયમો વધુમાં વધુ કેટલા સમય સુધી અમલમાં રહી શકે? તેનો પણ ફોડ પાડવામાં આવ્યો નથી.

આ કાયદાની કલમ ૨ (૧)(બી) માં લખવામાં આવ્યું છે કે, કોઈ વ્યક્તિ ટ્રેનમાં કે બીજી કોઈ રીતે મુસાફરી કરતી હોય; કે હોસ્પિટલમાં કે કામચલાઉ રહેઠાણમાં સારવાર લઈ રહી હોય અને તેને ચેપી બીમારી થઈ હોવાની શંકા હોય તો ઈન્સ્પેક્ટિંગ ઓફિસર તેનું ઈન્સ્પેક્શન કરી શકે છે અને રાજ્ય સરકાર તે બાબતમાં નિયમો ઘડી શકે છે. આ નિયમ દ્વારા ટ્રેનમાં, બસમાં, કારમાં કે વિમાનમાં પણ જતા મુસાફરને ઊતારીને તેનું ચેકિંગ કરવાની સત્તા સરકારને આપવામાં આવી છે. સરકારના ઈન્સ્પેક્ટરો કોઈ પણ હોસ્પિટલમાં, આઈસોલેશન વોર્ડમાં કે આપણાં ઘરમાં પ્રવેશીને પણ ત્યાં કોઈ ચેપી રોગના દર્દીને રાખવામાં તો આવ્યો નથી ને? તેની તપાસ કરવાની સત્તા ધરાવે છે.

આ કાયદાની કલમ ૨ (એ) મુજબ જ્યારે કેન્દ્ર સરકારને લાગે કે ભારતમાં કે તેના કોઈ પણ ભાગમાં કોઈ ખતરનાક ચેપી રોગચાળો ફાટી નીકળ્યો છે ત્યારે, જો સામાન્ય કાયદા તેની સાથે કામ પાડવા માટે અપર્યાપ્ત લાગતા હોય તો, કેન્દ્ર સરકાર ભારતનાં કોઈ પણ બંદરમાં પ્રવેશતાં કે નીકળતાં કોઈ પણ વહાણ કે સ્ટીમરનું ઈન્સ્પેક્શન કરવા ઉપરાંત તેમાં આવેલા કે જઈ રહેલા કોઈ પણ મુસાફરને રોકીને તેની ચકાસણી કરવાના નિયમો ઘડી શકે છે, જે ભારતના તમામ પ્રદેશોમાં લાગુ પડે છે. આ નિયમનો ઉપયોગ વિમાનના યાત્રિકોની ચકાસણી માટે પણ કરવામાં આવે છે.

આ કાયદાની કલમ (૩) માં લખવામાં આવ્યું છે કે કોઈ પણ વ્યક્તિ આ કાયદાનો કે તેના હેઠળ ઘડવામાં આવેલા નિયમોનો અનાદર કરે તો તેણે ઈન્ડિયન પિનલ કોડની કલમ ૧૮૮ હેઠળ ગુનો કર્યો છે, તેમ માનીને તે મુજબની સજા કરવામાં આવશે. ઈન્ડિયન પિનલ કોડની કલમ ૧૮૮ કહે છે કે, જો કોઈ પણ વ્યક્તિ કોઈ પણ પબ્લિક સર્વન્ટ દ્વારા કરવામાં આવેલા કાયદેસરના આદેશનો અનાદર કરે કે જેનાથી જાહેર આરોગ્યને કે મનુષ્યની જિંદગીને નુકસાન થાય તેમ હોય કે રમખાણો ફાટી નીકળે તેમ હોય તો તેને વધુમાં વધુ ૬ મહિનાની જેલની સજા કે ૧,૦૦૦ રૂપિયાનો દંડ અથવા બંને થઈ શકે છે. આ કલમ હેઠળ તાજેતરમાં મુંબઈમાં ખુલ્લા રાખવામાં આવેલા જૈન દેરાસરના ટ્રસ્ટીઓને રોકડ રકમનો દંડ કરવામાં આવ્યો હતો. આ કાયદાની કલમ (૪) કહે છે કે, કોઈ સરકારી નોકર સારી ભાવનાથી આ કાયદા હેઠળ કોઈ પણ પગલાં ભરે તો તેની સામે ખટલો માંડી શકાય નહીં.

> **ઈ.સ.૧૮૯૭માં ધ એપિડેમિક ડિઝીસ એક્ટ ૧૮૯૭નો પ્રયોગ કરીને કેશરી અખબારમાં લેખ લખવા બદલ લોકમાન્ય તિલકને જેલમાં પૂરવામાં આવ્યા હતા.**

આ કાયદા હેઠળ સરકારને જાહેર સભાઓ પર પ્રતિબંધ મૂકવાનો, સ્કૂલોને અને ખાનગી કંપનીઓને લોકડાઉનનો આદેશ આપવાનો, ખાનગી કંપનીઓને વર્ક ફ્રોમ હોમનો આદેશ આપવાનો અને ધાર્મિક સંસ્થાઓને પણ તેની પ્રવૃત્તિઓ બંધ કરવાનો પાવર મળી જાય છે. આ કાયદા દ્વારા ખોટી માહિતીનું પ્રસારણ કરતાં મીડિયા હાઉસોને પણ સજા ફટકારી શકાય છે. બ્રિટીશ સરકાર દ્વારા ઈ.સ.૧૮૯૭માં આ કાયદો ઘડવામાં આવ્યો કે તરત જ તેનો દુરુપયોગ કરવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. લોકમાન્ય તિલકે પ્લેગ બાબતમાં બ્રિટીશ સરકારની કાર્યવાહી પર સવાલો ઉઠાવતો લેખ લખ્યો તો તેમની પર ખટલો માંડીને તેમને જેલમાં પૂરવામાં આવ્યા હતા.

આ કાયદાનો ઉપયોગ ભારતનાં અનેક રાજ્યોમાં અથવા તેના ભાગોમાં ભૂતકાળમાં કરવામાં આવ્યો હતો. ૨૦૦૯માં પુણેમાં એચવનએનવન ફ્લુ ફેલાઈ ગયો તેનો મુકાબલો કરવા આ કાયદાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૨૦૧૫માં ચંડીગઢમાં મેલેરિયાનો મુકાબલો કરવા માટે તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૨૦૧૮માં ગુજરાતનાં એક ગામમાં કોલેરા ફાટી નીકળ્યો ત્યારે તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં કોરોનાની મહામારી વખતે પહેલી વખત કર્ણાટક રાજ્યે તા. ૧૧ માર્ચના રોજ તેને એક વર્ષ માટે લાગુ કર્યો હતો. હરિયાણાએ તા. ૧૨ માર્ચના રોજ જાહેરનામું બહાર પાડીને તેનો અમલ કર્યો હતો. ત્યાર બાદ મહારાષ્ટ્ર, દિલ્હી અને ગોવા જેવાં રાજ્યોમાં પણ તેનો અમલ કરવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૮૯૭માં આ કાયદો ઘડાયો તે પછી લગભગ બીજી વખત સમગ્ર ભારત દેશમાં તેનો અમલ કરવા દ્વારા કોરોના સામે યુદ્ધ છેડી દેવામાં આવ્યું છે.

# કોરોનાને કારણે નહીં પણ લોકડાઉનને કારણે આર્થિક મહાસંકટ આવશે



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે કોઈ પણ રોગ કરતાં તેનો ઉપચાર વધુ હાનિકારક હોવો જોઈએ નહીં. આ વાત તેમણે કોરોના વાયરસને કારણે કરવામાં આવતાં લોકડાઉન અને તેની જગતના અર્થતંત્ર પર પડનારી અસર બાબતમાં કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પને લાગે છે કે કોરોના વાયરસને કારણે માનવ જાતને જેટલું નુકસાન થઈ શકે છે, તેના કરતાં પણ વધુ નુકસાન લોકડાઉનને કારણે થઈ શકે છે. અહીં કોરોના વાયરસની ગંભીરતા જરાય ઓછી આંકવાનો ઈરાદો નથી; પણ જો સરકારો ગરીબોની ચિંતા નહીં કરે તો લોકડાઉનને કારણે બેકારી તેમ જ ભૂખમરો ફેલાઈ જશે. ઘણા લોકો ભૂખમરાથી મરી જશે તો કેટલાક હતાશામાં આપઘાત કરીને મરી જશે. લોકડાઉનને કારણે જે કરોડો નાગરિકો રોજીવિહોણા થઈ ગયા છે, તેમને વળતર ચૂકવવાની સરકારની ફરજ છે.

કોરોના વાયરસને કારણે એકલાં સુરત શહેરમાં ૧૦ દિવસમાં વેપારધંધાને ૩,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન જવાનો અંદાજ છે. તો આખા ભારતના અર્થતંત્રને ૧૦ દિવસમાં કેટલું નુકસાન થઈ શકે? તેની ત્રિરાશી માંડી શકાય તેવી છે. આ અંદાજ માત્ર ૧૦ દિવસના લોકડાઉનનો છે. જો લોકડાઉન ૩૦ દિવસ ચાલ્યું તો ત્રણ ગણાં કરતાં પણ વધુ નુકસાન થઈ શકે છે. ભૂતપૂર્વ નાણાં પ્રધાન પી. ચિદમ્બરમના અંદાજ મુજબ લોકડાઉનને કારણે માત્ર ભારતના અર્થતંત્રને પાંચ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થઈ શકે છે. તેના પરથી દુનિયાના અર્થતંત્રનો અંદાજ બાંધી શકાશે.

ભારતનું અને વિશ્વનું અર્થતંત્ર આમ પણ મંદીના તબક્કામાંથી પસાર થઈ રહ્યું હતું. તેમાં કોરોના વાયરસે દુકાળમાં અધિક માસનું કામ કર્યું છે. આ લખનારે તેની ૬૦ વર્ષની જિંદગીમાં સમગ્ર ભારતમાં ટ્રેનો, બસો, રીક્ષાઓ, ટેક્સીઓ અને ફ્લાઈટો બંધ કરી દેવામાં આવી હોય તેવું જોયું નથી. સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હોય તેવું ચીન કે પાકિસ્તાન સાથેનાં યુદ્ધો દરમિયાન પણ બન્યું નહોતું. વર્તમાનમાં આપણે કોઈ અભૂતપૂર્વ કટોકટીનો મુકાબલો કરી રહ્યા છીએ.

લોકડાઉનને કારણે ક્યા ક્ષેત્રમાં કેવી પરિસ્થિતિ પેદા થશે, તેનો તાગ મેળવવાની કોશિષ કરીએ. સૌથી પહેલાં હવાઈ ઉડ્ડયન ઉદ્યોગની વાત કરીએ. વિશ્વના લગભગ તમામ દેશોમાં ફ્લાઈટો બંધ કરી દેવામાં આવી છે, કારણ કે વિમાનોમાં મુસાફરી કરતાં પ્રવાસીઓ દ્વારા વાયરસનો ફેલાવો થવાની ભારે સંભાવના છે. તેને કારણે ભારતની જ નહીં પણ વિશ્વની મોટા ભાગની એરલાઈન્સો દેવાળું ફૂંકવાની અણી પર મૂકાઈ જશે. તેના પાઈલોટો તેમ જ એર હોસ્ટેસો ઉપરાંત ગ્રાઉન્ડ સ્ટાફ, ટ્રાવેલ એજન્ટો, ટુર ઓપરેટરો વગેરે પણ લાખોની સંખ્યામાં બેકાર થઈ જશે.

લોકડાઉનની બીજી મોટી અસર દેશના અને વિશ્વના પર્યટન ઉદ્યોગ પર થશે. પર્યટન ઉદ્યોગ દ્વારા વિશ્વના કરોડો લોકોને રોજી મળે છે. તેમાં હોટેલો, રેસ્ટોરાંઓ, ટેક્સીમાલિકો, ડ્રાઈવરો, ટુર ગાઈડો, ટ્રાવેલ એજન્ટો, દુકાનદારો, મજૂરો, લોન્ડ્રીધારકો, પાનના ગલ્લાવાળા, ભિખારીઓ વગેરેનો સમાવેશ થાય છે. ભારતમાં તો આગ્રા, પાલીતાણા, તિરૂપતી, જયપુર, જેસલમેર,

આબુ, અંબાજી, ડાકોર, મહાબળેશ્વર, માથેરાન, સાપુતારા, સિમલા, કુલુ, મનાલી, શ્રીનગર વગેરે શહેરોનો નિભાવ જ પર્યટન ઉદ્યોગને કારણે થાય છે. લોકડાઉનને કારણે કરોડો લોકો બેકાર થઈ જશે. પર્યટન ઉદ્યોગમાંથી દેશને જે હૂંડિયામણ મળે છે તે પણ મળતું બંધ થઈ જશે.

લોકડાઉનની ત્રીજી મોટી અસર દેશના ઓટોમોબાઈલ ઉદ્યોગ પર થશે. આ ઉદ્યોગ નોટબંધી પછી મરણતોલ હાલતમાં મૂકાઈ ગયો હતો. હવે કદાચ તેનો વિનાશ થઈ જશે. જ્યારે લોકો પાસે બે ટંકનું ભોજન કરવાના રૂપિયા ન હોય; ભવિષ્ય અનિશ્ચિત્ત હોય અને નોકરી જોખમમાં મૂકાઈ ગઈ હોય ત્યારે તે મોબાઈક કે કાર ખરીદવાનું ન વિચારે તે સ્વાભાવિક છે. લોકડાઉનને કારણે અનેક ઓટો કંપનીઓ દ્વારા ઉત્પાદન બંધ કરવાની જાહેરાત કરવામાં આવી છે. તેને કારણે ઓટોમોબાઈલ અને તેને સંલગ્ન ઉદ્યોગો સાથે સંકળાયેલા કરોડો લોકો બરબાદ થઈ જવાની સંભાવના છે.

લોકડાઉનને કારણે આખા દેશમાં વાહનોની મુવમેન્ટ પર નિયંત્રણો મૂકી દેવામાં આવ્યાં છે. દેશભરમાં સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસો, ટેક્સીઓ, રીક્ષાઓ, ટ્રેનો વગેરે ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. તેને કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને ગંભીર ફટકો પડશે. વિમાનોમાં, બસોમાં, કારોમાં, સ્કુટરોમાં, ટેક્સીઓમાં જે પેટ્રોલ અને ડિઝલનો ઉપયોગ કરવામાં આવે છે તેમાં ધરખમ ઘટાડો થશે. તેનો પ્રભાવ ઓઈલનું ઉત્પાદન કરતી કંપનીઓ, તેનું માર્કેટિંગ કરતી કંપનીઓ, પેટ્રોલ પંપોના કર્મચારીઓ વગેરે ઉપર પડશે. રિફાઈનરીઓમાં કામ કરતાં કામદારો બેકાર થઈ જશે.

લોકડાઉનને કારણે આવશ્યક સેવાઓને બાદ કરતાં તમામ ઉદ્યોગોમાં રજા જાહેર કરવામાં આવી છે. તેમાં ટેક્સટાઈલ, કલર, કેમિકલ, ફાર્માસ્યુટિકલ, ડાયમન્ડ, સિમેન્ટ, સ્ટીલ, મશીનરી, હાર્ડવેર, પ્લાસ્ટિક, રિયલ એસ્ટેટ વગેરેનો સમાવેશ થાય છે. નોટબંધી પછી જેની કમ્મર ભાંગી ગઈ હતી તે રિયલ એસ્ટેટ ક્ષેત્ર મંદીના વિષચક્રમાંથી બહાર આવવાના મરણિયા પ્રયાસો કરતું હતું. હવે લોકડાઉનને કારણે તેના બેઠા થવાની આશા પર પણ પાણી ફરી વળ્યું છે. રિયલ એસ્ટેટમાં જે કરોડો કડિયાઓ, મિસ્ત્રીઓ, સુથારો, લુહારો, મજૂરો, મુકાદમો, દલાલો વગેરેને રોજી મળતી હતી તે હમણા સદંતર બંધ થઈ ગઈ છે. તેમાં મોટા ભાગના લોકો રોજનું કમાઈને રોજનું ખાનારા છે. જો ૩૦ દિવસ માટે પણ લોકડાઉન રહ્યું તો તેમાંના ઘણા ગરીબો ભૂખમરાનો ભોગ બનશે.

**સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હોય તેવું ચીન કે પાકિસ્તાન સાથેનાં યુદ્ધો દરમિયાન પણ બન્યું નહોતું. વર્તમાનમાં આપણે કોઈ અભૂતપૂર્વ કટોકટીનો મુકાબલો કરી રહ્યા છીએ.**


લોકડાઉનને કારણે દેશનો મનોરંજન ઉદ્યોગ પણ મરણતોલ હાલતમાં મૂકાઈ જશે. તમામ ફિલ્મો અને નાટકોનાં થિયેટરો બંધ કરાવવામાં આવ્યા છે. તદુપરાંત સ્ટેજ શો, ફેશન પરેડ, ઈવેન્ટ મેનેજમેન્ટ વગેરે પણ બંધ કરવાની ફરજ પાડવામાં આવી છે. ફિલ્મોના અને ટીવી સિરિયલોના શૂટીંગ પણ અટકાવી દેવામાં આવ્યાં છે. તેને કારણે થિયેટર માલિકો, તેમના કર્મચારીઓ, કલાકારો, મેક અપ મેનો, ડ્રેસ ડિઝાઈનરો, ગાયકો, સંગીતકારો, કોરિયોગ્રાફરો, જુનિયર આર્ટિસ્ટો, પીઆરઓ, ડ્રાઈવરો વગેરે પણ બેકાર બની ગયા છે. દેશમાં આઈપીએલ જેવી ક્રિકેટ ટુર્નામેન્ટો મોકૂફ રાખવાને કારણે પણ સ્ટેડિયમના કર્મચારીઓ વગેરેની રોજી ખતરામાં આવી ગઈ છે.

લોકડાઉનને કારણે દેશના કરોડો દુકાનદારો, તેમના કર્મચારીઓ, તેમને પુરવઠો પહોંચાડતા માણસો, હોલસેલરો, સેમી હોલસેલરો વગેરે મુસીબતમાં મૂકાઈ ગયા છે. અનાજ અને કરિયાણાને બાદ કરતાં તમામ દુકાનો અનિશ્ચિત્ત મુદ્દત માટે બંધ કરી દેવામાં આવી છે. કરોડો ફેરિયાઓને પણ ઘરે બેસવાની ફરજ પાડવામાં આવી છે. દેશમાં કૃષિ પછી રોજગાર પેદા કરતું સૌથી મોટું ક્ષેત્ર છૂટક દુકાનદારી છે. લોકડાઉનને કારણે તેઓ બરબાદ થવાની કગાર પર મૂકાઈ ગયા છે.

આપણે આ લેખના પ્રારંભમાં જોયું તેમ કોઈ પણ રોગ કરતાં તેનો ઉપચાર વધુ વિનાશક હોવો જોઈએ નહીં. હાલમાં ભારતમાં આશરે ૫૦૦ નાગરિકો કોરોના પોઝિટીવ આવ્યા છે, જેમાંના દસેક નાગરિકોનાં મરણ થયાં છે. ૧૩૮ કરોડની વસતિમાં જ્યાં વર્ષે સવા લાખ નાગરિકો ફ્લૂથી મરતાં હોય ત્યાં આ મોટો આંકડો ગણાય નહીં. જો આગામી સાત દિવસમાં કોરોનાને કારણે કોઈ મોટું નુકસાન જોવા ન મળે તો સરકાર ઉચિત નિર્ણય કરીને લોકડાઉન સંકેલી લેશે તેવી આશા રાખીએ.

# કોરોનાના ૮૦ ટકા દર્દીઓ કોઈ પણ સારવાર વગર સાજા થઈ શકે છે

કોરોનાનો વાયરસ કેન્સર કરતાં ઘણો ઓછો ઘાતક છે. જેમને કેન્સર થાય છે તેમના મરણનો દર લગભગ ૧૦૦ ટકા જેટલો હોય છે. તેની સરખામણીમાં કોરોનાથી થતાં મરણનો દર ચાર ટકાથી વધુ જોવા મળ્યો નથી. છેલ્લામાં છેલ્લા આંકડાઓ મુજબ કોરોના વાયરસનો ચેપ દુનિયાના જે ૨.૧૧ કરોડ લોકોને લાગ્યો છે, તેમાંના માત્ર ૭.૫૯ લાખ લોકોનાં જ મરણ થયાં છે. જો ટકાવારી ગણીએ તો કોરોનાનો ચેપ લાગ્યો હતો તેમાંના ચાર ટકા દર્દીઓનાં જ મરણ થયાં છે. કોરોનાનો ભોગ બનેલા બીજા ૯૬ ટકા દર્દીઓ સાજા થઈને પોતાના ઘરે ગયા છે. બીજા શબ્દોમાં કહીએ તો જેટલા દર્દીઓનાં મરણ થયાં છે તેના કરતાં ૨૪ ગણા દર્દીઓ સાજા થઈને પોતાના ઘરે ગયા છે. દુનિયાની વસતિ આશરે ૬૫૦ કરોડની છે તે જોતાં ૭.૫૯ લાખ દર્દીનાં મોત કાંઈ વધુ ન કહેવાય. હૃદયરોગથી દર વર્ષે ૧૭૯ લાખ લોકોનાં મરણ થાય છે. કેન્સરથી દર વર્ષે આશરે ૯૬ લાખ લોકોનાં મરણ થાય છે. વર્ષે ૧૬ લાખ લોકો ટીબીથી મરણ પામે છે. જો આપણે કેન્સર, ટીબી અને હૃદય રોગથી નથી ડરતા તો કોરોના વાયરસથી ડરવાની શું જરૂર છે? કોરોના વાયરસથી થતી બીમારી ફ્લુની બીમારીને મળતી આવે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના અંદાજ મુજબ વિશ્વમાં ફ્લુથી દર વર્ષે ૬.૫ લાખ લોકોનાં મરણ થાય છે, જેમાંનાં સવા લાખ મરણ ભારતમાં થાય છે. ભારતમાં ફ્લુથી જે મરણ



થતાં હોય તેમાંના કેટલાંક મરણ કોરોના વાયરસમાં ગણાઈ જાય તો પણ આંકડો વધી શકે છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે રાહત આપનારી વાત કરી છે કે જે દર્દીના શરીરમાં નોવેલ કોરોના વાયરસ પ્રવેશી ગયો હોય તેમાંના પણ ૮૦ ટકા લોકોને હોસ્પિટલમાં સારવાર આપવાની જરૂર પડતી નથી. તેઓ પોતાના ઘરે રહીને આરામ કરે તો કોઈ પણ દવા વગર સાજા થઈ શકે છે. બાકીના ૨૦ ટકા પૈકી ૧૫ ટકા ફેમિલી ડોક્ટરની દવાથી સાજા થઈ શકે છે. કોરોનાના માત્ર પાંચ ટકા દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરીને વિશેષ સારવાર આપવાની જરૂર હોય છે.

થોડી માંડીને વાત જોઈએ. શું ગંભીર મહામારિએવો કોરોના વાયરસ ખરેખર અત્યંત જીવલેણ અને ઘાતકી છે? ઈન્ફેક્શન લાગ્યાના થોડા જ કલાકોમાં વ્યક્તિનું મૃત્યુ નિશ્ચિત છે? જવાબ છે સ્પષ્ટ ના. WHO ના છેલ્લા આંકડા કહે છે કે તેનો મૃત્યુ દર ૪ટકાની આસપાસ છે. માત્ર પાંચ ટકા દર્દીઓને વેંટીલેટર જેવી સુવિધાની જરૂર રહે છે, અને પંદર ટકા દર્દીઓને હોસ્પિટલમાં અથવા આઈસીયુમાં દાખલ થવાની જરૂર પડે પણ બાકીના ૮૦ટકા કોરોના પોઝિટિવ દર્દીઓનું શું?મોટા ભાગના લોકોને એ ખબર જ નથી કે કોરોના ઈન્ફેક્શનનો રિપોર્ટ એકદમ પોઝીટીવ આવ્યા પછીય ૮૦ટકા દર્દીઓ કે જેમને કોઈ ખાસ ગંભીર લક્ષણો નથી એ બધાને તો ઘેર જ રહેવાનુ છે.

આ ઈન્ફેક્ટેડ ૮૦ટકા દર્દીઓ માટે "હોમ કેર આઈસોલેશન" ના નામે ઓળખાતી WHO ની ગાઈડલાઈન પ્રકાશિત થઈ છે.જો થોડુંક પણ આયુર્વેદનું

જ્ઞાન હોય તેઓને તો આ ગાઈડલાઈન વાંચવામાં વૈજ્ઞાનિક રીતે સાવ અધૂરી લાગે.ઈન્ફેકશન થઈ ગયું છે તો એ દર્દીઓ માટે કરવાનું શું ? તો ગાઈડલાઈનમાં કહ્યું છે કે પૂરેપુરી સાવધાની રાખવાની, દર્દીઓને એકલા રાખવાના, ડોકટરોએ અને દર્દીઓએ માસ્ક પહેરવાના તથા પડદા- ચાદરો- વાસણો અને રૂમ-બારીઓ અત્યંત બારીકાઈથી દિવસમાં અનેક વખત સાફ કર્યા કરવાના. બસ, બીજું કઈ નહીં. પણ તે દર્દીઓની આહાર-વિહારની કોઈ કાળજી રાખવાની ? દર્દી ઉજાગરા કરીને ટીવી જુએ તો ચાલે ? શ્વસનતંત્રના રોગના આ દર્દી આખો દિવસ એકદમ ચોખ્ખાં પણ અતિશય દહીં - દૂધ - આઈસ્ક્રીમ ખાય તો ચાલે ? નવાઈ લાગે તેવી રીતે WHO ની ગાઈડલાઈન દર્દીઓના ખોરાક-પાણી બાબતે સ્વચ્છતા ઉપરાંત એકપણ શબ્દ કહેતી નથી. ક્યાંથી કહે? એલોપેથીમાં તેમાં ચોક્કસ રિસર્ચ હજુ સુધી થયું જ નથી.

જોકે તેના કરતાં હજુય મોટી નવાઈ લાગે તેવી વાત તો એમ છે કે આયુર્વેદના પક્ષકારો પણ આ બાબતે સાવ મૌન છે. એક બાજુ એલોપેથી વિજ્ઞાન માત્ર ૨૦ટકા દર્દીઓને સારવારની વાત માટે આખા જગતભરનું સમર્થન અને સહયોગ મેળવી ચૂક્યું છે જ્યારે આયુર્વેદમાં ક્ષમતા અને સરળતા બેઉ હોવા છતાં ૮૦ટકા જેવી મોટી સંખ્યા ધરાવતા દર્દીઓના સમૂહને પ્રાથમિક માર્ગદર્શન આપી શકવાનું તંત્ર કમસે કમ ભારતમાં પણ ગોઠવાયું નથી.શરૂઆતમાં એક પ્રાથમિક ગાઈડલાઈન બહાર પાડયા બાદ આયુષ મંત્રાલયે આખી પરિસ્થિતિને સાવ વિપરીત ગણીને, આપણાંથી તો આ ગંભીર રોગની સારવારમાં કશુંય ના થાય તેમ કહીને અમે તો માત્ર પ્રિવેન્શન જ કરી શકીએ તેમ કહીગામે-ગામ સરકારી આયુર્વેદ દવાખાનાઓમાં ઉકાળા પીવડાવીને સંતોષ માન્યો છે.

હળવો સુપાચ્ય ખોરાક લેવો એમ એક વાક્ય કહી દેવું એની બદલે જ્યારે આખા એલોપેથીમાં આહાર-વિહાર અંગે કોઈ માર્ગદર્શન જ નથી ત્યારે હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓને કે સેલ્ફ-ક્વારન્ટાઈન થયેલા દર્દીઓને આહાર વિહાર તો આયુર્વેદ પ્રમાણે જ પદ્ધતિસર અને રોગની અવસ્થા અનુસાર જ મળશે એ સ્પષ્ટ આદેશ આયુષ મંત્રાલય ન લાવી શકતું હોય તો કરોડોનું બજેટ શું ફીફાં ખાંડવા માટેનું છે?વાયરસ એ સેલ્ફ લિમિટિંગ જીવ છે. શરીરની રોગ પ્રતિકાર શક્તિ જ એનો મુકાબલો છે. હજારો લાખો વ્યક્તિઓ અને ચિકિત્સકોનો અનુભવ છે કે પથ્યપાલન કરવાથી, ઉપવાસ - આરામ અને અનુભવસિદ્ધ ઔષધિઓ આપવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે, રોગ આગળ વધતો અને ગંભીર થતો અટકે છે. જો આ સંક્રમણકાળમાં આવું કઈ થોડુંક પણ પ્રાયોગિક રીતે વધુ સ્પષ્ટતાથી (વૈજ્ઞાનિકતાથી) સાબિત થઈ શકે તો આયુર્વેદનું કેટલું મોટું કામ થાય ?

**કોરોના ઈન્ફેક્શનના કમસે કમ ગંભીર ન હોય તેવા કેસોમાં આયુર્વેદની ઈન્ડોર સુવિધા મળે તો ઉપવાસ વગેરેથી અને શાસ્ત્રીય ઉપાયોથી ચમત્કાર સર્જી શકાય તેમ છે.**

આયુર્વેદના નિષ્ણાતો કહે છે કે કોરોના ઈન્ફેકશનથી બચવા દૂધ-દહીંનો વપરાશ ન કરો, હળવા તાવ જેવુ જ લાગે તો ઉપવાસ અને આરામ કરો , પાણી વધુ નહીં પણ થોડુંક થોડુંક ઉકાળેલું, હુંફાળું અને ગરમ જ પીઓ, ખાટા અને મીઠા પદાર્થો, (ફળો પણ) ન લો, એવી કોઈ આયુષ મંત્રાલયની જાહેરાત તમે મોટા પાયે ટીવી-છાપામાં જોઈ?આયુર્વેદના વૈદ્યને પણ મહાભારતના કર્ણની જેમ અણીના વખતે વિદ્યા ભૂલી જવાનો અભિશાપ હોય તેમ લાગે છે નહીંતર ચરક સંહિતામાં આખે-આખા ગામ ઉજડી જાય ત્યારે થતી પરિસ્થિતિનું લંબાણથી વર્ણન છે, જવરની સૂક્ષ્મ સ્થિતિઓનું પણ નિદાન અને ચિકિત્સા સાથે લંબાણથી વર્ણન છે.

કોરોના ઈન્ફેક્શનના કમસે કમ ગંભીર ન હોય તેવા કેસોમાં આયુર્વેદની ઈન્ડોર સુવિધા મળે તો ઉપવાસ વગેરેથી અને શાસ્ત્રીય ઉપાયોથી ચમત્કાર સર્જી શકાય. ઈ.સ. ૧૯૧૮માં સ્પેનિશ ફ્લૂ સમગ્ર વિશ્વમાં ખતરનાક રીતે ફેલાયેલો ત્યારે આયુર્વેદની ત્રિભુવનકિર્તિ રસ અને લક્ષ્મીવિલાસ રસે બહુ મોટો પ્રભાવ બતાવેલો, પણ એ ઈતિહાસ કેટલા ને ખબર હશે ? ચિકનગુનીઆ કે ચેપી કમળા વખતે પણ આયુર્વેદે જ કેટલાયને ઉગાર્યા છે. આજે ભારતમાં વિદેશથી આવતા લાખો લોકોને ફરજિયાત હોમ ક્વોરન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે ત્યારે આયુર્વેદના સિદ્ધ થઈ ગયેલા ઉપચારો તજજ્ઞ વૈદરાજોના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે તો લાખો દર્દીઓ ઝડપથી સાજા થઈ શકે તેમ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી જો ભારતના આયુર્વેદના વારસા બદલ ગર્વ અનુભવતા હોય તો તેમણે હોમ ક્વોરન્ટાઈન નાગરિકો માટે આયુર્વેદ મુજબની ગાઈડલાઈન બહાર પાડવી જોઈએ.

# કોરોના ટેસ્ટિંગ કિટમાંથી કમાણી કરવા માટે ખાનગી કંપનીઓ વચ્ચે હરિફાઈ




કોરોના વાયરસનો ડર જેમ જેમ વધતો જાય છે તેમ તેમાંથી કમાણી કરવાનો ખાનગી ફાર્માસ્યુટિકલ કંપનીઓનો લોભ પણ વધતો જાય છે. ચીનથી કોરોના વાયરસ ફેલાઈ જવાના સમાચાર આવ્યા તે પછી ભારત સરકારે અને દુનિયાભરની સરકારોએ પહેલું કામ કોરોના સંદિગ્ધોની તપાસનું કર્યું હતું. આ તપાસ માટે એક ખાસ ટેસ્ટિંગ કિટની જરૂર પડે છે. આ કિટ દુનિયાની બે જ મલ્ટિનેશનલ કંપનીઓ બનાવે છે. તેમાંની રોશ કંપની સ્વિત્ઝર્લેન્ડની છે તો થર્મોફીશર નામની કંપની અમેરિકાની છે. કોરોના વાયરસના ગભરાટને કારણે આ બે કંપનીઓની કિટની ડિમાન્ડ અચાનક વધી ગઈ હતી. અમેરિકાની સરકારે રોશ કંપનીને અને થર્મોફીશરને ઉતાવળે કિટ બનાવવાનું લાઈસન્સ આપી દીધું હતું. હવે દુનિયાભરના દેશોમાં આ ટેસ્ટિંગ કિટની ડિમાન્ડ નીકળી છે ત્યારે આ બે કંપનીઓ કરોડો ડોલરની કમાણી કરી લેશે તે પણ નક્કી છે.

થોડા દિવસ પહેલાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પૂછવામાં આવ્યું હતું કે શું અમેરિકાનો દરેક નાગરિક કોરોનાનો ટેસ્ટ કરાવવા માગતો હોય તો અમેરિકામાં તેટલી કિટ ઉપલબ્ધ છે ખરી? ડોનાલ્ડ ટ્રમ્પે જવાબ આપ્યો હતો કે, તેનો જવાબ તમને રોશ કંપનીના ઉચ્ચ અધિકારી જ આપશે, જેઓ અહીં હાજર છે. આટલું કહીને ટ્રમ્પે રોશ કંપનીના ઉચ્ચ અધિકારીને માઈક સોંપ્યું હતું. તેમણે ટીવીના કેમેરા સામે આવીને જાહેર કર્યું હતું કે અમારી કંપની દર સપ્તાહે ચાર લાખ કિટ બનાવી શકે તેમ છે. બીજી થર્મોફીશર નામની કંપનીએ જાહેર કર્યું હતું કે તેમની કંપની રોજની સાત લાખ કિટ તેમની ફેક્ટરીમાં બનાવી શકે તેમ છે. ભારત સરકારે જે ૧૪ ખાનગી લેબોરેટરીઓને કોરોનાનું ટેસ્ટિંગ કરવાની પરવાનગી આપી છે તેમાં શરત કરવામાં આવી છે કે તેમણે યુરોપ અથવા અમેરિકાની સરકાર દ્વારા પ્રમાણિત કરવામાં આવેલી ટેસ્ટિંગ કિટ જ વાપરવાની રહેશે. વર્તમાનમાં ભારત સરકાર જે ટેસ્ટ કરે છે, તેમાં એક ટેસ્ટિંગ પાછળ પાંચ હજાર રૂપિયાનો ખર્ચો થાય છે.

ચીનમાં કોરોના વાયરસના વાવડ આવ્યા તે પછી ભારત સરકાર સતર્ક થઈ ગઈ હતી અને વિદેશથી આવતા સંદિગ્ધ દર્દીઓનું કોરોના માટે ટેસ્ટિંગ શરૂ કરવામાં આવ્યું હતું. ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચના પ્રવક્તાના જણાવ્યા મુજબ સરકારી લેબોરેટરીઓમાં ૧૮ માર્ચ સુધીમાં ૧૧,૫૦૦ સેમ્પલોનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. સરકારના જણાવ્યા મુજબ તેને એક સેમ્પલનું ટેસ્ટિંગ કરવા પાછળ આશરે ૪,૫૦૦ રૂપિયાનો ખર્ચો થાય છે. સરકારી લેબોરેટરીમાં આ ટેસ્ટ મફત કરવામાં આવે છે. સરકારનો વહીવટી ખર્ચ ટેસ્ટદીઠ ૫૦૦ રૂપિયા ગણતાં તેનો અર્થ એ થયો કે સરકાર દ્વારા દરેક કિટ પાછળ આશરે ૪,૦૦૦ રૂપિયાનો ખર્ચો કરવામાં આવે છે.

કોરોના વાયરસની રસી જ્યારે પણ શોધાશે ત્યારે મલ્ટિનેશનલ ફાર્માસ્યુટિકલ કંપનીઓ તેમાંથી તો પ્રચંડ કમાણી કરશે જ; પણ અત્યારે તેઓ ટેસ્ટિંગ કિટ વેચીને જે કમાણી કરી રહી છે, તેનો આંકડો પણ ચક્કર આવી જાય તેવો છે. સ્વિસ રોશ કંપનીના જણાવ્યા મુજબ તે દર સપ્તાહે ચાર લાખ કિટનું ઉત્પાદન કરી શકે તેમ છે. જો એક કિટના ચાર હજાર રૂપિયા ગણવામાં આવે તો ચાર લાખ કિટની કિંમત ૧૬૦ કરોડ રૂપિયા થાય. આટલી કમાણી

એક સપ્તાહની છે. થર્મોફીશર કંપનીના દાવા મુજબ તે રોજની સાત લાખ કિટ બનાવી શકે તેમ છે. સ્વાભાવિક છે કે આટલી બધી કિટની અમેરિકામાં જરૂર ન હોય. થર્મોફીશર કંપની આ કિટની ભારત જેવા અનેક દેશોમાં નિકાસ કરીને તેમાંથી કમાણી કરશે. જો એક કિટની કિંમત ચાર હજાર રૂપિયા હોય તો સાત લાખ કિટની કિંમત ૨૮૦ કરોડ રૂપિયા થાય. થર્મોફીશર કંપની રોજની આટલી કમાણી કરશે.

ભારત સરકારે જ્યારે ખાનગી લેબોરેટરીઓને કોરોનાનું ટેસ્ટિંગ કરવાની પરવાનગી આપી ત્યારે એવો આગ્રહ રાખ્યો હતો કે તેમણે આ ટેસ્ટિંગ વિનામૂલ્યે કરવું. એક પણ ખાનગી લેબોરેટરી મફતમાં ટેસ્ટ કરવા તૈયાર થઈ નહોતી. હવે ભારત સરકારે તેમને ૪,૫૦૦ રૂપિયામાં એક ટેસ્ટ કરવાની પરવાનગી આપી છે. હવે તેઓ ટેસ્ટિંગ કિટ બનાવતી વિદેશી કંપનીઓ પાસેથી હોલસેલમાં કિટો ખરીદી તગડી કમાણી કરશે. વર્તમાનમાં ટેસ્ટિંગ સવલતના અભાવે સરકાર દ્વારા અનિવાર્ય હોય તેવા કેસોમાં જ ટેસ્ટિંગ કરવામાં આવે છે. હવે સરકારે પ્રાઈવેટ લેબોરેટરીઓને લાઇસન્સ આપી દેતાં તેઓ બિનજરૂરી ટેસ્ટ પણ કરવા લાગશે. જે કોઈ દર્દીને શરદી, ખાંસી કે તાવ હશે તે પોતાના ફેમિલી ડોક્ટર પાસે જશે ત્યારે ડોક્ટર તેને કોરોનાનું ટેસ્ટિંગ કરાવવાનું કહેશે. આ ટેસ્ટિંગ થકી લેબોરેટરીઓ કમાણી કરશે અને ડોક્ટરોને પણ તગડું કમિશન મળશે.

કોરોના વાયરસ માટે જે ટેસ્ટ કરવામાં આવે છે તેને તબીબી ભાષામાં પોલિમરેઝ ચેઇન રિએક્ટર(પીસીઆર) ટેસ્ટ તરીકે ઓળખવામાં આવે છે. સ્વાઈન ફ્લુ અને ટી.બી. જેવા વિષાણુના ટેસ્ટિંગ માટે પણ પીસીઆર ટેસ્ટનો જ પ્રયોગ કરવામાં આવતો હોય છે. કોરોના વાયરસ માટે હોમ બ્રુ નામની પદ્ધતિ વાપરવામાં આવે છે, જેમાં પ્રોબ્સ, પ્રાઈમર વગેરે દ્રવ્યોની જરૂર પડતી હોય છે. કોરોના ટેસ્ટ પણ બે તબક્કામાં થાય છે. પહેલી ટેસ્ટ સ્ક્રિનીંગ તરીકે ઓળખાય છે, જેમાં આશરે ૧,૫૦૦ રૂપિયાનો ખર્ચો થતો હોય છે. બીજી કન્ફર્મેટરી ટેસ્ટ પાછળ આશરે ૩,૦૦૦ રૂપિયાનો ખર્ચો થાય છે. જે ૪,૫૦૦ રૂપિયાનો ખર્ચો થાય છે, તેમાં મુખ્ય કિટની કિંમત જ હોય છે.

**વિદેશી કંપનીઓ જ્યારે ભારત જેવા દેશોને ઊંચી કિંમતે ટેસ્ટિંગ કિટ વેચી રહી છે ત્યારે ભારતની બે ફાર્માસ્યુટિકલ કંપનીઓ સસ્તામાં કિટ બનાવવા આગળ આવી છે.**

વિદેશી કંપનીઓ જ્યારે ભારત જેવા દેશોને ઊંચી કિંમતે ટેસ્ટિંગ કિટ વેચી રહી છે ત્યારે ભારતની બે ફાર્માસ્યુટિકલ કંપનીઓ સસ્તામાં કિટ બનાવવા આગળ આવી છે. આ કંપનીઓ ટ્રિવિટ્રોન હેલ્થકેર અને માયલેબ ડિસ્કવરી સોલ્યુશન છે. તેમણે ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા પાસે કિટ બનાવવાની મંજૂરી માગી છે, પણ તેમને હજુ સુધી મંજૂરી આપવામાં આવી નથી. ચેન્નાઈમાં પોતાની હેડ ઓફિસ ધરાવતી ટ્રિવિટ્રોન કંપની તો ચીની કંપની સાથે ભાગીદારી ધરાવે છે, જેણે ચીની સરકારને કોરોના ટેસ્ટિંગ કિટ સપ્લાય કરી હતી. આ કંપનીના ચેરમેન જી. એસ. કે. વેલુ કહે છે કે જો તેમને જથ્થાબંધ ઓર્ડર આપવામાં આવે તો તેઓ માત્ર ૫૦૦ રૂપિયામાં આ કિટ સપ્લાય કરી શકે તેમ છે. જી.એસ.કે. વેલુના જણાવ્યા મુજબ તેમની ચેન્નાઈની ફેક્ટરીમાં તેઓ રોજની સાત લાખ કિટનું ઉત્પાદન કરી શકે તેમ છે. ભારતની કંપની જે કિટ માત્ર ૫૦૦ રૂપિયામાં વેચી શકે તેને ચાર હજાર રૂપિયામાં વેચીને મલ્ટિનેશનલ કંપનીઓ કેટલી કમાણી કરતી હશે?

નોવેલ કોરોના વાયરસ હજુ નવો છે. તેની કોઈ પ્રમાણભૂત દવા શોધાઈ નથી. તેમ છતાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મલ્ટિનેશનલ ફાર્માસ્યુટિકલ કંપનીઓના દલાલની જેમ વર્તીને અમુક કંપનીઓની દવાનો પ્રચાર કરી રહ્યા છે. થોડા સમય પહેલાં ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વિટ કરીને જણાવ્યું હતું કે મેલેરિયાની સારવાર માટે વપરાતી હાઈડ્રોક્સિક્લોરોક્વિન નામની દવા કોરોના વાયરસની સારવાર માટે અક્સીર છે. હકીકતમાં આ દવા પર ફ્રાન્સમાં પ્રયોગો ચાલી રહ્યા છે, પણ કોરોનામાં તેની ઉપયોગિતા પુરવાર થઈ નથી. ડોનાલ્ડ ટ્રમ્પ આ દવા બનાવતી ફાર્માસ્યુટિકલ કંપનીઓ વતી તેનું માર્કેટિંગ કરી રહ્યા હતા. જો અમેરિકાના પ્રમુખ કોઈ ફાર્માસ્યુટિકલ કંપનીના સેલ્સમેન બની જતાં હોય તો તે કંપનીઓ કેટલી શક્તિશાળી હશે? તેનો અંદાજ તમે લગાવી શકો છો.

# દુનિયાને ભયભીત કરનારો કોરોના વાયરસ ચીનના જૈવિક હથિયારોનો ભાગ છે?

કોરોના વાયરસ સામાન્ય રીતે પ્રાણીઓમાં જોવા મળતો હોય છે. આ વાયરસ પ્રાણીઓનાં શરીરમાંથી મનુષ્યોના શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે ચિંતાનું કારણ બને છે. કોરોના વાયરસ કોઈ એકલદોકલ વાયરસ નથી પણ વાયરસનો આખો પરિવાર છે. સાર્સ, બર્ડ ફ્લુ, સ્વાઇન ફ્લુ વગેરે વાયરસો પણ કોરોના વાયરસના પરિવારના સભ્યો છે. આ કારણે જ વર્તમાનમાં દુનિયાને ભયભીત કરનારો કોરોના વાયરસ ચીનમાં પહેલી વખત દેખાયો ત્યારે તેને નોવેલ (નવી જાતના) કોરોના વાયરસ તરીકે ઓળખવામાં આવ્યો હતો. થોડા સમય પછી તેને કોવિડ-૧૯ એવું નામ આપવામાં આવ્યું હતું. કોરોના વાયરસનો અત્યાર સુધીમાં જેટલા લોકોને ચેપ લાગ્યો છે તેમાંના માંડ બે ટકાનાં જ મોત થયાં છે. બાકીના લોકો કોરોના વાયરસનો મુકાબલો કરીને જીવતા રહ્યા છે. જે વાયરસનો મોર્ટાલિટી રેટ બે ટકા જેટલો જ હોય તેનાથી બિલકુલ ભયભીત થવાની જરૂર ન હોય; તો પછી કોરોના વાયરસને કારણે દુનિયા આટલી બધી ભયભીત થઈ ગઈ છે તેનું રહસ્ય શું છે?

કોઈ પણ નવા વાયરસની શોધ થાય તે પછી તે જ્યાં સુધી પોતાની વિનાશકતા બતાડે નહીં ત્યાં સુધી તેનાથી ભયભીત થવાનું કોઈ કારણ હોતું નથી. ઈ.સ.૧૯૧૮માં જગતભરમાં સ્પેનિશ ફ્લુનો વાયરસ ત્રાટક્યો ત્યારે તેને કારણે આશરે



આઠ કરોડ લોકોનાં મરણ થયાં હતાં. તેને કારણે આજ દિન સુધી આપણે સ્વાઇન ફ્લુથી કે બર્ડ ફ્લુથી ડરીએ છીએ. કોરોના વાયરસને કારણે હજુ દસ હજાર જેટલાં મોત પણ નથી થયાં તેમ છતાં તેનો આટલો ગભરાટ કેમ છે? તેનું કારણ એક જ હોઇ શકે કે નોવેલ કોરોના વાયરસ મનુષ્ય દ્વારા પેદા કરવામાં આવ્યો છે અને તેને પેદા કરનારા લોકોને તેની વિનાશકતાનો ખ્યાલ છે. આજના ઘણા નિષ્ણાતો પણ માનવા લાગ્યા છે કે ચીનના વુહાન શહેરમાં જૈવિક હથિયાર તરીકે જિનેટિકલી મોડિફાઇડ કોરોના વાયરસ તૈયાર કરવામાં આવ્યો હતો. આ વાયરસ કોઈ અકસ્માતને કારણે લિક થઈ ગયો અને દુનિયાભરમાં ફેલાઈ ગયો છે.

અમેરિકામાં બાયોલોજિકલ (જૈવિક) હથિયારોનો કાયદો ઘડનારા ડો. ફ્રાન્સિસ બોયલ સોય ઝાટકીને કહે છે કે વુહાન કોરોના વાયરસ જૈવિક યુદ્ધનું શસ્ત્ર છે અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનને તેની જાણ છે. માટે જ તેને જાગતિક મહામારી જાહેર કરવામાં આવી છે. ડો. બોયલ કહે છે કે ચીનનાં વુહાન શહેરમાં આવેલી બાયોસેફ્ટી લેવલ-૪ લેબોરેટરીમાં કોરોના વાયરસ પર પ્રયોગો ચાલતા હતા, જેનો ઉપયોગ ચીન જૈવિક હથિયાર તરીકે કરવા માગતું હતું. તેમાં કોઈ ગરબડ થતાં વાયરસ બહાર પડી ગયો હતો. તેને કારણે ચીનની સરકારે પ્રારંભમાં તેને છાવરવાની કોશિષ કરી હતી; પણ વાયરસ ચીનમાં ફેલાઈ ગયો તે પછી તેને રોકવા યુદ્ધના ધોરણે કાર્યવાહી આરંભી હતી.

ગ્રેટગેમઇનઇન્ડિયા નામની વેબસાઇટના દાવા મુજબ ૨૦૧૨માં સૌથી પહેલાં સાઉદી અરેબિયામાં કોરોનો વાયરસની શોધ થઈ હતી. ત્યાંથી તેને કેનેડાની લેબોરેટરીમાં વધુ પ્રયોગો માટે લઈ જવામાં આવ્યો હતો. કેનેડાની લેબોરેટરીમાં કેટલાક ચીની વિજ્ઞાનીઓ પણ કામ કરતા હતા. તેમણે નોવેલ કોરોના વાયરસની

દાણચોરી કરી હતી અને તેને વુહાનની લેબોરેટરીમાં લઈ જઈને તેના પર પ્રયોગો કરવા લાગ્યા હતા. ચીનનો ઈરાદો જૈવિક હથિયારો તૈયાર કરવાનો હતો.

સાઉદી અરેબિયાના પાટનગર જેદાહની હોસ્પિટલમાં ૧૩ જૂન, ૨૦૧૨ના ૬૦ વર્ષના આરબને દાખલ કરવામાં આવ્યો હતો, જેને હૃદયરોગ નહોતો તો પણ તેને તાવ આવતો હતો અને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. જેદાહની હોસ્પિટલમાં સેવા આપતા ઈજિપ્તના વાયરોલોજિસ્ટ ડો. અલી મોહમ્મદ ઝાકીએ તેના શરીરમાંથી નવી જાતનો કોરોના વાયરસ શોધી કાઢ્યો અને તેને વધુ તપાસ માટે નેધરલેન્ડની હોસ્પિટલમાં મોકલી આપ્યો. નેધરલેન્ડના ડોક્ટરે તેને કેનેડાની નેશનલ માઈક્રોબાયોલોજી લેબોરેટરીને મોકલી આપ્યો. ત્યાં તેના પર પ્રયોગો કરવામાં આવ્યા.

ઈ.સ.૨૦૧૯માં સમાચાર આવ્યા કે કેનેડાની લેબોરેટરીમાં જે ઘાતક કોરોના વાયરસ પર પ્રયોગો ચાલતા હતા તે દાણચોરીથી ચીનમાં પહોંચી ગયો છે. ચીન દ્વારા જૈવિક યુદ્ધ માટે કરવામાં આવી રહેલી જાસૂસીના ભાગરૂપે નોવેલ કોરોના વાયરસની દાણચોરી કરવામાં આવી હતી. આ વાતની જાણ થતાં કેનેડાની લેબોરેટરીમાં કામ કરી રહેલા ચીનના ડોક્ટરોને હાંકી કાઢવામાં આવ્યા હતા. કેનેડાની લેબોરેટરીમાં કામ કરતાં ચીનનાં મહિલા ડોક્ટર ઝિયાંગુઓ કિવ ૨૦૧૭માં અને ૨૦૧૮માં ચાર વખત ચીનની મુલાકાતે ગયા ત્યારે વાયરસની ફેરી કરતાં ગયાં હતાં. વુહાનની લેબોરેટરી બદનામ થયેલી જીવતાં પશુની બજારથી ૨૦ કિ.મી.ના અંતરે જ આવેલી છે.

જૈવિક હથિયારો બાબતમાં કાયદો ઘડનારા ડો. ફ્રાન્સિસ બોયલ કહે છે કે તમે ગુગલમાં સર્ચ કરશો તો પણ જાણવા મળશે કે ચીનમાં બાયોસેફ્ટી લેવલ-૪ (બીએસએલ-૪) લેબોરેટરી છે, જેનો ઉપયોગ દુનિયાભરમાં જૈવિક હથિયારોના નિર્માણ માટે કરવામાં આવે છે. અમેરિકામાં પણ આ પ્રકારની અનેક લેબોરેટરીઓ આવેલી છે, જેમાં જિનેટિક એન્જિનિયરીંગનો ઉપયોગ કરીને જૈવિક હથિયારોનું ઉત્પાદન કરવામાં આવતું હોય છે. ડો. બોયલના જણાવ્યા મુજબ વુહાનની જે લેબોરેટરી છે તેની વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનમાં નોંધણી પણ થયેલી છે. આ કારણે તેને બરાબર જાણ છે કે આ લેબોરેટરીમાં નોવેલ કોરોના વાયરસ પર પ્રયોગો ચાલી રહ્યા હતા. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને ખ્યાલ આવ્યો કે કોરોના વાયરસ બહાર પડ્યો છે ત્યારે તેણે કટોકટી જાહેર કરી હતી.

**ડો. ફ્રાન્સિસ બોયલ ચોંકાવનારો દાવો કરે છે કે ચીન અને અમેરિકા ઉપરાંત રશિયા, ઈઝરાયલ તેમ જ યુરોપના કેટલાક દેશોમાં પણ જૈવિક હથિયારો ઉપર પ્રયોગો ચાલી રહ્યા છે.**

ડો. બોયલ ચોંકાવનારો દાવો કરે છે કે ચીન અને અમેરિકા ઉપરાંત રશિયા, ઈઝરાયલ તેમ જ યુરોપના કેટલાક દેશોમાં પણ જૈવિક હથિયારો ઉપર પ્રયોગો ચાલી રહ્યા છે. આ બધા દેશોમાં પણ બીએસએલ-૪ કક્ષાની લેબોરેટરીઓ આવેલી છે. આ લેબોરેટરીઓનો જૈવિક હથિયારો બનાવવા સિવાય બીજો કોઈ ઉપયોગ નથી. ડો. બોયલના દાવા મુજબ અમેરિકામાં જ આશરે ૧૩,૦૦૦ વિજ્ઞાનીઓ જૈવિક હથિયારો વિકસાવવાની કામગીરી બજાવી રહ્યા છે. તેમના કહેવા મુજબ અમેરિકા જૈવિક હથિયારો પાછળ આશરે ૧૦૦ અબજ ડોલરનો ખર્ચો કરી ચૂક્યું છે. અમેરિકાની સહાયથી જ કેનેડામાં અને બ્રિટનમાં પણ લેબોરેટરીઓ ઊભી કરવામાં આવી છે.

ડો. બોયલ કહે છે કે વુહાનની લેબોરેટરીમાં કોઈ અકસ્માત થયો હોય અને નોવેલ કોરોના વાયરસ લિક થઈ ગયો હોય તેવું બની શકે છે. તેવો પહેલો કિસ્સો તા. ૧ ડિસેમ્બરે બન્યો હતો. શરૂઆતમાં ચીને તેને દબાવી દેવાનો પ્રયત્ન કરી જોયો હતો, પણ તે ફેલાઈ ગયો ત્યારે ચીને તેને રોકવા યુદ્ધના ધોરણે પ્રયત્નો આદર્યા હતા. ડો. બોયલ કહે છે કે કોરોના વાયરસ બાબતમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન પર વિશ્વાસ મૂકી ન શકાય; કારણ કે તે મલ્ટિનેશનલ ફાર્માસ્યુટિકલ કંપનીઓના એજન્ટ તરીકે કામ કરે છે. ડો. બોયલના કહેવા મુજબ સ્વાઈન ફ્લુનો વાયરસ પણ ફાર્માસ્યુટિકલ કંપનીઓ નફો રળે તે માટે જ તૈયાર કરવામાં આવ્યો હતો, પણ તે એટલો ઘાતક નહોતો. ડો. બોયલ કહે છે કે કેટલાક લોકો દુનિયાની વસતિ ઘટાડવા માગે છે. તેના માટે તેઓ જૈવિક હથિયારોનો પણ ઉપયોગ કરી રહ્યા છે. તેમનાથી સાવધાન રહેવાની જરૂર છે. ડો. બોયલના મતે સ્વાઈન ફ્લુના વાયરસ કરતાં નોવેલ કોરોના વાયરસ અનેક ગણો ઘાતક પુરવાર થઈ શકે છે.

# “કોરોના વાઈરસથી ડરો નહીં”
# તેવા પ્રચારને કારણે લોકોમાં ડર ફેલાય છે

(આ લેખ તા. ૬ માર્ચ, ૨૦૨૦ના અખબારમાં પ્રગટ થયો હતો)

જો કોઈ બાબતમાં પ્રજામાં ગભરાટ ફેલાવવો હોય તો તેનો સૌથી સહેલો રસ્તો ક્યો છે? સવાર, બપોર, સાંજ અને રાત દરમિયાન ટીવીમાં, રેડિયો પર, અખબારોમાં અને સોશિયલ મીડિયામાં પ્રચાર કરવો કે ફલાણી ચીજથી તમારે ડરવાની જરૂર નથી. આ સિમ્પલ સાઈકોલોજી છે કે લોકોને જે વસ્તુથી ડરવાનો નિષેધ કરવામાં આવે છે, તેથી તેઓ ખાસ ડરે છે. આજે તમામ પ્રચારનાં સાધનો લોકોને ચીસો પાડીને કહી રહ્યા છે કે કોરોના વાઈરસથી ડરવાની જરૂર નથી. આ પ્રચારને કારણે જ લોકોમાં ગભરાટ વધી રહ્યો છે. સરકારી પ્રવક્તાઓ એક બાજુ આપણને એમ કહે છે કે કોરોના વાઈરસથી ડરવાની જરૂર નથી; પણ બીજી બાજુ તેઓ એર પોર્ટ પર થર્મલ સ્ક્રીનિંગનાં મશીનો લગાડે છે અને વિદેશથી આવતાં દરેક યાત્રિકનું ચેકિંગ કરે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ જાહેર કરે છે કે તેઓ આ વર્ષે હોળી રમવાના નથી. જે દેશના વડા પ્રધાન પોતે કોરોના વાઈરસથી ડરતા હોય તેઓ પ્રજાને નહીં ડરવાનો સંદેશો કેવી રીતે આપી શકે?

દુનિયાના દેશોની સરકારો, તેમનું આરોગ્ય તંત્ર, ડોક્ટરો, નિષ્ણાતો, પત્રકારો, મીડિયા, ચેનલો, અખબારો બધા ભેગા થઈને કોરોના વાઈરસ બાબતમાં જે ગભરાટ ફેલાવવાનું કામ કરી રહ્યા છે તે હકીકતો સાથે




મેળ ખાય તેવું નથી. ભારત દેશની વસતિ ૧૩૦ કરોડની છે. તેમાં હજુ માત્ર ૩૦ નાગરિકોના શરીરમાં કોરોના વાઈરસની હાજરી જોવા મળી છે. તેમાંના એકનું પણ મરણ થયું નથી. તેમ છતાં કોરોના વાઈરસ બાબતમાં હાઉ ફેલાવવા પાછળ કોનો સ્વાર્થ છે? આપણા દેશમાં દર વર્ષે કેન્સરથી પાંચ લાખ અને ટી.બી.થી ચાર લાખ નાગરિકો મરી જાય છે. તેનો કોઈ વિચાર કરતું નથી પણ ચીનમાં કોરોના વાઈરસથી ૧૪૦ કરોડની વસતિમાં આશરે ત્રણ હજાર લોકો મરી ગયા તેનો આટલો બધો ઉહાપોહ શા માટે મચાવવામાં આવે છે? આ ઉહાપોહ મચાવવા પાછળ કોરોનાની રસી બનાવવા માટે પ્રયોગો કરી રહેલી કોઈ મલ્ટિનેશનલ કંપનીનો હાથ તો નથી ને?

હકીકતોની દૃષ્ટિએ જોઈએ તો કોરોના વાઈરસમાં અને ન્યુમોનિયામાં લક્ષણો સરખા હોય છે. ન્યુમોનિયામાં ફેફસાંમાં ચેપ લાગે છે, જેને કારણે શરદી, ખાંસી થાય છે, શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને તાવ આવે છે. કોરોના વાઈરસના કોઈ દર્દી અને ન્યુમોનિયાના દર્દી વચ્ચેનો ફરક અનુભવી ડોક્ટર પણ પારખી શકતા નથી. રક્તનું લેબોરેટરીમાં પરીક્ષણ કરાવવામાં આવે છે ત્યારે જ તેમાં કોરોના વાઈરસની હાજરીની ખબર પડે છે. તમને ખબર છે કે ન્યુમોનિયાથી દુનિયામાં અને ભારતમાં કેટલાં મરણ થાય છે? યુનિસેફના આંકડાઓ કહે છે કે ન્યુમોનિયાથી દુનિયામાં દર વર્ષે ૮.૮૦ લાખ બાળકોનાં મરણ થાય છે, જેમાંનાં ૧.૨૭ લાખ બાળકો ભારતનાં હોય છે. ૨૦૧૮માં ભારતમાં દર કલાકે ૧૪

બાળકોનાં ન્યુમોનિયાથી મોત થયાં હતાં; પણ તેના આંકડા પ્રસાર માધ્યમોમાં આવતા ન હોવાથી આપણા દિલમાં ન્યુમોનિયાનો ડર પેદા થતો નહોતો. હવે ધારો કે કોઇ દર્દીનું ન્યુમોનિયાથી મરણ થાય અને તેના શરીરમાં કોરોના વાઇરસ મળી આવે તો જાહેર કરી દેવામાં આવશે કે તેનું મરણ કોરોના વાઇરસને કારણે થયું છે. ચીનમાં જે ૩,૦૦૦ જેટલાં મોત કોરોના વાઇરસને કારણે થયાં હોવાનું કહેવાય છે, તેમાં આવી તો કોઇ રમત નથી ને?

કોઇ પણ વાઇરસ કેટલો ખતરનાક છે? તેનો ખ્યાલ તેની જીવલેણતા ઉપરથી આવે છે. દર ૧૦૦ દર્દીને જે વાઇરસનો ચેપ લાગે, તેમાંથી કેટલાનાં મરણ થાય છે? તેના પરથી તેની જીવલેણતા નક્કી કરવામાં આવે છે. દુનિયામાં જે સૌથી જીવલેણ ૧૦ વાઇરસ ઓળખી કાઢવામાં આવ્યા છે તેમાં કોરોના વાઇરસનું ક્યાંય નામનિશાન જોવા મળતું નથી. દુનિયામાં જો કોઈ સૌથી જીવલેણ વાઇરસ હોય તો તે રેબીસ (હડકવા) નો વાઇરસ છે. હડકવાનો રોગ કૂતરું કરડવાથી થાય છે. જો કૂતરું કરડ્યા પછી તેનું ઇન્જેક્શન ન લેવામાં આવે અને હડકવા થાય તો દર્દીનું ૧૦૦ ટકા મરણ થાય છે. બીજા શબ્દોમાં રેબીસની જીવલેણતા ૧૦૦ ટકા જેટલી છે. તેમ છતાં આપણે કૂતરાં પાડવાનું બંધ કરતા નથી. જો આપણે રેબીસથી ડરતા નથી તો કોરોનાથી ડરવાની શું જરૂર છે?

રેબીસ પછી બીજા નંબરનો જીવલેણ વાઇરસ બાલામુથિયા એન્સેફેલાઇટિસ છે. તેની જીવલેણતા ૯૮ ટકા જેટલી છે. ત્યાર બાદ બ્રેઇન ઈટિંગ અમીબા નામનો વાઇરસ આવે છે. તેની જીવલેણતા ૯૫ ટકા જેટલી છે. ત્યાર બાદ નિપાહ વાઇરસ આવે છે. તેના ૭૫ ટકા દર્દી મરણ પામે છે. પાંચમા નંબરે બર્ડ ફ્લુ આવે છે. તેની જીવલેણતા ૬૫ ટકા જેટલી છે. સાર્સનો વાઇરસ ૧૦ ટકા જીવલેણ છે. તેની સરખામણીમાં કોરોના વાઇરસ ૩.૮ ટકા જેટલો જ જીવલેણ છે.

ચીનની વાત કરીએ તો છેલ્લામાં છેલ્લા આંકડા મુજબ ચીનમાં કુલ ૯૫,૬૧૦ નાગરિકોના શરીરમાં કોરોના વાઇરસની હાજરી જોવા મળી છે, જેમાંના માત્ર ૩,૨૮૭ નાગરિકોનાં મરણ થયાં છે, પણ ૫૩,૭૦૭ નાગરિકો સાજા થઈ ગયા છે. આ હિસાબે ચીનના જેટલા નાગરિકોને કોરોના વાઇરસનો ચેપ લાગ્યો હતો તેમાંના ૩.૪ ટકાનાં જ મોત થયાં છે. ૧૪૦ કરોડની વસતિ ધરાવતા ચીન જેવા દેશમાં ૩,૨૮૭ નાગરિકોનાં મોત થાય તેમાં ગભરાવા જેવું શું છે? કદાચ ગભરાવાનું કારણ એ હોઇ શકે કે વુહાનની લેબોરેટરીમાં બાયોલોજિકલ લડાઇ માટે કોરોના વાઇરસ પર પ્રયોગો કરવામાં આવતા હતા. તેમાં વાઇરસ લિક થઈ ગયા હતા. ચીનના શાસકોને કોરોના વાઇરસની જીવલેણતાની જાણ હતી, માટે તેમણે ઉહાપોહ મચાવી દીધો હતો. કદાચ આ થિયરી સાચી હોય તો પણ કોરોના ધારવા જેટલો જીવલેણ બન્યો નથી માટે હવે ગભરાવાની બિલકુલ જરૂર નથી.

**આજે આપણે સોશિયલ મીડિયાના યુગમાં જીવી રહ્યા છીએ. કોરોના વાઇરસનો હાઉ ઊભો કરવામાં મેઇનસ્ટ્રીમ મીડિયા ઉપરાંત સોશિયલ મીડિયાનો પણ બહુ મોટો ફાળો છે.**

માનવ જાતના ઇતિહાસમાં એવી મહામારિઓ આવી છે, જેમાં લાખો કે કરોડો માનવો મરણ પામ્યા હોય; પણ કોરોના વાઇરસ તેની ક્યાંય નજીક નથી. ઇ.સ. ૧૩૪૬થી ૧૩૫૩ દરમિયાન યુરોપમાં બ્લેક ડેથ તરીકે ઓળખાતો પ્લેગ ફાટી નીકળ્યો હતો, જેમાં આશરે ૨૦ કરોડ લોકોનાં મરણ થયાં હતાં. આ રોગમાં યુરોપની ૬૦ ટકા વસતિ સાફ થઈ ગઈ હતી. ઇ.સ. ૧૯૧૧માં ભારતમાં કોલેરા ફાટી નીકળ્યો હતો, જેમાં આઠ લાખ લોકો માર્યા ગયા હતા. ઇ.સ.૧૯૧૮માં દુનિયાભરમાં સ્પેનિશ ફ્લુ નામની બીમારી ફાટી નીકળી હતી, જેમાં પાંચ કરોડ લોકોનાં મોત થયાં હતાં. આ બીમારીએ ભારતમાં પણ વિનાશ વેર્યો હતો. ૧૯૫૭માં દક્ષિણ એશિયામાં એશિયન ફ્લુ નામની બીમારી ફાટી નીકળી હતી, જેમાં ૨૦ લાખ લોકો મરી ગયા હતા. ૧૯૬૮માં હોંગકોંગ વાઇરસને કારણે દસ લાખ લોકો માર્યા ગયા હતા. આ બધી વિનાશક બીમારીઓની સરખામણીમાં કોરોના વાઇરસને કારણે ત્રણેક હજારનાં મરણ થયાં છે તેનો આટલો ગભરાટ શા કારણે છે?

આજે આપણે સોશિયલ મીડિયાના યુગમાં જીવી રહ્યા છીએ. કોરોના વાઇરસનો હાઉ ઊભો કરવામાં મેઇનસ્ટ્રીમ મીડિયા ઉપરાંત સોશિયલ મીડિયાનો પણ બહુ મોટો ફાળો છે. સોશિયલ મીડિયામાં કેટલાક વીડિયોમાં ચીનની શેરીમાં લોકોની રખડતી લાશો દેખાડીને લખવામાં આવતું હતું કે તેઓ બધા કોરોના વાઇરસનો શિકાર બન્યા છે. કોરોના વાઇરસને કારણે દુનિયાના અર્થતંત્રને જેટલું નુકસાન થયું હશે તેના કરતાં લાખ ગણું નુકસાન તેના ગભરાટને કારણે થયું છે. જો કોમન સેન્સનો ઉપયોગ કરવામાં આવે તો પણ કોરોના વાઇરસથી ડરવાની કોઈ જરૂર નથી.

# 5G ટેકનોલોજી સલામત જ હશે તેની કોઈ ચોકસાઈ કરવામાં આવી નથી

મોબાઈલ ફોન અને ડેટા ટ્રાન્સફર બાબતમાં જગત ૨જી, ૩જી અને ૪જી પછી હવે ઝડપથી ૫જી ટેકનોલોજી તરફ આગળ વધી રહ્યું છે. ચીન, યુરોપ અને અમેરિકા પછી હવે ભારતમાં પણ ૫જી ટેકનોલોજી આણવાનાં ચક્રો ગતિમાન થયાં છે. મુકેશ અંબાણીના જિયો દ્વારા ગૂગલ સાથે જે ભાગીદારી કરવામાં આવી છે તેને કારણે ભારતમાં ૫જીનું અવતરણ ઝડપી બનશે. દુનિયાના જે દેશોમાં ૫જી નો પ્રારંભ કરવામાં આવ્યો છે, તેનો વિરોધ પણ જોર પકડી રહ્યો છે. દુનિયાના અનેક જાણીતા વિજ્ઞાનીઓ કહે છે કે ૫જીના કિરણોત્સર્ગથી મનુષ્યમાં કેન્સરનો ખતરો વધી જાય છે. તેમની માગણી છે કે જ્યાં સુધી ૫જી ટેકનોલોજી સંપૂર્ણપણે સલામત સાબિત ન થાય ત્યાં સુધી સરકારે તેનો ઉપયોગ કરવાની પરવાનગી આપવી જોઈએ નહીં. બ્રિટનમાં ૫જી ટેકનોલોજીનો વિરોધ કરનારા લોકો તેમની પડોશમાં ઊભા કરવામાં આવેલા ટાવરો તોડી રહ્યા છે. કહેવાય છે કે ૫જીથી લોકોની ઇમ્યુનિટી ઘટતાં તેઓ કોવિદ-૧૯ જેવા રોગોનો સહેલાઈથી ભોગ બનશે.




ભારતમાં પહેલવહેલો મોબાઈલ ફોન ૧૯૯૦ના દાયકામાં આવ્યો ત્યારે તેમાં ૨જી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવતો હતો. ૨જીમાં જે રેડિયો વેવ્સનો ઉપયોગ કરવામાં આવતો હતો તેમાં વાતચીત જ થતી હતી, પણ ડેટા ટ્રાન્સફર મંથર ગતિએ થતો હતો. ત્યાર બાદ ૩જી અને પછી ૪જી ટેકનોલોજી આવી, જેમાં ડેટાની સ્પિડ ઉત્તરોત્તર વધતી ગઈ હતી. રેડિયો વેવ્સની ફ્રિકવન્સી હર્ટ્ઝમાં મપાય છે. દસ લાખ હર્ટ્ઝનો એક મેગાહર્ટ્ઝ થાય છે અને એક અબજ હર્ટ્ઝનો એક ગિગાહર્ટ્ઝ થાય છે. ૪જીમાં ૨.૫ ગિગાહર્ટ્સ સુધીની ફ્રિકવન્સી વાપરવામાં આવે છે, જ્યારે ૫જીમાં ૬૦ ગિગાહર્ટ્ઝ સુધીની ફ્રિકવન્સીનો વપરાશ કરવામાં આવે છે. જેને કારણે ૪જીની સરખામણીમાં ૫જીમાં ડેટા ટ્રાન્સફરની સ્પિડ વધીને ૨૦થી ૨૫ ગણી થઈ જાય છે. આ રીતે ડેટા ટ્રાન્સફરની સ્પિડ વધવાના ફાયદાઓ જણાય છે તેમ તેની હાનિકારક અસરો પણ છે.

વર્તમાનમાં ૪જી ટેકનોલોજીમાં ઇન્ટરનેટની મહત્તમ સ્પિડ ૧૦ એમબીપીએસ જેટલી આવે છે. અત્યારે આપણે કોઈ ૩ડી મૂવી ડાઉનલોડ કરવું હોય તો ૧૦ મિનિટ રાહ જોવી પડે છે. ૫જી વડે ૩ડી મૂવી માત્ર ૩૦ સેકન્ડમાં ડાઉનલોડ કરી શકાશે. તેને કારણે વીડિયો ગેમ્સ રમનારાઓ વધુ ઉત્તેજક રમતો રમી શકશે. આપણાં ઘરનાં બધાં ઉપકરણો આપણે મોબાઈલ વડે ચલાવી શકીશું. ગૂગલે ડ્રાઈવર વગરની કાર બનાવી છે, પણ તેને ચલાવવા માટે ૫જી નેટવર્ક જોઈએ. દુનિયાના એક ખંડમાં બેઠેલો ડોક્ટર ૫જી ટેકનોલોજીનો ઉપયોગ કરીને બીજા ખંડમાં બેઠેલા દર્દીનું રોબોટના માધ્યમથી ઓપરેશન કરી શકશે. ૫જીના કેમેરાનું રિસોલ્યુશન એટલું હાઈ હશે કે રસ્તા પર ગોઠવવામાં આવેલા કેમેરા અંધારામાં પણ મનુષ્યનો ચહેરો ઓળખી કાઢશે. કોઈ જાહેર જગ્યા પર રમખાણો થયાં હોય અને મોટું ટોળું એકઠું થયું હોય તો ૫જી કેમેરા ફેસ રેકનાઈઝેશન ટેકનિક વડે તમામના ચહેરા ઓળખી શકશે અને તેમના ઘરે પોલિસ ઝડપથી પહોંચી જશે. કોઈ પણ દેશના નાગરિકોની હિલચાલ પર નજર

રાખવામાં ૫જી ટેકનોલોજી સરકાર માટે મદદરૂપ બનશે.

૫જી ટેકનોલોજીના ફાયદાઓ છે તેમ તેનાં ભયસ્થાનો પણ છે. ભારતમાં ૫જી લાવીને કમાણી કરવા થનગની રહેલી કંપનીઓ આપણને તેનાં ભયસ્થાનો કદી બતાડવાની નથી. આપણી સરકાર પણ ઉદ્યોગપતિઓના પ્રભાવમાં આવી જઈને ૫જી સ્પેક્ટ્રમનું લિલામ કરવા ઉતાવળી બની છે. ૫જીનું સૌથી મોટું ભયસ્થાન એ છે કે તેનું રેડિયેશન ૬૦ ગિગાહર્ટ્ઝ જેવી ભારે ફ્રિક્વન્સી ધરાવતું હોવાથી તે ચામડીનું કેન્સર પેદા કરે તેવી સંભાવના છે. ૪જીનું રેડિયેશન દિવાલની અને આપણા શરીરની આરપાર નીકળી જાય છે, જ્યારે ૫જીનું રેડિયેશન આપણા શરીરમાં શોષાઈ જાય છે, જેને કારણે આપણા શરીરના ડીએનએમાં ફેરફાર થવાની સંભાવના બહુ વધી જાય છે. જો આપણા શરીરમાં હાઈ ફ્રિક્વન્સી રેડિયેશન શોષાઈ જાય તો કેન્સર થવાની સંભાવના વધી જાય છે.

ભારતના ટોચના સાત વિજ્ઞાનીઓએ ભારત સરકારને અને સંસદસભ્યોને પત્ર લખીને માગણી કરી છે કે ૫જીની ટેકનોલોજી સંપૂર્ણ સલામત છે, તેવી ખાતરી ન થાય ત્યાં સુધી તેના સ્પેક્ટ્રમનું લિલામ કરવાની ઉતાવળ કરવી નહીં. આ વિજ્ઞાનીઓમાં ભાભા એટમિક રિસર્ચ સેન્ટર, આઈઆઈટી, જેએનયુ, ઇન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચના નિષ્ણાતોનો સમાવેશ થાય છે. યુરોપના ૨૪૪ વિજ્ઞાનીઓ દ્વારા પણ તેમની સરકારોને અપીલ કરવામાં આવી છે કે ૫જીની ટેકનોલોજી જ્યાં સુધી સલામત સાબિત ન થાય ત્યાં સુધી તેનો ઉપયોગ કરવા દેવો નહીં.

૫જી ટેકનોલોજીની મર્યાદા એ છે કે તેમાં હાઈ ફ્રિક્વન્સીનો ઉપયોગ કરવામાં આવતો હોવાથી તેના તરંગો બહુ ઓછા અંતર સુધી પહોંચે છે. આ કારણે ૫જીના એન્ટેના રોડ પર નીચે લગાવવા પડે છે અને બહુ ઓછા અંતરે લગાવવા પડે છે. રોડ પર દર ૧૦-૧૫ મકાન પછી એક એન્ટેના લગાવવામાં આવશે. જે ટાવર પર એન્ટેના ફિટ કરવામાં આવશે તેના પર જ કેમેરા પણ ફિટ કરવામાં આવશે. તેને કારણે એન્ટેનામાંથી બહાર પડતું રેડિયેશન રાહદારીના શરીરમાં શોષાઈ જશે. કાનાઝાવા મેડિકલ કોલેજ દ્વારા કરવામાં આવેલા સંશોધન મુજબ ૫જીના ટાવરમાંથી બહાર નીકળતું રેડિયેશન મનુષ્યની આંખને પણ નુકસાન કરી શકે તેવું ખતરનાક હોય છે. રશિયામાં ઉંદરો પર થયેલા પ્રયોગમાં ખબર પડી હતી કે તેને કારણે હૃદયના ધબકારા વધી જાય છે. માઇક્રોવેવ ઓવનમાં જે ફ્રિક્વન્સીનું રેડિયેશન બહાર પડે છે તે પણ ૫જીની રેન્જમાં હોય છે. માઇક્રોવેવ ઓવન વાપરનારને જેમ કેન્સરનો ખતરો વધી જાય છે તેવું રસ્તે ચાલતા રાહદારી સાથે બની શકે છે.

**જો રસ્તા પર દર ૧૦૦ મીટરે હાઈ રિસોલ્યુશન કેમેરા ફિટ કરવામાં આવ્યા હોય અને તેનું રેકોર્ડિંગ સુપર કોમ્પ્યુટરમાં સચવાતું હોય તો સરકાર દેશના તમામ નાગરિકો ઉપર જાસૂસી કરી શકશે.**

૫જીને કારણે નાગરિકોની સ્વતંત્રતા છીનવાઈ જવાનો ખતરો પણ પેદા થયો છે. જો રસ્તા પર દર ૧૦૦ મીટરે હાઈ રિસોલ્યુશન કેમેરા ફિટ કરવામાં આવ્યા હોય અને તેનું રેકોર્ડિંગ સરકારના સુપર કોમ્પ્યુટરમાં સચવાતું હોય તો સરકાર દેશના તમામ નાગરિકો ઉપર જાસૂસી કરી શકશે. તેમાં ગુનેગારો ઉપરાંત પત્રકારો અને રાજકારણીઓનો પણ સમાવેશ થઈ જશે. જો સરકાર કોઈ વિપક્ષી રાજકારણીની હિલચાલ પર નજર રાખવા માગતી હશે તો તેના બંગલાની બહાર ગોઠવવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવશે. તે રાજકારણીને કોણ મળવા આવ્યું? ક્યારે આવ્યું? તેની માહિતી ફેસ રેકગનાઈઝેશન ટેકનિક વડે સરકારને મળી જશે. તેવી રીતે કોઈ પત્રકાર સરકારની વિરુદ્ધમાં લખતો હશે તો તેની જાસૂસી માટે પણ ૫જીનો ઉપયોગ કરવામાં આવશે.

વર્તમાનમાં કોરોના વાયરસના પ્રસંગે આપણે જોયું કે આપણી સરકાર રોગચાળાને બહાને આપણી તમામ સામાજીક, ધાર્મિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય ગતિવિધિઓ પર પણ પોતાનું નિયંત્રણ જમાવવા માગે છે. આ કારણે પ્રજાને મોર્નિંગ વોક કરવાની પણ મનાઈ ફરમાવી દેવામાં આવી હતી. કલ્પના કરો કે લોકો મોર્નિંગ વોક કરવા નીકળ્યા હોય અને ૫જી કેમેરામાં તેમની તસવીરો ઝડપાઈ રહી હોય તો સરકાર તેમના ઘરે સમન્સ મોકલી શકશે. કોઈ પણ નવી ટેકનોલોજીનો મોટા સમૂહમાં ઉપયોગ થવાનો હોય ત્યારે તે બાબતમાં તંદુરસ્ત ચર્ચા થવી જોઈએ. સરકાર તેવી કોઈ ચર્ચા કર્યા વિના ૫જી બાબતમાં આગળ વધી રહી છે તે ખતરનાક છે.

# બાળકોને ઘરે રાખીને ઓફલાઈન ભણાવવાના અઢળક લાભો છે



**આ**જકાલ સ્કૂલો અને કોલેજો બંધ છે તે વિદ્યાર્થીઓ માટે છૂપા આશીર્વાદ છે. આ સુવર્ણ તકનો માબાપોએ બાળકોને સાચું અને જીવનઘડતર કરે તેવું શિક્ષણ આપવા માટે ઉપયોગ કરી લેવો જોઈએ. અધર ઈન્ડિયા પ્રેસ અને શિક્ષાંતર જેવી સંસ્થાઓ દ્વારા 'ડેન્જર સ્કૂલ' નામનું પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે તે વાંચવાથી ખ્યાલ આવે છે કે આજની શિક્ષણપદ્ધતિ કેવી રીતે બાળકોમાં રહેલી કુદરતી પ્રતિભાને કચડીને તેને આધુનિક વ્યવસ્થાના ગુલામ બનાવવાનું કામ કરે છે. જો બાળકમાં રહેલી શક્તિઓનો વિકાસ થવા દેવો હોય તો તેને સ્કૂલમાંથી ઉઠાડીને ઘરે ભણાવવું જોઈએ. ભારતને રવીન્દ્રનાથ ટાગોર જેવા મહાન કવિ અને વિક્રમ સારાભાઈ જેવા મહાન વિજ્ઞાની મળ્યા, કારણ કે તેઓ સ્કૂલમાં જવાને બદલે ઘરે રહીને ભણ્યા હતા. મેં એક બહુ સરસ વાક્ય વાંચ્યું હતું કે ''હું બુદ્ધિશાળી જન્મ્યો હતો; પણ આધુનિક શિક્ષણે મને બરબાદ કરી નાખ્યો છે.'' લોકડાઉનને કારણે બાળકને ઘરે ભણાવવાની સહજ તક મળી છે, તેનો માબાપોએ શ્રેષ્ઠ ઉપયોગ કરી લેવો જોઈએ.

(૧) આધુનિક સ્કૂલ સિસ્ટમની સૌથી મોટી ખામી છે કે તેઓ બાળકને ભણાવવા માટે પ્રલોભનનો અને ભયનો ઉપયોગ કરે છે. જે બાળક પરીક્ષામાં વધુ ટકા લાવવાના પ્રલોભનથી કે નપાસ થવાના ભયથી શિક્ષણ લેતું હોય તે ભણવાનો આનંદ માણી જ શકતું નથી. જે શિક્ષણ બાળકને આનંદ પમાડી નથી શકતું તે શિક્ષણ નિરર્થક અને બોજારૂપ છે. આજની શિક્ષણપદ્ધતિમાં બાળકોને જે વધુ ટકા લાવવાની રેસમાં ઊતારવામાં આવે છે, તેને કારણે તે તાણ અને તંગદિલીનો ભોગ બને છે. શિક્ષણ એક સર્જનાત્મક પ્રવૃત્તિ છે. કોઈ સર્જન તાણ અને તંગદિલી વચ્ચે કરી શકાય નહીં. સ્કૂલના ભારેખમ અને ગમગીન વાતાવરણને બદલે બાળકને ઘરમાં હૂંફાળું અને આત્મીય વાતાવરણ મળે છે. તે શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરવા માટેની ઉત્તમ ભૂમિકા છે. જો માબાપો નીચેનાં સૂચનોનો અમલ કરશે તો તેઓ બાળકને ઓફલાઈન રાખીને ઉત્તમ શિક્ષણ આપી શકશે.

(૨) ઘરનાં વાતાવરણમાં જે ધાર્મિક અને નૈતિક શિક્ષણ મળી શકે છે તે દુનિયાની કોઈ સકૂલમાં આપવામાં આવતું નથી. બાળકના શિક્ષણનો પાયો જ નૈતિક શિક્ષણ હોવો જોઈએ. આ શિક્ષણ લોકડાઉનમાં પણ માબાપો જાતે આપી શકે છે. લોકડાઉનમાં મંદિરો હવે ખૂલી ગયાં છે. દરેક માબાપે પોતાનાં બાળકને નિયમિત મંદિરે લઈ જવું જોઈએ અને તેને ઈશ્વરની ભક્તિ કરવાનું શિક્ષણ આપવું જોઈએ. ઘરમાં પણ સતત ભજન-કીર્તન-કથાની કેસેટો વગાડવી જોઈએ. જો કોઈ સાધુ મહાત્મા પ્રવચન કે ધર્મકથા કરતાં હોય તો બાળકને પ્રવચન સાંભળવા લઈ જવું જોઈએ. ઘરમાં સરળ ભાષામાં રામાયણ, મહાભારત, પંચતંત્રની કથાઓ, ચાણક્યનીતિ વગેરે પુસ્તકો વસાવવા જોઈએ. તે પુસ્તકો બાળકોને વાંચવા આપવા જોઈએ કે માબાપોને સમય હોય તો વાંચી સંભળાવવા જોઈએ. દિવસમાં

ઓછામાં ઓછા બે કલાક તો બાળકને નૈતિક શિક્ષણ આપી શકાય તેમ છે.

(૩) સ્કૂલો બંધ છે ત્યારે ઘરમાં બાળકને ચિત્રકામ, સંગીત, શાસ્ત્રીય નૃત્ય, શિલ્પ, સ્થાપત્ય વગેરે કળાઓનું શિક્ષણ આપી શકાય. જો કોઈ સારા ગુરુ મળી જાય તો તેમને ઘરે બોલાવીને પ્રાઈવેટ ટ્યૂશન અપાવી શકાય. સંગીતમાં બાળકને જેમાં રસ હોય તેનું શિક્ષણ આપી શકાય. વાદ્ય સંગીત કે કંઠ્ય સંગીતનું શિક્ષણ આપી શકાય. બાળકને ઘરે યોગના આસનો તેમ જ પ્રાણાયામની તાલીમ પણ આપી શકાય. પુસ્તકોમાં પુરૂષોની ૭૨ કળાઓ તેમ જ સ્ત્રીઓની ૬૪ કળાઓનું વર્ણન આવે છે. યોગ્ય ગુરુને ઘરે બોલાવીને બાળકને તેની રુચિ મુજબની કળા શીખવવી જોઈએ. માબાપોએ ખાસ ખ્યાલ રાખવો જોઈએ કે દીકરીને સ્ત્રીઓ માટેની કળા જ શીખવવી. દીકરી ઘરે હોય તો માતાએ તેને ઓછામાં ઓછા બે કલાક રસોઈ (પાકકળા) નું શિક્ષણ આપવું જોઈએ. તેથી માતાને ઘરકામમાં મદદ રહેશે અને દીકરીનું સાચું શિક્ષણ થશે. દીકરા તેમ જ દીકરી બંને પાસે ઘરકામ પણ કરાવવું જોઈએ. તેથી તેઓ આત્મનિર્ભર બનશે અને માબાપને કામકાજમાં રાહત રહેશે.

(૪) આપણા દેશમાં બાળકને વંશપરંપરાગત વેપાર કે ઉદ્યોગનું શિક્ષણ તો તેના ઘરમાં જ મળી રહેતું હતું. બાળકના પિતા જે વેપાર કે ઉદ્યોગ કરતા હોય તેમાં નર બાળકને જોડવું જોઈએ. જો પિતા લોકડાઉનને કારણે વર્ક ફ્રોમ હોમ કરતા હોય તો બાળકને પણ તે કામ શીખવવું જોઈએ. અમુક કામની જવાબદારી તેના માથે પણ ઢોળી દેવી જોઈએ. જો પિતાની પોતાની દુકાન હોય અને બાળકની ઉંમર ૧૪ વર્ષથી વધુ હોય તો તેને દુકાને લઈ જવું જોઈએ અને તાલીમ આપવી જોઈએ. જો પિતા કારીગર હોય તો બાળકને કામના સ્થળે લઈ જવું જોઈએ અને શિક્ષણ આપવું જોઈએ.

(૫) ઘરે રહીને ભણવાનું શ્રેષ્ઠ સાધન સારાં પુસ્તકો છે. દરેક માબાપે ઘરે સારાં પુસ્તકો વસાવવા જોઈએ અને બાળકને તે વાંચવાની પ્રેરણા કરવી જોઈએ. તેનો પ્રારંભ કથા સાહિત્યથી કરવો જોઈએ. પછી બાળકની ઉંમર મુજબ તેને ઈતિહાસ, ભૂગોળ, રાજકારણ, પ્રવાસવર્ણન, સાહસકથાઓ, આત્મકથાઓ, કાવ્ય, વિજ્ઞાન, પર્યાવરણ, કુદરત, દેશપ્રેમ, હાસયકથાઓ વગેરે પુસ્તકો વાંચવા માટે આપવાં જોઈએ. લોકડાઉનના સમયનો શ્રેષ્ઠ ઉપયોગ બાળકમાં વાચનની રુચિ જગાડવા માટે કરવો જોઈએ. બાળકને પાઠ્યપુસ્તકો તો ભૂલેચૂકે આપવાં નહીં. શાળાનાં પાઠ્યપુસ્તકો જેવાં કંટાળાજનક પુસ્તકો દુનિયામાં મળશે નહીં. તેણે બાળકની વાચનરુચિ ખતમ કરવાનું કામ કર્યું છે. જો બાળકમાં વાચનપ્રેમ જગાડી દેવાશે તો તે આપોઆપ બધું શિક્ષણ લઈ લેશે. જો બાળક વાચન પાછળ રોજના ચારથી આઠ કલાકનો સમય પણ પસાર કરે તો તે રાજી થવા જેવું છે.


**સ્કૂલના ભારેખમ અને ગમગીન વાતાવરણને બદલે લોકડાઉનને કારણે બાળકને ઘરમાં હૂંફાળું અને આત્મીય વાતાવરણ મળી ગયું છે. તે શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરવા માટેની ઉત્તમ ભૂમિકા છે.**

(૬) લોકડાઉનનો શ્રેષ્ઠ ઉપયોગ બાળકને પર્યાવરણનું અને પ્રકૃતિનું શિક્ષણ આપવા માટે કરવો જોઈએ. માબાપને સમય હોય ત્યારે બાળકને આજુબાજુના જંગલમાં કે બગીચામાં લઈ જવું જોઈએ અને વિવિધ વનસ્પતિઓ, પક્ષીઓ, વન્ય પશુઓ વગેરેની માહિતી આપવી જોઈએ. ઘરના કુંડામાં વિવિધ વનસ્પતિ કે આયુર્વેદિક ઔષધિઓ, ફૂલઝાડ, ફળાઉ વૃક્ષો વગેરે ઉગાડી બાળકને તેમાં રસ લેતું કરવું જોઈએ. ઘરની આજુબાજુ ખાલી જમીન હોય તો બાળકને તેમાં શાકભાજી ઉગાડતા શીખવવું જોઈએ. આજુબાજુ ગોશાળા કે પાંજરાપોળ હોય તો બાળકને તેમાં લઈ જવું જોઈએ. સોસાયટીમાં કૂતરાં હોય તો બાળકને તેમને રોટલા ખવડાવવાની પ્રેરણા કરવી જોઈએ.

(૭) બાળકને આનંદદાયક રીતે ગણિત, વિજ્ઞાન વગેરે વિષયો ભણાવવા રમતગમતની દુકાનોમાં અનેક શૈક્ષણિક રમકડાંઓ મળે છે. તે ખરીદીને બાળકોને રમવા આપવા જોઈએ. બાળકની બુદ્ધિનો વિકાસ કરતી જેટલી પણ બોર્ડ ગેમ હોય તે બાળકને રમવા આપવી જોઈએ. તેમાં શતરંજ અને પત્તાંની રમતોનો પણ સમાવેશ થઈ જાય છે. બાળકને વીડયો ગેમ આપવાની ભૂલ કદી કરવી નહીં. બાળકને મેદાનમાં ભારતીય રમતો રમવા માટે મોકલવું જોઈએ. તેમાં પણ કબડ્ડી, સંતાકૂકડી, ગિલીદંડા, રૂમાલદાવ વગેરે રમતોથી બાળકનો બાંધો મજબૂત બનશે. જો કોઈ શિક્ષક મળી જાય તો બાળકને કુસ્તી કે કરાટે પણ શીખવી શકાય. રમતગમત પાછળ બાળક રોજના બેથી ત્રણ કલાક ગાળે તો તે પણ શિક્ષણનો પ્રકાર છે. જો લોકડાઉનના ચાર મહિના દરમિયાન આ પ્રકારનું શિક્ષણ ફાવી જાય તો બાળકને ડેન્જરસ સ્કૂલ શિક્ષણથી કાયમ માટે મુક્ત કરી દેવું જોઈએ.

# સોશિયલ ડિસ્ટન્સિંગ કે સોશિયલ ડિસ્ટ્રક્શન?

કોવિદ-૧૯ને કારણે સરકારી તંત્ર આપણને ગાઇવગાડીને કહી રહ્યું છે કે કોરોના વાયરસથી બચવું હોય તો માસ્ક પહેરવો જોઈએ અને સોશિયલ ડિસ્ટન્સિંગ પણ રાખવું જોઈએ. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન આપણને કહે છે કે કોરોના વાયરસ ટૂંક સમયમાં જતો નથી રહેવાનો પણ લાંબા સમય સુધી રહેવાનો છે. તેનો મતલબ થયો કે આપણે કાયમ માટે સોશિયલ ડિસ્ટન્સિંગની આદત પાડવી પડશે. આપણાંમાના ઘણાને એ વાતની જાણ નહીં હોય કે જો કાયમ માટે આપણને સોશિયલ ડિસ્ટન્સિંગ રાખવાની ફરજ પાડવામાં આવશે તો આપણી જીવનશૈલી જ ખતમ થઈ જશે.



આપણે નાગરિકશાસ્ત્રમાં ભણતા આવ્યા છીએ કે મનુષ્ય સામાજીક પ્રાણી છે. એક મનુષ્યને બીજા મનુષ્યની હૂંફની જરૂરત હોય છે. આ હૂંફ મોબાઈલના મેસેજ વડે કે ૬ ફીટનું અંતર રાખીને આપી શકાય નહીં. કોઈ બાળકનો જન્મ થાય ત્યારે તેને હાથમાં લઈને રમાડવાનો આનંદ હોય છે. બાળકને પણ હૂંફાળા સ્પર્શની જરૂર હોય છે. આ જરૂર વ્હોટ્સ એપના સંદેશાથી સંતોષાઈ શકાતી નથી. કોઈ સ્વજનના લગ્ન થાય ત્યારે જાનમાં મહાલવાનો પણ આનંદ હોય છે. આ મજા લગ્નનો વીડિયો જોઈ લેવાથી આવતી નથી. કોઈ સ્વજનનું મોત થાય ત્યારે કોઈ મિત્રના ખભે માથું ઢાળીને હૃદયનો ભાર હળવો કરવાની જરૂર હોય છે. આ જરૂર વીડિયો કોન્ફરન્સ વડે દિલાસો આપવાથી પૂરી ન થાય.

કોરોનાના કાલ્પનિક ડરને કારણે દરેક મનુષ્ય બીજા મનુષ્યને શંકાથી જોવા લાગ્યો છે કે તે મને કોરોના વાયરસ વળગાડવા તો નહીં આવ્યો હોય ને? અગાઉ આપણા ઘરે કોઈ અતિથિ આવે તો આપણને આનંદ થતો હતો. હવે અતિથિના આગમનને પણ ભયથી જોવામાં આવે છે. આપણા ઘરે અતિથિ પધારે તો પડોશીઓ ઝઘડવા આવી જાય છે. રસ્તામાં જો અચાનક કોઈ મિત્ર મળી જાય તો આપણે તેને સાદ કરવાને બદલે રસ્તો બદલીને સામેની ફૂટપાથ પર ચાલ્યા જઈએ છીએ. જો આપણે સોશિયલ ડિસ્ટન્સિંગના સરકારી ધારાધોરણોનું પાલન કરવું હશે તો હવે મીટિંગો, મેળાવડાઓ, ભોજન સમારંભો, વરઘોડાઓ, સભાઓ, રેલીઓ, સંઘો, મહોત્સવો વગેરે કાયમ માટે બંધ થઈ જશે. રાજકીય પક્ષો ચૂંટણીના પ્રચાર માટે જે વિશાળ સભાઓ યોજતા હશે તે પણ ભૂતકાળ બની જશે. આપણે તરણેતરના કે પુષ્કરના મેળામાં મહાલવા જતા હતા તે પણ ભૂતકાળની વાત ગણાશે. મુંબઈની લોકલ ટ્રેનો કઈ રીતે ચાલશે? જૈનોમાં યોજાતી શ્રી શત્રુંજયની ૬ ગાઉની યાત્રા વગેરે કેવી રીતે યોજાશે?

સોશિયલ ડિસ્ટન્સિંગ માટે એવું કારણ આપવામાં આવે છે કે કોઈ પણ મનુષ્ય છીંક કે ખાંસી ખાય તેના મારફતે કોરોના વાયરસનું સંક્રમણ થઈ શકે છે. તેમનું કહેવું છે કે છીંક કે ખાંસીને કારણે મોંઢામાંથી જે કફ કે થૂંક નીકળે છે તે ૬ ફીટ દૂર સુધી જાય છે, માટે બે મનુષ્યો વચ્ચે ૬ ફીટનું અંતર રાખવામાં સલામતી છે. આ થિયરી મૂળમાંથી ભૂલભરેલી છે. વિજ્ઞાનીઓ કહે છે કે કોઈ મનુષ્ય છીંક ખાય તો તેના મોંઢાનું પ્રવાહી ૨૪ ફીટ દૂર જાય છે અને તે ખાંસી ખાય તો તેનું થૂંક ૧૮ ફીટ જેટલું દૂર પહોંચી શકે છે. સરકાર દ્વારા જે ૬ ફીટનું કે ક્યાંક ૩ ફીટનું અંતર રાખવાનું કહેવામાં આવે છે તે નરી મૂર્ખાઈ છે. જો ખરેખર કોરોનાથી બચવું હોય તો બે મનુષ્યો વચ્ચે ૩૦ ફીટનું અંતર રાખવું જોઈએ. હોટેલના વેઈટરો જો ૩ ફીટ દૂરથી પણ ખાદ્ય પદાર્થો પીરસી ન શકતા હોય તો તેઓ ૩૦ ફીટનું અંતર રાખીને કેવી રીતે પીરસી શકશે? થિયેટરમાં બે ખુરશી વચ્ચે ૩૦ ફીટનું અંતર રાખવું શક્ય છે? જો કોઈ બહુમાળી મકાનમાં લિફ્ટ માટે લાઇન લાગતી હોય તો તેમાં બે મનુષ્યો વચ્ચે ૩૦ ફીટનું અંતર રાખવાનું હોય તો લાઈન એકાદ કિલોમીટર જેટલી લાંબી થઈ જાય. વળી લિફ્ટમાં પણ જો ૩૦ ફીટનું અંતર રાખવાનું હોય તો એક લિફ્ટમાં એક જ વ્યક્તિ જઈ શકે. સોશિયલ ડિસ્ટન્સિંગના વર્તમાન નિયમોનું પાલન કરવા પણ બહુમાળી મકાનોમાં લિફ્ટની સંખ્યામાં ધરખમ વધારો કરવો પડશે. જો બસમાં કે ટ્રેનમાં બે મુસાફરો વચ્ચે ૩૦ ફીટનું અંતર રાખવાનું હોય તો કેટલી બસો કે ટ્રેનો દોડાવવી પડે?

સરકારને બરાબર ખબર છે કે કોઈ જગ્યાએ ૩૦ ફીટનું અંતર રાખવાનું સંભવિત નથી; માટે તેણે કોઈ દેશમાં ૬ ફીટનું તો કોઈ દેશમાં ૩ ફીટનું અંતર રાખવાના કાયદા બનાવ્યા છે. જો કોરોના વાયરસ ખરેખર સરકાર માને છે તેટલો ઘાતક હોય તો આટલા અંતરથી તે નિયંત્રણમાં રહેવાનો નથી. કોરોના વાયરસ આપણી મુશ્કેલીઓ સમજતો નથી. પરિણામે સોશિયલ ડિસ્ટન્સિંગના કાયદાઓ વાયરસનું સંક્રમણ રોકી શકવામાં નિષ્ફળ જાય છે પણ આપણી સામાજીક જિંદગી તેમ જ આર્થિક પ્રવૃત્તિઓને ખતમ કરવામાં સફળ પુરવાર થશે. સરકાર એક બાજુ આપણને કહે છે કે જાહેરમાં માસ્ક પહેરીને જ નીકળો. માસ્ક ન પહેરનારને દંડ કરવામાં આવે છે. માસ્ક પણ તેમણે જ પહેરવો જોઈએ જેમના શરીરમાં કોરોના વાયરસ હોય. જેમના શરીરમાં કોરોના વાયરસ ન હોય તેમના શરીરમાં વાયરસને પ્રવેશતા માસ્ક અટકાવી શકતા નથી. માસ્કના છિદ્રો કરતાં કોરોના વાયરસ વધુ સૂક્ષ્મ હોય છે. જો બધા લોકો માસ્ક પહેરીને નીકળતા હોય તો સોશિયલ ડિસ્ટન્સિંગની શું જરૂર છે? જો બધા લોકો સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરતા હોય અને માસ્ક પહેરતા હોય તો લોકડાઉનની શું જરૂર છે? આપણા દેશમાં લગભગ ત્રણ મહિનાથી લોકડાઉન ચાલી રહ્યું છે તો પણ કેસોની સંખ્યા સતત વધી રહી છે. તેનો સ્પષ્ટ અર્થ થાય છે કે માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ અને લોકડાઉન ત્રણેય નિષ્ફળ ગયા છે.